
# શ્રી પાર્શ્વ જિન ભુવન
# સૌરભ



લેખક—
પ. પૂ. આચાર્ય ગુરુદેવ શ્રીમદ્
વિજય સુશીલ સૂરીશ્વરજી મ. સા.

શાસનસમ્રાટ-સૂરિચક્રચક્રવર્તિ -તપાગચ્છાધિપતિ-મહાપ્રભાવશાલિ-પરમ પૂજ્યાચાર્ય મહારાજાધિરાજ **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટાલંકાર-સાહિત્ય સમ્રાટ-વ્યાકરણવાચસ્પતિ - શાસ્ત્રવિશારદ - કવિરત્ન - પરમપૂજ્યાચાર્ય પ્રવર **શ્રીમદ્‌વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મ. સા.** ના પ્રધાન પટ્ટધર-ધર્મ-પ્રભાવક-વ્યાકરણરત્ન-કવિ દિવાકરશાસ્ત્રવિશારદ -દેશનાદક્ષ-પરમ પૂજ્યાચાર્ય પ્રવર **શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. સા.** ના સુવિશુદ્ધ સંયમ (ચારિત્ર) પર્યાયના ૫૦ વર્ષની મંગલમય પૂર્ણાહુતિ તથા ૫૧ મા વર્ષમાં શુભ પ્રવેશની પુણ્ય સ્મૃતિ નિમિત્તે '**શ્રી પાર્શ્વજિન જીવન-સૌરભ**' નામની આ પુસ્તિકા ભેટ.

કવિદિવાકર–ધર્મપ્રભાવક–દેશનાદક્ષ



પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજયદક્ષ સૂરીશ્વરજી મ. સા.**

॥ શ્રી નેમિ-લાવણ્ય-દક્ષ-સુશીલ ગ્રન્થમાલારત્ન ૫૮મું ॥

પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્માના
દિવ્ય જીવનનો આબેહુબ ચિતાર યાને

# શ્રી પાર્શ્વજિન જીવન
# 卐 સૌરભ 卐

-: લેખક :-
જૈન ધર્મદિવાકર પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
સુશીલ સૂરીશ્વરજી મ. સા.

-: સંપાદક :-
પ. પૂ. મુનિપ્રવર શ્રી જિનોત્તમ વિજયજી મ. સા.

-: પ્રકાશક :-
આચાર્યશ્રી સુશીલસૂરિ જૈન જ્ઞાનમંદિર
શાન્તિનગર,
મુ. સિરોહી (રાજસ્થાન)

**સંપાદક**

રાજસ્થાન દીપક પ. પૂ.
આચાર્ય દેવ શ્રીમદ્
વિજય સુશીલ સૂરીશ્વરજી
મ. સા.ના લઘુ શિષ્યરત્ન
પૂ. મુનિશ્રી જિનોત્તમ
વિજયજી મ. સા.

**સદુપદેશક**

સદ્ગુણાનુરાગિની
પૂ. સાધ્વી શ્રી રવીન્દુપ્રભા
શ્રીજી મ. તથા વિદુષી
પૂ. સાધ્વીશ્રી
રત્નમાલા શ્રીજી મ.

---

શ્રી વીર સંવત ૨૫૦૭
શ્રી વિક્રમ સંવત ૨૦૩૭
શ્રી નેમિ સંવત ૩૨
પ્રથમાવૃત્તિ નકલ ૧૦૦૦
મૂલ્ય ૨–૫૦

---

**પ્રકાશક**

આચાર્યશ્રી
સુશીલસૂરિ જૈન
જ્ઞાન મંદિર,
શાંતિનગર, સિરોહી

**મુદ્રક**

શકિત પ્રીન્ટરી
સુરેન્દ્ર હાઉસ
ઘીકાંટા રોડ
અમદાવાદ ૧

# ચાણસ્મા તીર્થમંડણ

છ-લાખ વર્ષ પ્રાચીન વેલુ-ગોબરથી નિર્મિત
મહા મહિમા શાલી અદ્વિતીય ચમત્કારી-

## શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુ



ભટેવા પાર્શ્વનાથં વૈ, ચાણસ્માપુર મંડણમ્ ।
જિનેન્દ્રં મોક્ષદં વન્દે, વામાશ્વસેન નન્દનમ્ ॥

# 卐 वन्दनीया गुरुदेवाः 卐



# વન્દનીયા ગુરુદેવાઃ






પ.પૂ. આચાર્યશ્રી
વિજયદક્ષ
સૂરીશ્વરજી
મ૰સા૰



સ્વ. પૂ. મુનિરાજ
ચન્દ્રપ્રભવિજયજી
મ૰સા૰



પ.પૂ. આચાર્યશ્રી
વિજયસુશીલ
સૂરીશ્વરજી
મ૰સા૰

જૈનધર્મદિવાકર–રાજસ્થાનદીપક–તીર્થપ્રભાવક



પ. પૂ. આચાર્યદેવ–
શ્રીમદ્વિજય સુશીલસૂરીશ્વરજી મ. સા.

# સ મ ર્પ ણ



શ્રી નેમિસૂરિ શિષ્યં વૈ,
સદ્દરવીન્દુ પ્રભા સમમ્ ।
કાર્યદક્ષં સુશીલં ચ,
વન્દે ચન્દ્રપ્રભં મુનિમ્ ॥૧॥

સંયમવયસ્થવિર
સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી ચન્દ્રપ્રભ
વિજયજી મ સા. ને હાર્દિક............



મુનિ જિનોત્તમવિજય

સંયમવયઃ સ્થવિર



સ્વ. પ. પૂ. મુનિરાજ
શ્રી ચન્દ્રપ્રભવિજયજી મ. સા.

# પ્રસ્તાવના

રાજસ્થાનમાં જૈન ધર્મનો જયજયકાર બોલાવીને જૈન ધર્મ દિવાકર–મરુધર દેશોદ્ધારક–રાજસ્થાન દીપક પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમના સાંસારિક વતન ચાણસ્મામાં પધારતાં અહીંના જૈન–જૈનેતરને હૈયે અપૂર્વ ઉલ્લાસ અને ઉમંગ પ્રવર્તે છે. કેટલાક મહાપુરૂષોમાં એવી ચમત્કૃતિ પડેલી હોય છે કે જેમના આગમનની સાથે આખી 'હવા' બદલાઈ જાય છે. એવું જ કંઈક પૂજ્ય આચાર્યશ્રીની બાબતમાં અત્રે બન્યું છે. પૂજ્યશ્રીના આગમનની સાથે સમગ્ર 'સંઘ' નું વાતાવરણ ધાર્મિકતાની પરિમલથી મહેંકી ઊઠ્યું છે. અને આબાલ–વૃદ્ધ ધર્મારાધનામાં ઉત્સાહપૂર્વક જોડાયા છે.

પ. પૂ. આચાર્ય ભગવંતશ્રીએ ફક્ત ૧૫ વર્ષની કિશોરવયના હતા ત્યારે દીક્ષાની ભાવનાથી તેમણે ગૃહત્યાગ કરેલો અને ઉદયપુર (City of lakes)માં અતિ ઠાઠથી દીક્ષા વિધિ થયેલી. ત્યાર પછી ૪૮ વર્ષના લાંબા સમયગાળા બાદ પૂજ્ય ગુરૂદેવે તેમના જ વતનમાં અત્રે ચાતુર્માસ માટે પધારીને શ્રી ચાણસ્મા જૈન સંઘ પર ભારે ઉપકાર કર્યો છે.

પૂજ્ય શ્રી ચાણસ્મામાં ચાતુર્માસ માટે પધાર્યા તે પ્રસંગે તેમનું જે ભવ્ય સ્વાગત થયું હતું તે એક અભૂતપૂર્વક ઐતિહાસિક ઘટના ચાણસ્માના ઈતિહાસમાં બની ગઈ છે.

પૂજ્ય આચાર્યદેવ ૪૮ વર્ષના લાંબા સમયગાળા બાદ જ્યારે પોતાના વતનમાં ચાતુર્માસ માટે સ્થિત થતા હોય ત્યારે તેની સ્મૃતિ માટે કશુંક સુંદર આયોજન કરવું જોઈએ એવી પ. પૂ. આચાર્ય મહારાજશ્રીના શિષ્ય રત્ન પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમ વિજયજી મ.ની પ્રેરણા હતી અને પૂ. આચાર્ય મ. શ્રીના સંસારી બેન પૂ. સાધ્વીશ્રી રવીન્દ્ર પ્રભાશ્રીના ઉપદેશના પરિપાક રૂપે પૂજ્યશ્રીના શ્રી પાર્શ્વનાથ ભગવાન અંગેના વિવિધ લેખોનો સંગ્રહ કરીને તેને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની યોજના વિચારાઈ. આ નાનકડો ગ્રંથ પ્રસિદ્ધ થઈ શક્યો છે.

પ્રસ્તુત પુસ્તિકામાં પરમ પૂજ્ય આચાર્ય મ. શ્રી એ શ્રી પાર્શ્વનાથ ભગવાન અંગેના લખેલા વિવિધ લેખો સંગ્રહિત થયેલા છે.

'ચાણસ્મા અને શ્રી ભટેવા પાર્શ્વનાથ' લેખમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી મ. એ વિવિધ આધારો આપીને ચાણસ્માની અને શ્રી ભટેવાજી પાર્શ્વનાથના દેરાસરની પ્રાચીનતા પર સુંદર પ્રકાશ પાથર્યો છે.

'શ્રી પાર્શ્વજિન જીવન સૌરભ' નામના લંબાણુ લેખમાં પૂજ્ય ગુરૂદેવે ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના પૂર્વ ભવોનો ઈતિહાસ આપી પાર્શ્વનાથ પ્રભુના જીવનના વિવિધ પ્રસંગોનું વિગત-પ્રચૂર સુંદર વર્ણન કરેલું છે. "શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનચરિત્રને લગતી બાવન બોલની પ્રશ્નોત્તરી" નામના લેખમાં પૂજ્યશ્રીએ 'ગાગરમાં સાગર' ની માફક માત્ર બાવન ટૂંકાક્ષરી જવાબોમાં પાર્શ્વપ્રભુને લગતી વિવિધ માહિતી આપીને વાંચકોને ઉપકૃત કર્યા છે. શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનો સંક્ષિપ્ત પરિચય પણ સુંદર આલેખેલ છે. અન્ય માનનીય સાહિત્યિક સામગ્રી પણ વાંચકોને ઉપયોગી થાય તે દૃષ્ટિએ આપવામાં આવી છે.

પ્રસ્તુત પુસ્તકનું સંપાદન પૂ. બાલમુનિશ્રી જિનોત્તમ વિજયજી મ. એ ખૂબ સુંદર રીતે કરેલું છે. બાળવયમાં જ ચારિત્રમાર્ગ અંગીકાર કરનાર આ બાલમુનિશ્રીની ભારે સૂઝ અને જહેમત આ પુસ્તકના સંપાદન પાછળ સ્પષ્ટપણે વરતાઈ આવે છે.

અંતમાં આ પુસ્તક સહુ વાંચકોને માટે પ્રેરણાદાયી અને માહિતિસભર બને તેવી અભ્યર્થના.

પ્રા. કીર્તિકુમાર શંકરચંદ શાહ
M. A. B Ed.
૨૧-૯-૮૦ ચાણસ્મા (ઉ. ગુજ.)

રાજસ્થાન દીપક પ. પૂ. આચાર્ય ભગવંત

શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ. સા.ના

લઘુ શિષ્ય રત્ન વિદ્વદ્વર્ય–પ્રવચનકાર



પૂ. મુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સાહેબ

# સંપાદકીય

પરમારાધ્યપાદ ભવોદધિ તારક પરમ પૂજ્ય આચાર્ય ગુરૂભગવંત કી પાવન નિશ્રામેં ઉન્હી કી જન્મભૂમિ ચાણસ્મા ચાતુર્માસ મેં શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલય સાર્દ્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ અવલોકન કો મિલા. ઉસ ગ્રંથ કે અંદર પૂજ્ય ગુરૂભગવંત કી અનોખી લેખન શૈલીમેં લિખીત તીન લેખ સંપ્રાપ્ત હુએ.

ઉન્હેં દેખકર મુજે યહ ભાવના હુઈ કી ઈન લેખોંકા સંગ્રહ અગર છોટી પુસ્તિકા કે રૂપમેં પ્રકાશિત કિયા જાય તો યે લેખ જીજ્ઞાસુઓ કે લિએ અતિ ઉપયોગી સિદ્ધ હોંગે.

મુજે પ્રસન્નતા હૈ કી મેરી ભાવના આજ મૂર્ત રૂપમેં આ રહી હૈ. ઇસ લઘુ પુસ્તિકા કે પ્રકાશન મેં દ્રવ્ય સહાયતાકા સદુપદેશ પૂ. ગુરૂભગવંત કી સંસારિક બહન સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજી તથા ઉનકી શિષ્યા સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજીને દે કર અત્યુત્તમ કાર્ય કીયા હે ।

વાચકવર્ગ પુસ્તક મેં રહી હુઈ ક્ષતિયાં સુધારકર પઢેં એવં મુજે સુચિત કરે તાકી પુનઃ સંસ્કરણ મેં સુધારા હો શકે

અન્તમેં વાચકો સે યહી કહના હૈ કી વે પૂજ્યશ્રી કી વિદ્વત્તા યુક્ત લેખન શૈલીસે લિખે ગયે લેખોંકો પઢ કર વિશેષ મનન ચિંતન કર પુણ્યોપાર્જન કરેં.


ધર્મની આરાધનામાં ચિત્ત સમાધિ

પૂર્વક આગળ વધારનાર

**મહામંત્ર**

ॐ ह्रीँ श्रीँ क्लीँ अर्हँ

धरणेंद्र पद्मावती पूजिताय

श्री भटेवा पार्श्वनाथाय

नमो नमः

રોજ એકાગ્ર ચિત્તથી ૧૦૮ જાપ કરવો.

# નમ્ર વિજ્ઞપ્તિ

જીવન શુદ્ધિના અંગભૂત શ્રીવીતરાગ પ્રભુની
ભક્તિ–ઉપાસનાના મર્મ અને સ્વરૂપની
જાણકારી અને ઐતિહાસિક વિશિષ્ટ
સામગ્રીનું સંકલન આ પુસ્તકમાં છે.
વિવેકી વાંચકોએ ગુરૂગમથી
આ પુસ્તકની સામગ્રીનો
સદુપયોગ
કરવો.

સંપાદક

## —: દ્રવ્ય સહાયક :—

પૂ. શાસન સમ્રાટ્ સમુદાયના આજ્ઞાનુવર્તિનીપ્રવર્તિની સ્વ. પૂ. સાધ્વીશ્રી સૌભાગ્ય શ્રી જી મ. ના શિષ્યા પ્રશાંતમૂર્તિ સ્વ. પૂ. સાધ્વીશ્રી ચંપાશ્રીજી મ. ના શિષ્યા પ્રતિભા સંપન્ન સ્વ. પૂ. સાધ્વીશ્રી પ્રભાશ્રીજી મ.ના શિષ્યા સદ્ગુણાનું રાગિણી પૂ. સાધ્વીશ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ. તથા તેમના શિષ્યા વિદુષી પૂ. સાધ્વીશ્રી રત્નમાલાશ્રીજી મ. ના સદુપદેશથી ચાણસ્માના નીચેના મહાનુભાવોએ દ્રવ્ય સહાયતા અર્પણ કરી છે.

૧૦૦૧] સ્વ. શા. લહેરચંદ ચુનીલાલ તથા તેમના ધર્મપત્ની સ્વ. શકરીબેન લહેરચંદના સ્મરણાર્થે તેમના સુપુત્રો શા. રસિકભાઈ તથા શા. રજનિકાન્તભાઈ તરફથી

### રૂા. ૭૦૧) આપનાર દ્રવ્ય સહાયકો

(૧) શા રીખવચંદ ખુબચંદના સુપુત્રો શ્રી દલપતભાઈ તથા રતિલાલ આર શાહ (વિમાવાળા) તથા પ્રભાવતીબેન તથા વિમળાબેન, વિનોદ, દેવેન્દ્ર તરફથી. સાબરમતી

(૨) ગોવિન્દભાઈ પી. શાહ, ઉમેશકુમાર ગોવિંદલાલ ધરમેન્દ્રકુમાર ગોવિંદલાલ

(૩) (સ્વ.) શા. ચીમનલાલ ગગલચંદના ધર્મપત્નીશ્રી ગજીબેન તરફથી

(૪) શાહ ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ

(૫) શાહ કીર્તિકુમાર વાડીલાલ, મુંબઈ

(૬) શાહ બાબુલાલ પોપટલાલ (ભૈયાજી), મુંબઈ

પૂ. શાસનસમ્રાટ્—સમુદાયના આજ્ઞાનુવર્ત્તિની સ્વ. પૂ. સાધ્વીશ્રી પ્રભાશ્રીજી મ,ના શિષ્યા સદ્‌ગુણાનુરાગિની સરળ સ્વભાવી.



પૂ. સાધ્વીશ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ.

# પ્રકાશકીય નિવેદન

આનંદની વાત છે કે અમારા "આચાર્ય **શ્રી સુશીલસૂરિ જૈન જ્ઞાન મંદિર, સિરોહી"** તરફથી શાસન સમ્રાટ્ **પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિ-લાવણ્ય-દક્ષ** સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર જૈન ધર્મ દિવાકર-શાસન રત્ન-તીર્થ પ્રભાવક પ. પૂ. આચાર્ય ગુરુ ભગવંત **શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી** મહારાજે લખેલ **શ્રી પાર્શ્વનાથ** ભગવાનના જીવનચરિત્રને લગતા લેખો ( શ્રી પાર્શ્વજિન જીવન સૌરભ આદિ ) પ્રકાશિત થઈ રહેલા છે.

આમાંના (૧) શ્રી પાર્શ્વજિન જીવન સૌરભ, (૨) બાવન બોલની પ્રશ્નોત્તરી, તથા (૩) ચાણસ્મા અને ભટેવા પાર્શ્વનાથ, આ ત્રણ લેખો "શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલય સાર્દ્ધ શતાબ્દિ સ્મારક ગ્રંથ (ચાણસ્મા)માંથી ઉદ્ધૃત કર્યા છે. તથા અન્ય લેખાદિ પૂજ્યશ્રીએ નુતન તૈયાર કર્યા છે.

આનું વ્યવસ્થિત સંપાદન કાર્ય પ્રૂફ સંશોધન સાથે પ. પૂ. આચાર્ય ભગવંતશ્રીના લઘુ શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ્રવચનકાર પ. પૂ. મુનિરાજ **શ્રી જિનોત્તમ વિજયજી** મ. સા. શ્રીએ કરેલ છે.

આ લઘુ પુસ્તિકાના પ્રકાશનમાં દ્રવ્ય સહાયતાના સદુપદેશક પ. પૂ. આચાર્ય ભગવંતશ્રીના સંસારી બહેન વર્તમાનમાં સદ્ગુણાનુરાગિની પૂ. સાધ્વીશ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી મ. તથા તેમના શિષ્યા વિદુષી સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજી મ. છે.

પ્રેસ કોપી માટે ચાણસ્મા જૈન પાઠશાળાના બાલવિદ્યાર્થી નીતિન જે. શાહ, હિતેન્દ્ર કે. શાહ તથા વિપુલ એમ. શાહનો સહયોગ રહ્યો છે.


ઉપરોક્ત લેખક પૂ. આચાર્ય ભગવંત, સંપાદક પૂ. મુનિભગવંત તથા દ્રવ્ય સહાયતા સદુપદેશક પૂ. સાધ્વીજી મ. સા. નો અમે વંદનાપૂર્વક આભાર માનીએ છીએ. તથા દ્રવ્ય સહાયતા દેનાર સદ્ગૃહસ્થો પ્રેસ કોપી કરનાર બાલવિદ્યાર્થીઓ, પ્રેસના મેનેજર તથા બધું કામ વ્યવસ્થિત કરવાની તમન્નાવાળા બાબુલાલ કેશવલાલ શાહ અને રમણલાલ ત્રીકમલાલ શાહ ચાણસ્માવાલાનો પણ હાર્દિક આભાર માનીએ છીએ.

અંતમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતને અમો પ્રાર્થના કરીએ છીએ કે :– તેઓશ્રી પોતાની અનોખી કલમ દ્વારા વિદ્વદ્ ભોગ્ય અનેક સાહિત્ય લખીને અમોને પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રદાન કરે એજ.

–પ્રકાશક

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ નં. |
|---|---|
| (૧) શ્રી પાર્શ્વજિન જીવન-સૌરભ | ૧ થી ૫૦ |
| (૨) બાવન બોલની પ્રશ્નોત્તરી | ૫૧ ,, ૬૨ |
| (૩) ચાણસ્મા અને ભટેવા પાર્શ્વનાથ | ૬૩ ,, ૭૩ |
| (૪) શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનો સંક્ષિપ્ત પરિચય | ૭૪ ,, ૧૨૯ |
| (૫) ભાવના પચ્ચીસી | ૧૩૦ ,, ૧૩૫ |
| (૬) શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામનો છંદ | ૧૩૬ ,, ૧૪૦ |
| (૭) સ્તુતિ-સ્તવનાદિ સંગ્રહ | ૧૪૧ ,, ૨૦૦ |

卐 ॐ ह्रीँ अर्हँ नमः 卐

# શ્રી પાર્શ્વ જિન જીવન–સૌરભ

અનાદિ અને અનંત એવા આ સંસારચક્રમાં સંસારી જીવોનું ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ અનાદિ કાળથી ચાલુ જ છે. આ પરિભ્રમણમાં આત્માને અનંતા ભવ કરવા પડે છે. જ્યાં સુધી જીવ મોક્ષમાં ન જાય ત્યાં સુધી તેને જન્મ અને મરણ કરવા જ પડે

મોક્ષમાં જવા માટે પરિમિત ભવની મર્યાદા ભવ્યાત્માને ક્યારે થાય ? કે, જ્યારે તે સમ્યક્ત્વ–સમકિત પામે ત્યારે જ. જ્યાં સુધી જગતનો કોઈપણ જીવ–આત્મા સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તેના ભવની મર્યાદા મોક્ષમાં જવા માટે પરિમિત થતી નથી.

આ અવસર્પિણીમાં થયેલ ચોવીશ તીર્થંકર પૈકી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુના તેર ભવ, શ્રી ચંદ્રપ્રભ પ્રભુના આઠ ભવ, સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનના બાર ભવ, વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના અને બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના નવ ભવ, તેવીશમા તીર્થંકર

શ્રી પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ, ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવ, અને બાકી રહેલા સત્તર તીર્થંકર પરમાત્માઓના ત્રણ ત્રણ ભવ સમ્યક્ત્વ પામ્યા ત્યારથી જ તેની ગણના કરવામાં આવેલી છે.[1] પ્રસ્તુતમાં પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના દશ ભવોનું દિગ્દર્શન માત્ર અહીં કરાવાય છે.

## દશ ભવોના નામનો નિર્દેશ

[ ૧ ] પહેલો ભવ મરુભૂતિનો.
[ ૨ ] બીજો ભવ વિંધ્યાચળ પર્વતમાં હાથીનો.
[ ૩ ] ત્રીજો ભવ દેવનો આઠમા ( સહસ્રાર ) દેવલોકમાં.
[ ૪ ] ચોથો ભવ કિરણવેગ વિદ્યાધરનો.
[ ૫ ] પાંચમો ભવ દેવનો ( બારમા અચ્યુત દેવલોકમાં )
[ ૬ ] છઠ્ઠો ભવ વજ્રનાભનો.
[ ૭ ] સાતમો ભવ લલિતાંગ નામે પરમર્દ્ધિક દેવનો ગ્રૈવેયકમાં.

---

[ અન્યત્ર-શ્રી ચંદ્રપ્રભ સ્વામીના ત્રણ ભવ, અને શ્રીમુનિસુવ્રતસ્વામીના ત્રણ ભવનો પણ ઉલ્લેખ મળે છે. ]

[ ૮ ] આઠમો ભવ સુવર્ણબાહુ ( કનકબાહુ )નો.
[ ૯ ] નવમો ભવ દેવનો ( દશમા પ્રાણત દેવલોકમાં)
[ ૧૦ ] દશમો ભવ તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો.

ઉક્ત એ દશ ભવોનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે જણાવાય છે.

## [૧] પહેલો ભવ મરુભૂતિનો—

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલું **પોતનપુર** નામનું નગર હતું. ત્યાં **અરવિન્દ** નામનો રાજા રુડી રીતે પ્રજાનું પરિપાલન કરી રહ્યો હતો. તેને **ધારિણી** નામની રાણી હતી. તથા **વિશ્વભૂતિ** નામે એક શ્રાવક બ્રાહ્મણ પુરોહિત હતો, તેની **અનુદ્ધરા** નામની પત્ની હતી, તેનાથી **કમઠ** અને **મરુભૂતિ** એ નામના બે પુત્ર ઉત્પન્ન થયા હતા. તેમાં નાનો ભાઈ મરુભૂતિ ધર્મિષ્ઠ હતો. તે **પૂ. આચાર્ય શ્રી હરિશ્ચંદ્રસૂરિ મહારાજ**ના સદુપદેશથી વિષયથી વિમુખ બની પૌષધશાળામાં મુનિ મહાત્માઓની સાથે ઘણો કાળ પસાર કરવા લાગ્યો.

મોટો ભાઈ કમઠ ધર્મ વિમુખ હતો એટલું જ નહીં પણ દુરાચારી, વિષય લંપટ હતો. પોતાની

**વરુણા** પત્ની હોવા છતાં પણ તે પોતાના નાના ભાઈ મરુભૂતિની પત્ની **વસુંધરા** સાથે સંભોગ કરવા લાગ્યો. કાળાંતરે પાપનો ઘડો ફૂટયો. એ વાતની મરુભૂતિને ખબર પડતાં રાજાને નિવેદન કર્યું. એ સાંભળી રાજાએ પણ તે કમઠને ગધેડા ઉપર બેસાડી અને આખા નગરમાં ફેરવી, નગરની બહાર કાઢી મૂકયો. ત્યાંથી કમઠ લજ્જા પામી દૂર જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં એક તાપસના આશ્રમમાં જઈ પહોંચ્યો, અને **શિવ** નામના મુખ્ય તાપસનો શિષ્ય બની તપ તથા તાપસની સેવા કરવા લાગ્યો.

આ બાજુ મરુભૂતિને કમઠે તાપસી દીક્ષા સ્વીકારી છે, એ સમાચાર મળતાં તે પશ્ચાત્તાપ કરતો બંધુ કમઠ તાપસને ક્ષમાપના-ખમાવવા માટે ગયો. જ્યા કમઠ તાપસ છે ત્યાં આવ્યો અને ક્ષમાપના કરવા લાગ્યો. એ સમયે કમઠે તો પોતાને થયેલી અતિ વિડંબનાને સંભારવાપૂર્વક અત્યંત ક્રોધે ભરાઈ પાસે પડેલી પત્થરની એક શિલા ઉપાડીને તેના મસ્તક પર મારી. તેથી ત્યાં ને ત્યાં જ મરુભૂતિ આર્ત્તધ્યાને મરણને શરણ થઈ પરલોકે સિધાવ્યો.

## [ ૨ ] બીજો ભવ હાથીનો-

બીજા ભવમાં મરુભૂતિનો જીવ વિંધ્યાચળ પર્વતમાં **હાથી** રુપે ઉત્પન્ન થયો. ત્યાં ભદ્ર જાતિ નામના હાથીઓનો યૂથનાયક બન્યો. આ બાજુ કમઠની પત્ની વરુણા મૃત્યુ પામીને તેની સ્ત્રી રૂપે હાથિણી થઈ.

એક દિવસ પોતનપુર નગરના રાજા **અરવિન્દે** આકાશમાં રંગબેરંગી સુંદર વાદળાં વિનષ્ટ થતાં જોયાં. તેથી તેને વૈરાગ્ય જાગતાં અને અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં, પોતાના પુત્ર મહેન્દ્રકુમારને રાજ્યગાદી પર બેસાડી, શ્રી ભદ્રાચાર્ય ગુરુ મહારાજ પાસે જઈ દીક્ષા લીધી.

અગિયાર અંગ અને ચૌદ પૂર્વનું જ્ઞાન સંપાદન કરવા પૂર્વક વિવિધ તપ દ્વારા અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી. ચતુર્થ મનઃપર્યવજ્ઞાન પણ પામ્યા.

એક દિવસ તે ચતુર્થ મનઃપર્યવજ્ઞાનધારક **અરવિન્દ મુનિમહાત્માને શ્રી અષ્ટાપદજી** મહા-તીર્થની યાત્રાએ જતાં, રસ્તામાં વ્યાપારને માટે પરદેશ જતો એવો **સાગરદત્ત** નામનો સાર્થવાહ

મળ્યો. તેને સદુપદેશ આપ્યો તેથી તે મિથ્યાત્વ ત્યજી સમ્યક્ત્વ સ્વીકારવા પૂર્વક જૈનધર્મી શ્રાવક બન્યો.

ક્રમશઃ અરવિન્દ મુનિમહાત્મા સાથે જતાં જતાં જંગલમાં જ્યાં આ ગજરાજ છે ત્યાં આવતાં સાગરદત્ત સાર્થવાહે સ્વ-સાથીઓની સાથે નજીકના સરોવર પાસે પડાવ નાખ્યો.

એ સમયે પેલો હાથી પણ પરિવાર સમેત પાણી પીવાને માટે ત્યાં આવ્યો. સરોવરમાં પાણી પીને કિનારા પર આવ્યા બાદ મુસાફરો વિગેરેને જોતાં તે ભયભીત બની સૌને ડરાવવા લાગ્યો. આથી સૌ નાસભાગ કરવા લાગ્યા. કાયોત્સર્ગમાં રહેલા એવા **અરવિન્દ મુનિમહાત્માની** પાસે આવતાં તે હાથી ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો.

મુનિમહાત્માએ કાયોત્સર્ગ પારી, મધુર અને ગંભીર વાણી દ્વારા તેનો પૂર્વભવ કહ્યો. તે સાંભળી શુભ અધ્યવસાય દ્વારા હાથીને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ નિહાળ્યો. મુનિમહાત્માને નમસ્કાર કર્યો. આ બાજુ કમઠની પત્ની વરુણા જે મૃત્યુ પામીને હાથિણી થઈ હતી તે પણ જાતિસ્મરણ

જ્ઞાનને પામી. પુનઃ અરવિન્દ મુનિમહાત્માની ધર્મદેશના સાંભળી ગજરાજ વ્રત સ્વીકારવા પૂર્વક શ્રાવક બની, યૂથ સાથે સ્વસ્થાનકે ચાલ્યો ગયો. આ હાથીને જોતાં વિસ્મય પામી કેટલાએક લોકોએ દીક્ષા લીધી અને કેટલાએક લોકો શ્રાવક બન્યા સાર્થપતિ સાગરદત્ત પણ જિનધર્મમાં દૃઢ ચિત્તવાળો થયો.

રાજર્ષિ અરવિન્દ મુનિમહાત્મા અષ્ટાપદ તીર્થે પહોંચી, સમસ્ત જિન બિંબોને ભાવથી વંદન અને સ્તુતિ–સ્તવનાદિ કર્યા બાદ, એ જ અષ્ટાપદ પર્વત પર અનશન કરવા પૂર્વક કેવળજ્ઞાન પામી મોક્ષ સ્થાનમાં સાદિ અનંત સ્થિતિ રૂપે, શાશ્વત સુખના ભાગી બન્યા.

આ બાજુ ક્રોધથી પત્થરની શિલા દ્વારા મરુ-ભૂતિને મારનાર કમઠ તાપસ પણ આર્તધ્યાને મરણ પામી, કુર્કટ જાતિના ઉડવાવાળા સર્પ રૂપે ઉત્પન્ન થયો. તેણે પાણી પીવા માટે એ જ સરોવરમાં આવેલા હાથીના કુમ્ભસ્થળમાં ડંખ દીધો. ત્યાંને ત્યાં જ શુભ ધ્યાને એ હાથી મરણ પામ્યો.

## [૩] ત્રીજો ભવ દેવનો–

આ રીતે મરુભૂતિનો જીવ હાથીનો ભવ પૂરો

કરી અને શુભ ધ્યાને મૃત્યુ પામી, આઠમા (સહસ્રાર) દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. કમઠ તાપસની વરુણા પત્નીનો જીવ હાથિણીનો ભવ પૂરો કરી અને અનશનપૂર્વક મૃત્યુ પામી, બીજા (ઇશાન) દેવલોકમાં દેવી રૂપે ઉત્પન્ન થઈ. ત્યાંથી તે દેવ અવધિજ્ઞાનથી જાણી, આઠમા દેવલોકમાં તે દેવીને લઇને ગયો. પૂર્વ જન્મના સંબંધને લઈને બન્નેને પરસ્પર ગાઢ પ્રેમ થયો. આઠમા દેવલોકમાં કેવલ શબ્દ શ્રવણ જ વિષય સેવનનું કારણ હોય છે. તેથી કરીને તે દેવ બીજા દેવલોકમાંથી લાવેલ દેવીની સાથે નંદીશ્વર દ્વીપમાં જઈ શાશ્વત જિનબિંબોની અર્ચના કરી નૃત્ય અને ગીત-જ્ઞાન કરતાં થકાં, મહામુનિઓની ઉપાસના કરતાં થકાં, નંદનવનની વાવડીઓમાં જલક્રીડા કરતાં થકાં અને નિત્ય ગીત-ગાનાદિકની મજા ઉડાવતાં થકાં ઇચ્છાપૂર્વક આનંદ-ઉપભોગમાં કાળ નિર્ગમન કરી રહ્યો.

આ બાજુ કમઠનો જીવ પણ કુર્કટ સર્પનો ભવ પૂરો કરી અને મૃત્યુ પામી, પાંચમી ધૂમપ્રભા નરકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો.

આ રીતે મરુભૂતિનો જીવ જયારે સ્વર્ગના સુખમાં

મ્હાલી રહ્યો છે. ત્યારે કમઠનો જીવ નરકના ઘોર દુઃખમાં રીબાઈ રહ્યો છે.

## [૪] ચોથો ભવ કિરણવેગનો-

પૂર્વ મહાવિદેહમાં આવેલ સુકચ્છ નામના વિજયમાં વૈતાઢ્ય પર્વત પર **તિલક** નામની સુંદર નગરી હતી. તેમાં **વિદ્યુતગતિ** નામનો એક ખેચર-પતિ રાજા રાજ્ય કરતો હતો. તેને **કનકતિલકા** નામની પટરાણી હતી. આ બાજુ મરુભૂતિનો જીવ હાથીનો ભવ પૂરો કરી અને આઠમા સહસ્રાર દેવ-લોકમાં દેવનો ભવ પૂરો કરી, ત્યાંથી ચ્યવીને આ કનકતિલકા પટ્ટરાણીની કુક્ષીમાં અવતર્યો. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ તે જન્મ્યો. રાજાએ તેનો જન્મોત્સવ રુડી રીતે ઉજવી તેનું **કિરણવેગ** નામ પાડ્યું. પાંચ ધાવમાતાથી લાલનપાલન કરાતો તે કિરણવેગ કુમાર વિદ્યાભ્યાસમાં લીન બની પુરુષની બોતેર કળામાં કુશળ થયો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં રાજાએ સામન્ત રાજાની **પદ્માવતી** નામની રાજપુત્રી સાથે પરણાવ્યો અને યુવરાજ બનાવ્યો.

અલ્પ સમય બાદ વિદ્યુતગતિ રાજાને વૈરાગ્ય થતાં, તે સુપુત્ર કિરણવેગ યુવરાજને રાજ્ય સોંપી.

**શ્રી શ્રુતસાગર** નામના ચારણ મુનિવર પાસે સંયમ સ્વીકારી, નિરતિચાર ચારિત્રનું પાલન કરવા પૂર્વક અનશન દ્વારા કેવલ જ્ઞાન પામી, પ્રાન્તે સકલ કર્મનો ક્ષય કરી તે મોક્ષે ગયા. આ બાજુ કિરણવેગ રાજા પ્રજાનું સુંદર રીતે પરિપાલન કરવા લાગ્યો. તેને પદ્માવતી રાણીથી ઉત્પન્ન થયેલ પુત્રનું નામ **કિરણતેજ [ધરણવેગ]** રાખ્યું.

એકદા સુપ્રસિદ્ધ આચાર્ય **શ્રી વિજયભદ્રસૂરિ મહારાજ** સપરિવાર નગરની બહાર આવેલ કિરણવેગ રાજાના **નંદનવન નામના ઉદ્યાનમાં** પધાર્યા. ઉદ્યાનપાલકે રાજાને ખબર આપતાં કિરણવેગ રાજા અને પ્રજાવર્ગ વંદનાર્થે ત્યાં આવ્યો. આચાર્ય મહારાજાદિ સર્વ મુનિ મહારાજાઓને વંદન કર્યું. ત્યાર પછી ધર્મોપદેશ શ્રવણ કરતાં લોકોએ અનેક પ્રકારના નિયમ, અભિગ્રહ અને દેશવિરતિ વ્રત વિગેરે ગ્રહણ કર્યા. કિરણવેગ રાજાએ પણ સંવેગના રંગમાં રંગાતાં આચાર્ય મહારાજને કહ્યું–'ગુરુદેવ! હું સંસારથી ઉદ્વિગ્ન થયો છું અને દીક્ષા લેવા ઈચ્છું છું.' આપ કૃપા કરીને માસકલ્પ અહીં કરો. રાજાની એ પ્રાર્થનાનો આચાર્ય મહારાજે સહર્ષ સ્વીકાર કર્યો.

બાદમાં રાજાએ પુત્રને રાજ્ય સોંપી સંયમના પુનિત પંથે પ્રયાણ કર્યું. સંયમનું સુંદર પાલન કરતાં મહાગીતાર્થ બની તેઓ એકલા વિચરવા લાગ્યા. આકાશ-ગમન કરતા એવા તે પુષ્કરવર દ્વીપમાં પહોંચી ત્યાંના શાશ્વત જિનને નમસ્કાર કરી, હિમાદ્રિ પર જઈ તપ કરતા અને અનેક પરિસહોને સહતા શેષ જીવનને વ્યતીત કરવા લાગ્યા.

આ બાજુ કમઠનો જીવ કુર્કટ સર્પનો ભવ પૂરો કરી, પાંચમી ધૂમપ્રભા નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થયેલો તે ત્યાંથી ચ્યવી, એ હિમગિરિની ગુફામાં એક મહાભયંકર સર્પ થયો. તેણે એક વખત કિરણવેગ મુનિવરને ધ્યાનસ્થ દશામાં જોયા. પૂર્વ-જન્મના વેરના સંસ્કારને લઈને તત્કાળ ત્યાં આવી, તેમના શરીરે વીંટાઈ અનેક સ્થળે ડંખ દીધા.

એ સમયે તેના પર અંશ માત્ર પણ રોષ ન કરતાં, કિરણવેગ મુનિ મહાત્મા સમભાવ ને સમાધિપૂર્વક કાળધર્મને પામ્યા.

## [૫] પાંચમો ભવ દેવનો–

મરુભૂતિનો જીવ હાથીનો, દેવનો અને કિરણ-વેગનો ભવ પૂર્ણ કરી બારમા અચ્યુત દેવલોકમાં

**જમ્બૂદ્રુમાવર્ત** નામના **વિમાનમાં** બાવીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.

કમઠનો જીવ કુર્કટ સર્પનો, નારકીનો અને પુનઃ સર્પના ભવમાં એક વખત દાવાનળથી દગ્ધ થઈ મૃત્યુ પામી, છઠ્ઠી તમઃપ્રભા નરકમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો. મરુભૂતિનો જીવ જ્યારે અચ્યુત દેવલોકનાં દિવ્ય સુખોને ભોગવી રહ્યો હતો, ત્યારે કમઠનો જીવ છઠ્ઠી તમઃપ્રભા નરકનાં ઘોર દુઃખને સહી રહ્યો હતો.

## [૬] છઠ્ઠો ભવ વજ્રનાભનો—

આ જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં એક શુભંકરા નામની નગરી હતી. તેમાં **વજ્રવીર્ય** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **લક્ષ્મીવતી** નામની પટ્ટરાણી હતી.

આ બાજુ મરુભૂતિનો જીવ ચોથો કિરણવેગનો ભવ અને પાંચમો દેવનો ભવ પૂરો કરી, ત્યાંથી ચ્યવી છઠ્ઠા ભવમાં એ વજ્રવીર્ય રાજાની લક્ષ્મીવતી પટ્ટરાણીની કુક્ષીમાં અવતર્યો. ગર્ભ સ્થિતિ પૂર્ણ થતાં લક્ષ્મીવતીએ એક દેદીપ્યમાન પુત્રરત્નને જન્મ આપ્યો.

રાજાએ તેનો જન્મોત્સવ સુંદર રીતે ઉજવી તેનું **વજ્રનાભ** નામ પાડયું. તે પાંચ ધાવમાતાથી લાલન-પાલન કરાતો કિશોર અવસ્થા પ્રાપ્ત થતાં પુરુષની બોતેર કળામાં કુશળ થયો. યુવાવસ્થા પામતાં બંગદેશના **ચંદ્રકાન્ત** રાજાની ચોસઠ કળામાં પ્રવિણ એવી **વિજયા** નામની પુત્રી સાથે તેનું લગ્ન થયું. બન્નેનું જીવન સુખપૂર્વક પસાર થવા લાગ્યું.

એક દિવસ વજ્રનાભ રાજકુમારના મામાનો **કુબેર** નામનો પુત્ર પોતાના માતા-પિતાથી વિમુખ થઈ, રાજકુમાર **વજ્રનાભની** પાસે આવીને રહ્યો. ત્યાં નાસ્તિકવાદી એવો કુબેર આસ્તિકવાદી એવા વજ્રનાભની સાથે ચર્ચામાં ઉતરવા લાગ્યો.

એકવાર અનેક મુનિઓથી પરિવરેલા એવા લોકચન્દ્રસૂરિ નામના આચાર્ય મહારાજ નગરીની બહાર આવેલ અશોકવનમાં પધાર્યા. નગરીના અનેક લોકો તેમ જ વજ્રનાભ પણ કુબેરને સાથે લઈને વંદનાર્થે ગયા. આચાર્ય મહારાજને વંદન કરીને સર્વે સમુચિત સ્થાનકે બેઠા.

આચાર્ય મહારાજે પણ ધર્મોપદેશ સંભળાવ્યો. અને કુબેર જેવા નાસ્તિકને પણ આસ્તિક બનાવ્યો.

સમય જતાં વજ્રનાભ રાજકુમારને રાજ્ય સોંપી વજ્રવીર્ય રાજાએ રાણી તથા કુબેર સહિત દીક્ષા ગ્રહણ કરી.

વજ્રનાભ રાજા બન્યા અને ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા. કાળાંતરે વિજયા રાણીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. તેનું **ચક્રાયુધ** નામ રાખવામા આવ્યું. કાળક્રમે તે મોટો થતાં વજ્રનાભ રાજાએ તેને યુવરાજ તરીકે સ્થાપન કર્યો.

એકવાર વજ્રનાભ રાજાને મહેલના ઝરુખામાં બેસીને શુભ ધ્યાન ધરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ જોતાં અને આરાધિત ચારિત્રનો ખ્યાલ આવતાં, તેઓ વૈરાગ્ય રંગે રંગાયા. રાજકુમાર ચક્રાયુધને રાજ્ય સોંપી, વજ્રનાભ રાજાએ **શ્રી ક્ષેમંકર નામના તીર્થંકર ભગવાનની** પાસે દીક્ષા લીધી. બાહ્ય રાજ્યનો ત્યાગ કરી ધર્મરૂપી અંતરંગ રાજ્યનો સ્વીકાર કર્યો. એમાં આગળ વધતાં ગુરૂવર્યની આજ્ઞાથી તે વજ્રનાભ મુનિરાજ એકલ વિહારી અને પ્રતિમાધારી થયા. દુસ્તર તપ કરતાં તપના પ્રભાવથી તેઓએ આકાશગામિની લબ્ધિ પ્રાપ્ત કરી. એક વાર એ લબ્ધિના પ્રભાવે આકાશમાં ગમન કરતાં સુકચ્છ નામની વિજયમાં આવી પહોંચ્યા.

આ બાજુ કમઠનો જીવ કુર્કટ સર્પનો, પાંચમી નરકમાં નારકીનો, પુનઃ સર્પનો અને ત્યાર પછી છઠ્ઠી નરકમાં નારકીનો એમ પાંચ ભવો પૂરા કરી, છઠ્ઠા ભવમાં સુકચ્છ વિજયના જવલનાદ્રિ પર્વત પર કુરંગક નામનો ભીલ થયો.

એક વાર વજ્રનાભ મુનિરાજ એ જવનલાદ્રિ પર્વત પર રાતના કાઉસ્સગ ધ્યાને રહ્યા. પ્રભાતે શિકાર કરવા માટે કુરંગક ભીલ હાથમાં ધનુષબાણ લઈને અટવીમાં ફરતો ફરતો એ પર્વત પર આવી પહોંચ્યો. શિકાર માટે ચારે તરફ દૃષ્ટિ નાખતાં કાઉસ્સગ ધ્યાને રહેલા એવા વજ્રનાભ મુનિરાજને જોતાં પૂર્વ જન્મના દ્વેષને લઈને બોલી ઉઠ્યો.

'અહો ! આજ પ્રભાતમાં જ આ દુષ્ટનાં અનિષ્ટ દર્શન થયાં. બસ, પહેલો એનો જ શિકાર કરું, ત્યાર પછી બીજાનો.' એજ સમયે કુરંગક ભીલે ધનુષબાણ ચડાવીને વજ્રનાભ મુનિરાજ પર બાણનો વરસાદ વરસાવવો શરૂ કર્યો. વજ્રનાભ મુનિરાજ ઉપરાઉપરી બાણ વાગવા છતાં પણ લેશ માત્ર ક્રોધ નહીં કરતાં, સમભાવમાં રહી અનશન કરવાપૂર્વક સર્વ જીવોને ખમાવવા પૂર્વક અને ચાર શરણાં અંગીકાર કરવા પૂર્વક સમાધિ સહિત કાળધર્મ પામ્યા.

## [૭] સાતમો ભવ દેવનો—

મરુભૂતિનો જીવ છઠ્ઠો વજ્રનાભનો ભવ પૂરી કરી અને એ જ કમઠના જીવ કુરંગક ભીલના બાણોથી સમાધિ સહિત મૃત્યુ પામી, સાતમા ભવમાં મધ્યમ ગ્રૈવેયકમાં આવેલા આનંદસાગર વિમાનમાં સત્તાવીશ સાગરોપમના આયુષ્યવાળો **લલિતાંગ નામનો પરમર્ધિક દેવ** થયો.

કમઠનો જીવ છઠ્ઠો કુરંગક ભીલનો ભવ પૂરો કરી ત્યાંથી મૃત્યુ પામી, સાતમા ભવમાં તમસ્તમઃ પ્રભા નામની સાતમી નરકમાં સત્તાવીશ સાગરોપમના મધ્યમ આયુષ્ય વાળો નારકી થયો.

મરુભૂતિનો જીવ જ્યારે ગ્રૈવેયકમાં દિવ્ય સુખમાં મ્હાલી રહ્યો હતો ત્યારે કમઠનો જીવ તમસ્તમઃ પ્રભા નરકની અપાર વેદના સહી રહ્યો હતો.

## [૮] આઠમો ભવ સુવર્ણબાહુનો—

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં એક પુરાણપુર [સુરપુર] નામનું નગર હતું. તેમાં કુલીશબાહુ [વજ્રબાહુ] નામનો રાજા પ્રજાનું રુડી રીતે પાલન કરતો હતો. તેને **સુદર્શના** નામની રાણી હતી.

આ બાજુ મરુભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકમાં લલિતાંગ દેવનો સાતમો ભવ પૂરો કરી, ત્યાંથી ચ્યવી રાત્રિના સમયમાં એ સુદર્શના રાણીની કુક્ષિમાં અવતર્યો. એ સમયે સુદર્શના રાણીએ ચક્રવર્તીના જન્મ સૂચક એવા ચૌદ મહાન્ સ્વપ્નોને જોયાં. પ્રભાતે રાણીએ રાતના આવેલ ચૌદ સ્વપ્નોની વાત રાજાને કહી, રાજાએ જ્યોતિર્વિદોને બોલાવી આવેલ એ સ્વપ્નોનું ફળ પૂછયું. જ્યોતિર્વિદોએ વિચારીને કહ્યું કે—

'હે રાજન્! આપને એક પુત્ર રત્ન એવો થશે કે જે છ ખંડનો અધિપતિ અર્થાત્ ચક્રવર્તી થશે.'

એ સાંભળી રાજા અને રાણી વિગેરેને અતિ આનંદ થયો. રાજાએ જ્યોતિર્વિદોને સત્કારી વિદાયગીરી આપી. આ બાજુ ગર્ભકાળ પૂર્ણ થતાં સુદર્શના રાણીએ એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. રાજાએ તેનો જન્મોત્સવ મહા સમારોહપૂર્વક ઉજવી તેનું સુવર્ણબાહુ [ કનકબાહુ ] નામ રાખ્યું. પાંચ ધાવમાતાથી લાલનપાલન કરાતો એવો તે ક્રમશઃ બાલ્યાવસ્થામાં અનેક વિદ્યાઓ અને કલાઓમાં પારંગત થતાં યૌવન અવસ્થાને પામ્યો.

કુલીશબાહુ [ વજ્રબાહુ ] રાજાને વૈરાગ્ય ભાવ પ્રગટ થતાં, કનકબાહુ પુત્રને રાજ્ય સોંપી સુગુરુ પાસે દીક્ષા લીધી. નિરતિચાર પવિત્ર ચારિત્રનું પાલન કરવા પૂર્વક કેવલજ્ઞાન પામી અને સકલ કર્મનો ક્ષય કરી રાજર્ષિ કુલીશબાહુ મોક્ષ સુખને પામ્યા.

આ બાજુ સુવર્ણબાહુ રાજા બની પ્રજાનું રુડી રીતે પાલન કરવા લાગ્યો.

એક વાર વસંત ઋતુમાં સુવર્ણબાહુ રાજા સપરિવાર વનમાં આવી વિવિધ પ્રકારની વસંતક્રીડામાં સમય પસાર કરવા લાગ્યો.

એક દિવસ વનમાં સુવર્ણબાહુ રાજા અશ્વક્રીડા કરી રહ્યો હતો. એ સમયે શ્વેત-વર્ણવાળો અને ચાર દંતુશળ યુક્ત ગર્જના કરતો એવો એક હાથી જોયો. તેને પકડવા માટે સુવર્ણબાહુ રાજાએ તેનો પીછો પકડયો. પ્રાંતે તેને પકડીને તેની પીઠ પર સુવર્ણબાહુ રાજા બેઠો. તે જ વખતે હાથી એકદમ આકાશમાં ઉડયો અને વૈતાઢયગિરિ પર લઈ જઈને ત્યાંના એક નગરની બહાર ઉપવનમાં સુવર્ણબાહુ રાજાને ઉતારી, નગરમાં ચાલ્યો ગયો. ત્યાં ઉત્તર

શ્રેણીના મણિચૂડ રાજાની પાસે મૂળ વિદ્યાધરના રુપમાં જઈને કહ્યું કે–'હે સ્વામિન્ ! હું સુવર્ણબાહુ રાજાને અહીં લાવી નગરની બહાર એક ઉપવનમાં ઉતારી ખબર આપવા આપની પાસે આવ્યો છું.'

એ શુભ સમાચાર મળતાં મણિચૂડ રાજાને ઘણો આનંદ થયો. હાથીના રૂપમાં સુવર્ણબાહુ રાજાને અહીં લાવેલ તે વિદ્યાધરને સન્માન પૂર્વક પુરસ્કાર આપીને વિદાય કર્યો.

ત્યાર પછી મણિચૂડ રાજા વિમાનમાં બેસીને જ્યાં સુવર્ણબાહુ રાજા વિદ્યમાન છે ત્યાં આવ્યા અને સર્વ વૃતાંતથી સુવર્ણબાહુ રાજાને વાકેફ કર્યા. બાદમાં સુસ્વાગત પૂર્વક રત્નપુર નગરમાં પ્રવેશ કરાવ્યો. પોતાની પદ્માવતી પુત્રી અને તેની એક હજાર સખીઓ સાથે ભવ્ય સમારોહ પૂર્વક સુવર્ણબાહુનું પાણીગ્રહણ કરાવ્યું, અન્ય અનેક વિદ્યાધરોએ પોતાની કન્યાઓ પરણાવી. દક્ષિણ શ્રેણીના વિદ્યાધરોએ પણ પોતાની કન્યાઓનો વિવાહ સુવર્ણબાહુની સાથે કર્યો.

આ રીતે સુવર્ણબાહુ રાજા વિદ્યાધરોની પાંચ હજાર કન્યાઓને પરણ્યો. એ સર્વને અને તેના અનેક

દાસ–દાસી આદિને લઈને પોતાના નગરે પાછો આવ્યો. નગરની જનતાએ સાનંદ સુંદર સ્વાગત સાથે નગરમાં પ્રવેશ કરાવ્યો. સર્વત્ર આનંદ વર્ત્યો.

ક્રમશઃ રાજ્યનું સંરક્ષણ અને પ્રજાનું પાલન કરતા એવા સુવર્ણબાહુ રાજાને ચક્રવર્તીનાં સૂચક ચૌદ મહારત્નો પ્રાપ્ત થયાં. તેણે ચક્રના માર્ગને અનુસરીને છ ખંડ પૃથ્વીને સાધી. ચક્રવર્ત્તીની ઋદ્ધિ પ્રાપ્ત કરવા પૂર્વક સુવર્ણબાહુ રાજા સાર્વભૌમ ચક્રવર્ત્તી બન્યા. ચોસઠ હજાર રાણીઓના ભરથાર થયા. ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ અશ્વ, ચોરાશી લાખ રથ, છન્નૂ ક્રોડ પાયદળ લશ્કર, છન્નૂ ક્રોડ ગામ, ચૌદ મહારત્ન અને નવનિધાન એ સર્વના સ્વામી થયા. છ ખંડના અધિપતિ બન્યા, બત્રીશ હજાર દેશના માલિક થયા.

આ રીતે ચક્રવર્તીની સમસ્ત વિભૂતિઓથી વિભૂષિત બની સુવર્ણબાહુ ચક્રવર્ત્તીએ દીર્ઘકાળ પર્યન્ત રાજ્ય ભોગવ્યું.

એક દિવસ દેવોના મુખથી **શ્રી જગન્નાથ તીર્થંકર ભગવાનનું** આગમન સાંભળી, સુવર્ણબાહુ ચક્રવર્ત્તી વંદનાર્થે ગયા. ત્યાં જિનેન્દ્ર પરમાત્માની

મધુર દેશના સાંભળતાં સુવર્ણબાહુ ચક્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ ચારિત્રથી સમલંકૃત જોતાં અને અને વૈરાગ્યના રંગથી રંગાતાં પંચમુષ્ટિ લોચ કરી સુવર્ણબાહુ ચક્રીએ એ જ તીર્થંકર ભગવાનની પાસે પરમપદદાયિની પારમેશ્વરી પ્રવ્રજ્યા સ્વીકારી. નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં અગીયાર અંગનું અધ્યયન કરવા પૂર્વક ક્રમશઃ મહાગીતાર્થ બની બાવીશ પરિષહો સહવા લાગ્યા.

થોડા દિવસ પછી શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા લઈને એકાકી વિહાર કરવા પૂર્વક ધર્મધ્યાન દ્વારા તેઓ કર્મની નિર્જરા કરવા લાગ્યા. તદુપરાંત **વીશ સ્થાનક તપની આરાધના દ્વારા સુવર્ણ-બાહુ મુનિવરે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.**

એક વાર સુવર્ણબાહુ મુનીશ્વર વિહાર કરતાં ક્ષીરગિરિ પર આવીને કાઉસ્સગ ધ્યાને રહ્યા.

આ બાજુ કમઠનો જીવ સાતમો ભવ સાતમી નરકનો પૂરો કરી, આઠમા ભવમાં આ જ ક્ષીરગિરિની ગુફામાં સિંહ રૂપે ઉત્પન્ન થયો હતો. તે આમતેમ

ફરતો જ્યાં સુવર્ણબાહુ મુનીશ્વર કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે ત્યાં આવી પહોંચ્યો. આ મહર્ષિને જોતાં જ પૂર્વ ભવના વૈરભાવને લઈને ક્રોધપૂર્વક પોતાના મુખને ફાડતો અને પુંછડાને પૃથ્વી પર પછાડતો એકદમ તેમની પર ધસી આવ્યો.

સુવર્ણબાહુ મુનીશ્વરે એજ સમયે ચતુર્વિધ આહારનાં પચ્ચક્ખાણ લઈ આલોચના કરી સર્વ જીવોને ખમાવ્યા અને ક્ષુદ્ર પંચાસન-સિંહ પર અંશ માત્ર પણ કોપ કર્યા વગર તેઓ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યા.

જોતજોતામાં ગિરિ ગુફાના એ જંગલી કેશરી સિંહે પોતાના પંજાથી એ મુનીશ્વરના દેહને વિદારી નાખ્યો. વિનશ્વર એ દેહને છોડીને સુવર્ણબાહુનો આત્મા પરલોકે સિધાવ્યો.

## [ ૯ ] નવમો ભવ દેવનો—

મરુભૂતિનો જીવ આઠમો સુવર્ણબાહુનો ભવ પૂરો કરી અને એ જ કમઠના જીવ સિંહના આક્રમણથી સમાધિ પૂર્વક મૃત્યુ પામી, દશમા (પ્રાણુત) નામના દેવલોકમાં આવેલ મહાપ્રભ નામના

વિમાનમાં વીશ સાગરોપમના આયુષ્યવાળો સર્વોત્તમ દેવ થયો.

આ દિવ્ય ભવમાં એ પુણ્યવંત આત્માએ દશ ક્ષેત્રના જીનેશ્વરોના પાંચસો કલ્યાણક ઉત્સવ પૂર્વક સુંદર રીતે ઉજવ્યાં. આ સંબંધમાં **પંડિત શ્રી વીરવિજયજી મહારાજે શ્રી પાર્શ્વપ્રભુના પંચ કલ્યાણકની પૂજામાં** આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ નીચે પ્રમાણે કર્યો છે. જુઓ—

"कनकबाहु भवे, बंध जिननामनो, करीय दशमे देवलोकवासी ॥
सकल सुरथी घणी, तेज कान्ति भणी, वीस सागर सुख ते विलासी ॥२॥
क्षेत्र दश जिनवरा, कल्याणक पाँचसे, उत्सव करत सुर साथशुं ए ॥
थइय अग्रेसरी, सासय जिनतणी, रचत पूजा जिन हाथ शुं ए ॥३॥"

[ च्यवनकल्याणके प्रथम पुष्पपूजा ]

આ બાજુ કમઠનો જીવ સાતમો ભવ પૂરો કરી અને ત્યાંથી મૃત્યુ પામી આઠમા ભવમાં પંકપ્રભા નામની ચોથી નરકમાં નારકી રુપે ઉત્પન્ન થયો.

મરુભૂતિનો જીવ જ્યારે દશમા દેવલોકમાં દિવ્ય સુખમાં સમય પસાર કરી રહ્યો છે ત્યારે કમઠનો જીવ ચોથી પંકપ્રભા નરકમાં ઘોર દુઃખમાં સમય

વ્યતીત કરી રહ્યો છે. કર્મની એ અગમ્ય લીલામાં મરુભૂતિનો આત્મા પુણ્યવંત અને સુખી દેખાય છે. ત્યારે કમઠનો આત્મા પાપવંત અને દુઃખી દેખાય છે.

## [ ૧૦ ] દશમો ભવ તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો

કમઠનો જીવ આઠ ભવ પૂરા કરીને નવમા ભવમાં ચોથી પંકપ્રભા નરકમાં નારકીનો ભવ પૂર્ણ કરી, ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં આવેલ ભરત-ક્ષેત્રના કોઈ સન્નિવેશમાં (ગામડામાં) એક ગરીબ બ્રાહ્મણને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. કર્મ સંયોગે તેનો જન્મ થતાં જ તેના માતાપિતાદિ સર્વે મૃત્યુ પામી ગયા. લોકોએ તેને કષ્ટથી જીવાડયો માટે તેનું કમઠ એવું નામ પાડ્યું. પૂર્વના નવ ભવ પૈકી પ્રથમ ભવમાં જે નામ કમઠ હતું તે જ નામ આ દશમા ભવમાં પાછું પ્રાપ્ત થયું. ક્રમશઃ બાલ્યાવસ્થા પૂર્ણ કરી તે યુવાવસ્થાને પામ્યો તો પણ તેની દુઃખી હાલત દૂર ન જ થઈ.

એક દિવસ તેને રત્નાભરણાદિકથી વિભૂષિત નગર નિવાસી જનોને જતા જોઈને તેને મનમાં વિચાર્યું કે– '**અહો ! એ સર્વે ઋદ્ધિ પૂર્વ જન્મના તપનું જ ફળ છે**' એમ સમજી તેને

વૈરાગ્ય આવ્યો. તત્કાળ તે પણ તાપસ બન્યો. અને કંદમૂળાદિ ભક્ષણ કરવા પૂર્વક પંચાગ્નિ આદિ તપ તપવા લાગ્યો.

**ચ્યવન અને જન્મ**

આ બાજુ મરુભૂતિનો જીવ નવમો ભવ દેવનો પૂરો કરી અને દશમા પ્રાણુત દેવલોકમાંથી ફાગણ (ચૈત્ર) વદ ચોથના દિવસે ચ્યવી, આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલ **વાણારસી** નગરીમાં **અશ્વસેન રાજાની રાણી વામાદેવીના** કુખે મધ્યરાત્રીએ વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે મતિ–શ્રુત–અવધિએ ત્રણ જ્ઞાને કરી સહિત ગર્ભ રુપે ઉત્પન્ન થયો.

તે સમયે વામાદેવીએ પ્રશસ્ત એવા ચૌદ મહા-સ્વપ્નોને જોયાં. પ્રભાતે રાણીએ રાજાને આવેલ સ્વપ્નોની વાત કરી. રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવીને તેનું ફળ પૂછ્યું. સ્વપ્ન પાઠકોએ કહ્યું કે– ' **હે રાજન્ ! તમારે ત્રિભુવનને પૂજ્ય એવા પુત્ર રત્નની પ્રાપ્તિ થશે.** ' એ સાંભળીને રાજા–રાણી આદિને અતિ આનંદ થયો. રાજાએ સ્વપ્નપાઠકોને વિપુલ ધન અને વસ્ત્ર

વિગેરે આપી વિદાય કર્યા. ક્રમશઃ ગર્ભકાળ નવ માસ અને સાડા સાત દિવસનો પરિપૂર્ણ થતાં, વામાદેવીએ માગશર (પોષ) વદ દશમના દિવસે, મધ્યરાત્રિએ વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે, સર્પના લાંછનવાળા અને નીલવર્ણવાળા એવા એક મહાતેજસ્વી પુત્ર રત્નને જન્મ આપ્યો. એ સમયે ત્રણલોકમાં ઉદ્યોત-પ્રકાશ થયો. સાતે નરકમાં પણ અજુવાળાં પ્રગટ્યાં. પવન પણ શીતલ અને સુગન્ધી વાવા લાગ્યો. થાવર અને નારકીના જીવોએ પણ ક્ષણભર સુખ અનુભવ્યું. આસન કંપાતાં છપન્ન દિગ્-કુમારિકાઓએ આવી સૂતિકાનું સમસ્ત કાર્ય કરવા પૂર્વક '**માતા તુજનંદન ઘણું જીવો**' એવી શુભાશિષ આપી.

સિંહાસન કંપતાં સૌધર્મેન્દ્રે પણ અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી, શક્ર સ્તવથી સ્તુતિ કાર્ય કર્યા બાદ, હરિણીગમેષી દેવ દ્વારા સુઘોષા ઘંટા વગડાવી, સર્વ દેવ-દેવીઓને જન્મેલ પ્રભુનું જન્મકલ્યાણક મેરુપર્વત પર ઉજવવા માટે અને ત્યાં આવવા માટે એ જ હરિણીગમેષી મારફત પોતાનો સંદેશો સંભળાવી, સર્વથી પરિવરેલા અને પોતે વિકુર્વેલ પાંચ રુપ દ્વારા

પ્રભુજીને મેરુ પર્વત પર લાવી, ઈશાનેન્દ્રાદિ સર્વ ઈન્દ્રોને ઈન્દ્રાણીઓ તથા સર્વ દેવોને દેવીઓની સાથે મેરુ પર્વત પર એ પ્રભુનો જન્માભિષેક કર્યો. પ્રાંતે પ્રભુને વામાદેવી માતા પાસે મૂકી, નંદીશ્વરદ્વીપે જઈ, એ પ્રભુના જન્મકલ્યાણકનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવ્યો.

## નામ સ્થાપન

અશ્વસેન રાજાએ પણ પુત્રરત્નનો જન્મોત્સવ રુડી રીતે ઉજવી, સમસ્ત સ્વજનોની સમક્ષ એ પુત્ર રત્નનું નામ '**પાર્શ્વ**' એવું ગુણનિષ્પન્ન નામ જાહેર કરવા માટે કહ્યું કે- 'જ્યારે એ પુત્ર ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ એક દિવસ કૃષ્ણ પક્ષની રાત્રિએ અંધારામાં પોતાની પાસે-પડખે થઈને જતા એવા સર્પને જોયો હતો, તેથી તેનું નામ '**પાર્શ્વ**' રાખવામાં આવે છે.

ત્યાર પછી પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતા એવા **પાર્શ્વકુમાર** દિવસે દિવસે વૃદ્ધિ પામતાં બાલ્યાવસ્થા વિતાવી, નવ હાથની કાયાવાળા યુવાવસ્થાને પામ્યા.

આ બાજુ કુશસ્થલ નગરના **પ્રસેનજિત રાજાએ**

પોતાની **પ્રભાવતી** પુત્રીને પાર્શ્વકુમાર સાથે પરણાવવાનો વિચાર કર્યો. તે વખતે કલિંગદેશના યવન નામે અતિ દુર્દાંત રાજાએ પ્રભાવતીને પરણાવવાના સમાચાર સાંભળી પોતાની રાજસભામાં સર્વ સમક્ષ કહ્યું કે– '**હું વિદ્યમાન છતાં એ પ્રભાવતીને પરણનાર પાર્શ્વકુમાર કોણ છે?**' એ પ્રમાણે કહી તે પોતાના વિપુલ સૈન્ય સાથે કુશસ્થલ નગરી પર ચઢી આવ્યો. આ બાજુ વાણારસી નગરીમાં અશ્વસેન રાજાને ખબર પડતાં પ્રસેનજિત રાજાની મદદે વિપુલ સૈન્ય સાથે જવાનો નિશ્ચય કર્યો. એ સમયે પાર્શ્વકુમારે યુદ્ધમાં જવાનો આગ્રહ જણાવતાં અશ્વસેન રાજાએ વિપુલ લશ્કર સાથે પાર્શ્વકુમારને મોકલ્યા.

તે વખતે ઈન્દ્ર મહારાજાએ પોતાના માતલિ સારથીને રથ સહિત પાર્શ્વકુમાર પાસે મોકલ્યો.

કુશસ્થળ નગરની સરહદમાં પાર્શ્વકુમાર આવ્યાના સમાચાર દૂત દ્વારા સાંભળી, યવન રાજા પણ તત્કાલ પાર્શ્વકુમાર પાસે આવી, ક્ષમા યાચીને તાબે થયો. પ્રાંતે પોતાના સૈન્ય સાથે કલિંગ દેશે રવાના થયો.

આ રીતે કુશસ્થળ નગર નિર્ભય થતાં ત્યાંના

સમસ્ત પ્રજા સહિત પ્રસેનજિત રાજાને પણ આનંદ થયો, એટલું જ નહીં પણ પાર્શ્વકુમાર સાથે વારાણસી નગરીએ આવી મહોત્સવ સહિત પોતાની પુત્રી પ્રભાવતીને પરણાવી. લગ્નગ્રંથીથી જોડાએલા એવા પાર્શ્વકુમાર અને પ્રભાવતી સુખપૂર્વક સાંસારિક જીવન પસાર કરતાં દિવસ પસાર કરવા લાગ્યા.

## સર્પોદ્ધાર

એક દિવસ પાર્શ્વકુમાર પોતાના મહેલના ઝરુખામાં બેસીને નગરીનું નિરીક્ષણ ચારે તરફ કરી રહ્યા હતા. તેવામાં એક દિશા તરફ પુષ્પ પ્રમુખ પૂજાની સામગ્રી સહિત જતા એવા નગરજનોને જોઈને નજીકના કોઈ એક મનુષ્યને પૂછ્યું કે– 'આ લોકો ક્યાં જાય છે?' ત્યારે તેણે કહ્યું કે નગરની બહાર એક કમઠ નામનો તાપસ [ જે પાર્શ્વકુમારનો પૂર્વના ભવથી વૈરી હતો તે ] આવ્યો છે તે પંચાગ્નિ તપ કરી રહ્યો છે. તે સાંભળી પાર્શ્વકુમાર પણ કૌતુકવશ અશ્વ પર બેસી સેવકોની સાથે તેને જોવા માટે ત્યાં ગયા.

એ સમયે અવધિજ્ઞાનથી પાર્શ્વકુમારે એ કમઠ તાપસની પાસે અગ્નિના કુંડમાં નાખેલ કાષ્ઠમાં એક

સાપ બળતો જોયો. પાર્શ્વકુમારે વિચાર્યું કે 'આ **કેવું અજ્ઞાન તપ!** આથી શું લાભ થવાનો' એમ વિચારી કમઠને કહ્યું કે 'હે મૂઢ તપસ્વી! દયા વિના વ્યર્થ આ કષ્ટ શા માટે કરે છે? વિશ્વમાં સર્વ ધર્મ દયા રૂપી નદીના કિનારા પર ઉગેલા ઘાસના અંકુર સમાન છે. જો એ નદી સુકાઈ જાય તો પછી તેના કિનારા પર ઘાસના અંકુરા ક્યાં સુધી લીલાંછમ રહી શકે?

આ સાંભળી ક્રોધે ભરાયેલા એવા કમઠ તાપસે પાર્શ્વકુમારને કહ્યું કે—'હે રાજપુત્ર! રાજાઓ અને રાજકુમારો તો કેવલ અશ્વ ખેલાવી જાણો, પણ ધર્મને તો અમારા જેવા મહામુનિ તપોધન જ જાણે.'

કમઠના આવા અભિમાનપૂર્ણ વચન સાંભળીને તત્કાળ ત્યાં ને ત્યાં જ કરુણાસિંધુ પાર્શ્વકુમારે, સેવક મારફત તે અગ્નિના કુંડમાંથી કાષ્ઠ બહાર કઢાવી અને તેને ચીરાવી, તેમાંથી અગ્નિના સખત તાપથી સંતપ્ત વ્યાકુલ થયેલ એવા સર્પને બહાર કઢાવ્યો. તે વખતે તે સર્પની મરણજનક પરિસ્થિતિ જોઈને પાર્શ્વકુમારે સેવક દ્વારા શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. એ નમસ્કાર મહામંત્રના શ્રવણથી તે

સર્પ સમાધિપૂર્વક પંચત્વ–મૃત્યુ પામી, ધરણેન્દ્ર થયો. તત્રસ્થ લોકોએ પાર્શ્વકુમારની અહો! જ્ઞાની ઈત્યાદિ કહેવાપૂર્વક ભૂરિ સ્તુતિ–પ્રશંસા કરી. ત્યાર પછી પાર્શ્વકુમાર સ્વસ્થાનકે પાછા ફર્યા. નગરીની જનતા પણ નગરી તરફ પાછી ફરી.

આ બનાવથી કમઠ તાપસ ઝંખવાણો પડી, પાર્શ્વકુમાર પર દ્વેષને ધારણ કરતો વિશેષ તપ કરવા લાગ્યો. પ્રાંતે આયુષ્યને અંતે તે મૃત્યુ પામી ભુવન વાસી દેવની મેઘકુમાર નિકાયમાં દોઢ પલ્યોપમના આયુષ્યવાળો **મેઘમાળી નામે દેવ** થયો.

## દીક્ષા

એક વાર પાર્શ્વકુમાર લોકોના અનુરોધથી વસંતઋતુમાં ઉદ્યાન શોભા જોવાને ગયા. ત્યાં ઉદ્યાનની અનુપમ શોભા જોતાં એક મનોહર વિશાલ પ્રાસાદ પર તેમની દૃષ્ટિ પડી. પાર્શ્વકુમારે તેમાં પ્રવેશ કરી તેની ભીંતો પર અનેક પ્રકારનાં આકર્ષક ચિત્રો જોયાં. તેમાં રાજ્ય અને રાજમતીનો ત્યાગ કરી ચરિત્ર સ્વીકારતા એક એવા નેમિનાથ ભગવાનનું પણ એક ચિત્ર જોયું. તેને જોઈને તથા અવધિજ્ઞાનથી પોતાનાં ભોગાવળી કર્મ ભોગવાઈ ગયેલાં જાણીને પાર્શ્વકુમારે દીક્ષા લેવાનો વિચાર કર્યો.

તે સમયે લોકાંતિક દેવોએ પણ આવીને પાર્શ્વકુમારને પ્રણામપૂર્વક ઇષ્ટ વાણી દ્વારા પ્રાર્થના કરી કે–

'**હે સ્વામિન્! હે ત્રૈલોક્ય નાયક! હે ભવસિન્ધુ તારક!** આપનો જય હો. હે સકલ કર્મ નિવારક પ્રભો! જગજન હિતકારક એવું ધર્મતીર્થ પ્રવર્તાવો.'

હે સમૃદ્ધિ મન! હે કલ્યાણવાન! પ્રભો! આપ સ્વયંજ્ઞાની અને સંવેગવાન છો, છતાં પણ અમારા કર્તવ્યનું પાલન કરવા માટે આપને પ્રાર્થના વિનંતિ કરીએ છીએ. એ પ્રમાણે કહી પુનઃ પ્રણામ કરી લોકાંતિક દેવો સ્વસ્થાનકે ચાલ્યા ગયા.

ત્યાર પછી પાર્શ્વકુમારે સંવત્સરી દાન આપવાનો પ્રારંભ કર્યો. વરસી દાનના અંતે માગશર [પોષ] વદ અગ્યિારસના દિવસે પ્રથમ પહોરે વિશાલા નામની પાલખીમાં બેસીને દેવ, મનુષ્ય અને અસુરાદિકના સમુદાયથી પરિવરેલા પાર્શ્વકુમાર ભવ્ય વરઘોડા સહિત વાણારસી નગરીના મધ્ય ભાગમાં થઈ જ્યાં આશ્રમ-પદ ઉદ્યાન છે ત્યાં આવી પહોંચ્યા. શરીર પર રહેલ આભૂષણ માલા આદિ ઉતારી અને પોતાના હાથે

પંચમુષ્ટિ લોચ કરી, ચોવિહાર અઠ્ઠમના તપપૂર્વક એ પાર્શ્વનાથ પ્રભુએ ઇન્દ્ર દ્વારા પોતાના ડાબા ખભા ઉપર એક દેવદ્રવ્ય વસ્ત્ર સ્વીકારવાપૂર્વક વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે ત્રણસો પુરુષોની સાથે દીક્ષા લીધી. એ જ સમયે પ્રભુને ચોથું મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું.

અશ્વસેન રાજાદિ સમસ્ત નગરીની જનતા નગરી તરફ પાછી ફરી. ઈન્દ્રાદિ દેવો પણ પ્રભુને નમસ્કાર કરી, શ્રીનંદીશ્વર દ્વીપે અષ્ટાહ્નિકા મહોત્સવ કરવા પૂર્વક સ્વસ્થાનકે ગયા.

## છદ્મસ્થાવસ્થા–વિહાર

આ બાજુ પ્રભુએ કાઉસ્સગ ધ્યાને રાત્રી પસાર કર્યા બાદ પ્રભાત થતાં વિહાર કર્યો.

બીજે દિવસે **કોપકટ** નામના સન્નિવેશમાં પધારી, પ્રભુએ **ધન્ય** નામના ગૃહસ્થને ઘેર ક્ષીરનું પારણું સુખપૂર્વક કર્યું. ત્યાં દેવોએ પંચદિવ્ય પ્રગટ કર્યા. ત્યાંથી ભગવાન ગામાનુગામ વિહાર કરતાં **કલિપર્વતની** નીચે આવેલ **કાદમ્બરી** નામના **અરણ્યમાં** પધાર્યા. ત્યાં **કુંડસરોવરના** કિનારા પર કાઉસ્સગ ધ્યાને રહ્યા.

એ સમયે **મહીધર** નામનો એક હાથી એ સરોવરમાં જળ પીવાને આવતાં અને કાઉસ્સગ ધ્યાને પ્રભુને જોતાં જાતિસ્મરણ જ્ઞાન પામી પોતાનો પૂર્વભવ [1] જોયો. ત્યાર પછી તે હાથીએ સરોવરમાં સ્નાન કરી અને સૂંઢમાં કમલો લઈ પ્રભુની પાસે આવી, ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક પ્રભુના ચરણમાં કમલો દ્વારા અર્ચના કરી. સ્તુતિ તથા પ્રણામ કરવા પૂર્વક પોતાના આત્માને ધન્ય માનતો એવો તે હાથી પોતાના નિવાસ સ્થાનકે ચાલ્યો ગયો.

ત્યાર પછી નિકટવર્તી દેવોએ પણ સુગંધિ વસ્તુઓથી પૂજા કરી, પ્રભુની સન્મુખ નૃત્ય કર્યું.

ચંપાનગરીના **કરકંડૂ** નામના રાજા પણ સેના વિગેરેની સાથે આવીને પ્રભુને વંદન કર્યું. ત્યાર બાદ

---

૧ પૂર્વભવમાં તે હેમ નામનો એક કુલપુત્ર હતો. કર્મ સંયોગે તેનું શરીર વામન થતાં લોકો તેની હાંસી કરવા લાગ્યા. પિતાના મૃત્યુ બાદ તે જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં એક મુનિ મહાત્માનો સુયોગ થતાં દેશવિરતિ દ્વારા શ્રાવક બન્યો. પોતાના વામન દેહની નિંદા કરતો અને મોટા દેહને ચાહતો એવો તે છેવટે આર્તધ્યાને મૃત્યુ પામી વિશાલકાય હાથી થયો.

તે રાજાએ ત્યાં એક ચૈત્ય બનાવી **તેમાં** પુરષાદાનીય **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની નવ હાથ ઉંચી એવી એક મનોહર મૂર્તિ સ્થાપિત કરી. જે કલિકુંડ તીર્થ તરીકે પ્રસિદ્ધિને પામ્યું, પેલો હાથી પણ મૃત્યુ પામી મહર્દ્ધિક વ્યંતર થઈ આ તીર્થનો ઉપાસક બન્યો.

આ બાજુ પાર્શ્વપ્રભુ વિહાર કરતાં **શિવપુરી** નગરીના **કૌંશાબી** નામના વનમાં આવી કાઉસ્સગ ધ્યાને ગયા. એ સમયે પૂર્વજન્મના ઉપકારનું સ્મરણ કરતા એવા ધરણેન્દ્રે ત્યાં આવી, પ્રભુને પ્રણામ કરવા પૂર્વક સ્તુતિ કરી નૃત્ય કર્યું. તથા પ્રભુને ધૂપ ન લાગે એમ વિચારી પ્રભુના મસ્તક પર સહસ્રફણાનું છત્ર કર્યું. અમુક દિવસો બાદ જ્યારે પ્રભુ અન્યત્ર વિહાર કરી રહ્યા ત્યારે ધરણેન્દ્ર પણ પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. લોકોએ ત્યાં અહિચ્છત્રા નામની એક નગરી વસાવી અને જ્યાં પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા ત્યાં એ સ્થળને '**અહિચ્છત્રા તીર્થ**' તરીકે જાહેર કર્યું.

ત્યાર પછી પાર્શ્વપ્રભુ **રાજપુર** નગરના એક ઉપવનમાં પધારી કાઉસ્સગ ધ્યાને રહ્યા. ત્યાંના **ઈશ્વર** નામના રાજા ઉપવનની પાસે થઇને જતાં સેવકો માર-ફત પ્રભુના સમાચાર જાણી જ્યાં પ્રભુ કાઉસ્સગ ધ્યાને

છે ત્યાં દર્શન કરવાને આવ્યા. એ સમયે પ્રભુને જોતાં રાજાને એમ થયું કે '**મે આ પ્રભુને અવશ્ય કોઈ સ્થળે જોયેલા છે**' એ રીતે વિચાર કરતાં ત્યાંને ત્યાં જ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં રાજાએ પોતાનો પૂર્વભવ[1] જોયો.

---

૧ પૂર્વ ભવમાં તે વસંતપુર નગરમાં દત્ત નામનો એક બ્રાહ્મણ હતો. કર્મવશાત્ તેને કોઢનો રોગ થયો. અનેક ઉપચારો કરવા છતાં તે કોઢનો રોગ ન મટયો. કુટુમ્બીઓએ તેનો ત્યાગ કર્યો.

આથી તેને અત્યંત દુઃખ થયું, મરવા માટે ગંગા નદીના કાંનારે પહોંચ્યો. પાણીમાં પડવાનો વિચાર કર્યો. એ વખતે આકાશ માર્ગથી જતા એવા એક મુનિએ જોતાં તેને તે કાર્યથી નિવારી જિનધર્મ રૂપી મહા રસાયનનું સેવન કરવા કહ્યું. તેથી તેણે સમ્યક્ત્વ સહિત પંચ અણુવ્રત રૂપ ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો.

બાદમાં એક સમયે તે દત્ત એક ચૈત્યમાં જઈ જિનેશ્વરને વંદન કરી, જ્યાં મુનિવર અને પુષ્કલિક શ્રાવક બેઠેલા છે ત્યાં આવી મુનિવરને વંદન કરીને બેઠો. એ દત્તને જોઈને પુષ્કલિક શ્રાવકે પૂછ્યું–'હે પૂજ્ય! આવા પ્રકારના વિવિધ વ્યાધિ વાળા મનુષ્યોને જિન મંદિરમાં આવવું અને વંદન કરવું એ ઉચિત છે?' ત્યારે મુનિવરે

મંત્રીને એ પૂર્વ ભવના વૃત્તાંતથી વાકેફ કરી રાજાએ શ્રી પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કર્યો. બાદમાં જ્યાં પ્રભુ કાયોત્સર્ગે રહ્યા હતા ત્યાં એક ચૈત્ય બનાવી મહા સમારોહ પૂર્વક પ્રભુ પ્રતિમા સ્થાપન કરી. એ ચૈત્ય 'કુર્કુટેશ્વર' નામથી પ્રસિદ્ધ થયું. પુનઃ રાજાએ ત્યાં કુર્કુટેશ્વર નામની એક નગરી પણ વસાવી.

પ્રભુએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

## મેઘમાલી દેવના ઘોર ઉપસર્ગો

પૃથ્વીતલને પાવન કરતા એવા પ્રભુ શ્રીપાર્શ્વનાથ કોઈ એક નગરની સમીપમાં આવેલ તાપસના આશ્રમમાં

---

કહ્યુ કે–'હે મહાનુભાવ? અવગ્રહનું પાલન અને આશાતનાનું નિવારણ કરવા પૂર્વક દેવ વંદન થઈ શકે છે.

પુનઃ પુષ્કલિકે પૂછ્યું–'હે પૂજ્ય! આ મનુષ્ય કંઈ ગતિને પામશે?' મુનિવરે કહ્યું 'રાજપુરમાં તિર્યંચ ગતિમાં મૃગરૂપે ઉત્પન્ન થશે.' આ રીતે પોતાનું ભવિષ્ય સાંભળતાં દત્તને અતિદુઃખ થવાથી ત્યાં રુદન કરવા માંડ્યું. ત્યારે મુનિવરે ઉપદેશમાં કર્મની વિચિત્રતા વર્ણવી પ્રાંતે દત્તને સાન્તવન આપતાં જણાવ્યું કે હે દત્ત! એ મૃગના ભવમાં એક મુનિને દેખી જાતિસ્મરણ જ્ઞાન પામીશ અને અનશન પૂર્વક પ્રાણ ત્યાગ કરી રાજપુર નગરનો રાજા થઈશ. એ સમયે ઉપવનમાં જતાં અને શ્રી પાર્શ્વનાથ ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને જોતાં જાતિસ્મરણ જ્ઞાનને પામીશ.

પધાર્યા. એ સમયે સૂર્યાસ્ત થયેલ હોવાથી એક કુવાની પાસે વટવૃક્ષની નીચે રાત્રિએ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

તે સમયે પેલા કમઠ તાપસનો જીવ, જે પ્રભુની સાથે નવ ભવનો વૈરભાવ રાખતો હતો અને હાલ **મેઘમાળી** નામનો અધમ દેવતા થયો છે. તેણે અવધિ-જ્ઞાનથી પ્રભુને કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા જાણી, પ્રભુને ઉપદ્રવ કરવા માટે ત્યાં આવ્યો. ક્રોધથી જલતા એવા એ પાપાત્માએ પ્રથમ વિશાલ કાય એવા હાથીઓ વિકુર્વી ઉપદ્રવ કર્યો. ત્યાર પછી ક્રમશઃ વિકરાળ સિંહ, વાઘ, વીંછી અને સર્પ વિગેરે વિકુર્વી અનેક ઉપદ્રવો કર્યા, તો પણ મેરુ પર્વતની જેમ નિષ્કંપ રહ્યા.

આ રીતે પ્રતિકુળ અનેક ઉપસર્ગો કરવા છતાં પ્રભુ અંશ માત્ર પણ ચલાયમાન ન થયા, ત્યારે તેને અનુકુળ ઉપસર્ગ કરવા અનેક પ્રકારના હાવ-ભાવ અને કામ ચેષ્ટા કરતી તથા ગીતગાનાદ્રિક ગાતી, વિવિધ વાજીંત્રો વગાડતી એવી કિન્નરીઓ વિકુર્વી, તેના દ્વારા પ્રભુને ધ્યાનથી ચલિત કરવા માટે અનેક ચેષ્ટાઓ કરી, છતાં પણ પ્રભુ ચલિત ન જ થયા.

ત્યાર પછી તેણે પ્રભુના મસ્તક પર ધૂળ વરસાવી તો પણ પ્રભુ ન ડર્યા.

ત્યાર બાદ તેને અનેક ભૂતપ્રેતો વગેરે વિકુર્વી પ્રભુને કોઈ પણ ભોગે ચલિત કરવા માટે અનેક ઉપદ્રવો-ઉપસર્ગો કર્યા, તો પણ પરમાત્મા ધ્યાનમાં તદવસ્થ જ રહ્યા.

આથી અત્યંત ક્રોધે ભરાઈ એ **મેઘમાલીએ** પ્રભુને જળમાં ડુબાડવા માટે આકાશમાં મહામેઘ વિકુર્વ્યો. કલ્પાન્ત કાલના મેઘ સમાન મૂશલધાર તે વરસવા લાગ્યો. સર્વ દિશાઓમાં ભયંકર વિજળીનો કટકડાટ અને જાણે બ્રહ્માંડને ફોડી નાખે એવા પ્રકારની ઘનગર્જનાઓનો ગડગડાટ શરૂ કર્યો. જળ વૃષ્ટિ એટલા જોરથી તે કરવા લાગ્યો કે તેના પ્રહારથી પક્ષીઓ ઉંચે ઉછળી ઉછળી નીચે પડવા લાગ્યાં. મોટા મોટા હાથીઓ અને પરાક્રમી સિંહો આદિ પણ આમતેમ નાશભાગ કરવા લાગ્યા. સપાટ જમીન પર પણ પાણી પૂર જોસમાં વહેવા લાગ્યું. જોતજોતામાં અને થોડીવારમાં તો ધ્યાનસ્થ રહેલા પ્રભુના કાન પર્યંત પાણી આવી ગયું તો પણ પાર્શ્વનાથ ભગવાન લેશમાત્ર ચલાયમાન ન થયા.

### ધરણેન્દ્રની ભક્તિ

જ્યારે જળ પ્રભુની નાસિકા (નાક)ના અગ્ર

ભાગ સુધી આવી પહોંચ્યું ત્યારે તે સમયે ધરણેન્દ્ર દેવનું આસન ચલિત થયું. અવધિજ્ઞાનથી તેને જોયું કે-**જ્યાં પ્રભુ ધ્યાનસ્થ છે ત્યાં કમઠ તાપસનો જીવ મેઘ માળી ઘોર ઉપદ્રવ-ઉપસર્ગ કરે છે. માટે હું જઉં અને એ પ્રભુને ઉપદ્રવથી રહિત કરું.** એમ વિચારી તત્કાળ તે ધરણેન્દ્ર દેવ પોતાની દેવીઓ સાથે ત્યાં આવ્યો. પ્રભુને નમસ્કાર કરી, પ્રભુના ચરણ નીચે લાંબા નાળવાળું એક સુવર્ણ કમળ વિકુર્વ્યું. તથા પોતાની કાયાથી પ્રભુની પીઠ અને પડખાંને ઢાંકી દેવા પૂર્વક સાત ફણા વડે પ્રભુના મસ્તકે છત્ર ધારણ કર્યું. ધરણેન્દ્રની દેવીઓ (ઈન્દ્રાણીઓ) ભક્તિભાવપૂર્વક પ્રભુની સન્મુખ ગીતગાન સહિત નૃત્ય કરવા લાગી.

એ સમયે ભક્તિવંત ધરણેન્દ્ર પર અને ઉપસર્ગ કરનાર કમઠના જીવ મેઘમાળી પર પ્રભુની સમ-દૃષ્ટિ હતી.

### મેઘમાળીનો પશ્ચાતાપ

ત્યાર પછી ધરણેન્દ્રે ઉપસર્ગ કરતા મેઘમાળીને કોપથી કહ્યું-'અરે દુષ્ટ ! આ તે શું કરવા માંડયું

છે ? કરૂણાસિન્ધુ આ પ્રભુએ પૂર્વભવમાં તને પાપ કરતાં અટકાવ્યો છે તે ઉપકાર ભૂલી જઈ તું અપકાર કરવા તૈયાર થયો છે ? પ્રભુને ધ્યાનથી ચલિત કરવાની અને જળમાં ડુબાડી દેવાની તારી વાપરેલી તમામ શક્તિ વ્યર્થ ગઈ છે. તું ઉપદ્રવ—ઉપસર્ગને શીઘ્ર દૂર કરી દે, નહીં તો હવેથી તું રહી શકીશ નહીં.'

ધરણેન્દ્રનું આવા પ્રકારનું વચન સાંભળીને ભય-ભીત થયેલા એવા મેઘમાળીએ નીચે જોયું તો નાગેન્દ્ર સેવિત એવા પાર્શ્વ પ્રભુને તદવસ્થ દીઠા. એ સમયે તેણે વિચાર્યું કે 'અહો ! આ પ્રભુ અનંતશક્તિના ધણી છે. પોતાની એક મુષ્ટિથી મહાપર્વતને પણ ચૂર્ણ કરવા સમર્થ છે, છતાં પણ એ કરુણાસાગર હોવાથી મારા જેવા ઘોર ઉપસર્ગ કરનાર પાપાત્મા પર અંશ માત્ર પણ ક્રોધ કરતા નથી. તેમજ મને બાળીને ભસ્મીભૂત પણ કરતા નથી. મને ભય ધરણેન્દ્રનો છે, પ્રભુનો નથી.

આવા ત્રિલોકના નાથ સર્વને વંદનીય અને પૂજનીય પ્રભુનો અપકાર કરીને હું ક્યાં જઈશ ! ત્રૈલોક્યમાં પણ મારી સ્થિતિ થઈ શકશે નહીં, તો પછી હું કોને શરણે જઈશ.

એ સદ્વિચારથી એ જ સમયે તેની મનો-ભાવનામાં એકદમ પલટો થતાં, તત્કાળ જળ સંકુરી લઈ, મેઘમાળી પ્રભુના ચરણે ઝૂકી પડ્યો. પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમા માગી, સ્તુતિ કરી અને પ્રભુનું શરણું સ્વીકારી સ્વસ્થાનકે તે ચાલ્યો ગયો.

આ બાજુ ધરણેન્દ્ર દેવ પણ પ્રભુની સમક્ષ નાટ્યાદિ કરવા પૂર્વક નમસ્કાર કરીને પરિવાર સહિત સ્વસ્થાનકે ગયો. પ્રભુએ પણ મેઘમાળી દેવના ઉપદ્રવ–ઉપસર્ગથી રહિત બની અન્યત્ર વિહાર કર્યો.

## કેવલજ્ઞાન

પ્રભુએ દીક્ષામાં ત્યાશી દિવસ પસાર કર્યા. ચોરાશીમા દિવસે આશ્રમપદ ઉદ્યાનમાં ધાતકી વૃક્ષ નીચે કાયોત્સર્ગે રહી, ફાગણ ( ચૈત્ર ) વદ ચોથને દિવસે વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે, શુકલ ધ્યાનના પ્રથમના બે ભેદને ધ્યાવતાં અને ઘાતી કર્મને ચકચૂર કરતાં છટ્ઠતપ યુક્ત પાર્શ્વનાથ ભગવાન અનંત અને અનુપમ **કેવલજ્ઞાન ને કેવલદર્શનને** પામ્યા.

ત્યાં દેવોએ આવી સમવસરણની રચના કરી. તેમાં પ્રભુએ બેસી દેશના આપી. તે સાંભળી અનેક

જનોએ પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુના પિતા અશ્વસેન રાજાએ અને પ્રભુની માતા વામાદેવીએ પણ લઘુ પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા સ્વીકારી.

પ્રભુએ પૃથ્વીતળ ઉપર વિચારી **સાગરદત્ત** અને **બંધુદત્ત** આદિ અનેક જનોને તેમના પાછલા ભવના વૃત્તાંત કહી દીક્ષાઓ આપી.

## પ્રભુનો પરિવાર

**પુરુષ પ્રધાન અર્હંનૂ પાર્શ્વનાથ ભગવાનને શુભ, આર્યઘોષ, વિશિષ્ટ બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર અને યશસ્વી એ નામના આઠ ગણધરો હતા.**

[ આ સમ્બન્ધમાં આવશ્યક સૂત્રમાં દશ ગણધરોનો નિર્દેશ છે. સ્થાનાંગ સૂત્રમાં બે અલ્પાયુષી હોવાથી નામનો નિર્દેશ કરેલ નથી. બાકીના આઠ નામો ઉપર પ્રમાણે જણાવ્યાં છે.]

તદુપરાંત-પ્રભુને **આર્યદિન્ન** આદિ સોળ હજાર (૧૬૦૦૦) સાધુઓ, **પુષ્પચૂલા પ્રમુખ** અડત્રીસ હજાર (૩૮૦૦૦) સાધ્વીઓ, **સુવ્રત** વિગેરે એક લાખને ચોસઠ હજાર (૧૬૪૦૦૦) શ્રાવકો, **સુનન્દા** આદિ ત્રણ લાખને સત્તાવીશ હજાર (૩૨૭૦૦૦) શ્રાવિકાઓ

ત્રણસો ને પચાર (૩૫૦) ચૌદ પૂર્વીઓ, એક હજાર ને ચારસો (૧૪૦૦) અવધિજ્ઞાનીઓ, એક હજાર (૧૦૦૦) કેવલજ્ઞાનીઓ, અગીયારસો (૧૧૦૦) વૈક્રિય લબ્ધિવાળાઓ, છસો (૬૦૦) મનઃ પર્યવજ્ઞાનીઓ અને આઠસો (૮૦૦) વિપુલમતિવાળાઓ, વિગેરે વિપુલ પરિવાર હતો.

તેમાંથી એક હજાર (૧૦૦૦) સાધુઓ મોક્ષમાં ગયા અને બે હજાર (૨૦૦૦) સાધ્વીઓ મોક્ષમાં ગઈ, તથા બારસો (૧૨૦૦) મુનિઓ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. પ્રભુના શાસનમાં છસો (૬૦૦) વાદીઓ હતા તથા પ્રભુના તીર્થમાં **પાર્શ્વ** નામે યક્ષ અને અને **પદ્માવતી** નામે યક્ષણી–શાસનદેવતા હતાં.

**મોક્ષ**

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહી, સંયમ સ્વીકારવા પૂર્વક ચ્યાશી દિવસ છદ્મસ્થ પર્યાય પાળી, અને ચ્યાશી દિવસ ન્યૂન સીત્તેર વર્ષ પર્યંત કેવલી પર્યાય વાળી, એ રીતે સીત્તેર વર્ષ ચારિત્ર પર્યાય પાળી, પ્રાંતે પોતાનો નિર્વાણ સમય સમીપ આવ્યો જાણી, **શ્રી સમેતશિખર તીર્થે** પધાર્યા. ત્યાં પ્રભુએ તેત્રીસ મુનિયો સાથે ચોવિઆર માસક્ષમણ (એક માસ) તપનું અનશન કર્યું. તેને

અંતે શ્રાવણ સુદ આઠમના દિવસે વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે અઘાતી કર્મનો ક્ષય કરવા પૂર્વક કાયોત્સર્ગ ધ્યાન મુદ્રામાં વર્તતા એવા **શ્રી પાર્શ્વનાથ પરમાત્મા** પોતાનું સો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મોક્ષ સુખને પામ્યા.

## પ્રભુના અગ્નિસંસ્કારની વિધિ

એ સમયે આસન કંપતાં અવધિજ્ઞાનથી પ્રભુનું નિર્વાણ જાણી શક્રેન્દ્ર વિગેરે સર્વ ઈન્દ્રો અને દેવો સર્વ પરિવાર સહિત સ્વર્ગમાંથી ત્યાં શ્રી સમેતશિખર તીર્થે આવ્યા.

ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક નમન કરી સર્વે નિરાનંદ અશ્રુપૂર્ણ નેત્રવાળા બની, પ્રભુના દેહથી અતિ દૂર નહીં કે અતિ નજીક નહીં એ રીતે હાથ જોડી પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યાર પછી શક્રેન્દ્રે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની મારફત નંદનવનમાંથી ગોશીર્ષ-ચંદન મંગાવી (ત્રણ) ચિતાઓ તૈયાર કરાવી. તેમાં એક તીર્થંકરના શરીર માટે, એક ગણધરોના શરીર માટે અને એક શેષ મુનિઓને માટે.

પુનઃ શક્રેન્દ્રે પ્રભુના શરીરને સ્નાન કરાવ્યું. ગોશીર્ષચંદનનું વિલેપન કર્યું. હંસ લક્ષણવાળું વસ્ત્ર ઓઢાડ્યું. અને સર્વ અલંકારોથી એ શરીરને શણગાર્યું. આ રીતે અન્ય દેવોએ પણ ગણધરોના દેહને તથા મુનિઓના દેહને કર્યું.

પુનઃ શક્રેન્દ્રે વિચિત્ર પ્રકારના ચિત્રોથી ચિત્રિત એવી શિબિકાઓ–પાલખીઓ બનાવરાવી, તેમાં શોકાક્રાંત એવા શક્રેન્દ્રે પ્રભુના દેહને પધરાવ્યો. અન્ય દેવોએ પણ અન્ય મુનિઓના દેહને પધરાવ્યા.

ત્યાર પછી શક્રેન્દ્રે તીર્થંકર પ્રભુના દેહને શિબિકા–પાલખીમાંથી નીચે ઉતારી ચિતામાં સ્થાપન કર્યો. અન્ય દેવોએ મુનિઓના દેહને ચિતામાં સ્થાપન કર્યા. ત્યાર બાદ શક્રેન્દ્રની આજ્ઞાથી આનંદ અને ઉત્સાહ રહિત એવા અગ્નિકુમાર દેવોએ ચિતામાં અગ્નિ પ્રદીપ્ત કર્યો. વાયુકુમાર દેવોએ વાયુ ચલાવ્યો. અન્ય દેવોએ એ ચિતાઓમાં કાલાગરૂ અને ચંદનાદિ ઉત્તમ કાષ્ઠ નાખવા પૂર્વક ઘીના ઘડાઓથી એ ચિતાઓને સીંચવા માંડી. એ અગ્નિના દાહથી પ્રભુનું શરીર અને અન્ય મુનિઓના શરીર બળીને ભસ્મીભૂત થતાં તથા કેવલ અંગો–પાંગનાં અસ્થિઓ રહેતાં, શક્રેન્દ્રની આજ્ઞાથી મેઘ-

કુમાર દેવોએ વરસાદ વરસાવી એ ચિતાઓને ઠંડી કરી. સૌધર્મેન્દ્રે પ્રભુની જમણી તરફની ઉપરની દાઢ ગ્રહણ કરી. ઈશાનેન્દ્રે ડાબી તરફની ઉપરની દાઢ ગ્રહણ કરી. ચમરેન્દ્રે જમણી તરફની નીચેની દાઢ ગ્રહણ કરી. બલીન્દ્રે ડાબી તરફની નીચેની દાઢ ગ્રહણ કરી. અન્ય દેવોએ પણ કોઈએ ભક્તિ ભાવથી, કોઈએ પોતાના આચાર સમજી, અને કેટલાએકે ધર્મ સમજી બાકી રહેલ અંગોપાંગનાં અસ્થિ ગ્રહણ કર્યાં.

ત્યાર પછી શકેન્દ્રે એક તીર્થંકર પ્રભુની ચિતા પર, એક ગણધરોની ચિતા પર અને એક મુનિઓની ચિતા પર રત્નમય સ્તૂપ કરાવ્યા.

એ સર્વ કાર્ય કરી શકેન્દ્ર વિગેરે દેવો નંદીશ્વર દ્વીપમાં જઈ, અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ત્યાંથી શકેન્દ્રાદિ પોતપોતાના વિમાનમાં જઈ, પોતપોતાની સભામાં રહેલ વજ્રમય ડબ્બામાં એ પ્રભુની દાઢા આદિ મૂકીને તેની ગંધ-માલ્યાદિકની પૂજા કરવા લાગ્યા.

આ રીતે શકેન્દ્ર વિગેરે દેવોએ ક્રમશઃ એ પાર્શ્વનાથ પ્રભુના ચ્યવન-જન્મ-દીક્ષા-કેવલ-મોક્ષ એ પાંચ કલ્યાણકો મહામહોત્સવ પૂર્વક રૂડી રીતે ઉજવ્યાં.

એ પાર્શ્વનાથ પ્રભુને બે પ્રકારની અંતગડ ભૂમિ થઈ. યુગાન્તકૃત ભૂમિ અને પર્યાયાન્તકૃત ભૂમિ. તેમાં

પ્રભુથી માંડીને ચાર પાટ સુધી મોક્ષ માર્ગ ચાલુ રહ્યો. એ યુગાન્તકૃત ભૂમિ જાણવી.

**તથા પ્રભુને કેવલજ્ઞાન થયા પછી ત્રણ વર્ષ બાદ મોક્ષમાર્ગ પ્રચલિત થયો એ પર્યાયાન્તકૃત ભૂમિ જાણવી.**

શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષ બાદ શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ થયું.

## ઉપસંહાર

પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા આજે જગતભરમાં કોઈ અનેરો—અલૌકિક છે. એમના અનેક નામો સુપ્રસિદ્ધ છે, એટલું જ નહીં પણ અનેક નામવાળી એમની મૂર્તિઓ જગમશહૂર અને મહાપ્રાભાવિક છે. એમના નામવાળી પ્રાચીનમાં પ્રાચીન મૂર્તિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની આજે પણ સૌનું આકર્ષણ કરી રહી છે. એ જ પ્રમાણે સ્થંભન પાર્શ્વનાથ, પંચાસરા પાર્શ્વનાથ, સેરીસા પાર્શ્વનાથ, જીરાવલ્રી પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ, નાકોડા પાર્શ્વનાથ, ભીલડીયા પાર્શ્વનાથ, કરેડા પાર્શ્વનાથ, ભટેવા પાર્શ્વનાથ, ચિંતામણિ પાર્શ્વનાથ, અંતરીક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, સહસ્રફણા પાર્શ્વનાથ, સુરજમંડન પાર્શ્વનાથ,

શામળા પાર્શ્વનાથ, અજારા પાર્શ્વનાથ, અમીઝરા પાર્શ્વનાથ, મનમોહન પાર્શ્વનાથ; જગવલ્લભ પાર્શ્વનાથ, કલિકુંડ પાર્શ્વનાથ, મૂળેવા પાર્શ્વનાથ, અવંતી પાર્શ્વનાથ, ભીડભંજન પાર્શ્વનાથ, લોઢણ પાર્શ્વનાથ, નવખંડા પાર્શ્વનાથ, નવલખા પાર્શ્વનાથ વિગેરેની મૂર્તિઓ પણ અતિ પ્રાચીન હોવા સાથે સૌને આકર્ષી રહી છે.

એમના નામે અનેક તીર્થો આજે જગતમાં વખણાઈ રહ્યાં છે. તથા જગતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયાં છે.

જૈનોના મંદિરમાં જ્યાં જ્યાં પ્રતિષ્ઠા હોય ત્યાં 'ॐ ह्रीँ श्रीँ जीरावली पार्श्वनाथाय रक्षां कुरु कुरु स्वाहा' એ રીતે એમના નામનો ઉલ્લેખ છે,

જૈન સાધુ–સાધ્વીઓ વિહારમાં સાંજના પ્રતિક્રમણમાં ચૈત્યવંદન તેમના નામનું જ કરે છે. તેરસના દિવસે ચતુર્વિધ સંઘ સાંજના પ્રતિક્રમણમાં એમના નામનું જ ચૈત્યવંદન કરે છે.

દીક્ષા, વડીદીક્ષા, અને વ્રતોચ્ચારણ વિગેરેમાં પણ એમના નામનું ચૈત્યવંદન જ કરાય છે.

એમના નામનાં અનેક સ્તોત્રો–સ્તુતિઓ–સ્તવનો છંદો–ગીતો–કવિતાઓ–ચૈત્યવંદનો આદિ પ્રાચીન અને

અર્વાચીન રચાયેલાં ઘણાં જ જોવામાં આવે છે. તેમાં પણ 'उवसग्गहरं' અને 'जयतिहुयण' તથા 'कल्याण मंदिर' વિગેરે અતિ પ્રસિદ્ધ અને પ્રભાવિક છે.

પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના અંશતઃ આલેખેલ એ જીવન સૌરભને મનનપૂર્વક વાંચી અને તેને દૃષ્ટિમાં રાખી, એ પાર્શ્વનાથ પ્રભુની જેમ પ્રત્યેક પ્રાણી આદર્શ જીવન જીવી, સંયમના પુનિત પંથે વિચરી, અહિંસા–સંયમ-તપ દ્વારા અંતરંગ શત્રુઓને જીતી, આત્માને સ્વતંત્ર આઝાદી અપાવવા પૂર્વક કેવલજ્ઞાનને પામી, ભવભ્રમણ સર્વથા બંધ કરી, સકલ કર્મનો ક્ષય કરવા પૂર્વક પરમાત્મા બની, પરમ પદને પામે અને સર્વદા શાશ્વતા મોક્ષના અનંત સુખમાં મ્હાલે એમ અંતઃકરણપૂર્વક અભિલષતો વિરમું છું.

વીર સં. ૨૪૯૨. વિક્રમ સં.
૨૦૨૨ ના પોષ સુદ ૯ શનિવાર
તા. ૧–૧–'૬૬
[શ્રી શાંતિનાથના કેવલજ્ઞાનનો દિવસ]
સ્થળ :– ખીમેલ જૈન ઉપાશ્રય
(રાજસ્થાન) મારવાડ

લેખક–
વિજયસુશીલસૂરિ

卐 ॐ ह्रीँ अर्हँ नमः 卐

# પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનચરિત્રને લગતી બાવન બોલની પ્રશ્નોત્તરી

: લેખક :

પૂ. આચાર્યશ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજ

[ ૧ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચ્યવનકલ્યાણક કયા દિવસે થયું ?

ઉત્તર- ફાગણ વદ ( ચૈત્ર વદ ) ચોથને દિવસે.

[ ૨ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાન કયા વિમાનમાંથી ચ્યવીને આવ્યા ?

ઉત્તર- દશમા પ્રાણત નામના દેવલોકમાંથી.

[ ૩ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ગર્ભકાલ કેટલો ?

ઉત્તર- નવમાસ અને સાડાસાત દિવસનો.

[ ૪ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કઈ નગરીમાં થયો ?

ઉત્તર- **વાણારસી નગરીમાં.**

[ ૫ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જન્મકલ્યાણક કયા દિવસે થયું ?

ઉત્તર- માગશર ( પોષ ) વદ દશમને દિવસે.

[ ૬ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાન કયા નક્ષત્રમાં જન્મ્યા ?

ઉત્તર- **વિશાખા નક્ષત્રમાં.**

[ ૭ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાન કઇ રાશિમાં જન્મ્યા ?

ઉત્તર- **તુલા રાશિમાં.**

[૮]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ગણ કયો?

ઉત્તર– રાક્ષસગણ.

[૯]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનની યોનિ કઈ?

ઉત્તર– મૃગયોનિ.

[૧૦]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનના પિતાનું શું નામ?

ઉત્તર– અશ્વસેન રાજા.

[૧૧]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનની માતાનું શું નામ?

ઉત્તર– વામાદેવી માતા.

[૧૨]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનના કુલગોત્રનું શું નામ?

ઉત્તર– ઇક્ષ્વાકુ.

[૧૩]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનનું લાંછન કયું?

ઉત્તર– સર્પનું.

[ ૧૪ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનના શરીરની ઊંચાઈ કેટલી ?

ઉત્તર– નવ હાથની.

[ ૧૫ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનના શરીરનો વર્ણ કયો ?

ઉત્તર– **નીલો વર્ણ.**

[ ૧૬ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાન સંસારી અવસ્થામાં કઈ પદવી પામ્યા ? અને ત્યાગી અવસ્થામાં કઈ પદવી પામ્યા ?

ઉત્તર– સંસારી અવસ્થામાં રાજકુમારની અને ત્યાગી અવસ્થામાં તીર્થંકરની.

[ ૧૭ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાન સંસારી અવસ્થામાં બ્રહ્મચારી રહ્યા કે વિવાહીત થયા ?

ઉત્તર– વિવાહિત થયા. અર્થાત્ **પ્રભાવતી રાજકુમારી** સાથે પરણ્યા.

[ ૧૮ ]

પ્રશ્ન :- શ્રી પાર્શ્વનાથ ભગવાને કંઈ નગરીમાં દીક્ષા લીધી?

ઉત્તર :- વાણારસીમાં.

[ ૧૯ ]

પ્રશ્ન :- શ્રી પાર્શ્વનાથ ભગવાને કેટલા પુરુષોની સાથે દીક્ષા લીધી?

ઉત્તર :- ત્રણસો (૩૦૦) પુરુષોની સાથે.

[ ૨૦ ]

પ્રશ્ન :- શ્રી પાર્શ્વનાથ ભગવાને કયા વૃક્ષ નીચે દીક્ષા લીધી?

ઉત્તર :- ધાતકી વૃક્ષની નીચે.

[ ૨૧ ]

પ્રશ્ન :- શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દીક્ષાકલ્યાણક કયા દિવસે થયું?

ઉત્તર :- માગશર ( પોષ ) વદ અગિયારસને દિવસે.

[ ૨૨ ]

પ્રશ્ન :- શ્રી પાર્શ્વનાથ ભગવાનને દીક્ષાના દિવસે કયો તપ હતો?

ઉત્તર :– અઠ્ઠમનો ( ત્રણ ઉપવાસનો ).

[ ૨૩ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાને દીક્ષા લીધા પછી પ્રથમ પારણું કેટલા દિવસે કર્યું ?

ઉત્તર :– ત્રણ દિવસ પછી.

[ ૨૪ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાને પ્રથમ પારણું કઈ વસ્તુથી કર્યું ?

ઉત્તર : –ખીરથી.

[ ૨૫ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાને પ્રથમ પારણું ક્યાં કર્યું ?

ઉત્તર :– ધન્ય નામના સાર્થવાહને ત્યાં.

[ ૨૬ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનને છદ્મસ્થ કાળ કેટલો ?

ઉત્તર :– ચોરાશી દિવસનો.

[ ૨૭ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનનું કેવલજ્ઞાન કયા દિવસે થયું ?

ઉત્તર :—ફાગણ (ચૈત્ર) વદ ચોથને દિવસે.

[ ૨૮ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનને કેવલજ્ઞાન કયા સ્થાનમાં થયું ?

ઉત્તર :– વાણારસી નગરીમાં.

[ ૨૯ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનને કેવલજ્ઞાન પ્રાપ્તિના દિવસે કયો તપ હતો ?

ઉત્તર :– છઠ્ઠનો (બે ઉપવાસનો) તપ.

[ ૩૦ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનના ગણધરોની સંખ્યા કેટલી ?

ઉત્તર :– દશની.

[ ૩૧ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનના સાધુઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :– સોળ હજાર (૧૬૦૦૦)ની.

[ ૩૨ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનની સાધ્વીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :– આડત્રીશ હજાર (૩૮૦૦૦)ની.

[ ૩૩ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનના શ્રાવકોની સંખ્યા કેટલી ?

ઉત્તર :– એક લાખ અને ચોસઠ હજાર (૧૬૪૦૦૦)ની.

[ ૩૪ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્રાવિકાઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :– ત્રણ લાખ અને સત્તાવીશ હજાર (૩૨૭૦૦૦)ની.

[ ૩૫ ]

પ્રશ્ન :– શ્રી પાર્શ્વનાથ ભગવાનના વૈક્રિય લબ્ધિવાળાઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :– અગિયારસો (૧૧૦૦) ની.

[ ૩૬ ]

પ્રશ્ન :— શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૌદ પૂર્વધારીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :— ત્રણસો પચાસ (૩૫૦) ની.

[ ૩૭ ]

પ્રશ્ન :— શ્રી પાર્શ્વનાથ ભગવાનના અવધિ જ્ઞાનીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર :— ચૌદસો (૧૪૦૦) ની.

[ ૩૮ ]

પ્રશ્ન— શ્રી પાર્શ્વનાથ ભગવાનના મનઃ પર્યવજ્ઞાનીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર— છસો ( ૬૦૦ ) ની.

[ ૩૯ ]

પ્રશ્ન— શ્રી પાર્શ્વનાથ ભગવાનના કેવલજ્ઞાનીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર— એક હજાર ( ૧૦૦૦ ) ની.

[ ૪૦ [

પ્રશ્ન— શ્રી પાર્શ્વનાથ ભગવાનના વાદીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર- છસો (૬૦૦) વીઃ

[ ૪૧ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનયક્ષ દેવનું નામ શું ?

ઉત્તર- પાર્શ્વયક્ષ દેવ.

[ ૪૨ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનની શાસનયક્ષિણીનું નામ શું ?

ઉત્તર- પદ્માવતી યક્ષિણીદેવી.

[ ૪૩ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રથમ ગણધરનું નામ શું ?

ઉત્તર- શ્રી આર્યદિન્ન ગણધર.

[ ૪૪ ]

પ્રશ્ન- શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રથમ સાધ્વીનું નામ શું ?

ઉત્તર- શ્રી પૂષ્પચૂલા આર્યા-સાધ્વી.

[ ૪૫ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનને મોક્ષ પ્રાપ્તિના દિવસ સુધીનો અંતિમ તપ કેટલો કર્યો ?

ઉત્તર– એક માસનો. (અર્થાત્ મોક્ષ સંલેખના ત્રીસ ઉપવાસની)

[ ૪૬ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનની મોક્ષપ્રાપ્તિનું સ્થાન કયું ?

ઉત્તર– શ્રી સમેત શિખર તીર્થ.

[ ૪૭ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નિર્વાણ કલ્યાણક કયા દિવસે થયું ?

ઉત્તર– શ્રાવણ સુદ આઠમને દિવસે.

[ ૪૮ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાન કયા આસને રહી મોક્ષમાં ગયા ?

ઉત્તર– કાઉસગ્ગ ધ્યાને.

[ ૪૯ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાન કેટલા મુનિઓની સાથે મોક્ષમાં ગયા ?

ઉત્તર– તેત્રીશ (૩૩) મુનિઓની સાથે.

[ ૫૦ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાન કેટલા વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મોક્ષમાં ગયા ?

ઉત્તર– સો (૧૦૦) વર્ષનું આયુષ્ય.

[ ૫૧ ]

પ્રશ્ન– સમ્યક્ત્વ પામ્યા પછી શ્રી પાર્શ્વનાથ ભગવાન કેટલા ભવ કરી મોક્ષમાં ગયા ?

ઉત્તર– દશ ભવ કરી.

[ ૫૨ ]

પ્રશ્ન– શ્રી પાર્શ્વનાથ ભગવાનને અને ત્યારપછી થયેલા શ્રી મહાવીરસ્વામી ભગવાનને પરસ્પર અંતરમાન કેટલું ?

ઉત્તર– બસો પચાસ (૨૫૦) વર્ષનું.

॥ इति श्री पार्श्वनाथस्य प्रश्नोत्तरी समाप्त ॥

卐 शुभं भवतु 卐

卐 श्री भटेवा पार्श्वनाथाय नमो नमः 卐

# ચાણુસ્મા
# અને
# શ્રી ભટેવા પાર્શ્વનાથ

ભારતવર્ષમાં ગૂર્જરભૂમિ–ગુજરાતનું સ્થાન અનેરું અને અનોખું છે. ધર્મ, સંસ્કૃતિ ને કળાદિકમાં આજે ગુજરાત પોતાનું વિશિષ્ટ સ્થાન વિશ્વમાં ધરાવે છે. એક કાળે મગધમાં જે જૈનધર્મનો પ્રચાર પ્રધાનપણે હતો તેની ઝાંખી આજે જગતમાં ગુજરાત કરાવી રહ્યું છે.

આ ગૂર્જરભૂમિ આજે જૈનધર્મનું મુખ્ય કેન્દ્ર-ધામ છે. વિશ્વભરમાં વિખ્યાત અને **સીટી ઓફ ટેમ્પલ્સ** તરીકે પ્રસિદ્ધિ પામેલ એવું જૈનોનું શાશ્વતું અજોડ **શ્રી શત્રુંજય મહાતીર્થ** આ જ ભૂમિમાં આવેલું છે. વાદળોની સાથે જાણે વાતો કરતું એવું જૈનોનું બીજું **શ્રી ગિરનાર મહાતીર્થ** પણ આ જ ભૂમિમાં આવેલ છે. મંદિરોની ઊંચાઈમાં પ્રથમ નંબરે આવતું એવું જૈનોનું ત્રીજું **શ્રી તારંગાજી-તીર્થ** પણ આ જ ભૂમિમાં આવેલું છે.

ગત ચોવીશીમાં થયેલ ચોવીસ તીર્થંકર પૈકી નવમા **શ્રી દામોદર તીર્થંકરના** સમયમાં **આષાઢી** શ્રાવકે ભરાવેલ ભવ્ય જિનબિંબ **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું** અતિ પ્રાચીન તીર્થ આ જ ભૂમિમાં આવેલું છે.

જૈનોના અનેક તીર્થો, અનેક જિનમંદિરો અને અનેક ધર્મસ્થાનકો વિગેરેથી તથા જૈનેતરોના પણ અનેક તીર્થો, અનેક દેવાલયો અને અનેક ધર્મ-સ્થાનકોથી અતિ સુશોભિત આ ગૂર્જરભૂમિ છે.

અનેક સંતમહાત્માઓની–સાધુ પુરુષોની, અનેક ધર્મવીરોની, અનેક દાનવીરોની, અનેક દયાવીરોની અને અનેક યુદ્ધવીરોની તથા અનેક સમર્થ વિદ્વાનો આદિની જન્મભૂમિ પણ આ ગૂર્જરભૂમિ છે.

જૈનોએ પોતાની સમગ્ર શક્તિ અને ધનનો સદ્વ્યય અદ્ભુત જિનતીર્થો ને જિનમંદિરો આદિ પાછળ રેલાવી દઈ આ ગૂર્જરભૂમિને નંદનવન સમી બનાવી મૂકી છે.

આવા મહાગુજરાતના ગૌરવભર્યા ઇતિહાસમાં સુપ્રસિદ્ધ અનેક નગરો–શહેરો અને અનેક ગામો આવેલાં છે. તેમાં **ચાણસ્મા** પણ એક પ્રાચીન શહેર છે.

જૈનોના અનેક તીર્થોની જેમ અતિપ્રાચીન અને ચમત્કારિક એવી **શ્રી ભટેવા પાર્શ્વનાથ** ભગવાનની ભવ્ય મૂર્તિને લઈને એ શહેર પણ તીર્થ તરીકે પંકાય છે. પ્રતિવર્ષ પાટણથી ત્યાં સંઘ પણ આવે છે.

**ચાણસ્માની** પ્રાચીનતા માટેના ઉલ્લેખો જૈન ગ્રંથોમાંથી ચૌદમા સૈકાના તો મળે જ છે. એ સમયમાં **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના મંદિરની** વિદ્યમાનતા હતી.

(૧) વીશા શ્રીમાલી જ્ઞાતિના એક પ્રાચીન કુલની વંશાવલીમાં **ચાણસ્માનો શ્રી ભટેવા પાર્શ્વનાથ** પ્રભુના મંદિરનો અને તેની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ દષ્ટિગોચર થાય છે તે આ પ્રમાણે—

"पूर्वि वर्धमानभाई जयता उचली चाहणसामि वास्तव्यः सासरामांही तत्र श्री भट्टेवा श्रीपार्श्वनाथचैत्यकारापितं सं. १३३६ वर्षे अंचलगच्छे श्री अजितसिंहसूरिणामु मुपदेशेन प्रतिष्ठितम् ॥"

"વર્ધમાનના ભાઈ **જયતાએ** (નરેલી ગામમાંથી) ઉચાળો ભરીને પોતાના સસરાના ગામ **ચાણસ્મામાં** નિવાસ કર્યો. ત્યાં તેણે

**શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર** બંધાવ્યું, અને અંચલગચ્છમાં થયેલ **શ્રી અજીતસિંહસૂરિના** ઉપદેશથી તેની પ્રતિષ્ઠા કરાવી."

આ સિવાય બીજો ઉલ્લેખ પણ દષ્ટિગોચર થાય છે. તે આ પ્રમાણે—

(૨) વિ. સં. ૧૬૪૮ની સાલમાં **આચાર્ય શ્રી લલિતપ્રભસૂરિ મહારાજે 'પાટણ ચૈત્ય પરિપાટી'** રચેલી છે. તેમાં પણ **ચાણસ્માનો** અને **શ્રી ભટેવાજી પાર્શ્વનાથનો** તથા મૂર્તિ સંખ્યાનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરેલો છે. જુઓ—

**"ચાણસમઈ તે પૂજઈ તુ, ભટેવુ શ્રીપાસ રે;**
**ચઉત્રીસ પડિમા નિરખતાં તુ, પૂગી મનની આસ રે."** (૧૯૪)

(૩) વળી આ સમ્બન્ધમાં ત્રીજો ઉલ્લેખ પણ દષ્ટિ-ગોચર થાય છે. તે આ પ્રમાણે—

વિ. સં. ૧૭૭૦ની સાલમાં **આચાર્ય શ્રી ભાવરત્નસૂરિ મહારાજે 'ભટેવા પાર્શ્વ-**

**નાથ ઉત્પત્તિ સ્તવન'** રચેલું છે. તેમાં **ચાણસ્માના** જિનમંદિર વિષે આખ્યાયિકા સંગ્રહાયેલી છે. "તે આખ્યાયિકા પણ પ્રાચીન સ્તવનમાંથી મેં ઉદ્ધરી છે" એમ સ્તવનકર્તા આચાર્ય શ્રી ભાવરત્નસૂરિ મહારાજે જણાવ્યું છે. એ સ્તવનનો ઐતિહાસિક સાર નીચે પ્રમાણે છે. જુઓ—

"**ઈડરની** નજીકમાં આવેલ એવા **ભાદુઆર** ગામમાં એક **સુરચંદ** નામનો ગરીબ વણિક (શ્રાવક) રહેતો હતો. એક દિવસે તેના ઘરમાંથી ખોદકામ કરતાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ મળી આવી, ત્યારથી તેનો પુણ્યોદય થતાં તે સ્થિતિસંપન્ન અને સુખી થયો.

આ વાત ઈડરના રાજાના જાણવામાં આવતાં રાજાએ સુરચંદ શેઠ પાસે એ મૂર્તિની માગણી કરી. **સુરચંદ શેઠે** એ મૂર્તિ રાજાને ન આપતાં ગામની બહાર જમીનમાં ભંડારી દીધી. આથી રાજાએ ગુસ્સે થઈ તેનું ઘર લૂંટી લીધું.

એ સમયે **ચંદ્રાવતી (ચાણસ્મા)**માં વસતા **રવિચંદ્ર** નામના શ્રાવકને એ વાતની

ખબર પડી. તે ત્યાં જઈને જમીનમાં ભંડારેલી મૂર્તિને બહાર કાઢી **ચંદ્રાવતી** (ચાણસ્મા) માં લઈ આવ્યો. ત્યાર પછી તેણે **ચાણસ્મામાં** એક ભવ્ય જિનમંદિર બંધાવી તેમાં વિ. સં. ૧૫૩૫ની[1] સાલમાં વૈશાખ સુદ ત્રીજને દિવસે એટલે અખાત્રીજે એ મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

(૪) આ સિવાય અઢારમા સૈકામાં થયેલ ઉપાધ્યાય **શ્રી મેઘવિજયજી** મહારાજ પણ **'તીર્થમાળા'**-માં જણાવે છે કે—

---

૧ આ સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજી ઝવેરીવાડ, અમદાવાદ તરફથી પ્રકાશિત થયેલ '**જૈનતીર્થ સર્વ સંગ્રહ**' (ભાગ પહેલો અને ખંડ પહેલો ૫૪ મા પૃષ્ઠમાં જણાવ્યું છે કે—

(ભાટુઆર ગામમાંથી મળેલી પ્રતિમાના કારણે '**ભટેવા**' નામ પડ્યું એવો ખુલાસો આપણને સ્તવનમાંથી મળી રહેલ છે. જ્યારે સં. ૧૩૩૫માં આ ગામમાં મંદિર બંધાવ્યું એવી વંશાવલીની હકીકત વિશ્વસનીય ઠરે છે. કેમ કે તેના પ્રતિષ્ઠાપક સૂરિવરનું આચાર્યપદનું વર્ષ સં. ૧૩૩૪ અને સ્વર્ગવાસનું વર્ષ સં. ૧૩૫૯ પટ્ટાવલીઓ નોંધે છે.

**'ચાણસમો ધન એ ભટેવઉ ભગવંત.'**

આ રીતે **ચાણસ્મા** અને **શ્રી ભટેવા પાર્શ્વનાથના**–મળતા ઉલ્લેખો પરથી તેની પ્રાચીનતા જણાઈ આવે છે.

આ સિવાય પણ તેની પ્રાચીનતાના અન્ય ઉલ્લેખો માટે પ્રયત્ન કરવો જોઈએ.

ભાટુઆર ગામમાંથી એ મૂર્તિ મળેલ હોવાથી '**ભટેવા**' નામ પડયું હોય એમ પ્રાચીન સ્તવનથી જણાય છે.

---

આથી સ્તવનમાં આપેલું સં. ૧૫૩૫નું પ્રતિષ્ઠાનું વર્ષ કાં તો જીર્ણોદ્ધારનું હોય કે એ સ્તવન લખનાર લહિયાની ભૂલથી સં. ૧૩૩૫ ને બદલે ૧૫૩૫માં લખાઈ ગયું હોય.

સ્તવનમાં આપેલો સુરચંદ શેઠ કે રવિચંદ શેઠ અને વંશાવલીમાં આપેલા વર્ધમાનના ભાઈ જયતાનાં નામો વિશે જાણવાને બીજાં પ્રમાણની જરૂર રહે છે. કેમ કે આવા સ્તવનોના વર્ણનોને બહુધા લોકકથાનો આધાર હોય છે.

આ સિવાય આપણને એમ પણ માનવાને કારણ મળે છે કે, '**ભટેવા**' નામનું એક ગામ મરુધર-મારવાડ પ્રદેશમાં '**પાલી**' પાસે આવેલું છે ત્યાંના જૈનો કારણવશ ત્યાંથી ઉચાળા ભરીને આ તરફ આવ્યા હોય, અને તે વખતે આ મૂર્તિ સાથે લેતા આવ્યા હોય-તથા ભવ્ય એક જિનમંદિર બંધાવી એ મૂર્તિ બિરાજમાન કરતાં તેનું નામ '**શ્રી ભટેવા પાર્શ્વનાથ**' રાખ્યું હોય તેમ પણ સંભવે છે.

**ચાણસ્મા** શહેરમાં આજે દૃશ્યમાન થતું શિલ્પ-કળા સમૃદ્ધ **શ્રી ભટેવા પાર્શ્વનાથનું** ભવ્ય **મનોહર પંચશિખરી જિનમંદિર** ઘણું **પ્રાચીન** છે. વિ. સં. **૧૮૭૨**માં **તેનો** જીર્ણોદ્ધાર થયેલ છે. આ **મંદિરનું** દ્વાર ઉત્તર-દિશામાં આવેલ છે. મૂળનાયકજી ભગવાન **શ્રી ભટેવા પાર્શ્વનાથજી** પરિકર સહિત છે. **બીજે મજલે પણ જિનેશ્વરદેવોની મૂર્તિઓ છે. આ મંદિરના શિખરો અતિ ઊંચાં હોવાથી દૂર દૂરથી દૃશ્યમાન થાય છે. આ વિશાલકાય મંદિર જમીનથી ઊંચુ વિશેષ છે. તેને ફરતી ભમતીમાં ચોવીશ દેરીઓ મનોહર જિનમૂર્તિ-ઓથી સમલંકૃત છે. તેમાં સેંધાથી આવેલ શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ ભવ્ય છે. આ ચોવીશ**

દેરીઓની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૧૫માં થયેલી છે. વિ. સં. ૨૦૧૩ માં નૂતન ધ્વજા દંડારોપણ થયા પછી દહેરાસરના ત્રણે મુખ્ય શિખરો ઉપર એક મહિના સુધી વિવિધરંગી દિવ્ય પ્રકાશ કલાકો સુધી થયેલ ચાણસ્માની જૈન–જૈનેતર હજારોની જનતાએ જોયેલ છે.

સમીપમાં **શ્રી શીતલનાથ ભગવાનનું** મંદિર પણ પૂર્વ સન્મુખ છે. આ મૂર્તિ મંદિરની નજીકના ટાંકામાંથી નીકળેલી ચમત્કારિક છે. તેની પણ વિ. સં. ૧૯૭૪ની સાલમાં પ્રતિષ્ઠા થયેલી છે.

**ચાણસ્માના** સ્ટેશન નજીક જૈનોની એક '**વિદ્યાવાડી**' છે. જ્યાં **શ્રી ઋષભદેવ** ભગવાનનું રમ્ય મંદિર છે. તેમાં શ્રી **પુંડરીકસ્વામી** અને **શ્રી ગૌતમસ્વામી** આદિની પણ મૂર્તિઓ છે. આ વિદ્યા-વાડીમાં શાસનસમ્રાટ્ તપોગચ્છાધિપતિ શ્રી કદમ્બગિરિ પ્રમુખ વિવિધ તીર્થોદ્ધારક બાલબ્રહ્મચારી પરમ પૂજ્ય પરમોપકારી પરમકૃપાળુ પરમ ગુરુ ભગવંત આચાર્ય મહારાજાધિરાજ **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ.** શ્રીની મૂર્તિ તથા તેમના શિષ્યરત્ન સ્વ. **મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.** ના પગલાં છે. આ વિદ્યા-વાડીના સદુપદેશક એ જ પૂજ્યપાદ પરમ ગુરુ ભગવંત

આચાર્ય-દેવ **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ.** શ્રીના વરદ હસ્તે વિ. સં. ૧૯૮૨ માં **શ્રી ઋષભદેવ** આદિની પ્રતિષ્ટા થયેલ છે.

વિ. સં. ૧૯૮૧ની સાલમાં વિશાલ પરિવાર સાથે એ જ પરમ પૂજ્ય પ્રગુરૂ ભગવંત આચાર્યદેવના ચાતુર્માસમાં સ્વર્ગસ્થ થયેલ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. ની સ્મૃતિમાં એમના નામથી એ વિદ્યાવાડીનું ઉત્થાન થયેલ છે.

આ ચાણસ્મા શહેરથી બે માઈલના અંતરે '**રૂપપુર**' ગામ પણ પ્રાચીન છે. ત્યાં પણ **શ્રી નમિનાથ ભગવાનનું** પ્રાચીન ભવ્ય જિનમંદિર છે. મૂળનાયક **શ્રી નમિનાથ ભગવાન** છે. ભમતીમાં ચોવીશ જિનની મૂર્તિઓ છે.

**ચાણસ્મામાં** કોર્ટ-કચેરી, સ્કૂલ-હાઈસ્કૂલ, દવાખાનું, લાઈબ્રેરી, બોર્ડીંગ, પાંજરાપોળ વિગેરે અનેક સાધનો છે. ધાર્મિક પાઠશાળા અને જ્ઞાનભંડાર પણ છે. વ્યાપારનું મથક છે. ચાણસ્માની વસતિનું પ્રમાણ દશ હજાર લગભગનું છે. જૈનોનાં ૩૦૦ ઉપરાંત ઘર છે. ક્ષેત્ર ધર્મી અને દીક્ષાનું મથક છે. અહીંની અને બહારની અનેક નાની-મોટી દીક્ષાઓ અત્ર થયેલ છે. ખૂદ ચાણસ્માના

જ પણ આજે સાધુ-સાધ્વીઓ પચાસ ઉપરાંત છે. ચાણસ્માના જ સહોદર બન્ને બાલદીક્ષિતો આજે આચાર્ય પદવીથી સમલંકૃત છે. (જેમાંના એક લેખકશ્રી પોતે છે. સં.) પ્રતિવર્ષ ફાગણ સુદ ત્રીજનો દિવસ ઉજવનાર **ચાણસ્મા શ્રી જૈનસંઘ 'શ્રી ભટેવા પાર્શ્વ જિનાલય સાર્દ્ધ શતાબ્દિ'** ના મહોત્સવ પ્રસંગે અભૂતપૂર્વ એક સ્મારક ગ્રંથ પ્રકાશિત કરી પુણ્યોપાર્જન કરે અને **ચાણસ્મા** તથા **શ્રી ભટેવા પાર્શ્વનાથ**ની ઉજ્જવલ કીર્તિને દિગન્તમાં ફેલાવવા-પૂર્વક ભારતના તથા વિશ્વના ઈતિહાસમાં અમર રાખે એમ અભિલષતો વિરમું છું.

લેખક :-

| | |
|---|---|
| વીર સં. ૨૪૯૨, | **વિજયસુશીલસૂરિ** |
| વિ સં. ૨૦૨૨, પોષદશમી | સ્થળ- |
| માગશર વદ દશમને શુક્રવાર | શ્રી વરકાણા તીર્થ, |
| [ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો | **રાજસ્થાન,** |
| જન્મ કલ્યાણક દિવસ ] | મારવાડ. |

卐 ॐ ह्रीँ श्रीँ भटेवा पार्श्वनाथाय नमः 卐

卐 अर्हँ 卐

॥ ॐ ह्रीँ श्रीँ –

धरणेन्द्र – पद्मावती परिपूजिताय –

श्री भटेवापार्श्वनाथाय नमः ॥

卐

भटेवापार्श्वनाथं वै, चाणस्मापुरमण्डनम् ।

जिनेन्द्रं मोक्षदं वन्दे, वामाप्रियनन्दनम् ॥१॥

# શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનો સંક્ષિપ્ત પરિચય

[ ૧ ]

## ચંપાનગરી અને પ્રજાપાલ રાજા

અનાદિ અને અનંતકાલિન વિશ્વમાં પ્રવર્તી રહેલ કાલચક્રની વર્તમાન અવસર્પિણી કાલમાં થયેલ

ચોવીશ તીર્થંકરો પૈકી એકવીશમા તીર્થંકર **શ્રી નમિનાથ ભગવાનનું શાસન** પ્રવર્તી રહ્યું હતું.

એ સમયે આ **જંબૂદ્વીપના ભરતક્ષેત્રના મધ્યખંડના અંગદેશ**માં આવેલ એવી **ચંપા** નામની નગરી હતી તેનો માલિક **પ્રજાપાલ** નામનો રાજા હતો. તેને **મદનમોહના** નામની રાણી હતી. **બુદ્ધિસાગર** નામનો મંત્રી (પ્રધાન) અને **ધનમિત્ર** નામનો નગરશેઠ હતો.

यथा राजा तथा प्रजा **'જેવો રાજા તેવી પ્રજા'** એ વાકયને અનુસારે રાજા પ્રજાપાલ ધર્મિષ્ઠ હોવાથી તેની પ્રજા પણ ધર્મિષ્ઠ હતી.

## બંને અશ્વની ખરીદી

એક દિવસ આ નગરીના બહારના મેદાન-વિભાગમાં બહારગામથી કીંમતી અશ્વો-ઘોડાઓ લઈને સોદાગરો આવ્યા. જોવાને આવેલા એવા રાજા અને મંત્રીએ વિવિધ રીતે અશ્વોની પરીક્ષા કરવા પૂર્વક ચાર હજાર (૪૦૦૦) દીનાર (સોનૈયા) આપી, સારા જાતિવંત બે અશ્વ વેચાતા લીધા. રાજા અને મંત્રીએ તેના ઉપર સવાર થઈ તેની ચાલ જોવા જરાક લગામ ખેંચી ચાબૂક બતાવ્યો.

## રાજા અને મંત્રી ગાઢ જંગલમાં

તત્કાલ બંને અશ્વ વાયુવેગે એકદમ દોડવા માંડયા. આ બાજુ રાજા અને મંત્રી બંને અશ્વને કાબૂમાં લેવા અને ઊભા રાખવા માટે લગામ ખેંચવા લાગ્યા. અશિક્ષિત એવા બન્ને અશ્વ આગળ ને આગળ વધુ દોડવા લાગ્યા. અને અંગદેશની રાજધાની એવી ચંપાનગરીથી બાર યોજન દૂર એવા ગાઢ અટવી જંગલમાં પહોંચી ગયા. અત્યંત પરેશાન થયેલા રાજા અને મંત્રીએ એક વિશાલ વડલાના વૃક્ષ નીચે બન્ને અશ્વ આવતાં જ લટકતી એવી વડવાઈ-ડાલને મજબૂત રીતે બન્ને હાથથી પકડીને લટકી જઈ અશ્વના ત્રાસથી છૂટવા માટે પ્રયત્ન કર્યો.

દૈવયોગે લગામ ઢીલી થવાથી બન્ને અશ્વ આપો-આપ ત્યાં ઊભા રહી ગયા.

રાજા અને મંત્રી અશ્વ ઉપરથી નીચે ઉતરી વટવૃક્ષની નીચે થાકને દૂર કરવા અને આરામ લેવા માટે બેઠા. વિચારે છે કે–' અરેરે ! આ શું થઈ ગયું ? સર્વસ્વ દૂર થયું ! હવે શું થશે ! આ તો ઘોર જંગલ અને ભયંકર અંધકાર છે. આ સમયે તો કેવલ **શ્રી અરિહંત પરમાત્માનું શરણુ છે.** એનાથી જ

આવેલ દુઃખનું દૂરીકરણ અને ઉપદ્રવ–ઉપસર્ગનું શમીકરણ છે.' આ પ્રમાણે વિચાર કરી રાજા અને મંત્રીએ ત્યાં રાત્રિ પસાર કરવા માંડી. હિંસક–શિકારી એવા જાનવરોના સંભવિત ત્રાસને દૂર કરવા યત્નપૂર્વક સજાગ–સાવધાન રહેલા એવા રાજા અને મંત્રીએ રાત્રિના બે પહોર પૂર્ણ કર્યા. મધ્યરાત્રિનો શાન્તિભર્યો કાળ (પહોર) શરૂ થયો. એ સમયે જરા દૂરથી પણ મધુર સંગીત વાજિંત્ર આદિનો સુંદર અવાજ અને દિવ્ય નાટક થઈ રહ્યું હોય એવા ભણકારા સાંભળવામાં આવ્યા.

## શ્રી નરઘોષ કેવલી ભગવાનનાં દર્શન

કુતૂહલથી પ્રેરાઈને રાજા અને મંત્રી બંને જણા શ્રી નમસ્કાર મહામન્ત્રના સ્મરણ દ્વારા સંભવિત ભયને નિવારણ કરતાં આવતા એવા તે અવાજની દિશામાં આગળ ચાલવા માંડયા.

એક યોજન (૪ ગાઉ) ગયા બાદ, કેવલજ્ઞાન પામેલ એવા **શ્રી નરઘોષ** નામના મુનિમહાત્માનો દેવો દ્વારા થતો દિવ્ય આશ્ચર્ય–મહિમાને જોઈ, રાજા અને મંત્રી બન્ને જણ કેવલી ભગવંતને ભક્તિ બહુમાનપૂર્વક વંદન કરી બન્ને હાથ જોડી બેઠા.

## ધર્મદેશનામૃતનું પાન અને પ્રતિજ્ઞા

શ્રી નરઘોષ કેવલી ભગવંતે ધર્મદેશનામૃતનું પાન કરાવ્યું. તેમાં પ્રભુપૂજાના અધિકારને સાંભળી રાજા અને મંત્રી બન્નેને અતિ આનંદ થયો. એટલું જ નહીં પણ પ્રભુની પૂજા કર્યા વિના પાણી કે અન્ન નહીં લેવાની બન્ને જણાએ પ્રતિજ્ઞા કરી.

ત્યાંથી પાછા ફર્યા. જ્યાં પોતાના અશ્વ હતા ત્યાં વટવૃક્ષની નીચે રાજા-મંત્રી બન્ને આવી ગયા.

પ્રભાતકાલ થતાં મંત્રીએ ફળાદિક લાવી રાજાની પાસે મૂક્યાં. રાજાએ દેવાધિદેવનાં દર્શન-પૂજન કર્યા વિના કંઈ પણ મુખમાં નહીં નાખવાની દૃઢતા દર્શાવી.

મધ્યાન્હ કાલ થવા આવ્યો હતો પણ રાજાની દૃઢતાપૂર્વક પ્રતિજ્ઞાપાલનની વાત જાણી, બુદ્ધિશાળી એવા મંત્રીએ રાજાના પ્રાણ બચાવવા અને તેમની પ્રતિજ્ઞાનું અવશ્ય પાલન થાય એ રીતે દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરી તત્કાલ એ વાત અમલમાં મૂકી.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિનું સર્જન અને દર્શન-

બુદ્ધિસાગર મંત્રી ચંપાનગરીના માર્ગને જોવાના બહાને ત્યાંથી જંગલમાં થોડે દૂર જઈ જ્યાં તલાવ છે

ત્યાં પહોંચી ગયો. તલાવની પાસે રહેલી ભૂમિકા શુદ્ધ વેલુ–રેતી, ગોબર અને પાણી લાવી તેનાથી આગામી થનાર **પુરુષાદાનીય તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિ** બનાવી અને શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાપૂર્વક પૂજનીય બનાવી. ત્યાર પછી તે મૂર્તિને વ્યવસ્થિત રીતે એક લતા–મંડપમાં જમીનમાં પધરાવી દીધી.

પછી વિશિષ્ટ ફળો લઈ મંત્રી રાજા પાસે આવી અને કહ્યું કે ‘ મહારાજા ! આપણી રાજધાનીના માર્ગને હું જોઈ આવ્યો છું. આપ અતિ સુંદર એવા આ વિશિષ્ટ ફળોને આનંદથી વાપરી લો, પછી આપણે આપણી રાજધાનીમાં જઈએ.

અતિ ભૂખ અને તરસ લાગવા છતાં પણ રાજાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ‘ હે મંત્રી ! જ્યાં સુધી જિન-મૂર્તિનાં દર્શન–પૂજન ન થાય ત્યાં સુધી હું હરગીજ અન્ન–જળ નહીં જ લઉં ! ’

મહારાજાની પ્રતિજ્ઞાપાલનની અતિ દૃઢતા નિહાળી પ્રસન્ન થયેલ એવા મહાબુદ્ધિશાલી મંત્રીએ વિનંતી કરી.

'મહારાજા ! મને ગઈ રાતના નિદ્રામાં એવું સ્વપ્ન આવ્યું કે આ ભૂમિમાં જ નજીકના વિભાગમાં પ્રભુની મૂર્તિ છે. માટે જલ્દી ચાલો ! આપણે તેની તપાસ કરીએ !'

મહારાજા અને મંત્રી બન્ને જણ જ્યાં પ્રભુની મૂર્તિ હતી ત્યાં જ લતામંડપમાં આવ્યા. અલ્પ ખોદકામ કરતાંની સાથે જ શ્રી પાર્શ્વનાથ પ્રભુની વેલુ-રેતી અને ગોબરની બનાવેલી સુંદર મૂર્તિ જોઈને અત્યંત હર્ષિત થતાં તેને સાચવીને બહાર કાઢી. દર્શન કરતાં રાજાને અત્યંત આનંદ થયો.

## શ્રી પદ્માવતીદેવીનો પરચો અને પૂજન

ત્યાર પછી મહારાજા સ્નાન કરી ભક્તિ ભાવથી પૂજા કરવા તૈયાર થયા મનમાં વિચાર આવ્યો કે- '**આ તો વેલુની મૂર્તિ છે** ! તેના ઉપર કઈ રીતે જલપૂજા-જલાભિષેક કરી શકાય ? અને જલપૂજા કર્યા વિના અષ્ટપ્રકારી પૂજા પણ કઈ રીતે થાય ?'

આ વાત મંત્રીને જણાવતાં રાજા અને મંત્રી બન્ને પાછા મુંઝવણમાં પડ્યા, અને પ્રભુની મૂર્તિ સન્મુખ બન્ને જણ ધ્યાનસ્થ બેઠા.

એટલામાં તો અનેક પરિવારથી પરિવરેલી એવી **શ્રી પદ્માવતીદેવીએ** ત્યાં આવી પરચો પૂર્યો અને કહ્યું કે—

'હે રાજન્ ! મૂંઝવણમાં ન પડ અને ચિંતા ન કર ! તારી ભક્તિ અને પ્રતિજ્ઞાપાલનની દૃઢતા જોઈ હું પ્રસન્ન થઈ છું. તું સાનંદ ભક્તિભાવપૂર્વક જલપૂજા કર. આ વેલુની મૂર્તિ પણ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવથી અને તારી ઉત્તમ ભક્તિના બળથી વજ્રમય બનેલી છે.'

શ્રી પદ્માવતીદેવીનું વચન સાંભળીને તત્કાલ મહારાજા પ્રજાપાલે અત્યંત ભાવોલ્લાસપૂર્વક પ્રભુ-મૂર્તિ પર જલપૂજા કરી. શ્રી પદ્માવતીદેવી અને વન-દેવતાઓએ પણ અતિ ભાવથી પ્રભુમૂર્તિની સન્મુખ ગીતગાન અને નૃત્ય કર્યું. આથી મહારાજાની પ્રભુ-ભક્તિમાં અતિ અભિવૃદ્ધિ થઈ. સ્વપ્રતિજ્ઞાનું પાલન થતાં રાજા–મંત્રીને આનંદનો પાર રહ્યો નહીં.

## ભટેવા નામ અને ભટેવા નગર

મહારાજાએ મનમાં ભાવના ભાવી કે–'અહો ! આ પાર્શ્વનાથ પ્રભુની અનુપમ ચમત્કારી મૂર્તિના

કારણે મારો ભય ટળ્યો અને હું દ્રવ્ય-ભાવથી નિર્ભય બન્યો. તેથી આ પ્રભુ ભય ટાળનારા-દૂર કરનારા છે એમ સમજી તેમનું નામ **ભટેવા** (એટલે ભય ટાળનારા) રાખું અને એ નામ ઉપરથી અહીં **ભટેવા નગર** વસાવું.'

આ ભાવના ભાવતા એવા મહારાજાને તત્કાલ શાસનદેવીએ ચંપાનગરીની રાજધાનીએ જવાનો માર્ગ બતાવ્યો.

એ તરફ જતા એવા રાજા-મંત્રીને સામેથી રાજાની શોધમાં નીકળેલ પોતાની સેના વગેરે મળી. સર્વને આનંદ થયો. સેના સાથે રાજા-મંત્રી પણ પોતાની રાજધાનીમાં સુખપૂર્વક પહોચી ગયા.

શુભ ભાવનાના બળે મહારાજા પ્રજાપાલે પોતાના બુદ્ધિસાગર મંત્રીને **ભટેવા નગર વસાવી તેમાં વિશાલકાય શિખરબંધી, ભવ્ય જિનાલય-જિનમંદિર બંધાવવા આજ્ઞા કરી.**

## ભટેવાનગરના જિન-મંદિરમાં પ્રભુમૂર્તિની પધરામણી

મંત્રીએ મહારાજાની આજ્ઞાનું તત્કાલ પાલન કર્યું. નૂતન **ભટેવા નગર** વસાવ્યું અને તેમાં નૂતન શિખર-

બંધી, વિશાલકાય ભવ્ય જિનાલય–જિનમંદિર પણ બંધાવ્યું. તેમાં મહા–મહોત્સવપૂર્વક **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની વેલુ–ગોબરની ભવ્ય મૂર્તિ પધરાવી.**

પ્રતિદિન મહારાજા પ્રજાપાલ વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરે છે. નગરજનો અને ભાવુકો પણ ઉમંગભેર દર્શન–પૂજનાદિકનો સુંદર લાભ લે છે.

પ્રાંતે મહારાજા દશ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સંલેખના અનશનપૂર્વક સમાધિ સહિત મૃત્યુ પામી પરલોકે સિધાવતાં સદ્‌ગતિને પામ્યાં.
**ભટેવા નગરમાં શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ ત્રીશ હજાર સુધી પૂજાઈ.**

---

## પ્રકરણ ૨જું

## કુંતલપુર પાટણ નગર અને ભૂધર રાજા

**કુંતલપુર પટ્ટન (પાટણ)** નામનું એક નગર હતું. તેમાં ન્યાય અને નીતિમાં નિપુણ એવો ભૂધર નામનો રાજા હતો. તે રાજ્યનું રુડી રીતે પાલન કરતો

હતો. તેને **પ્રીતિમતી** નામની રાણી હતી અને **ગુણસુંદર** નામનો પુત્ર હતો. પૂર્વના અશુભ કર્મના યોગે રાજકુમાર જન્મથી જ આંધળો, મૂંગો અને બહેરો હતો. એટલું જ નહીં પણ પોતાના સમસ્ત શરીરે દાહના રોગથી પીડાતો હતો.

રાજકુમારના એ રોગ શમન માટે રાજાએ અનેક ઉપચારો કરવા છતાં કંઈ પણ ફેર ન પડ્યો,

## આચાર્ય મહારાજનું આગમન અને ધર્મદેશના

એ સમયે સદ્‌ભાગ્યે એ જ નગરના બહારના ઉદ્યાનમાં પરમ પૂજ્ય **આચાર્યદેવ શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી મહારાજ** સપરિવાર વિહાર દ્વારા પધાર્યા.

સર્વને ખબર પડતાં ખુદ રાજા પોતાના સમસ્ત પરિવાર સાથે અને નગરની જનતા સહિત ખૂબ ઠાઠથી ત્યાં આવી વંદન કરવા પૂર્વક પૂજ્ય આચાર્ય મહારાજની સન્મુખ ઉચિત સ્થાને બેઠો.

પૂજ્ય આચાર્યદેવે મધુર સ્વરે ધર્મદેશનામૃતનું પાન કરાવ્યું, અને કહ્યું કે સંસારી જીવોને **'પાપથી દુઃખ અને ધર્મથી સુખ'** પ્રાપ્ત

થાય છે. ઈત્યાદિ ધર્મદેશના શ્રવણ કર્યા બાદ રાજાએ વિનયપૂર્વક પૂછ્યું કે–

પૂજ્ય ગુરુદેવ! '**પાપથી દુઃખ અને ધર્મથી સુખ પ્રાપ્ત થાય**' એ વાત તદ્દન સાચી છે.

આપ તો મહાજ્ઞાની છો. ભગવન્! મારા કુંવરને જન્મથી જ અંધપણું, મૂંગાપણું, બહેરાપણું અને આખા શરીરે દાહ કેમ? તેણે પૂર્વભવમાં એવું શું પાપ કર્યું છે કે જેને લઈને આ ભવમાં આ બધું દુઃખ ભોગવી રહેલ છે?

## ગુણસુંદર રાજકુમારનો પૂર્વભવ

આચાર્ય ભગવંતે પ્રત્યુત્તરમાં કહ્યું કે–

'હે રાજન્! તારો પુત્ર ગત ભવમાં આ **જંબૂદ્વીપ** નામના દ્વીપમાં આવેલ **ઐરવત ક્ષેત્રના લીલાવતી** નામની નગરીમાં **સોમદત્ત** નામનો કુલપતિ હતો. તે ભવમાં તેને પાપકર્મના ઉદયને લઈને જ્ઞાનની અત્યંત આશાતના–વિરાધના કરી એટલું જ નહીં પણ જ્ઞાનના ઉપકરણરૂપ પુસ્તકાદિકને બાળી ભસ્મીભૂત કરી નાખ્યા. જ્ઞાની મહાપુરુષોની, સદ્‌ગુરુઓની અને સાધુ–સંતો ઈત્યાદિકની અતિ

નિંદા કરી, સદ્ધર્મની ખૂબ અવહેલના કરી, તથા ધર્મીજનોનો-ધર્મી લોકોનો પણ અતિ ઉપહાસ આદિ અનેક પાપો કરવાના પરિણામથી ગાઢ નિકાચિત બાંધેલું એવું કર્મ આ ભવમાં તારા પુત્ર-રાજકુમારને અહીં ઉદયમાં આવ્યું છે.

એને લઈને જ આ તારો પુત્ર જન્મથી જ આંધળો, મૂંગો, બહેરો અને આખા શરીરે દાહના રોગથી પીડાઈ રહ્યો છે. અર્થાત્ અત્યંત દુઃખી થયો છે.'

## રાજકુમારના રોગ-દુઃખને દૂર કરવાનો ઉત્તમ ઉપાય

ગુણસુંદર રાજકુમારનું દુઃખ દૂર કરવા માટે રાજાએ પુનઃ પૂછ્યું કે-

'પ્રભો ! એ રાજકુમારનું દુઃખ કઈ રીતે દૂર થાય ?'

આચાર્ય ભગવંતે કહ્યું કે-

**'રાજન્ ! સુદેવ સુગુરુ અને સુધર્મ એ ત્રિવેણી સંગમરૂપ જૈનશાસનની યથાવસ્થિત**

**અનુપમ આરાધના કરવાથી ગમે તેવા ગાઢ નિકાચિત કર્મો હોય તેની પણ અવશ્ય નિર્જરા થઈ જાય છે.'**

વિશેષ કરીને આ જંબૂદ્વીપના **ભરતક્ષેત્રના દક્ષિણાર્દ્ધ ભરતના મધ્યખંડમાં** આવેલ **ભટેવા** (ભટેસર) નગરમાં વિરાજતી **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિના** ન્હવણ જળથી હે રાજન્! તારા પુત્રના સર્વ રોગ અને દુઃખ દૂર થશે.'

## પ્રભુમૂર્તિના ન્હવણ જળના છંટકાવથી સર્વ રોગ-દુઃખનું દૂરીકરણ

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મ. ના મુખથી આવું સાંભળી અતિ હર્ષિત થયેલ એવા ભૂધર રાજાએ વિધિપૂર્વક આચાર્ય મહારાજને વંદન કરી સ્વસ્થાનકે-રાજમહેલે આવ્યા. પછી ઉચિત સર્વ તૈયારી કરવાપૂર્વક યોગ્ય પરિવાર યુક્ત રાજા-રાણી પુત્રને-રાજકુમારને સાથે લઈ જ્યાં ભટેવા (ભટેસર) નગરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિ છે ત્યાં આવી ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજન-ગીત-ગાન-સ્તવનાદિ કર્યાં. પછી પ્રભુનું ન્હવણ જળ

રાજકુમારના મસ્તકાદિ શરીર પર છાંટવામાં આવ્યું. તત્કાલ એ ન્હવણ જળના છંટકાવથી રાજકુમાર ગુણસુંદરના સર્વ રોગો દૂર થયા. જે દુઃખ હતું તે પણ ચાલ્યું ગયું. મહાપ્રભાવિક અને ચમત્કારી એવી શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિને ભાવપૂર્વક નિહાળતાં અને અંતઃકરણમાં ભાવોલ્લાસના વિશુદ્ધ પરિણામ થતાં એ રાજકુમારે શુદ્ધ એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું.

આથી સર્વને અત્યંત આનંદ થયો. પ્રભુમૂર્તિના મહિમાની સુવાસ સર્વત્ર પ્રસરી.

રાજા–રાણીએ રાજકુમાર આદિ પરિવાર સહિત પોતાના નગરે પાછા આવી અનુપમ શાસન પ્રભાવના-પૂર્વક મંગલ મહોત્સવો કર્યા. નીરોગી થયેલ રાજ-કુમારને જોવા અનેક લોકો આવ્યા, અને સાક્ષાત્ પ્રભુ ભક્તિનો અપૂર્વ મહિમા નિહાળી અનેક જીવો વીતરાગ પ્રભુની ભક્તિમાં લીન–મગ્ન બન્યા.

## રાજકુમારનો રાજ્યાભિષેક

સમય જતાં ભૂધર રાજાએ યોગ્ય એવા રાજ-કુમાર ગુણસુંદરનો ઉત્સવયુક્ત રાજ્યાભિષેક કર્યો.

નિવૃત્ત થયેલા ભૂધર રાજા ધર્મની આરાધના કરતાં સમાધિપૂર્વક મૃત્યુ પામી દેવગતિમાં ગયા.

## દેવલોકમાં મહર્દ્ધિક દેવ

અભિનવ ગુણસુંદર રાજા ન્યાય-નીતિપૂર્વક રાજ્યનું પાલન કરવા સાથે પ્રભુભક્તિ અને ધર્મારાધના સુંદર કરી રહ્યા છે. પ્રાંતે વ્રત અને અનશન કરી સમાધિપૂર્વક મૃત્યુ પામી દેવલોકમાં મહર્દ્ધિક દેવ રૂપે ઉત્પન્ન થયા.

## શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ દેવલોકમાં

દેવલોકમાં ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણ્યો. તેમાં મહાન્ ઉપગારી **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની** મહાપ્રભાવિક અને ચમત્કારી **ભવ્ય મૂર્તિ** જોઈ. તત્કાલ **ભટેવા નગર**-માંથી તે મૂર્તિ દેવલોકમાં લાવી પોતાના વિમાનમાં પધરાવી.

ભક્તિભાવપૂર્વક અતિ ઉત્તમોત્તમ દ્રવ્યોથી પૂજા તથા વિવિધ-દિવ્ય નાટારંભ, ગીત-ગાન આદિ કરી-કરાવી પોતાનું સમ્યક્ત્વ નિર્મળ કર્યું.

આ રીતે તે દેવ વિમાનમાં '**શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ**' પાંચ લાખ ચોવીશ હજાર આઠસો [૫,૨૪,૮૦૦] વર્ષ પર્યંત પૂજાઈ.

## પ્રકરણ ૩જું

## શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ પુનઃ મનુષ્યલોકમાં

તે કાલ અને તે સમયમાં **શ્રી ભટેસર** [**ભટેવા**] નગરમાં **સુરસુંદર** નામના મુનિરાજ ભવ્ય જીવોને જિનવાણી-ધર્મદેશનામૃતનું પાન પ્રતિદિન કરાવી રહ્યા છે. તે નગરમાં **સુરચંદ** નામનો એક વણિકપુત્ર રહેતો હતો. તેને વ્યાપારાદિકમાં પ્રયત્ન કરવા છતાં પણ સફળતા ન મળી. તેથી તે પોતાના પુણ્યની ખામી અને અંતરાયકર્મનો ઉદય સમજી મળેલ મનુષ્ય ભવની સાર્થકતા માટે વિવિધ પ્રકારની ધર્મારાધનામાં લીન રહેવા લાગ્યો. જિનદર્શન, પ્રભુપૂજન, ગુરુવંદન, જિનવાણી શ્રવણ, સામાયિક અને પ્રતિક્રમણાદિક ધર્મકાર્યમાં મગ્ન તથા **સુરસુંદર** ગુરુ મહારાજ પાસે ઉપાશ્રયમાં જ બેસી રહેતો અને ઘણો સમય પસાર કરતો જોઈ તેના માતા-પિતા આદિએ **સુરચંદને** ઉપાલંભ-ઠપકો આપતાં સંસારના કાર્યમાં નિરુદ્યમી તરીકે ટકોર કરી.

આવું સાભળીને સુરચંદને ઘણું દુઃખ થયું. ઉદાસીન ચહેરે સુરસુંદર ગુરુ મહારાજની પાસે આવીને બેઠો. તેના ઉદાસીન ચહેરો જોતાં ગુરુ મહારાજે પૂછ્યું :

'હે સુરચંદ! આજ તું ઉદાસીન કેમ દેખાય છે? શું કારણ છે?'

'ગુરુદેવ! હું ધર્મારાધના કરું છું પણ વ્યાપારાદિક નહી કરતા હોવાથી મારા માતા-પિતાદિ કુટુમ્બીજનોની નજરમાં અદેખો બનું છું. શું કરું? આપ યોગ્ય માર્ગદર્શન આપો તો ધર્મની હીલનામાં-શાસનની નિંદામાં હુ નિમિત્ત ન બનું.'

જ્ઞાની ગુરુદેવે કહ્યું કે–'મહાનુભાવ! તમારે બાર વર્ષનું અંતરાયકર્મ ઉદયમાં આવેલું છે, તેથી કોઈ પણ ગમે તેમ કહે તે ઉપર લક્ષ નહીં આપતાં આત્માની અંતરંગ પરિણતિને ધર્મારાધનાથી વાસિત બનાવી સમભાવમાં રહો.'

સુરચંદ કહે છે કે– 'ગુરુદેવ! આપની વાત સાચી, પણ ઉદ્યમ પુરુષાર્થથી સર્વ સિદ્ધ થાય છે. તે દ્વારા કર્મની સકામ નિર્જરા પણ થઈ શકે છે.

માટે મને યોગ્ય પુરુષાર્થનો માર્ગ એવો બતાવો કે જેથી મારી ચિત્તની સમાધિ સ્થિર રહી શકે અને સંક્લેશના પરિણામો પ્રબલ ન બને.'

ગુરુમહારાજે કહ્યું– 'હે સુરચંદ શેઠ! ધન્ય છે તારી ધર્મશ્રદ્ધાને! એટલું જ નહીં પણ આત્મ–પરિણતિને નિર્મળ રાખવાની તારી ઉત્તમ ભાવના ખૂબ જ અનુમોદનીય અને પ્રશંસનીય છે. ભલે, તારું અંતરાયકર્મ બાર વર્ષનું હોય! એથી તારે ગભરાવાની જરૂર નથી. મને લાગે છે કે તું પૌષધ સહિત અઠ્ઠમ કરવાપૂર્વક **શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનની અધિષ્ઠાયિકા શ્રી પદ્માવતીદેવીની** આરાધના કરીશ તો જરુર તારી ઈચ્છા પૂર્ણ થશે અને કાર્ય પણ સિદ્ધ થશે.'

આ સાંભળી **સુરચંદ શેઠ** ખૂબ ખુશ થયા–અતિ પ્રસન્ન થયા. ગુરુદેવે જણાવેલ યોગ્ય દિવસે અઠ્ઠમનો તપ અને પૌષધયુક્ત **શ્રી પદ્માવતીદેવીની** આરાધના વિધિ સહિત **સુરચંદ શેઠે** શરૂ કરી. વિશુદ્ધ આરાધનાના બળે ત્રીજા દિવસે **શ્રી પદ્માવતી-દેવી** પ્રત્યક્ષ થઈને બોલી કે 'કેમ મને યાદ કરી? શું કામ છે?'

શેઠે કહ્યું કે—'હે દેવી! મારું દુઃખ દૂર કરો.'

દેવીએ કહ્યું કે—'તારું અંતરાય કર્મ જ તને વિશેષ રૂપે નડે છે, એટલે શું થાય?'

આ સાંભળી શેઠ કહે છે કે—'હે દેવી! ગમે તેમ થાય, પણ મારું દુઃખ તો દૂર કરવું જ પડશે. દેવોનું દર્શન કદી નિષ્ફળ જતું નથી. મારું દુઃખ દૂર કરો અને મને વરદાન આપો! બસ, એ જ મારી માગણી—એ જ મારી અભિલાષા.'

**સુરચંદશેઠની ધર્મશ્રદ્ધા**, ભક્તિ અને અભિલાષાથી પ્રસન્ન થયેલી એવી **શ્રી પદ્માવતીદેવીએ** કહ્યું કે—'અરે સુરચંદ! તારે અઠ્ઠમના તપપૂર્વક **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની** આરાધના કરવાની રહેશે. આ આરાધનાથી તારું દુઃખ દૂર થશે, તારી મનોકામના પૂર્ણ થશે અને સાથે ધર્મની પ્રભાવનાપૂર્વક શાસનને પણ લાભ થશે.' એ પ્રમાણે કહી દેવી અદૃશ્ય થઈ ગઈ. આ બાજુ સુરચંદ શેઠ ગુરુમહારાજની પાસે આવ્યા અને બનેલી સર્વ ઘટનાથી વાકેફ કર્યા. સહર્ષ ગુરુમહારાજે પણ દેવીની એ વાતનું સમર્થન કરવાપૂર્વક શેઠને આરાધનાની વિધિ બતાવી અને શ્રેષ્ઠ મુહૂર્ત પણ આપ્યું. ગુરુદેવની આજ્ઞા અને સૂચના સવિનય સ્વીકારી શેઠ પોતાના ઘેર ગયા.

મુહૂર્ત અનુસાર શુભ દિવસે **સુરચંદ શેઠ** ઉપાશ્રયે આવી અને ગુરુભગવંતની સંમતિ લેવાપૂર્વક અઠ્ઠમના તપ સાથે આરાધના શરૂ કરી.

શેઠની ધર્મશ્રદ્ધા અને ધ્યાનની દઢતાને લઈને ત્રીજા દિવસની રાત્રિના ચોથા પ્રહરના પ્રારંભમાં એક અદ્ભુત ઘટના બની.

મહાપ્રભાવિક અને ચમત્કારી એવી **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિને** પોતાના હાથમાં લઈ, જેના પ્રભાવે પૂર્વભવમાં જેના દાહ આદિ સર્વ રોગ શમી ગયેલ છે એવો ગુણસુંદર નામનો દેવ **સુરચંદ શેઠની** સન્મુખ પ્રત્યક્ષ થયો. શ્રી પાર્શ્વનાથ પ્રભુની એ ભવ્ય મૂર્તિ અને કહ્યું કે—**આ મૂર્તિના પ્રભાવથી હે શેઠ હવે તારું સર્વ દુઃખ દૂર થશે, તું સુખી સુખી બની જઈશ.** માટે **આંત ભાવથી પ્રભુ-ભક્તિ** કરી **જીવનને કૃતાર્થ બનાવજે.'** ઇત્યાદિ કહી એ દેવ અદશ્ય થયો.

દેવની આવી વાણી સાંભળી **સુરચંદ શેઠ** અતિ પ્રસન્ન થયો. બાદમાં ગુરુદેવ પાસે જઈ વાત કરી. ગુરુદેવ પણ પ્રભુના દર્શન કરવાપૂર્વક ભાવથી દાદાને ભેટયા. અનહદ આનંદ થયો.

## સુરચંદ શેઠને ઘેર શ્રી પાર્શ્વનાથ પ્રભુમૂર્તિની પધરામણી

પછી ગુરુ ભગવંતે કહ્યું કે–'સુરચંદ શેઠ ! આ પ્રભુની ભવ્ય મૂર્તિને તમારે ઘરે લઈ જાવ, અને તેની કોઈ પણ પ્રકારે આશાતના ન થાય એ રીતે ઘરના એક શુદ્ધ ખંડમાં પધરાવી વિધિપૂર્વક પરમાત્માના દર્શનાદિ કરી પ્રતિદિન ત્રિકાળ–પૂજા આદિનો સુંદર લાભ અવશ્ય લેજો.'

ગુરુદેવની આજ્ઞા થતાં જ શેઠે તૈયારી કરી પ્રભુ મૂર્તિને પોતાના ઘરે પધરાવી, અને ભક્તિપૂર્વક પરમાત્માની ત્રિકાળ–પૂજા આદિ કરવા માંડી.

પરમાત્માની ભક્તિ કરતાં પરિણામે સુરચંદ શેઠનું અંતરાયકર્મનું વાદળ દૂર થયું. દિન–પ્રતિદિન વેપારમાં અભિવૃદ્ધિ થવા લાગી. વ્યવહારમાં ખૂબ સફળતા મેળવી અને વિશિષ્ટ ઐશ્વર્યશાલી શેઠ બન્યા. આખા ગામમાં સુરચંદ શેઠની વાહ વાહ જામી, અને સુવાસ પ્રસરી.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ રામા પટેલના ખેતરમાં ભંડારાઈ

એ સમયે ઈડરના (ઈડર ગઢના) મહારાજાના

કાને પણ આ વાત આવી. સુરચંદ શેઠની પાસે મહાપ્રભાવિક અને ચમત્કારી શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્ત્તિ છે. તેના પ્રભાવે તેની દિન-પ્રતિદિન પ્રગતિ થઈ રહી છે. વિશાલ સમૃદ્ધિ અને વિપુલ લક્ષ્મી પણ વધી રહી છે, તથા કીર્તિ-સુવાસ સર્વત્ર પ્રસરી રહી છે.

અરે ! આવી પ્રભાવિક મૂર્તિ જો આપણા રાજમહેલમાં આવી જાય તો રાજાનો ખજાનો-રાજભંડાર ભરપૂર થઈ જાય.

એવી ભવ્ય મૂર્તિ તો રાજભંડારે જ શોભે. એ રીતે રાજસત્તાના સિંહાસને બેઠેલા એવા મહારાજાએ વિચારી કોઈની પણ સલાહ લીધા સિવાય તત્કાલ પોતાના સેવકોને બોલાવી આજ્ઞા કરી કે- **'જલ્દી સુરચંદ શેઠને ત્યાં જાઓ અને તેની પાસે રહેલી પ્રભુમૂર્ત્તિ લઈ આવો.'**

મહારાજાની આજ્ઞા સ્વીકારી રાજસેવકો સુરચંદ શેઠને ત્યાં ગયા. સર્વ વાત જણાવી, અને શેઠની પાસે એ ચમત્કારી ભવ્ય મૂર્ત્તિની માગણી કરી.

સાંભળીને શેઠ તો આભા જ બની ગયા. ચિંતામાં પડી ગયા. શું કરવું ? એ વિચારમાં ને વિચારમાં મગ્ન બની ગયા.

'અરે ! એ પ્રભુની મૂર્તિ તો મારા પ્રાણ કરતાં પણ અત્યંત અધિક પ્રિય છે. રાજા માંગે તેટલું ધન. માલ, મિલકત ઈત્યાદિ સર્વ વસ્તુ આપી દઉં, પણ તરણ-તારણહાર એવા મારા આરાધ્ય દેવાધિદેવની મૂર્તિ હું ન આપી શકું.' એ સુરચંદ શેઠે રાજસેવકોને કહ્યું.

આ સાંભળી રાજસેવકો એમ કહેવા લાગ્યા કે– 'હે સુરચંદ શેઠ ! અમને તો મહારાજાની આજ્ઞા છે એટલે અમે તો કોઈપણ ભોગે તમારી પાસેથી એ મૂર્તિ લઈને જ જવાના.'

તમે એ મૂર્ત્તિ કયાંથી લઈ આવ્યા ? એનો જવાબ તમારે આપવો જ પડશે ? નહીંતર તમારા પર ચોરીનો આરોપ આવશે, એમ સમજી રાખજો."

આ પ્રમાણે બોલતા એવા રાજસેવકોને જોઈ સુરચંદ શેઠે વિચાર્યું કે અત્યારે શું કરવું ! બુદ્ધિથી એનો ઉકેલ કર્યો. બળથી નહીં પણ કળથી કામ કરવું પડશે

એમ વિચારી વાણી આદિ દ્વારા સમજાવી રાજસેવકોને ખુશ કર્યા અને પોતે બહારગામ જવાનું બહાનું કાઢી ફરી આવવા માટે સૂચના કરી. રાજસેવકો ત્યાંથી ચાલ્યા ગયા. આ બાજુ સુરચંદ શેઠે સમયસૂચકતા વાપરી મધ્યરાત્રિએ પોતાના ઘરના પાછલા બારણેથી ગુપ્તપણે એ **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ** ગામની બહાર જ્યાં **રામા પટેલનું** ખેતર છે ત્યાં લઈ જઈ, યોગ્ય જગ્યા જોઈ, ઊંડો ખાડો ખોદી તેમાં દુઃખાતા દિલે અને આંસુભીના નયને પધરાવી. અર્થાત્ એ પ્રભુની મૂર્ત્તિને નુકસાન ન થાય તે રીતે એ જ ખાડામાં ભંડારી અને સાવચેતીપૂર્વક ખાડો પૂરી દીધો.

તે ભૂમિને પુનઃ પુનઃ નમસ્કાર કરતા એવા **સુરચંદ શેઠ** પાછા પોતાના ઘરે આવ્યા.

એક દિવસ ફરી રાજાના રાજસેવકો શેઠને ઘેર આવ્યા. આખું ઘર તપાસ્યું પણ પ્રભુ મૂર્ત્તિ ન મળી તે ન જ મળી. નિરાશ થઈને રાજસેવકો પાછા ગયા અને સર્વ સમાચારથી રાજાને વાકેફ કર્યા.

આ બાજુ પ્રભુની મૂર્ત્તિ વિના શેઠના દિવસો સુસ્ત જવા લાગ્યા અને પ્રભુના ધ્યાનમાં જ પસાર થવા લાગ્યા.

શેષ જિંદગી ધર્મારાધનામાં વીતાવી છેવટે સમાધિ-પૂર્વક મૃત્યુ પામી શેઠ દેવગતિમાં યક્ષનિકાયમાં યક્ષ રૂપે ઉત્પન્ન થયા.

**રામા પટેલના ખેતરમાં ભંડારેલી શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ** બે હજાર વર્ષ સુધી રહી. ત્યાં પણ દેવો દ્વારા પૂજાઈ.

## પ્રકરણ-૪થું

## ચંદ્રાવતીનગરીમાં આવેલી શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ

સુપ્રસિદ્ધ ગુર્જરદેશમાં આવેલી પ્રાચીન ચંદ્રા-**વતીનગરી** એ જ આજનું **ચાણસ્મા ગામ** કહેવાય છે.

પૂર્વે આજ ચંદ્રાવતી નગરીમાં **રવચંદ શેઠ** નામના એક ધર્માત્મા પ્રતિદિન પ્રભુભક્તિમાં અને ધર્મની આરાધનામાં મગ્ન રહેતા હતા. પૂર્વનો અશુભ કર્મનો ઉદય હોવાથી તેઓ ખૂબ જ મુશ્કેલીમાં પોતાનું જીવન પસાર કરતા હતા. એક દિવસે દેવસી પ્રતિક્રમણ કરી અને સંથારાપોરસી ભણાવી શ્રી નમસ્કાર મહા-મંત્રના સ્મરણપૂર્વક **રવચંદ શેઠ** પથારીમાં સૂતા હતા. સમય થતાં ભર નિદ્રામાં પોઢી ગયા હતા. મધ્ય

રાત્રિએ એક સુંદર સ્વપ્ન આવ્યું. તેમાં તેમણે જોયું કે 'મારી સામે એક યક્ષદેવ (જે યક્ષનિકાયમાં ઉત્પન્ન થયેલ સુરચંદ શેઠનો જીવ છે તે) ઊભા છે અને કહી રહ્યા છે કે–હે **રવચંદ શેઠ**! સાવધા બનો! આજથી તમારું દુઃખ દૂર થયું સમજો!

'અહીંથી પૂર્વદિશામાં આવેલ **ઈડર ગામ** છે. **તેની પાસે ભટેસર નામનું નગર છે.** તેની દક્ષિણ દિશામાં રહેલ વનના ભૂગર્ભમાં **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ** બિરાજે છે.

ત્યાં તમારે રથ લઈને જવાનું અને ભૂગર્ભમાંથી એ પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ બહાર કાઢી, રથમાં પધરાવી, અહીં લાવી, વિશાલકાય નૂતન જિનમંદિર બંધાવી તેમાં વિધિપૂર્વક પધરાવવાની છે?'

આવો અત્યુત્તમ લાભ અવશ્ય તમને મળનાર છે, એ પ્રમાણે કહી દેવ તત્કાલ અદૃશ્ય થઈ ગયો.

આ બાજુ **રવચંદ શેઠ** નિદ્રા તજી તુરત જાગૃત થયા. આવેલ સુંદર સ્**વપ્નનો** અર્થ વિચારવા લાગ્યા. સાનંદ શેષ રાત્રિ **શ્રી** નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે ધર્મધ્યાન દ્વારા પૂર્ણ કરી. રાઈ પ્રતિક્રમણ કર્યું.

પ્રાતઃકાલે સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી પ્રભુજીની અષ્ટ પ્રકારી પૂજા કરી. અન્ય આગેવાન શ્રાવકોને પણ સ્વપ્નના સર્વ વૃત્તાંતથી વાકેફ કર્યા. એ સાંભળી સર્વને આનંદ થયો. પ્રભુજીને પધરાવવા યોગ્ય સર્વ પૂજન–સામગ્રી સાથે લીધી.

અને **રવચંદ શેઠ** અન્ય ત્રણ શ્રાવકોની સાથે રથમાં બેસી જ્યાં **ભટેવા નગર** છે ત્યાં આવી પહોંચ્યા. સ્વપ્ન આપનાર યક્ષનું પુનઃ સ્મરણ કર્યું. તત્કાલ યક્ષદેવે સૂચવ્યું કે–'હે શેઠ! આ ભટેસર નગરથી દક્ષિણ દિશા તરફ આવેલ એવા વનમાં તમે જાઓ! ત્યાં એક મોટું સરોવર છે. તેના કિનારે અશોક વૃક્ષની નીચે સફેદ એવો સર્પ નૃત્ય કરતો હશે. તેની નિકટમાં રહેલ મોતીના સ્વસ્તિક–સાથીઆની નીચે **શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિ છે,** અને મોતીનો ચોક પૂર્યો હશે. વળી ત્યાં હીરા, મણિ અને માણેક પ્રમુખની ખાણ પણ છે.'

આ સાંભળી સૌના આનંદનો પાર રહ્યો નહીં. સર્વ એ સ્થળે પહોંચી ગયા. યક્ષરાજે જેવું કહ્યું હતું તેવું જ દૃશ્ય દેખાયું. પ્રાતે સૌએ શુદ્ધ વસ્ત્ર ધારણ કર્યાં, ધરતીનું પૂજન કર્યું, શુદ્ધ જળનો છંટકાવ

કર્યો, ચંદનનાં છટણાં છાંટયાં, અને પુષ્પ ચઢાવ્યાં. મંત્રોચ્ચારપૂર્વક રવચંદ શેઠે હાથમાં કોદાળી પકડી અને જમીન ખોદવી શરૂ કરી. જોતજોતામાં તો શ્રી ભટેવા **પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્ત્તિનાં દર્શન થયાં.** સૌ આનંદવિભોર બન્યા. વેલુ અને ગોબરની બનેલી, દેવ અધિષ્ઠિત થયેલી અને સર્વદા પૂજાએલી એવી એ સુંદર મૂર્તિ રથમાં પધરાવવામાં આવી. આ બાજુ હીરા, મણિ, માણેક આદિની ખાણ પણ જોવામાં આવી. રવચંદ શેઠનું સ્વપ્ન સફળ થયું, સોનામાં સુગંધ ભળી, અને સદ્ભાગ્ય ખીલી ઊઠયું. આવેલા ભટેસર નગરના શ્રાવકો ચાણસ્માના શેઠ રવચંદભાઈ આદિને કહે છે કે—

'અમારા ભટેસર નગરની સીમમાંથી આ **શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્તિ** નિકળેલી છે માટે અમો અમારા નગરમાં લઈ જઈશું' એમ કહી મૂર્ત્તિ લઈ જવા માટે ખૂબ જ પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓને સફળતા ન જ મળી.

આ બાજુ ચંદ્રાવતી–ચાણસ્માના શેઠ રવચંદભાઈ આદિ ચારેય શ્રાવક રથમાં ગોઠવાઈ ગયા. '**શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની જય**' બોલતાંની

સાથે જ બન્ને વૃષભ (બળદ) યુક્ત રથ એકદમ ચાલવા–દોડવા લાગ્યો. આવો આશ્ચર્યકારી ચમત્કાર જોઈ ભટેસરના લોકો તો અચંબો–આશ્ચર્ય પામી ગયા.

માર્ગમાં ચાલતો એવો રથ છેક **ચંદ્રાવતી–ચાણસ્માની** સીમમાં આવી પહોંચ્યો. ગામની બહાર રથ ઊભો રાખી રવચંદ શેઠે ગામમાં સમાચાર પહોંચાડયા.

ચમત્કારી અને અલૌકિક એવી પ્રભુની મૂર્તિ રવચંદ શેઠ આદિ ચારે જણ સાથે લઈને આવ્યાના શુભ સમાચાર જાણી સંઘને જૈન–જૈનેતર સર્વને અતીવ આનંદ થયો. જ્યાં ગામની બહાર રથમાં પ્રભુની મૂર્તિ છે ત્યાં આવવા માટે આખો સંઘ અને જૈનેતર વર્ગ ઊમટયો. સૌ રથની નજીક આવી પહોંચ્યા. **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિનાં** સૌને દર્શન થયાં. જૈન અને જૈનેતરોની વિશાલ જંગી જનતાના ખૂબ જ ઉમંગ ઉલ્લાસ અને અતિ ઉત્સાહ સાથે ભવ્ય સ્વાગત–સામૈયાપૂર્વક **ચંદ્રાવતી–ચાણસ્મામાં** પ્રભુ મૂર્તિનો મંગલ પ્રવેશ થયો. ભાવુકો પ્રભુને સોનારૂપાના ફૂલથી તથા અક્ષતાદિકથી વધાવવા લાગ્યા. **રવચંદ શેઠે**

અતિ ઠાઠ-ઓચ્છવ અને મંગલ વધામણાં સાથે પ્રભુ મૂર્ત્તિને પોંખણા કરાવવાપૂર્વક સુંદર સજાવેલ પોતાના મકાનના એક ગૃહ-વિભાગમાં પધરાવી. પ્રાંતે પ્રભાવના લેવા પૂર્વક સૌ જન ત્યાંથી વિખરાયા.

પ્રતિદિન પ્રભુમૂર્તિનાં દર્શન-પૂજન માટે ભાવુકોની ભીડ જામવા લાગી. રવચંદ શેઠ પણ અપૂર્વ ઉલ્લાસપૂર્વક પ્રભુભક્તિ અને સેવામાં સર્વદા લીન રહેવા લાગ્યા.

## ચંદ્રાવતી-ચાણસ્માામાં નૂતન જિનમંદિરનું નિર્માણ

એક દિવસ **રવચંદ શેઠ** રાતના પ્રભુમૂર્ત્તિના જ વિચારમાં સમય પસાર કરી રહ્યા હતા. ત્યાં પુનઃ પેલા યક્ષદેવ પ્રગટ થયા ને કહ્યું કે-

'હે **રવચંદ શેઠ**! તારો પ્રબળ પુણ્યોદય છે. અનેરું સદ્ભાગ્ય ખીલી ઉઠયું છે. તને પ્રાપ્ત થયેલ હીરા-મણિ-માણેકની ખાણનો સદુપયોગ કરવાનો સુઅવસર પાકયો છે! મહાપ્રભાવિક, અલૌકિક અને ચમત્કારી એવી **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ** પ્રાપ્ત થઈ છે. માટે હવે વિલંબ નહીં

કરતાં તત્કાલ નૂતન અનુપમ વિશાલકાય એવું એક ભવ્ય જિનમંદિર આ નગરની પૂર્વ દિશા તરફ બંધાવ અને મહામંગલકારી પ્રતિષ્ઠા મહોત્સવ કરાવવા પૂર્વક તેમાં અતિ ભવ્ય અને મનોહર આ પ્રભુમૂર્ત્તિને પધરાવ.' એમ કહી યક્ષદેવ અદૃશ્ય થયા.

આ પ્રમાણે યક્ષદેવનું કથન સાંભળીને રવચંદ શેઠ અત્યંત હર્ષિત થયા આખી રાત એના એ જ વિચારમાં પસાર કરી.

બીજા દિવસે આખા શ્રીસંઘને પોતાને ઘેર આમંત્રી પોતાનો વિચાર સંઘની સમક્ષ રજૂ કર્યો, અને પોતાના તરફથી નૂતન એક વિશાલકાય ભવ્ય જિનમંદિર બનાવવા માટે રવચંદ શેઠે સંઘની પાસે આદેશ માગ્યો.

સંઘે સહર્ષ રવચંદ શેઠને સંઘનો પૂર્ણ સહકાર લેવાની સાથે નૂતન જિનમંદિર નિર્માણનો આદેશ આપ્યો. અતિ આનંદ અને ઉત્સાહપૂર્વક રવચંદ શેઠે સંઘનું બહુમાન કર્યું. ત્યાર પછી સંઘ ત્યાંથી વિખરાયો અને સૌ પોતપોતાના સ્થાનકે અનુમોદના કરતા ચાલ્યા ગયા.

**આ બાજુ** અતિ ઉમંગભેર રવચંદ શેઠે મળેલ **ધન-લક્ષ્મીનો** સદ્વ્યય કરવો શરૂ કર્યો. શિલ્પકલામાં નિષ્ણાત એવા ઉત્તમ શિલ્પીઓને આમંત્ર્યા. અને તેઓની પાસે એક ઉત્તુંગ અતિસુંદર વિશાલકાય નૂતન જિનમંદિર બનાવવાનો પ્લાન-નકશો તૈયાર કરાવ્યો. ત્યાર પછી તે પ્લાન-નકશા અનુસાર રવચંદ શેઠે શ્રી સંઘના પૂર્ણ સહકાર સાથે શુભ મુહૂર્તે ખાત-મુહૂર્ત અને શિલાન્યાસ કરાવવા પૂર્વક **નૂતન જિન-મંદિરનું** કામ શરૂ કરાવ્યું. જોતજોતામાં ઘણે ટૂંક સમયમાં **ચંદ્રાવતી-ચાણસ્મામાં** એક ઉત્તુંગ અને વિશાલકાય **નૂતન ભવ્ય જિનમંદિરનું** નિર્માણ થયું.

## નૂતન જિનમંદિરમાં
## શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુ મૂર્ત્તિની પ્રતિષ્ઠા

ચંદ્રાવતી-ચાણસ્મા નગરમાં નિર્માણ થયેલ નૂતન જિનમંદિરમાં મૂલનાયક તરીકે **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્ત્તિને** સ્થાપન કરવાનો શુભ પ્રસંગ-સુયોગ્ય અવસર શ્રી સંઘને પ્રાપ્ત થયો. મહામંગલકારી પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો. તે સમયના ધર્મધુરંધર શાસનપ્રભાવક એવા આચાર્ય મહારાજની શુભનિશ્રામાં

વિક્રમ સંવત્ ૧૫૩૫ના વૈશાખ સુદ ત્રીજ (અક્ષય-તૃતીયા)ના દિવસે શુભ મુહૂર્તે નૂતન જિનમંદિરમાં મૂલનાયક તરીકે અતિ પ્રાચીન એવી શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. અર્થાત્ નૂતન જિનમંદિર બંધાવનાર એવા ધર્મનિષ્ઠ **રવચંદ શેઠે** પોતાના અને શ્રીસંઘના અનેરા ઉમંગ – ઉત્સાહ – ઉલ્લાસ – સાથે પરમશાસન પ્રભાવના પૂર્વક મહાપ્રભાવિક અને ચમત્કારી એવા **પ્રભુ શ્રી ભટેવા પાર્શ્વનાથદાદાને** વિશાલકાય નૂતન જિનમંદિરમાં મૂલનાયક તરીકે ગાદીનશીન–પ્રતિષ્ઠિત કર્યા. જયજયકાર વર્ત્યો. સર્વત્ર સુવાસ પ્રસરી.

**શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનથી ચાણસ્મા અને ચાણસ્માથી શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન વિશ્વવિખ્યાત બન્યા.**

**શાસ્ત્રમાં અને તવારીખ–ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયા.**

**શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્ત્તિનું ઉત્થાપન અને પાટણમાં પધરામણી.**

ચંદ્રાવતી–ચાણસ્મામાં શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુ મૂર્તિની વિ, સં. ૧૫૩૫ના વૈશાખ શુદ ત્રીજના

દિવસે મંગલમુહૂર્તે મંગલ પ્રતિષ્ઠા થયા બાદ આનંદભેર વર્ષો વીતતાં ચાલ્યાં, એટલું જ નહીં વર્ષોની એક શતાબ્દી પણ પસાર થઈ ગઈ.

કુદરતી કોપ થતાં વિક્રમ સંવત્ ૧૬૪૧ ની સાલ આવી. તેમાં દુષ્કાળ પડ્યો. પાણી વિના ખેતી બંધ થઈ, વેપાર ધંધા ભાંગી પડ્યા, કુટુંબીજનો બહાર જવા માંડયાં અને પશુધન પણ પરદેશ જવા માંડયું. જોતજોતામાં ચાણસ્માની વસ્તીમાં ભારે ઓટ આવવા માંડી. તેથી વિશાલકાય **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય જિનાલય-જિનમંદિરની** રક્ષા પણ મુશ્કેલ ભરી સ્થિતિમાં મૂકાઈ.

સંઘના આગેવાનો ભેગા થયા અને કઈ રીતે પ્રભુ મૂર્ત્તિનું સંરક્ષણ કરવું એનો વિચાર કરવા લાગ્યા. છેવટે એમ નિર્ણય કર્યો કે– 'આવી વિષમ પરિસ્થિતિમાં કોઈપણ ભોગે પ્રભુમૂર્ત્તિને અહીં નહીં રાખતાં અન્ય કોઈપણ સ્થળે લઈ જઈ, ત્યાં જ પધરાવવી એ જ ઉચિત છે.' નિર્ણય અનુસાર તપાસ કરતાં સંઘના આગેવાનો **પાટણ** ગયા અને ત્યાં **મહેતાના પાડામાં** નિવાસ કરતા નગરશેઠ **રતનશાહને** મળ્યા અને તેમના ઘર દેરાસરમાં પરુણા તરીકે થોડા સમય માટે પ્રભુ મૂર્ત્તિ રાખવાનું નક્કી કર્યું.

તદનુસાર ચાણસ્મામાં ચાણસ્માના સંઘે શુભ દિવસે વિશાલકાય જિનમંદિરમાંથી મૂલનાયક શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્ત્તિને ઉત્થાપન કરી, પાટણ લઈ જઈ, મહેતાના પાડામાં નગરશેઠ રતનશાહુને ત્યાં ઘરદેરાસરમાં પરુણા તરીકે પધરાવી.

## શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુ મૂર્તિની પુનઃ ચાણસ્મામાં પધરામણી અને પ્રતિષ્ઠા

સમય જતાં દુષ્કાળ દૂર થયો અને સુકાળ પ્રવર્ત્યો. ચાણુસ્માની વસાહત પુનઃ ભરપુર બની. ચાણુસ્માના મહાજનની ઉતરતી પેઢીની નજરમાં ઉત્તુંગ જિનાલય જીર્ણ અવસ્થામાં પ્રભુ મૂર્ત્તિ વિહાણું જોવામાં આવ્યું. સૌના દિલમાં એમ થયું કે ‘ હવે શ્રી **ભટેવા પાર્શ્વનાથ ભગવાનને આપણા ગામમાં પધરાવો.**

આ સમ્બન્ધમાં એક દિવસ સંઘ–મહાજને ભેગા થઈ નિર્ણય કર્યો કે–આપણામાંથી બે–ચાર શ્રાવકો પાટણ જાઓ, અને નગરશેઠની પાસેથી **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્ત્તિ પાછી** લઈ આવો.

નિર્ણયાનુસાર બે-ચાર શ્રાવકો પાટણ ગયા અને નગરશેઠને મળ્યા. ઘણી ચર્ચા-વિચારણા અને વાટા-ઘાટો પણ થઈ. 'કબજો બળવાન્'ની કહેવત મુજબ પાટણના નગરશેઠે અંશ માત્ર પણ મચક ન જ આપી.

સફળતા ન મળવાથી ચાણસ્માનું મહાજન એમ ને એમ પાછું આવ્યું.

પુનઃ બે-ત્રણ વાર પ્રભુજી લેવા માટે આગેવાનો ગયા. પરંતુ પાટણના નગરશેઠ ધણીયાપું કરી બેઠા. અને પ્રતિમાજી ન જ આપ્યાં અને ચાણસ્મા સંઘના આવેલ આગેવાનોને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે-'**પ્રતિમાજીને લઈ જવાની વાત તો ભૂલી જ જજો.**'

આ રીતની પાટણના નગરશેઠની આપખૂદી અને દાદાગિરીથી ચાણસ્માનો સંઘ ચોંકી ઊઠયો અને રોષે ભરાયો. વાતાવરણમાં દિન-પ્રતિદિન ગરમી વધતી રહી. હવે શું કરવું? એની વિચારણામાં એક દિવસ મહાજન ભેગું થયું. એ પ્રસંગે **ચાણસ્માના પાટીદાર**ની જાતના અને **સુરાણા**ની કોમના **પટેલ કસલદાસ જેકણદાસ** અને **માળીની** કોમના **રામી નાથા ચતુર** (એ સમયનો પૂજારી) પણ આવ્યા.

**પાટણથી શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્ત્તિને આપણા ગામમાં કઈ રીતે લાવવી? અને પધરાવવી?** એ સમ્બન્ધી ચર્ચા-વિચારણા પરસ્પર ચાલી રહી છે. પાટણના નગરશેઠે તો આપણને સ્પષ્ટ શબ્દમાં સંભળાવી દીધું છે કે-

'અમારી પાસેથી શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિને પાછી લઈ જવાનું તો તમારે ભૂલી જ જવું જોઈએ. તમે ગમે તેમ કરશો તો પણ એ પ્રતિમાજી તમને નહીં જ મળે.'

નિરુત્સાહ બનેલ ચાણસ્મા સંઘની વાત અને પાટણના નગરશેઠની આપખુદી અને દાદાગિરીની વાત સાંભળીને ચાણસ્માના **પટેલ કુસલદાસ** જેકણદાસ **અને માળી રામી નાથા ચતુર** બન્ને જણ રોષે ભરાયા અને ત્યાં જ આગળ આવી મહાજનને કહેવા લાગ્યા કે- ગભરાશો નહીં, નિરુત્સાહ થશો નહિ. નગરશેઠ ભગવાન આપવાની ના પાડે કેમ? આપણા ગામમાંથી ગયેલા ભગવાન પુનઃ પાછા આવવા જ જોઈએ. પ્રાણાંતના ભોગે પણ અમો પાટણ જઈને નગરશેઠના ત્યાંથી ભગવાનને લાવીશું જ.

બીજે દિવસે **પટેલ કુસલદાસ** જેઠણદાસ અને **માળી રામી નાથા ચતુર** બન્ને જણ અશ્વ-ઘોડી પર બેસીને પાટણ પહોંચ્યા અને સીધા નગરશેઠના ઘરે ગયા. પ્રભુમૂર્તિનાં દર્શન કર્યા બાદ નગરશેઠને મળ્યા. ચાણસ્મા ગામમાં પ્રભુમૂર્તિને લઈ જવા માટે જોરદાર માગણી કરી, છતાં પણ નગરશેઠે આપવાની ના જ કહી. ઘણા સમજાવ્યા તો પણ નગરશેઠ ન જ સમજ્યા. સંઘર્ષ પેદા થયો અને ઉશ્કેરાટ વધ્યો. છેવટે ચાણસ્માથી આવેલ પટેલ કુસલદાસ અને માળી રામી હિમ્મતપૂર્વક શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ હાથમાં લઈ ઘોડી પર સવાર થઈ રવાના થયા.

આ બાજુ નગરશેઠે રાજ્યમાં રાડ કરી, અને તત્કાલ રાજ તરફથી **પાટણ**ના બારે દરવાજા બંધ કરાવ્યા. તેથી ત્યાં દરવાજા આગળ આવેલ **ચાણસ્મા**ના પટેલ અને રામી બન્ને જણ વિચારમાં પડયા. હવે શું કરવું? આ તો ફસાયા. તત્કાલ બુદ્ધિ સુજી અને ખૂબ હિમ્મત રાખી બન્ને જણે બન્ને ઘોડીઓને પાછી પાડી લગામ ખેંચીને કૂદાવી. આબાદ રીતે બન્ને ઘોડી મહારાજા કુમારપાલે

બંધાવેલો પાટણનો જબરજસ્ત કોટ ( કિલ્લો ) કૂદીને બહારની બાજુએ પડી.

આથી બન્ને જણ આશ્ચર્યયુક્ત આનંદમાં આવી ગયા. અરે ! આ ઘોડીએ તો ગજબ કર્યો ? પાટણનો ગઢ સર કરી લીધો. પ્રભુની મૂર્તિ સુરક્ષિત, અમે બન્ને સુરક્ષિત અને બન્ને ઘોડી પણ સુરક્ષિત. વાહ રે વાહ એ સર્વ પ્રભાવ આ **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયક દેવનો છે.**

આ રીતે આનંદ વ્યક્ત કરવા પૂર્વક બન્ને જણે પોતપોતાની ઘોડી **ચંદ્રાવતી–ચાણસ્મા** તરફ દોડાવી મૂકી. આ બાજુ પાટણના નગરશેઠે પણ અત્યંત ગુસ્સામાં આવી રાજાની સંમતિ લઈ આ બન્ને ઘોડેસ્વારને પકડવા માટે અને મૂર્તિ પાછી લાવવા માટે તેમની પછવાડે સૈનિકોની ટુકડી તત્કાલ રવાના કરાવી. પટેલ કસલદાસ ને માળી નાથા ચતુર રામીની ઘોડી **સબોસણ** ગામથી આગળ નીકળી ગઈ.

આ બાજુ બનેલી ઘટનાની જાણકારી ચાણસ્મામાં અતિ વેગે પહોંચી ગઈ. તેથી લોકવર્ગ આ તરફ આવવા ઉમટયું. આજુબાજુના ઠાકરડાઓ આદિની

વાર સામી ચડી. **ચાણસ્માની વાર અને પાટણની વાર** એ બન્ને વાર **સબોસણ** અને **વાવડી** વચ્ચે જ્યાં નદી આવે છે (હાલ તેને વેણુ કહેવાય છે) ત્યાં ભેગી થઈ. ઉતરાદા કિનારે **પાટણની વાર** અને દક્ષિણાદા કિનારે **ચાણસ્માની વાર** સામસામી લઢી. ચાણસ્મા અને પાટણ વચ્ચે યુદ્ધ જામ્યું. આમ એકબીજા તરફ ઝઝુમતાં ઝઝુમતાં રાત પડી અને અંધારું થયું ત્યાં સુધી ઝઝુમ્યા. છેવટે પાટણની આવેલી વાર-સૈનિકોની ટુકડી હારી ને પીછેહઠ કરવા પૂર્વક નાઠી. પાટણ તરફ ચાલી ગઈ.

વિજયવંત થયેલ ચાણસ્માનો લોકવર્ગ '**શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની જય**' એ પ્રમાણે વારંવાર ઉદ્ઘોષણા કરતો તથા પટેલ અને રામીની હિમ્મત – બહાદુરીની પ્રશંસા કરતો **ચાણસ્મા** આવી પહોંચ્યો.

અત્યંત આનંદ અને ઉલ્લાસપૂર્વક **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની પ્રાભાવિક અને ચમત્કારી દિવ્ય મૂર્તિ**ને નગરમાં પ્રવેશ કરાવી માળી પૂજારી **નાથા ચતુર રામી**ના ઘરે પરુણા તરીકે પધરાવી. એ સમયે **પ્રભુ મૂર્ત્તિ**ની પૂજા-સેવા અને ભક્તિ-

કાજે **પટેલ કુસલદાસ જેકુણદાસે** પોતાની જમીનમાંથી આઠ વિઘા જમીન આપી પોતાની પ્રભુ પ્રત્યેની ભક્તિ હર્ષ યુક્ત વ્યક્ત કરી.

આ બાજુ ચાણસ્માના સંઘમાં આનંદ અને ઉત્સાહની છોળો ઉછળવા લાગી. અતિ રમણીય વિશાલકાય ભવ્ય જિનમંદિર નિર્માણની વાતો પરસ્પર થવા લાગી. તે કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા ચાણસ્માના સંઘે નિર્ણય કરી, **મરુધર–મારવાડ**માં બિરાજતા **શ્રીપૂજ ગોરજી**ને સાગ્રહ વિનંતિ કરી. **ચાણસ્મા**-માં ચાતુર્માસ કરાવ્યું. તેમની પ્રભાવશાળી વાણી દ્વારા સંઘમાં અત્યંત આનંદ પ્રવર્ત્યો અને સંઘના કાર્યમાં અતિ વેગ મળ્યો. શિલ્પકલા નિષ્ણાત **સલાટ કેશુ** અને **કડીયા ભૂદરજી** મારફત જિન-મંદિરના નિર્માણ કાર્યનો પ્રારંભ વિક્રમ સંવત ૧૮૫૪ની સાલમાં કરવામાં આવ્યો. તે દરમ્યાન **ચાણસ્માના મહાજન** તરફથી **માળી નાથા ચતુર**ને ભોજકાઈ આપવામાં આવી.

જૈન અને જૈનેતરોના અતિ ઉત્સાહ સાથે જિનમંદિર નિર્માણનું કાર્ય વેગપૂર્વક ચાલી રહ્યું. હોંશીયાર એવા શિલ્પી કેશુ અને કડીયા ભુદરજી

બન્ને તે જિનમંદિર માટેના પથ્થરો **સૌરાષ્ટ્રમાં** આવેલ **ધ્રાંગધ્રામાં** કારીગરોની પાસે ઘડાવે, અને તેને લાવવા માટે ચાણસ્માના ઉત્સાહી પાટીદારો પોતાના ગાડાં લઈને ત્યાં જાય. તેમાં ઘડેલા પથ્થરો ભરીને જાતમહેનત પૂર્વક તેઓ ગાડાં સાથે પાછા ચાણસ્મામાં આવે. આવેલા પથ્થરો જિનમંદિરના નિર્માણ કાર્યમાં જોડાય. આ રીતે ધ્રાંગધ્રામાં ઘડાતા પથ્થરો લાવવા માટે પોતાના ગાડાનો સદુપયોગ થતો હોવાથી પાટીદારો પોતાને અહોભાગી માનવા લાગ્યા.

અતિ ઉત્તુંગ પંચશિખરી અને નયનરમ્ય એવું **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય મંદિર** અઢાર વર્ષના સતત પરિશ્રમે તૈયાર થઈ ગયું. રમ્ય કલાગિરી ને કોતરણીથી ભરેલું સુંદર દેખાવા લાગ્યું. વિક્રમ સંવત્ ૧૮૭૨ની સાલના ફાગણ સુદ ત્રીજના દિવસે આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરિ મહારાજની નિશ્રામાં શ્રી સંઘે જૈન-જૈનેતર જનતાના અતિ ઉત્સાહ સાથે ભવ્ય મહામહોત્સવ પૂર્વક નૂતન વિશાલકાય જિન-મંદિરમાં પ્રતિષ્ઠા કરાવીને મૂલનાયક **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની** ભવ્ય મૂર્તિની સ્થાપના

કરી. અર્થાત્ **શ્રી ભટેવા પાર્શ્વ પાર્શ્વનાથદાદાને ગાદીનશીન કર્યા.** જયજયકાર વર્ત્યો. પ્રતિવર્ષ જ્યારે આ પ્રતિષ્ઠાનો દિવસ ફાગણ સુદ ત્રીજનો આવે છે ત્યારે સૌના આનંદમાં અભિવૃદ્ધિ થાય છે. આખા ગામના જૈન અને જૈનેતરો સર્વે ધ્વજારોહણના ઉત્સવને સુંદર રીતે ઉજવે છે. વિધિપૂર્વક નૂતન ધ્વજા ચઢાવે અને પૂજા પણ ભણાવે છે.

આજથી ચાળીશ વર્ષ પૂર્વ સુધી પ્રતિવર્ષ વર્ષગાંઠને દિવસે આ ક્રમ જૈનો અને જૈનેતરોનો સાથે મળીને ચાલતો રહ્યો. ગામ તરફથી (પાટીદાર તરફથી) એ જ શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનમંદિરના શિખર પર ધ્વજા ચઢતી રહી.

ત્યાર પછી એ ઉત્સવયુક્ત ધ્વજા ચડાવવા આદિનો અધિકાર જૈનો પુરતો જ રહ્યો છે.

વર્તમાન કાળમાં પણ પ્રતિવર્ષ જ્યારે વર્ષગાંઠનો ફાગણ સુદ ત્રીજનો દિવસ આવે ત્યારે ચાણસ્મા શ્રીસંઘ તેને અતિ ઉલ્લાસ-ઉમંગ સાથે ઉજવે છે અને **શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનમંદિરના શિખર પર ધ્વજા ચડાવે છે, સાથે પૂજા**

**પણ ભણાવે છે.** મુંબઈ અને અમદાવાદ આદિ સ્થળે રહેતા ચાણસ્માના જૈન ભાઈઓ પણ એ જ દિવસે ત્યાં સમૂહ રૂપે સાનંદ પૂજા ભણાવે છે અને સ્વામિવાત્સલ્ય પણ કરે છે.

**શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનના ચમત્કારો**

આ અવસર્પિણી કાળમાં વર્તમાન ચોવીશ તીર્થંકરો પૈકી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા સર્વાધિક અનુપમ અનેરો હોય છે

જ્યાં જ્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાઓ બિરાજમાન હોય છે ત્યાં ત્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો અનુપમ જ્વલંત મહિમા તે તે વિશિષ્ટ ચમત્કારોથી અંકિત થાય છે

આથી જ તે તે વિશિષ્ટ દિવ્ય ઘટનાઓ અને ચમત્કારોના આધારે જ શ્રી પાર્શ્વનાથ પ્રભુના અનેક નામો અને તીર્થો વિશ્વમાં પ્રસિદ્ધ થયાં છે.

એમાં **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનનું નામ** સુપ્રસિદ્ધ છે. એને લઈને **ચાણસ્માનું** નામ પણ તીર્થ તરીકે પંકાયું છે.

એ જ ચાણસ્મા તીર્થ મંડન શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના કેટલાય ચમત્કારિક અનુભવો સર્વને આશ્ચર્યમુગ્ધ કરે તેવા છે.

જુઓ—વિક્રમ સંવત્ ૧૩૩૫ વૈશાખ સુદ ત્રીજની પહેલી પ્રતિષ્ઠા થયા પછીનો ચમત્કાર નીચે પ્રમાણે થયેલ છે.

[૧] એક સમયે **પાટણ** નગરના અઘોવાઈયા વેપારીઓ પાંચશો (૫૦૦) શકટ–ગાડાં વિવિધ માલથી ભરીને વ્યાપાર કરવા માટે **ચંદ્રાવતી–ચાણસ્મા**ના પાદરે (ભાગોળે) થઈને જતાં હતાં. થોડેક દૂર જતાં તે સર્વ ગાડાં થંભી ગયાં. સર્વ વેપારીઓ ભેગા થઈ વિચારવા લાગ્યા કે 'અરે! આ શું થયું? ગાડાં કેમ આગળ ચાલતાં નથી?' અત્યંત ચિંતાતુર થયા.

એ સમયે અધિષ્ઠાયક દેવે આકાશવાણી દ્વારા કહ્યું કે–

**'ગામમાં જાઓ અને મહાપ્રાભાવિક શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરો, સેવા–ભક્તિ કરો તો જ તમારા ગાડાં આગળ ચાલશે.'**

**આવી દિવ્યવાણી** સાંભળીને તત્કાલ સર્વ વેપારીઓ ચાણસ્મા ગામમાં આવ્યા. શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનને પગે લાગી નજરાણા–ભેટ રૂપે ઉત્તમ વસ્તુઓનું ભેટણું કર્યું. આનંદપૂર્વક ખૂબ ભાવનાથી પ્રભુની સેવા–પૂજા ભક્તિ કરી, થઈ ગયેલ પોતાના અપરાધની ક્ષમા–માફી માગી અને '**હવેથી પ્રતિવર્ષ આપના દર્શનાર્થે અવશ્ય આવીશું**' એવો સંકલ્પ કરીને ગયા. આથી તેઓનાં થંભી ગયેલાં ગાડાં પણ ચાલતાં રવાના થઈ ગયાં.

આજે પણ એ અધોવાઈયાના વંશજો પાટણથી પ્રતિવર્ષ ભાદરવા સુદ બીજના દિવસે **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન**ના દર્શનાર્થે–યાત્રાર્થે આવે છે અને **શ્રી ભટેવા પાર્શ્વનાથદાદાની આંગી** પણ રચાવે છે.

[પચાસ–સાઇઠ વર્ષ પૂર્વે તો એ લોકો આ દિવસે આવતા, મોટી પૂજા ભણાવતા અને ભારે આંગી રચાવતા. ગામમાં જાણે મેળો ભરાયો હોય તેવું રહેતું. આજે તો માત્ર પાટણથી અમુક ભાઈઓ આવે છે અને પ્રભુજીને આંગી રચાવે છે.

વિક્રમ સં. ૧૮૭૨ ના ફાગણ સુદ ત્રીજની બીજી પ્રતિષ્ઠા થયા પછીના ચમત્કારો નીચે પ્રમાણે થયેલ છે.

આજથી લગભગ ૫૦-૬૦ વર્ષ પૂર્વેની વાત છે– ગુજરાતના સુપ્રસિદ્ધ **રાજનગર અમદાવાદ**થી નિકળનાર **શ્રી શત્રુંજય-સિદ્ધાચલ મહાતીર્થ**ના 'છરી' પાલતા પેદલ સંઘમાં જવા માટે **ચાણસ્મા ગામ**ના કેટલાક જૈન ભાઈઓ તૈયાર થયા. જવાના એક દિવસ પહેલાં શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનમંદિરમાં કામ કરતા પૂજારીને રાતના સ્વપ્ન આવ્યું. તેમાં અધિષ્ઠાયક દેવ કહી રહ્યા છે કે–

'અહીંથી શ્રી સિદ્ધાચલ મહાતીર્થના (પાલીતાણાના) સંઘમાં જવા માટે જેઓ તૈયાર થયા છે તે સર્વને કહેજે કે-રાજનગર (અમદાવાદ)ના સંઘમાં તમે ન જાઓ. શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રાએ જવું હોય તો પછી જજો. તેમ છતાંય સંઘમાં જાઓ તો તમારા ઉતારો અને ભોજન વગેરે જુદું કરજો. આ પ્રમાણે તું સર્વને કહેજે.'

એ રીતે પૂજારીએ સ્વપ્નમાં સાંભળ્યું. સવારે પૂજારીએ સંઘના આગેવાનોને એ વાત કહી. આગેવાનોએ તીર્થયાત્રાર્થે સંઘમાં જવા માટે તૈયાર થયેલા ભાઈઓને જણાવ્યું. જવાની ના પાડી, છતાં જનારાઓએ ન માન્યું અને મક્કમતાપૂર્વક સંઘમાં ગયા.

અધવચ્ચે જ અત્યંત દુઃખજનક ઉપદ્રવ થયો. પ્લેગ–મહામારીનો રોગ ફાટી નીકળ્યો. હાહાકાર મચી ગયો. પૂર્ણ વેગે રોગ પ્રાણઘાતક ઉગ્ર બન્યો. જોતજોતામાં તો અનેક માણસો મરવા લાગ્યા. મડદાં ઉપાડનાર કોઈ ન રહ્યું, એવું કરુણાજનક દૃશ્ય ખડું થયું.

પુણ્યયોગે એમાંથી પણ બચીને આવેલા ભાઈઓને મહાપ્રાભાવિક અને ચમત્કારિક એવા **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુ**ના અધિષ્ઠાદાયકદેવના સૂચનની અવગણના કર્યાનો સચોટ ખ્યાલ આવ્યો અને તે બદલ પશ્ચાત્તાપ કરી શ્રી ભટેવા પાર્શ્વનાથદાદાની સેવા–ભક્તિનો સુંદર લાભ લેવા માટે વધુ ભાવોલ્લાસ ઉપજાવ્યો.

(૩) આજથી લગભગ ૩૦ થી ૪૦ વર્ષ પૂર્વેની વાત છે–એક દિવસ વિશિષ્ટ પર્વના કારણે પૂજારી **શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર** ઉઘાડવા માટે સવારે વહેલો આવ્યો. આગલો દરવાજો ખોલી જ્યાં જિનમંદિરનું દ્વાર ઉઘાડે છે ત્યાં પૂજારીએ પોતાની જમણી તરફ સામેથી કોઈ સફેદ વસ્ત્ર ધારણ કરેલ એવા એક વૃદ્ધ પુરુષને આવતા જોયા. તેથી પૂજારી ગભરાયો અને તાળું અધખુલું મૂકીને ભયભીત બની ભાગી એકદમ દાદરો ઊતરી નીચે આવ્યો.

એ સમયે દર્શનાર્થે આવેલા બે–ચાર ભાઈ-ઓએ ભયભીત થયેલ એવા પૂજારીને પૂછ્યું કે 'શું થયું ?' ભયના કારણે પૂજારી કંઈ પણ બોલી શક્યો નહીં. તેનું શરીર ધ્રુજવા લાગ્યું. અને પરસેવાથી તે રેબઝેબ થઈ ગયો. થોડી વારે સ્વસ્થ થયા બાદ પૂજારીએ મંદિરના દ્વાર ઉઘાડતાં જે દૃશ્ય જોયેલ તે સર્વ કહ્યું.

આ સાંભળી દર્શનાર્થે આવેલા એવા અનુભવી વૃદ્ધ પુરુષોએ કહ્યું કે 'અરેરે ! એમાં શું ગભરાયો ! અને આટલો બધો ભયભીત બન્યો ! એ તો અમારા અહીંના **અધિષ્ઠાયક શ્રી માણિભદ્રદેવ છે.** તું તો ભાગ્યશાળી છો કે એમનાં દર્શન તને થયાં ? ગભરાયા સિવાય જો એમના પગ પકડી લીધા હોત તો તારું કામ થઈ જાત !'

પણ બિચારો પૂજારી એવો ડરી ગયેલ કે કેટલાય દિવસ સુધી તો સ્વસ્થપણે વહેલો કે મોડો મંદિરમાં એકલો રહે જ નહીં.

[૪] અનેકવાર અધિષ્ઠાયક **શ્રી માણિભદ્રજીને** જિનમંદિર–દહેરાસરની ફરતી દિવાલો પર શ્વેત–સફેદ

વસ્ત્રના પોશાકમાં ચોકી કરતા ઘણા લોકોએ જોયા છે. તથા ક્યારેક લીલા ઘોડે અને લીલા પલાણે મોટી વાણિયા વાડના દરવાજા સુધી પણ ફરતા લોકોએ જોયેલા છે. એમ પ્રામાણિકપણે જાણવામાં આવેલ છે. શ્રી માણિભદ્રજીની મૂર્તિ પહેલાં મંદિરના અંદરના ગોખલામાં બિરાજમાન હતી ત્યારે અનેક ચમત્કારો થતા અનુભવાતા હતા. જિનમંદિર–દહેરાસરમાં શ્રી માણિભદ્રજીની મૂર્તિ સામે કારણે શ્રીફળ વધેરી તેની પ્રસાદી રુપે ટોપરું ખાવાની લૌકિક માન્યતા પ્રમાણે થતી આશાતના ટાળવા માટે કોઈ મુનિ મહારાજે સંઘને પ્રેરણા કરી. તદનુસાર શ્રીસંઘે શ્રી માણિભદ્રજીની મૂર્ત્તિને જિનમંદિરના અંદરના ગોખલામાંથી ઉત્થાપન કરી મંદિર–દહેરાસરની બહાર ઉપાશ્રય બાજુના મંદિરના પ્રવેશદ્વારની આગળ એક નાની ઘુમટાવાળી દેરી બંધાવી તેમાં સ્થાપના કરી. ત્યારથી અધિષ્ઠાયક શ્રી માણિભદ્રજીનો પરચો ઓછો થયો.

(૫) કોઈ કોઈ વાર મધ્યરાત્રિએ અથવા પાછલી રાત્રિના સમયે **શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનમંદિરમાં** મૂલનાયક **શ્રી ભટેવા દાદાની** સન્મુખ

દિવ્ય નાટારંભ થતો હોય તેવા પ્રકારના વિવિધ વાજિન્ત્રોના અવાજ તથા ઘંટનાદ વગેરે પણ પૂર્વે સંભળાતા હતા. એમ ચાણસ્માના વૃદ્ધ પુરુષો પાસેથી તેમ જ મોટી વાણિયાવાડમાં રહેનારાઓ પાસેથી પણ જાણવા મળેલ છે.

(૬) આજથી લગભગ ૨૫–૩૦ વર્ષ પૂર્વેની વાત છે—

અલબેલી નગરી મુંબઈમાં શ્રી અમથાલાલ ચુનીલાલ શાહ રહેતા હતા. સુખી અને ધર્મિષ્ઠ હોવા છતાં પણ સંતાન ન હોવાથી તેઓને મનમાં દુઃખ રહેતું. સંતાન પ્રાપ્તિ માટે અનેક ઉપાયો કર્યા પણ સર્વ નિષ્ફળ ગયા.

એક વખતે રાતના ચાર વાગે સ્વપ્ન આવ્યું. તેમાં તેમને કોઈએ કહ્યું કે–'તમે શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની યાત્રા કરો તો સંતાન–પુત્ર થશે.'

સવારે ઊઠી સ્વપ્નનો વિચાર કરવા પૂર્વક જાણકાર એવા બે–ચાર વ્યક્તિઓને પૂછ્યું કે–

**'શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન ક્યાં? અને કયા ગામમાં છે?'** છેવટે તપાસ કરતાં જાણવામાં આવ્યું કે, ૭ લાખ વર્ષની અને અતિ પ્રાચીન એવી **'શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ ઉત્તર ગુજરાતમાં આવેલ ચાણસ્મા ગામમાં બિરાજમાન છે.'**

આનંદપૂર્વક મુંબઈથી પતિ-પત્ની બન્ને જણ યાત્રાર્થે ચાણસ્મા આવ્યાં. શ્રી ભટેવા પાર્શ્વનાથ-દાદાની અતિ ભક્તિપૂર્વક યાત્રા કરી. અલ્પ સમયમાં એ જ પ્રભુભક્તિના પ્રતાપે શ્રી અમથાલાલ ચુનીલાલને ત્યાં પુત્રની પ્રાપ્તિ થઈ. તેથી પતિ-પત્ની આદિ સર્વને અત્યંત આનંદ થયો.

(૭) વિક્રમ સંવત્ ૧૯૮૫ ની સાલ ચાલતી હતી. તેમાં કાર્તિક સુદ ચૌદશ આવી. તેની રાતના **ચાણસ્માના અમદાવાદ**માં રહેતા **શ્રી અમથા-લાલ ચુનીલાલ શાહ**ને એક સ્વપ્ન આવ્યું. તેમાં પોતાના મિત્ર એક પટેલભાઈ કહે છે કે-

'અરે! અમથાલાલભાઈ? સાંભળો. મારો છોકરો ખોવાઈ ગયો છે અને તે **ચાણસ્મા ગામમાં છે**

એવા સમાચાર મને મળ્યા છે. તેને લેવા માટે જવું છે, માટે તમે ચાલો સાથે કેમકે તમે **ચાણસ્માના** વતની છો.'

તે સમયે તેમની પાસે પૈસાની અતિ તંગી હોવા છતાં **પણ** મિત્રના દબાણથી તેમની સાથે **ચાણસ્મા** આવ્યા. પુત્રની તપાસ કરી પણ કંઈ પત્તો ન મળ્યો.

**શ્રી અમથાલાલભાઈ શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના** દર્શનાર્થે જિનમંદિર-દહેરાસર તરફ આવ્યા. આગળનો દરવાજો બંધ હોવાથી ફરીને ઉપાશ્રય બાજુના દરવાજેથી દહેરાસરમાં ગયા અને **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિનાં** દર્શન કર્યાં. મંદિરમાં કોઈ નહીં દેખાતાં પૂજારીને પૂછ્યું કે–' કેમ કોઈ દેખાતું નથી ?' ત્યારે પૂજારીએ કહ્યું કે-' આજે કાર્તિક પૂર્ણિમા છે. અર્થાત્ કાર્તિક સુદ પુનમ હોવાથી સહુ પ્રભુના વરઘોડામાં ગયા છે. હવે તમારે પૂજા કરવી હોય તો લો આ પાણી તૈયાર છે. સ્નાન કરી લો ! અને **શ્રી ભટેવા પાર્શ્વનાથ દાદાની** ભક્તિપૂર્વક સેવા-પૂજાનો લાભ લો !

તત્કાલ સ્નાન કરી-ન્હાઈ અતિ આનંદ અને ભાવોલ્લાસ પૂર્વક શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરી અને બન્ને હાથ જોડીને પ્રભુને વિનંતિ કરી.

'હે પ્રભો ! મારા મિત્ર પટેલના પુત્રની તપાસના કારણે આજે કાર્તિક પૂર્ણિમા જેવા મહાન પવિત્ર દિવસે ખરેખર યાત્રા માટે તેં જ મને બોલાવ્યો લાગે છે. સર્વ લોકો વરઘોડામાં ગયા હોવાથી આજે મને આપની પ્રક્ષાલ-પૂજા આદિ કરવાનો અનુપમ લાભ મળ્યો.

હે **પાર્શ્વનાથ દાદા**! આપે આ ગરીબ સેવકનો હાથ પકડ્યો છે તો કૃપા કરીને નભાવજો ! અને મારી ધર્મ આરાધના સારી થાય તેમ કરજો.' ત્યાર પછી તો તત્કાલ નિંદ ચાલી ગઈ અને આંખ ઉઘડી ગઈ.

આ રીતે આવેલ સ્વપ્ન પછી તો દિન-પ્રતિદિન વ્યાપારાદિકમાં અતિ ઉન્નતિ થવા લાગી. આજે આ ભાઈના પુત્ર મોજુદ છે અને સુખી પણ છે.

**શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન**ના આવા આવા અનેક નાના-મોટા ચમત્કારોનો અનુભવ ધર્મી

જીવોએ-ધાર્મિક જનતાએ અનુભવેલ છે. એ રીતે આ લેખમાં **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના સંક્ષિપ્ત** પરિચયનું દિગ્દર્શન કરવામાં આવેલ છે.

આજે પણ એ જ શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના સંક્ષિપ્ત પરિચયનો સાક્ષાત્કાર ચાણસ્માના **શ્રી ભટેવા પાર્શ્વનાથ** જિનમંદિરમાં આવેલ ચોવીશ ભગવાનની ભમતીના વિભાગમાં ચિત્ર રૂપે દર્શનાર્થે આવેલ સર્વે મહાનુભાવોને થાય છે.

શ્રી વીર સં૦-૨૫૦૬
વિક્રમ સં૦-૨૦૩૬
નેમિ સં૦- ૩૧
ભાદરવા સુદ ૧૨
રવિવાર
દિનાંક ૨૧-૯-૧૯૮૦

લેખક
**વિજય સુશીલસૂરિ**
જૈન ઉપાશ્રય
**ચાણસ્મા**
ઉત્તર ગુજરાત.

॥ શ્રીરસ્તુ ॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥

卐

卐 ચાણસ્મામણ્ડન શ્રીભટેવા પાર્શ્વનાથસ્વામિને નમઃ 卐

# ભાવના–પચ્ચીસી

કર્તા : પંન્યાસ **શ્રી સુશીલવિજયજી** ગણિવર્ય મ.

[વર્તમાનમાં પૂ. આ. શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ.]

卐

( ગજલના રાગમાં )

તે દિન આવશે ક્યારે ? જપીશું જિનવર નામ।
સર્વજ્ઞ સર્વ જિણંદને, કરીશું પ્રેમે પ્રણામ ॥
તે દિન૦ ૧॥

અમે મન–વચ–કાયાને, વશ કરી લેશું દીક્ષાને।
છંડી ભોગ સંયમ યોગે, ધરીશું શુભ સમતાને ॥
તે દિન૦ ૨॥

રહી સદ્‌ગુરુના ચરણે, વૈયાવચ્ચ–વિનયને।
કરીશું પ્રેમથી નિત્યે, વલી જ્ઞાન અભ્યાસને ॥
તે દિન૦ ૩॥

સમિતિ ગુપ્તિ સ્વરૂપી, અષ્ટ પ્રવચન માતાને ।
આદરશું આત્મ-સંયોગે, સાચવી શુભ જયણાને ॥
તે દિન૦ ૪॥

અતિદુર્લભ ને દુર્ધર, એવા પંચ મહાવ્રતને ।
નિરતિચાર પાલીશું, તથા રાત્રિભોજનને ॥
તે દિન૦ ૫॥

પરિગ્રહ વસતિ વસ્ત્ર, વલી પાત્રાદિ પ્રમુખમાં ।
આડંબર ને અહંકાર, તજીશું મમતા એમાં ॥
તે દિન૦ ૬॥

લોકની વાંછના છોડશું, પરિસહ સર્વ સહીશું ।
આચાર શુદ્ધ આચરશું, તપથી કાયા કસીશું ॥
તે દિન૦ ૭॥

તજી પુદ્‌ગલ પરિણતિ, નિજ ગુણમાંહે રમીશું ।
આત્મ અસંખ્યાત પ્રદેશે, દયા ઝરણાં ઝરાવીશું ॥
તે દિન૦ ૮॥

પદ્માસન કરી બેસીશું, આતમ ધ્યાન ધરીશું ।
ગુણસ્થાનક શ્રેણિએ, ચડી મોક્ષ મેલવીશું ॥
તે દિન૦ ૯॥

કરી સંલેખના સુંદર, અને અનશન લેઈશું ।
ચોરાશી લાખ વિશ્વની, જીવા. યોની ખમાવીશું ॥
તે દિન૦ ૧૦॥

સર્વ જીવો પ્રતિ હાર્દિક, મિચ્છામિ દુક્કડં દઈશું ।
અંતિમ આરાધના સારી, સદ્‌ગુરુ સાક્ષીએ કરીશું ।
તે દિન૦ ૧૧॥

પૂર્વના મહામુનિઓના, જીવનને સામે રાખીને ।
મુક્તિ મંદિરમાં જાવા, ફેરવશું આત્મશક્તિને ॥
તે દિન૦ ૧૨॥

ગજસુકુમાલ મસ્તકે, વિપ્ર સોમિલ સસરાએ ।
માટીની પાલ બાંધીને, ભર્યા અંગારા ખેરના એ ॥
તે દિન૦ ૧૩॥

મહા ઉપસર્ગ એ થાતાં, સહતાં સમભાવે એ ।
કર્મ ચકચૂર કરીને, સિધાવ્યા મોક્ષમાંહે એ ॥
તે દિન૦ ૧૪॥

ક્રમશઃ નાખી ઘાણીમાં, ખંધકસૂરિ શિષ્યોને ।
પાપી એ પાલકે પીલીયા, મહા ઉપસર્ગ કર્યો ને ॥
તે દિન૦ ૧૫॥

સહી સમ ભાવે એ સર્વે, અંતગડ કેવલી થઈને।
શ્રમણુ પાંચસો એ તો, વસ્યા મોક્ષમાં જઈને ॥
તે દિન૦ ૧૬॥

**મેતારજ** મુનિરાજને, વાધરથી દૃઢ વીંટીને।
કર્યો ઉપસર્ગ સોનીએ, તડકે ઊભા રાખીને ॥
તે દિન૦ ૧૭॥

અસહ્ય વેદના સહતાં, શુભ શ્રેણિએ ચઢતાં।
અંતગડ કેવલી થાતાં, પામ્યા તે સુખ શાશ્વતાં ॥
તે દિન૦ ૧૮॥

**સુકોશલ** સાધુ ઉપરે; કર્યો ઉપસર્ગ વાઘણે।
સહતાં સમભાવે એ, પામ્યા તે મોક્ષ સુખને ॥
તે દિન૦ ૧૯॥

**સનત્કુમાર** ચક્રીએ, સાતસો વર્ષ પર્યંત।
સહી સોલ રોગ પીડાને, પામ્યા તે સુખ અનંત ॥
તે દિન૦ ૨૦॥

ઈત્યાદિ અનેક દૃષ્ટાંતો, મહાત્માઓનાં જાણીને।
આત્મ-કલ્યાણને અર્થે, સંયમ પંથે વિચરીને ॥
તે દિન૦ ૨૧॥

અમે પણ સર્વ આવી, ભાવના વિશુદ્ધ ભાવીશું ।
સમતા ભાવમાં રહીને, થતા ઉપસર્ગો સહીશું ॥
તે દિન૦ ૨૨॥

ઘાતી કર્મો વિદારીને, કેવલજ્ઞાન પામીશું ।
લોકાલોકના (સવી) ભાવો, પ્રતિક્ષણે નિહાળીશું ॥
તે દિન૦ ૨૩॥

અઘાતી કર્મોને કાપી, જન્મ મરણ ટાલીશું ।
સ્પર્શી અયોગી ગુણઠાણું, ભવોદધિ પાર પામીશું ॥
તે દિન૦ ૨૪॥

સાદિ અનંત સ્થિતિએ, મુક્તિના સ્થાનમાં રહીશું ।
અનંત સિદ્ધોની સાથે, સદા સુખમાંહે મ્હાલીશું ॥
તે દિન૦ ૨૫॥

## * કલશ *

તપગચ્છવ્યોમે સૂર્ય સરિખા **નેમિસૂરીશ્વરના**
પટ્ટામ્બુધિ ચન્દ્રમા સમા લાવણ્યસૂરિ રાજના;
**પટ્ટદીપક દક્ષવિજય** ગણિ–વાચકવરના,
શિષ્ય પંન્યાસ સુશીલ વિજયે નમી ચરણે પાર્શ્વના. [૧]

વસુ ચન્દ્ર વ્યોમ નયન વર્ષે નૃપ વિક્રમાદિત્યના
ચૌમાસી પર્વ દિન એ ફાલ્ગુન સુદિ ચૌદશના ।
નિજ જન્મભૂમિ ગુર્જરતણા ગામ ચાણસ્મા મહીં,
વિરચી ભાવના પચીસી એ સ્મરતાં સુખ પામો સહી. [૨]

॥ ઈતિ ભાવના પચીસી સમાપ્તા ॥



## ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો છંદ

પાર્શ્વ જીનરાજ સુણી આજ શંખેશ્વરા,
પરમ પરમેશ્વરા વિશ્વ વ્યાપી;
ભીડ ભાંગી જરા જાદવોની જઈ,
સ્થિર થઈ શંખપુરી નામ થાપી. પાર્શ્વ૦ ॥૧॥

સાર કરી સાર મનોહારી મહારાજ તું,
માન મુજ વિનતી મન માચી;
અવર દેવા તણી આશ કોણ કામની,
સ્વામીની સેવના એક સાચી. પાર્શ્વ૦ ॥૨॥

તુંહી અરિહંત ભગવંત ભવતારણો,
વારણો વિષમ ભય દુઃખ વાટે;
તુંહી સુખ કારણો, સારણો કાજ સહુ,
તુંહી મનોહારણો સાચ માટે. પાર્શ્વ૦ ॥૩॥

અંતરીક્ષ, અમીઝરણ, પાર્શ્વ પંચાસરા,
ભોંયરા પાર્શ્વ ભાભા ભટેવા;
વિજય ચિંતામણી સોમ ચિંતામણી,
સ્વામી શ્રીપ્રા તણી કરો સેવા. પાર્શ્વ૦ ॥૪॥

ફળ વૃદ્ધિ પાર્શ્વ મનમોહના,
મગસીયા, તાર સહ્ના નમું નાહી ત્રોટા;
સક બલેંચા પ્રભુ આશ ગુલ અરજીયાં,
ખંભણા થંભણા પાર્શ્વ મોટા. પાર્શ્વ૦॥૫॥

ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
અળધરા શામળા પાર્શ્વ પ્યારા;
સુરસરા કંકણ પાર્શ્વ દાદા વળી,
સુરજમંડણ નમું તરણ તારા. પાર્શ્વ૦॥૬॥

જગવલ્લભ કલીકુંડે ચિંતામણી,
લોઢીણા સેરિસા સ્વામી નમીએ;
નાકોડ નાવલા કળીયુગા રાવણા,
પોશીના પાર્શ્વ નમી દુઃખ દમીએ. પાર્શ્વ૦॥૭॥

સ્વામિ માણિક નમું ન નાથ સારોડીયા,
નાકોડા જોરવાડી જગેશા;
કાપલી ડૌલતી પ્રસમીયા મુંજપરા,
ગાડરીયા પ્રભુ ગુણ ગારેશા. પાર્શ્વ૦॥૮॥

હમીરપુર પાર્શ્વ પ્રણમું વળી નવલખા,
ભીડભંજન પ્રભુ ભીડ ભાગે;
દુઃખભંજન પ્રભુ, ડોકરીયા નમું.
પાર્શ્વ જીરાઉલા જગત જાગે પાર્શ્વ૦॥૯॥

અવંતી ઉજ્જૈનીયે, સહસ્રફણા સાહિબા,
મહેમદાબાદ કોકો કરેડા;
નારીંગા ચંચુ ચલ્લા ચવલેશ્વરા,
તવલી ફળ વિહાર નાગેંદ્ર નેરા. પાર્શ્વ૦॥૧૦॥

પાર્શ્વ કલ્યાણ ગંગાણીયા પ્રણમીયે,
પલ્લવિહાર નાગેંદ્ર નાથા;
કુરકટ ઈશ્વરા પાર્શ્વ છત્રા અહીં,
કમઠ દેવે નમ્યા શક્ર સાથા. પાર્શ્વ૦॥૧૧॥

તિમિર ઘોઘો પ્રભુ દુધીયા વલ્લભા,
શંખલ ઘૃતકલ્લોલ બૂઢા;
ધીંગડ મલ્લા પ્રભુ પાર્શ્વ ઝોટીંગજી,
જાસ મહિમા નહીં જગત ગૂઢા. પાર્શ્વ૦॥૧૨॥

ચોરવાડી જિનરાજ ઉદ્દામણી,
પાર્શ્વ અજાહરા (અજારા) નેવ નંગા;
કાપડેરા (કાપરડા) વજેઓ પ્રભુ છે છલી,
સુખસાગર તણા કરે સંગા. પાર્શ્વ૦॥૧૩॥

વિજ્જુલા કરકંડુ મંડળી કાવળી,
મોહેરીયા શ્રી ફલોધી અનીદા;
ઔઆ કુલપાક કંસારીયા આડંબરા,
અનીયલા પાર્શ્વ પ્રણમું આનંદા. પાર્શ્વ૦॥૧૪॥

નવસારી નવપલ્લવા પાર્શ્વજી,
શ્રી મહાદેવ વરકાણો વાસી,
પરોકલ ટાંકલ નવખંડા નમું,
ભવતણી જાય જેહથી ઉદાસી. પાર્શ્વ૦॥૧૫॥

મનવાંછિત પ્રભુ પાર્શ્વજીને નમું,
વળી નમું નાથ સાચા નગીના,
દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,
કર્મના કેસરીથી ન બીહના. પાર્શ્વ૦॥૧૬॥

અશ્વ નૃપનંદ કુલચંદ પ્રભુ અલવેસરા,
ભીભડા પાર્શ્વ કલ્યાણ રાયા,
હોયે કલ્યાણ જશ નામથી જય હોવે,
જનની વામાને ધન્ય જેહ જાયા. પાર્શ્વ૦॥૧૭॥

એક શત આઠ પ્રભુ પાર્શ્વનામે સુણ્યા,
સુખ સંપત્તિ લહ્યો સર્વ વાતે,
બુદ્ધિ યશ, સંપદા સુખ શરીરે સદા,
નહી મણા માહરે કોઈ વાતે. પાર્શ્વ૦ાા૧૮ાા

સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,
પાર્શ્વ હૃદયે રમ્યો પરમ પ્રીતે.
સમીહિત સિદ્ધિ નવનિધિ પામ્યો સહુ,
(મુજ)તુજ થકી જગતમાં કો ન જીતે. પાર્શ્વ૦ાા૧૯ાા

કાજ સહુ સારજે શત્રુ સંહારજે,
પાર્શ્વ શંખેશ્વરા મોજ પાવું,
નિત્ય પ્રભાત ઊઠી નમું નાથજી,
તુજ વિના અવર કુણ કાજ ધ્યાવું. પાર્શ્વ૦ાા૨૦ાા

અઢાર એકાદશીએ ફાલ્ગુણ માસીએ,
બીજ કજ્જલ પખે છંદ કરીયો,
ગૌતમ ગુરુ તણા વિજય ખુશાલ જે,
ઉત્તમે સંપદા સુખ વરીયો. પાર્શ્વ૦ાા૨૧ાા

---

## ભગવાન સામે બોલવાની સંસ્કૃત સ્તુતિઓ.

રાગદ્વેષવિજેતારં, જ્ઞાતારં વિશ્વવસ્તુનઃ, શક્રપૂજ્યં ગિરામીશં, તીર્થેશં સ્મૃતિમાનયે. ॥૧॥ **વીરઃ** સર્વ સુરાસુરેંદ્રમહિતો, **વીરં** બુધાઃ સંશ્રિતાઃ । **વીરેણા**-ભિહતઃ સ્વકર્મનિચયો, **વીરાય** નિત્યં નમઃ ॥ **વીરાત્તીર્થ**મિદં પ્રવૃત્તમતુલં, **વીરસ્ય** ઘોરં તપો । **વીરે** શ્રીધૃતિકીર્તિકાંતિનિચયઃ **શ્રીવીર** ભદ્રં દિશ. ॥૨॥ **અર્હન્તો** ભગવંત ઇન્દ્રમહિતાઃ, **સિદ્ધાશ્ચ** સિદ્ધિસ્થિતાઃ ॥ **આચાર્યા** જિનશાસનોન્નતિકરાઃ; પૂજ્યા **ઉપાધ્યાયકાઃ** ॥ શ્રીસિદ્ધાન્તસુપાઠકા **મુનિ-વરાઃ**, રત્નત્રયારાધકાઃ ॥ પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્. ॥૩॥ **નેત્રાનંદકરી ભવોદધિતરી**, શ્રેયસ્તરોર્મંજરી । **શ્રીમદ્ધર્મમહાનરેન્દ્રનગરી**, વ્યાપ-લ્લતાધૂમરી ॥ હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી, રાગદ્વિષાન્ જિત્વરી । મૂર્ત્તિઃ **શ્રી જિનપુંગવસ્ય** ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્. ॥૪॥

---

કકાતે કિરીઆ કરો, કર્મ કરો ચકચૂર;
કિરિયા વિના રે જીવડા, શિવ નગરી હે દૂર. ॥૧॥

અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય ।
દેવ ત્વદીયચરણાંબુજવીક્ષણેન ॥
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે ।
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ ॥૫॥

---

પ્રશમરસનિમગ્નં, દૃષ્ટિયુગ્મં પ્રસન્નં ।
વદનકમલમંકઃ, કામિનીસંગશૂન્યઃ ॥
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબંધવંધ્યં ।
તદસિ જગતિ દેવો, વીતરાગસ્ત્વમેવ. ॥૬॥

જય સ્વામિન્! જિનાધીશ! જયદેવ જગત્પ્રભો!
જય ત્રૈલોક્યતિલક! જય સંસારતારણ! ॥૭॥

યૈઃ શાતરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં ।
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત ॥
તાવંત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં ।
યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥૮॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ ।
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ॥
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ।
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ॥૯॥

---

ખમા કરમજ ક્ષય કરો, ક્ષમા કરો મનમાંહે
ક્ષમા કરી સેવો સદા ખાંતે જિન દેવ ઉછાય. ॥૨॥

યસ્ય જ્ઞાનમનન્તવસ્તુવિષયં યઃ પૂજ્યતે દેવતૈઃ,
નિત્યં યસ્ય વચો ન દુર્નયકૃતૈઃ કોલાહલૈર્લુપ્યતે;
રાગદ્વેષમુખદ્વિષાં ચ પરિષત્ ક્ષિપ્તા ક્ષણાદ્યેન સા,
સ **શ્રી વીરપ્રભુ** વિધૂતકલુષાં બુદ્ધિં વિધત્તાં મમ. ૧૦
પાંતુ વઃ શ્રીમહાવીર,–સ્વામિનો દેશનાગિરઃ;
ભવ્યાનામાંતરમલ,–પ્રક્ષાલનજલોપમાઃ ॥ ૧૧ ॥
કલ્યાણપાદપારામં, શ્રુતગંગાહિમાચલમ્;
વિશ્વાંભોજરવિં દેવં, વંદે શ્રીજ્ઞાતનંદનમ્. ॥૧૨॥
દિટ્ઠે તુહ મુહકમલે, તિન્નિવિ નટ્ઠાઇં નિરવસેસાઇં;
દારિદ્દં દોહગ્ગં, જમ્મંતરસંચિ પાવં. ॥૧૩॥
કલ્યાણકેલિકમલાકમલાયમાનં,
પ્રોદ્દામધામમહિમા મહિમાનિધાનમ્;
જાત્યશ્મગર્ભમણિમેચકકાન્તિદેહં,
**શ્રીસ્થંભનાધિપતિ**પાર્શ્વજિનં સ્તુવેઽહમ્ ॥૧૪॥
નતાનેકચ્છેકત્રિદશમુકુટોદ્દિત્વરમણી,
વ્રજત્જ્યોતિર્જાલસ્નપિતચરણામ્ભોજયુગલં;
ઘનશ્યામં કામં ભુવનજનહર્ષપ્રણયિનં,
સ્તુવે પાર્શ્વં ગોડીપુરપરિસરપ્રૌઢમકુટમ્. ॥૧૫॥

---

ગંગા ગરવ ન કિજીએ ગરવ કિએ જશ હાંણ;
ગરવ કર્યાથી ગુણ ગલે ગરવ મ કરો અજાણ. ॥૩॥

સ્વામિનામપિ યઃ સ્વામી, ગુરુણામપિ યો ગુરુઃ ।
દેવાનામપિ યો દેવસ્તસ્મૈ તુભ્યં નમો નમઃ ॥૧૬॥

નમો દુર્વારરાગાદિ-વૈરિવારનિવારિણે;
અર્હતે યોગિનાથાય, **મહાવીરાય** તાયિને. ॥૧૭॥

## સ્તુતિ—ચોવીશી.

દેરાસરમાં પ્રભુ સમ્મુખ બોલવાની રાગધારી સ્તુતિઓ.

**[ મન્દાક્રાન્તા-છંદ. ]**

('બોધાગાધં સુપદપદવી-નીરપૂરાભિરામં-એ રાગ.')

કર્તા-પૂ. આચાર્ય શ્રી સુશીલસૂરીશ્વરજી મ. સા.

### (૧) શ્રી આદિનાથપ્રભુની સ્તુતિ.

પૃથ્વીમાંહે પ્રથમપ્રભુ જે આદ્ય ભૂપેન્દ્ર ભારી,
ભિક્ષાચારી પ્રથમ જગમાં છે વળી તીર્થંકારી;
માતા હસ્તે શિવપુરતણાં દ્વાર ખોલાવનારા,
વંદો તે શ્રી**ઋષભ**જિનને સર્વદાનંદકારા.

### (૨) શ્રી અજિતજિનની સ્તુતિ.

જે સ્વામીએ ભુવનભરના ભાવ સર્વે નિહાળ્યા,
વાણીદ્વારા સમવસરણે સર્વ આગે પ્રકાશ્યા;
જેને ગૂંથ્યા ગણધરગણે શુદ્ધ સિદ્ધાંત માંહે,
એવા તે શ્રી **અજિત**જિનને વંદુ હું તીર્થમાંહે.

---

ઘધા ઘર ઘરણી તજો, ઘટ રાખો રે કાર;
કુટુંબ સહુ સ્વાર્થ લગે, જિણુ શેની વ્યવહાર ॥૪॥

## (૩) શ્રી સંભવનાથ પ્રભુની સ્તુતિ.

કાપે કાપે સકલ કરમો સર્વદા દુઃખકારી,
આપે આપે ભવિક ગણને પંચમજ્ઞાન ભારી;
સ્થાપે સ્થાપે શિવભવનમાં નિત્ય આનંદકારી.
એવા શ્રી સંભવજિનકને માગુ હું મોક્ષ બારી.

## (૪) શ્રી અભિનંદનસ્વામીની સ્તુતિ.

ચારે દ્વારો ચઉ ગતિ તણાં સર્વદા બંધ કીધાં,
ને કર્મો સૌ હૃદય તપ ધરી સર્વથા દૂર કીધાં,
જાણી ભાવો નિખિલ જગના મોક્ષધામે બિરાજ્યા,
એવા ચોથા જિનપતિ તને દૃષ્ટિથી મેં નિહાળ્યા.

## (૫) શ્રી સુમતિનાથપ્રભુની સ્તુતિ.

મુદ્રા મોહે સુમતિજિનની વિશ્વમાં શ્રેયકારી,
નાવે તોલે જગતભરની કોઈ મુદ્રા વિકારી;
ધ્યાવે જેને સુરનરવરો પ્રેમથી ચિત્તમાંહે,
એવી મુદ્રા સુમતિપ્રભુની ધ્યાવું હું ચિત્તમાંહે.

---

નના નમન કરો સદા, નમતાં નવનિધિ હોય,
દેવ ગુરુ માતા-પિતા, હેત ધરે સહુ કોય. ॥૫॥

## (૬) શ્રી પદ્મપ્રભજિનની સ્તુતિ.

જેના પાદે સુરનરતણા યૂથ આવી નમે છે,
ને આજ્ઞાને સતત શિરસા-વંદ્ય તેઓ કરે છે;
ને પોતાના હૃદયઘટમાં ધ્યાન જેનું ધરે છે,
એવા **પદ્મ-પ્રભુ**પતિતણા પાદ પદ્મો ગમે છે.

## (૭) શ્રી સુપાર્શ્વનાથપ્રભુની સ્તુતિ.

જીત્યા જેણે હૃદયવસતા દ્વેષ-રાગાદિ ચારે,
ટાળ્યા જેણે જનમ-મરણો દુઃખથી મિશ્ર ભારે;
પામ્યા તે તો પરમપદમાં શાશ્વતાનંદ સારા,
મોહે તે તો અમ હૃદયમાં શ્રી **સુપાર્શ્વેશ** સારા.

## (૮) શ્રી ચંદ્રપ્રભુભગવાનની સ્તુતિ.

જે જ્યોત્સ્નાઓ રવિ-શશિતણા તેજને ઝાંખ દે છે,
ને ભવ્યોના અઘ-તિમિરને સર્વથા સંહરે છે;
જેમાં છોળો સતત ઉછળે શ્રેષ્ઠ જ્ઞાનાબ્ધિની એ,
એવી **ચંદ્ર**-પ્રભવરતણી ચાંદનીમાં જ ન્હાએ.

---

ચચા ચોરી પરિહરો; ચોરી કર્મ ચંડાલ;
વિજય ચોર ચોરી થકી, નરગ ગયો તતકાલ. ॥૬॥

## (૯) શ્રી સુવિધિવિભુની સ્તુતિ.

નેત્રો સારાં કમલ સરિખાં નિર્વિકારી સદાયે,
મુદ્રાધારી કરયુગલ આ શસ્ત્રશૂન્ય જણાયે;
ખોળો સ્ત્રીથી રહિત ચરણો પદ્મ જેવા મનાયે,
**એવી સાચી સુવિધિવિભુની મૂર્તિ પૂજું સદાયે,**

## (૧૦) શ્રી શીતલનાથપ્રભુની સ્તુતિ.

સંસારેથી તર્પિત સહુને શીતછાયા જ આપે,
ને લાગેલા બહુ સમયના પ્રાણીના કર્મ કાપે;
આપે સારી જીગર ખુશખો ભાવના ચંદ જેવી,
આપો વાણી મુજ હૃદયમાં **શીતલ**સ્વામ તેવી.

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ પ્રભુની સ્તુતિ.

શ્રેયસ્કર્ત્તા જનક–જનિતા ભવ્યનાં દુઃખ હર્ત્તા,
ભ્રાતા ત્રાતા જગત ભરના છો વળી વિશ્વ ભર્ત્તા;
શ્રેયાંસો સૌ સુરતરુસમા પૂરનારા સદાયે,
હે **શ્રેયાંસ !** સ્વશિશુતણા શ્રેય અંશો પૂરો એ.

---

છછા છલ નવિ કીજીએ, છલ માયાનાં મૂલ;
છલે કરી સીતા હરી, દશ શિર દેખી ચૂલ. ॥૭॥

### (૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામીજિનની સ્તુતિ.

જે સ્વામીને જગતજનતા પૂજ્યના પૂજ્ય માને,
તે સ્વામીને વિબુધજનતા વિશ્વના દેવ જાણે;
વંદે જેને સકળ જનતા ભાવથી સર્વદાયે,
એવા તે શ્રી જગતભરમાં **વાસુપૂજ્યેશ** પાયે.

### (૧૩) શ્રી વિમળનાથ પ્રભુની સ્તુતિ.

વિશ્વે જેની શુભવિમલતા સર્વથી શ્રેષ્ઠ ભાસે,
તેની પાસે સ્ફટિક મણિની કાંતિઓ ન્યૂન ભાસે;
જેના સંગે વિમળ હૃદયો ભવ્યનાં નિત્ય થાયે,
વંદો તે શ્રી **વિમળ**વિભુને હાથ જોડી સદાયે.

### (૧૪) શ્રી અનંતનાથ પ્રભુની સ્તુતિ.

દીક્ષા-જ્ઞાનો દરિસણ વળી સદ્ગુણો છે અનંતા,
ને જેને સૌ વિબુધગણના સ્વામી સેવે મહંતા;
હમેશા જે શિવ વર સુખો ભોગવે છે અનંતા,
તે આપોને શિવસુખ મને શ્રી **અનંતેશ** સંતા.

### (૧૫) શ્રી ધર્મનાથપ્રભુની સ્તુતિ.

શુદ્ધાચારો શુભગુણ ગણો સુવ્રતો શ્રેષ્ઠ જેનાં,
સાચા દેવો શુભગુરુવરો માર્ગ સાચો જ તેમાં;
એવો વિશ્વે ધરમ જિનનો ધર્મ મોટો ગણાયે,
એવા **ધર્મ**-પ્રભુ વર તણો ધર્મ ચાહું સદાયે.

---

જજા જોર ન કિજીએ, જોર કીએ જ શહાણ;
જોર કિયો જુગતો નહીં, આપો દુનિયા અજાણ. ॥૮॥

## (૧૬) શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ.

પારેવાને પુરવ ભવમાં બાજથી રક્ષ્યું ભારી,
કીધી માતા કુખ મહી રહી દેશની શાંતિ સારી,
ત્યાગી દીધાં નવનિધિ અને ચૌદ રત્નો છ ખંડો,
લીધા મેવા શિવપુરતણા સોળમા શાંતિ વંદો.

## (૧૭) શ્રી કુંથુનાથ પ્રભુની સ્તુતિ.

છઠ્ઠા ચક્રી થઈ જગતમાં ધર્મચક્રી થયા જે,
ભાવી માટે નિખિલ જગને આગમો દઈ ગયા જે;
તે દ્વારા એ ભવિક બહુયે મુક્તિમાંહે બિરાજ્યા,
એવા સ્વામી ત્રણ ભુવનમાં કુંથુનાથ સ્મરાયા.

## (૧૮) શ્રી અરનાથપ્રભુની સ્તુતિ.

ષટ્ખંડોનું અધિપતિપણું ભોગવી ત્યાગ કીધો,
ને દીક્ષામાં અતિ તપ તપી મુક્તિનો માર્ગ લીધો;
આવીને જે શિવનગરમાં લોક અગ્રે બિરાજ્યા.
પૂજો તે શ્રી અરજિન સદા વિષ્ટપેથી વિરામ્યા.

---

ઝઝા જૂઠ ન બોલીએ, જૂઠે અપજસ હોય;
વસુરાજા જૂઠ જ થકી, દુરગતિ જાતો જોય. ॥૯॥

## (૧૯) શ્રી મલ્લિનાથપ્રભુની સ્તુતિ.

ષટ્મિત્રોને કનક પુતળી અન્નથી નિત્ય પૂરી,
તાર્યા તેં તો ભવજળ થકી દેઈને બોધ ભૂરી;
કાયાને તેં શિયળજળથી સ્નાન નિત્યે કરાવ્યું,
એવા **મલ્લિ**-પ્રભુ તુમ પરે ધ્યાન મારું ધરાયું.

## (૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામીજિન સ્તુતિ.

જે સ્વામીનાં દરિસણુ થતાં આત્મ આનંદ પાવે,
તે સ્વામીના ચરણયુગલો સ્પર્શતાં દુઃખ જાવે,
જેની જોડી જગત ભરમાં કોઈ ના દશ્ય થાએ,
તેવા સાચા મુનિવર મહા સુવ્રતસ્વામી ગાએ.

## (૨૧) શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ.

જે સ્વામીના જનમ સમયે દેવ દેવેન્દ્ર આવી,
મેરુ શૃંગે સુવિધિ સહિત સ્નાત્ર પૂજાદિ પામી;
ધોયા ત્યાંહી નિજ હૃદયના કર્મના મેલ સર્વે,
તે સ્વામી શ્રી **નમિજિનજી**ની ચાહુ હું સેવ સર્વે.

---

ઝઝા વ્રત કરો સદા, વ્રત ધરો મનમાંહે;
વ્રત વિના રે પ્રાણીઆ, સુખી દીઠો ન કોય. ॥૧૦॥

## (૨૨) શ્રી નેમિનાથજિનની સ્તુતિ.

તોડી સ્નેહો નવભવતણા રાજુલા નાર સાથે,
છોડાવીને પશુગણ બધા દાન દીધું સ્વહાથે;
દીક્ષા લીધી સહસ નૃપ સહ રૈવતોદ્યાન માંહે,
નિત્યે નેમી-શ્વરજિન નમો મોક્ષ કૈવલ્ય ત્યાંહે.

## (૨૩) શ્રી પાર્શ્વનાથપ્રભુની સ્તુતિ.

જ્વાલા કુંડે અહિ સળગતો કાષ્ઠમાંથી કઢાવી,
બીજા મોઢે અનશન નમસ્કાર મંત્રો સુણાવી;
આપ્યાં તેને અનુપમ સુખો સ્વર્ગનાં શ્રેયકારી,
એવા પાર્શ્વ-પ્રભુપતિતણું ધ્યાવું હું ધ્યાન ભારી.

## (૨૪) શ્રી મહાવીરસ્વામી ભગવાનની સ્તુતિ.

વિશ્વે વ્હાલા જગગુરુ મહાવીર દેવાધિ દેવા,
આપે સારા ભવિક સહુને મુક્તિના મિષ્ટ મેવા;
સેવે સારા ત્રણ ભુવનના લોક સૌ હર્ષથી એ,
આજે મારા હૃદય ઘટમાં આવતા ભાવથી એ.

---

ટકા ટેક ન છોડીએ, ધર્મ ધ્યાન રહિત;
કામ દેવ ટેકે કરી, દેવ પરીક્ષા દીઠ. ॥૧૧॥

કળશ.

(હરિગીત છંદમાં.)

ગુરુ નેમિસૂરીશ પટ્ટધર લાવણ્યસૂરીશ્વર તણા,
શ્રી દક્ષ શિષ્ય સુશીલવિજયે
ચરણ સમરી પાર્શ્વના;
રસ નંદ નિધિ શશિ માન વિક્રમ સાલ
(૧૯૯૬) આશ્વિન માસમાં,
'સ્તુતિ-ચોવીશી' રચી ઉમંગે
ધર્મી અમદાવાદમાં.

॥ ઇતિ 'સ્તુતિ-ચોવીશી' સમાપ્તા. ॥

---

## શ્રી પંચજિનવંદનાત્મક સ્તુતિ

(શાર્દુલવિક્રીડિત-છંદમાં)
(સ્નાતસ્યાપ્રતિમસ્યમેરુશિખરે૦-એ રાગમાં)

સ્વામી આદિ જિનેન્દ્ર આદિ પ્રભુને,
શ્રી શાંતિદેવેન્દ્રને,
શ્રી નેમીશ્વર શીલવંત વિભુને,
વિખ્યાત પાર્શ્વેશને;

---

ઠઠા ઠિક થઇ રહો, ઠિક વિન ઠામ ન હોય;
ઠિક થકી ચુકા જીવતો, શિવપુર કદી ન હોય. ॥૧૨॥

વિશ્વોદ્ધારક વિશ્વનાથ ચરમ—
શ્રીમન્મહાવીરને,
કોટી વંદન માહરા પ્રણયથી,
હોજો સદા પંચને. (૧)

## પ્રભાત સ્તુતિ

(હરિગીત–છંદમાં)

બાર ગુણ અરિહંતના ને,
આઠ ગુણ પ્રભુ સિદ્ધના,
છત્રીસ ગુણ આચાર્યના,
પચ્ચીસ ગુણ વાચક તણા.
સગવીશ ગુણ નિર્ગ્રન્થના,
કુલ એકસોને આઠ એ;
પરમેષ્ઠિ ગુણને પામવા,
નિત્ય પ્રભાતે સમરીએ. (૨)

## તીર્થ-સ્તુતિઓ.

### (૧) શ્રી અષ્ટાપદ તીર્થની સ્તુતિ

જ્યાં રત્નમય, સમમાન ચોવીશ બિંબ સોહે જિનતણા,
થયું મોક્ષ કલ્યાણક તિહાં, સુત નાભિ રાજેન્દ્ર તણા;
જિન નામ બાંધ્યું રાવણે, ગૌતમ તર્યા યાત્રા કરી,
તે તીર્થ અષ્ટાપદ પ્રભાતે, વંદીએ ભક્તિ ભરી.

## (૨) શ્રી સિદ્ધગિરિ તીર્થની સ્તુતિ

મોટું જગતમાં વિમલગિરિનું, તીર્થ સોહે શાશ્વતું,
કળીકાળમાં પણ એજ તીર્થ જગતમાં જાગતું,
અણસણ કરી મુનિવર અનંતા, સિદ્ધપદ જ્યાં પામતા,
તે **સિદ્ધગિરિ** તીર્થને, પ્રણમો સદા રાજી થતા.

## (૩) શ્રી રૈવતગિરિ તીર્થની સ્તુતિ

ચારિત્ર-કેવલ મોક્ષ ત્રણ, કલ્યાણકો પ્રભુ નેમિનાં,
જ્યાં પદ્મનાભાદિક જિનવર, સાધશે સુખ મુક્તિનાં;
મહિમા અનુત્તર તેહનો, ત્રણ ભુવનમાંહિ ગવાય છે,
**રૈવતગિરિ** તે વંદતાં, મુજ હૃદય અતિ વિકસાય છે.

## (૪) શ્રી સમેતશિખર તીર્થની સ્તુતિ

જ્યાં આવી વીશ તીર્થંકરો, વર્તમાન ચોવીશી તણા,
અણસણ કરી શિવપુરીએ, સિધાવીયા સર્વે જણા;
પ્રભુ પાદુકાઓ અને શામળા-પાર્શ્વમંદિર હાલ ત્યાં,
**સમેતશિખરે** તીર્થે સોહે, નમન હોજો મ્હારા ત્યાં.

---

ઢઢા ઢાંકણ જગતનો જગગુરુ માયા રાખ;
પરદેશી ગુરુની પરે, રાયપસેણી શાખ. ॥૧૪॥

## (૫) શ્રી કદમ્બગિરિ તીર્થની સ્તુતિ

ગઈ ચોવીશીમાં સંપ્રતિ પ્રભુના, કદમ્બ ગણીશ્વરા,
મુનિ એક કોડી સાથ પામ્યા, મુક્તિના સુખડા ખરા;
તેહ કારણે કદમ્બ નામે, શોભતો જ કદમ્બ આ,
ગિરિ ને તિહાંના બિંબ પ્રણમો, પ્રેમથી ભવિ પ્રાણીઆ.

## (૬) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ

ગત ચોવીશીમાં થયેલા, દામોદર જિનરાજની,
સુણી વાણી અષાઢી શ્રાવકે, ભરાવી મૂર્તિ પાર્શ્વની;
બહુ કાળ સુધી પૂજાણી વિશ્વે, હાલ પણ પૂજાય છે,
સ્તવું શંખેશ્વર મૂર્ત્તિ તે, શંખેશ્વરે સોહાય છે.

## (૭) શ્રી સ્થંભન પાર્શ્વનાથની સ્તુતિ

શ્રી તીર્થ સ્થંભન પુરમાંહે, સોહે સ્થંભન પાર્શ્વજી,
મૂર્ત્તિ પ્રાચીન નીલમ તણી, શાસ્ત્ર પૂરે સાખજી;
પૂજિત ત્રણે લોકના સુર,-નર ઘણા સન્માનથી,
વંદુ તેહને સર્વદા હું, ભક્તિ તણા અતિ રાગથી.

---

ણગા નિત નવકાર ગણુ, ચૌદ પુરવનો સાર;
સુંદરસેન નવકારથી, શેઠ કુલે અવતાર. ॥૧૫॥

## (૮) શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથની સ્તુતિ.

કરેલી માલી સુમાલીએ, પ્રભુ પાર્શ્વ તણી મૂરતિ,
અર્દ્ધ પદ્માસન અદ્ધર, અંતરીક્ષે આજે શોભતી;
ખીંગલપુર શ્રીપાલ ભૂપનો, રોગ ટાળ્યો સર્વથા,
એવી **અંતરીક્ષ** પાર્શ્વની, મૂર્ત્તિની સુણીએ શુભ કથા.

## (૯) શ્રી પંચાસરા પાર્શ્વનાથની સ્તુતિ

વનરાજ ચાવડા ભૂપ એ, બંધાવી જિન મંદિરને,
**પંચાસરા** પ્રભુ પાર્શ્વની, પધરાવી પૂનિત મૂર્ત્તિને,
દર્શ આનંદકારી થાએ, પાટણ અણહિલ પુરમાં,
સમરું સ્નેહે તેહને હું, નિત્ય ઉઠી ઉરમાં.

## (૧૦) શ્રી સેરીસા પાર્શ્વનાથની સ્તુતિ.

તેવીશમા તીર્થંકર **શ્રીસેરીસા** પ્રભુ પાર્શ્વજી,
સોહે સેરીસા તીર્થમાંહે, અનુપમ જિનરાજજી;
મૂર્ત્તિ મનોહર અતિ સુંદર, તરન તારન નાથજી;
પરમ પાવન દર્શ તેનાં, પાયો સેરીસા ધામજી.

---

તતા તિને જ આદરો, તિન તત્ત્વ શિરદાર;
દેવ ગુરુ ધર્મ નિરમળો, રાખો હૃદય મઝાર. ॥૧૬॥

## (૧૧) શ્રી તારંગાજી તીર્થની સ્તુતિ.

કુમારપાલ ભૂપેશ્વરે, બંધાવ્યું મંદિર ઉચ્ચ જ્યાં,
બત્રીશ માળ શિખરમાંહે, સોહે કાષ્ઠ કગર ત્યાં,
તે તીર્થ તારંગાની માંહે, સોહે મૂર્તિ અજિતની,
વંદના તેહનો માહરી, નિશદિન હો ત્રણે કાલની.

## (૧૨) શ્રી અર્બુદ (આબુ) ગિરિ તીર્થની સ્તુતિ.

વિમલશાહ ને વસ્તુપાલ–, તેજપાલ બાંધવ તણા,
ઋષભ-નેમિ દેવનાં, સોહે મંદિર સુંદર ઘણા;
કારીગરી વખણાય જગમાં, તેહ મંદિરો તણી,
પ્રણમો તે શ્રી આદિ નેમિ, જે તીર્થ આબુના ધણી.

## (૧૩) શ્રી રાણકપુરજી તીર્થની સ્તુતિ.

નલિનીગુલ્મ વિમાન આકારવાળું મંદિર શોભતું,
ધન્નાશાહે બંધાવેલું, પ્રભુ મૂર્તિઓથી દીપતું,
ચૌદશે ચુમ્માલિશ સ્થંભ, ચોરાશી મંડપ–ભોંયરા,
તીર્થ તે રાણકપુરે, વંદો ત્રિકાળે આદીશ્વરા.

---

થથા થિર મન રાખીએ, આતમ સુ અભિરામ;
વ્યસન સાતે પરિહરો, પામો શિવપુર ઠામ. ॥૧૭॥

## (૧૪) શ્રી ઝઘડીયા તીર્થની સ્તુતિ

મૂર્ત્તિ મનોહર મધ્યે સોહે, આદિનાથ જિણંદની,
જમણી બાજુ શાન્તિ જિનની, વામ બાજુ પાર્શ્વની;
પતિતપાવન ત્રિગડું, દીપે **ઝઘડીયા** તીર્થમાં,
દર્શ તેહનું હેતે કરતાં, પાપ નાસે પલકમાં.

## (૧૫) શ્રી કાવી તીર્થની સ્તુતિ.

સર્વજિત પ્રાસાદ અને, રત્નતિલક પ્રાસાદથી,
વિભૂષિત સાસુ-વહુનાં, મંદિર આદિ-ધર્મથી;
બાવન દેરીથી સોહે પ્રાસાદ, બન્ને **કાવી** તીર્થમાં,
તેમાં રહેલી મૂર્ત્તિઓનું, ધ્યાન ધરું હૃદયમાં.

## ચાણસ્મા નગરમંડન શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ

[૧]

છ લાખ વર્ષ તણી એ મૂર્ત્તિ-
શ્રી ભટેવા પાર્શ્વની,
સોહે **ચાણસ્મા** નગરમાં
ભૂમિ ગુર્જર દેશની ।
પ્રભાવિક ને ચમત્કારિક
સેવિત સુર-નરેન્દ્રથી,
નિત્ય પ્રણમું એ પ્રભુને
કર જોડી ભક્તિભાવથી. ॥૧॥

---

દદા દાન જ દીજીએ, દયા ધરી ચિત સાર,
ગજ ભવે સસલો રાખીયો; મેઘ કુમર અવતાર. ॥૧૮॥

# ચૈત્યવંદન કરવાનો વિધિ.

卐

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

[ આ રીતે ત્રણવાર ખમાસમણ દઈ નીચે પ્રમાણે બોલવું. ]

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! ચૈત્યવંદન કરું ? ઇચ્છમ્.

સકલ કુશલ–વલ્લિ, પુષ્કરાવર્ત મેઘો,
દુરિત–તિમિર ભાનુ, કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલ–નિધિ– પોતઃ, સર્વ-સમ્પત્તિ હેતુઃ;
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ
(શ્રેયસે પાર્શ્વનાથઃ) ॥૧॥

[ પછી કોઇપણ ચૈત્યવંદન બોલવું અથવા તો નીચેનું કહેવું. ]

**( વર્તમાનકાલીન ચોવીશ જિનનું ચૈત્યવંદન. )**

ઉપકારી પ્રભુ વિશ્વના, પહેલા આદિ જિણંદ;
અજિતજિન બીજા કહ્યા, સંભવ ત્રીજા મુણિંદ. ૧

---

ધધા ધર્મજ કિજિએ, ધર્મ થકી ધન હોય;
ધર્મ વિના રે પ્રાણીયા, સુખી ન દીઠો કોય. ॥૧

ચોથા અભિનંદન વિભુ, પાંચમા સુમતિનાથ;
છઠ્ઠા પદ્મ પ્રભુ કહ્યા, સાતમા સુપાર્શ્વનાથ. ૨
ચંદ્રપ્રભુ પ્રભુ આઠમા, નવમા સુવિધિસ્વામી;
દશમા શ્રી શીતલ કહ્યા, તદનુ શ્રેયાંસ નામી. ૩
વાસુપૂજ્ય જિન બારમા, તેરમા વિમલદેવ;
કહ્યા અનંત ચૌદમા, તદનુ ધર્મ સુદેવ. ૪
શાંતિનાથ જિન સોળમા, સત્તરમા કુંથુ જિન;
અર કહ્યા અઢારમા, તદનુ મલ્લિ સુજિન. ૫
શ્રી મુનિસુવ્રત વીશમા, ત્યાર પછી નમિ ખાસ;
કહ્યા નેમિ બાવીશમા, તેવીશમા પ્રભુ પાસ. ૬
ચોવીશમા શ્રી મહાવીર, ચોવીશે એ જિણંદ;
નેમિ લાવણ્ય દક્ષનો, વંદે સુશીલ અમંદ. ૭

---

જં કિંચ નામ-તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ, જાઈં જિણ-બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ. ॥૧॥

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ॥૧॥
આઇગરાણં, તિત્થ-યરાણં, સયં-સંબુદ્ધાણં ॥૨॥
પુરિસુત્તમાણં, પુરિસસિહાણં, પુરિસવર પુંડરિઆણં.

---

નના નરભત્ર, તે લહ્યો. વલિ જ આર્યક્ષેત્ર;
માંનવભવ છે દોહિલો, ચેત શકે તો ચેત ॥૨૦॥

પુરિસવર-ગંધ-હત્થીણં ॥૩॥ લોગુત્તમાણં, લોગ-નાહાણં, લોગ-હિઆણં, લોગ-પઈવાણં, લોગ-પજ્જોઅ-ગરાણં. ॥૪॥ અભય-દયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગ-દયાણં, સરણ-દયાણં, બોહિ દયાણં. ॥૫॥ ધમ્મ-દયાણં, ધમ્મ-દેસિયાણં, ધમ્મ-નાયગ ણં, ધમ્મ-સારહીણં, ધમ્મ-વર-ચાઉરંત-ચક્ક-વટ્ટીણં. ॥૬॥ અપ્પડિહય-વર-નાણ-દંસણ-ધરાણં, વિઅટ્ટ છઉમાણં. ॥૭॥ જિણાણં, જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં, ॥૮॥ સવ્વન્નૂણં, સવ્વ-દરિસીણં, સિવ-મયલ મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિ ગઈ-નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅ-ભયાણં. ॥૯॥ જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિ-વિહેણ વંદામિ. ॥૧૦॥

---

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ-લોએ અ; સવ્વાઈં તાઈં વંદે ઈહ સંતો તત્થ સંતાઈં ॥૧॥

---

પપા પાપ ન કીજીએ, અલગા રહિએ આપ;
જો કરશી સો પાવશી, કુંણ બેટો કુંણ બાપ. ॥૨૧॥

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં–જાવણિજ્જાએ નિસીહિઆએ ! મત્થએણ વંદામિ.

જાંવત કેવિ સાહૂ, ભરહેરવય–મહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણુઓ; તિવિહેણ તિ–દંડ–વિરયાણું.॥૧॥

નમોઽર્હત્– સિદ્ધાચાર્યોપાધ્યાય– સર્વ– સાધુભ્યઃ

[ કહી, કોઈ પણ સ્તવન બોલવું, અથવા 'ઉવસગ્ગહરં' નીચે પ્રમાણે કહેવું. ]

ઉવસગ્ગ–હરં–પાસં, પાસં વંદામિ કમ્મ–ઘણ મુક્કં; વિસ–હર–વિસ–નિન્નાસં, મંગલ–કલ્લાણ–આવાસં. ॥૧॥ વિસ–હર–ફુલિંગ–મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ; તસ્સ–ગહ–રોગ–મારી, દુટ્ટ–જરા જંતિ ઉવસામં ॥૨॥ ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુ–ફલો હોઈ; નર–તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં. ॥૩॥ તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતા-મણિ કપ્પપાય–વબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥ ઈઅ સંથુઓ મહા–યસ ! ભત્તિ–બ્ભર–નિબ્ભરેણ હિઅએણ; તા દેવ ! દિજ્જ-બોહિં, ભવે ભવે પાસ ! જિણ–ચંદ ! ॥૫॥

---

ફેરા ફેર ન કીજીએ, ખાન પાન ધન ધામ;
ફેર કિયો ફીકો પડે, સિજે ન કોઈ કામ. ॥૨૨॥

[પછી મસ્તકે હાથ જોડી 'જય વીયરાય' નીચે પ્રમાણે કહેવા.]

જય વીયરાય! જગ ગુરુ!, હોઉ મમં તુહ પભાવઓ ભયવં; ભવ-નિવ્વેઓ મગ્ગાણુસારિયા ઈટ્ઠફલ-સિદ્ધિ. ॥૧॥ લોગ-વિરુદ્ધ-ચ્ચાઓ, ગુરુજણ પૂઆ પરત્થ-કરણં ચ; સુહ-ગુરુ-જોગો તવ્વયણ, સેવણા આ ભવમખંડા. ॥૨॥ વારિજ્જઈ જઈવિ નિઆણ, બંધણં વીયરાય! તુહ સમયે; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ॥૩॥ દુક્ખ-ખઓ, કમ્મક્ખઓ, સમાહિ-મરણં ચ બોહિ-લાભો અ; સંપજ્જઉ મહ એઅં તુહ નાહ? પણામ કરણેણં. ॥૪॥ સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણં; પ્રધાનં-સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ॥૫॥

[પછી ઉભા થઈને બોલવું.]

અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં. વંદણ વત્તિયાએ, પૂઅણ-વત્તિયાએ, સક્કાર-વત્તિયાએ, સમ્માણ-વત્તિયાએ, બોહિલાભ-વત્તિયાએ, નિરુવસગ્ગ વત્તિયાએ, સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણિએ, ઠામિ કાઉસ્સગ્ગં.

---

બમા બાહરુ મુક્તિની, કિજે ધરમ શું હેત;
બીજા બાહરુ સહુ તજો, પામે શિવપુર ક્ષેત્ર; ॥૨૩॥

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં ભમલીએ, પિત્ત-મુચ્છાએ.

સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. એવમાઈએહિં, આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

[ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પાળી 'નમો અરિહંતાણં' કહી, 'નમોર્હત્-સિદ્ધાચાર્યો-પાધ્યાય સર્વ-સાધુભ્યઃ' બોલી, કોઈપણ જોડાની પહેલી થોય કહેવી, અથવા નીચેની થોય કહેવી. ]

વંદો ચોવીશ એ જિણંદા, કાપે કર્મોના સર્વે ફંદા;
આપે મુક્તિ મેવા અમંદા, ગાવે સુશીલ જિન વૃંદા. ૧

## ॥ ઈતિ ચૈત્યવંદન વિધિ સમાપ્તા. ॥

---

ભલા ભય જોબન સમે, મનસા રાખો ઠામ;
સીલ રતન ધર ગાંઠડી, તસકર ઈંડી જાણ. ॥૨૪॥

## શ્રી સિદ્ધાચલ તીર્થ-સ્તવનમ્

( આજ હિમાલયકી ચોટીસે, ફિર હમને લલકારા હૈ-એ રાગ )

તીર્થ સિદ્ધગિરિકા મહિમા,
જૈન શાસ્ત્રોમેં લલકારા હૈ;
સ્મરન્ કરો સ્મરન્ કરો સદા ભવિયાં ભાવે,
તીર્થ તારનહારા હૈ (૧)

જહાં પ્રભુકા ભવ્ય મંદિરો હૈ,
જિન મૂર્તિયો સુખકારા હૈ;
જહાં પધારે આદિ જિનેશ્વર,
પૂર્વ નવ્વાણું વારા હૈ;
ઉસ તીરથ પર અનંત મુનિકા,
હુઆ ભવ નિસ્તારા હૈ....
સ્મરન્ કરો-સ્મરન્ કરો (૨)

યહી મિલા હૈ ભાગ્યોદયસે,
યાત્રા કરો ભવિ પ્રાની !;
ભવ્યપનાકી છાપ લગાના,
મુક્તિકી યહી નિશાની;

---

મમા માયા પરિહરો; મમતા મૂકો દૂર;
નંદરાજા મમતા થકી, પહોતો નરગ હજુર. ॥૨૫॥

નેમિ–લાવણ્ય દક્ષ સુશીલે,
સિદ્ધાચલ પોકારા હૈ....
સ્મરન્ કરો–સ્મરન્ કરો (૩)

## સિદ્ધગિરિ મંડન શ્રી આદિ જિણંદ–સ્તવનમ્

(તુમ્હીને મુજકો પ્રેમ સીખાયા–એ રાગ) (ભીમપલાસ)

આદિ જિણંદા આદિ દીખાયા;
શાશ્વત તીર્થ શેત્રુંજ સોહાયા [ટેક]

પૂરવ નવ્વાણું વાર પધાર્યા,
રાયણ છાયા, ધ્યાન લગાયા;
તુમહી હો તીર્થરાજ તારક—
તુમહી હો તીર્થરાજ. આદિ. (૧)

અનુપમ કનક કાયા કપાયા,
કર્મ ખપાયા, કેવલ પાયા,
તુમહી હો તીર્થરાજ તારક—
તુમહી હો તીર્થરાજ. આદિ. (૨)

જગ જનરંજન વાણી સુણાયા,
ધર્મ બતાયા, તીર્થ સ્થપાયા,

---

યથા થાપ યપો સદા, આણી નિરમલ ભવ;
જાપ જપો જિનવર તણો, જેમ છુટકવારો થાય. ॥૨૬॥

તુમહી હો તીર્થરાજ તારક—
તુમહી હો તીર્થરાજ. આદિ. (૩)

અષ્ટાપદ પ્રભુ સિદ્ધ પદ પાયા,
જન્મ મીટાયા, મૃત્યુ હટાયા;
તુમહી હો તીર્થરાજ તારક—
તુમહી હો તીર્થરાજ આદિ. (૪)

નેમિ–લાવણ્ય સિદ્ધાચલ આયા,
તારક પાયા, જિણંદ ધ્યાયા,
દક્ષ સુશીલ સબ સાથ તારક—
દક્ષ સુશીલ સબ સાથ. આદિ. (૫)

## શ્રી અષ્ટાપદ તીર્થ સ્તવનમ્

(નદી કિનારે બૈઠકે આઓ, ખેલમેં જી બહલાયેં–એ રાગ)

પ્રભુ ભક્તિમેં એક તાન હોવે,
રાવણ રાણી જિન ધ્યાવે;
રાણી મંદોદરી નૃત્ય કરીને,
પગ પલ પલ ઠમકાવે. પ્રભુ. (૧)

---

૨૨૧ રીસ ન કીજીએ, રીશ કીએ તન હાંણ;
રીશ કટારી લે મરે, હિત અહિત નવિ જાણ. ॥૨૭॥

ત્રિક યોગે ઈમ નાચ કરતાં,
તાંત વીણા તુટ જાવે;
નિજ કરથી સાંધી નિજ નસને,
રાવણ વીણા ચલાવે. પ્રભુ. (૨)

દ્રવ્ય ભાવ ભક્તિ જિનવરજીકી,
ખંડિત તિહાં નવી થાવે;
તીર્થંકર પદ રાવણ બાંધી,
મન વાંછિત ફલ પાવે. પ્રભુ. (૩)

તસ સમ જે જીવ જિનવર આગે,
ભક્તિ ભાવ શુભ ભાવે;
તવ જીવ જિણંદ ભક્તિ નૌકાસે,
મુક્તિ તીરે ઝટ જાવે. પ્રભુ. (૪)

તપગચ્છનાયક નેમિસૂરીશ્વર,
અષ્ટાપદ પ્રભુ ધ્યાવે,
લાવણ્ય-દક્ષ સુશીલ સેવક,
સર્વ જિન ગુણ ગાવે. પ્રભુ. (૫)

---

લલા લાલચ દુરે કરો, ખાન પાન વસુ વેશ;
લાલચ લાગી જીવમાં; છાંડી જાય પરદેશ. ॥૨૮॥

## કદમ્બગિરિ મંડણ શ્રી આદિ જિણંદ સ્તવનમ્

(જન્મ લીયા સભી લે બંદે, કરનેકા ક્યા કામ બંદે
જીવન હૈ સંગ્રામ-એ રાગ)

આદિ જિણંદજીકો વંદે, વિબુધ વારંવાર
વંદે સુરનર વારંવાર....વંદે૦ (ટેક)
આદિ જિણંદા....આદિ જિણંદા....
આદિ હૈ ભૂપાલ-વંદે આદિ હય ભૂપાલ;
લે ઉસીકા ના....મ-વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૧]

હરિહર તું હય....બ્રહ્મા વિધાતા....
જગ ત્રાતા જગ ભ્રાતા—
વંદે જગ ત્રાતા જગ ભ્રાતા;
લે ઉસીકા ના....મ-વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૨]

ભરત ભૂપતિ.... બાહુબળીજીકો....
કીયા જ્ઞાનસે જ્ઞાતા—
વંદે કીયા જ્ઞાનસે જ્ઞાતા;
લે ઉસીકા ના....મ-વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૩]

---

સસા સંશય મત કરો, જિન ભાખ્યો પરિણામ;
સંશય માંહિ જે પડયાં જ્ઞાન વિના નવી કામ. ॥૨૯॥

બ્રાહ્મી સુંદરી.... લિપિ ગણિત....
દક્ષિણ વામ જ હાથ—
વંદે દક્ષિણ વામ જ હાથ;
લે ઉસીકા ના....મ–વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૪]

અઢાર કોડા.... કોડી સાગરસે....
બંધ જ મુક્તિ દ્વાર—
વંદે બંધજ મુક્તિ દ્વાર;
લે ઉસીકા ના....મ–વંદે સુરનર વારંવાર. (૨)
આદિ૦ [૫]

ભરતમાંહી.... પ્રથમ ખુલાયા....
મૈયા હસ્તે દ્વાર,
વંદે મૈયા હસ્તે દ્વાર;
લે ઉસીકા ના....મ–વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૬]

કદમ્બગિરિ પર.... નેમિ લાવણ્ય....
દક્ષ – સુશીલ બાલ—
વંદે દક્ષ–સુશીલ બાલ;
લે ઉસીકા ના....મ–વંદે સુરનર વારંવાર (૨)
આદિ૦ [૭]

---

પણ વિજ ન કીજીએ કોણે કહ્યું બોલ,
અરજનમાલીની પરે; જગત વધે તો તોલ. ॥૩૦॥

## માતર મંડન શ્રી સુમતિનાથ સ્તવનમ્

(કાન્હા સબકો મોહે મંગલ રૂપ તુમ્હારા...એ રાગ)

સાચા સુમતિ સોહે; માતર તીર્થ હમારા....રે;
દર્શન આનંદકારા....રે માતર૦ (ટેક)

હરિ હર બ્રહ્મા પુરંદરસ્વામી
મૂરતિ નિરંજન નિરાકાર. (૧)

મહી માંહે મહિમા અપાર,
મુગ્ધ બને ભક્ત તેરા.-સાચા. (૨)

દર્શ કરો....ધ્યાન ધરો....મન વચ કાયા;
સુશીલ મનહર પ્યારા.-સાચા. (૩)

## (૬) શ્રી વાસુપૂજ્યજિન-સ્તવનમ્

(રખીયા બંધાવો ભૈયા...એ રાગમાં)

ભવી જીવો આવો અહીંયાં,
વાસુપૂજ્ય ધ્યા....વો....રે.
ભવી૦ (અંચલી)

---

હહા હિત વંછો સદા, પગર જીવ હિતકાર;
હિત થકી હિત ઉપજે, આપે સહુ સંસાર. ॥૩૧॥

દેવલોકેથી ચવી, ચંપાપુરીએ આવી;
જયાની કુખે રહીયાં........

વાસુપૂજ્ય ધ્યા....વો....રે. ભવી૦ (૧)

વસુપૂજ્ય કુલ પાયા, વાસુપૂજ્યજી રાયા;
જન્મોત્સવ મેરુ કરૈયાં........

વાસુપૂજ્ય ધ્યા....વો....રે. ભવી૦ (૨)

ષટશત કુંવર સાથે, સ્વયમેવ સ્વ હાથે;
સંયમ રત્નને લહીયાં........

વાસુપૂજ્ય ધ્યા....વો....રે. ભવી૦ (૩)

કર્મ કટક ભગાડી, કેવલ જ્યોતિ જગાડી;
મુક્તિ મ્હેલે સુહૈયાં........

વાસુપૂજ્ય ધ્યા....વો....રે. ભવી૦ (૪)

નેમિ-લાવણ્ય શિશુ, દક્ષ સુશીલ ભિક્ષુ;
જિણંદ ગુણને ગૈયાં........

વાસુપૂજ્ય ધ્યા....વો....રે. ભવી૦ (૫)

## (૭) ગિરનાર મંડન શ્રી નેમિજિણંદ સ્તવનમ્.

(મથુરામાં ખેલ ખેલી આવ્યા, હો કા...ન ?
કયાં રથી આવ્યા—એ રાગ.)

નેમ તારું નામ પ્યારું લાગે, હો શ્યા....મ !
ગીત ગાન ગાયા. નેમ૦ [અંચલી]

સૌરીપુરીમાં જનમ્યા જિણંદજી
ઈન્દ્રાસન ડોલાયા,
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧]

સમુદ્ર કુલમાં હર્ષ ન માયા,
શિવાદેવી હુલરાયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૨]

આયુધશાળામાં શંખને ફુંકયો,
કુમળા કૃષ્ણ કરમાયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૩]

રાજ ભોગવશે કાનુડો ચીંતવે,
મનડા મહા ગભરાયા,
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૪]

નેમજીને લગ્ન માટે મનાઓ,
નિજ ગોપીઓને સુણાયા,
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૫]

ગોપીઓ નૌતમ નૃત્ય નાચીને,
નેમજીને શરમાયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૬]

લગ્નના મંડપો તૈયાર કીધા,
ઠાઠમાઠ અતિ કર દીયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૭]

વરઘોડાના વાજિંત્રો વાગ્યાં,
સાથે ઢોલ ઢહુકાયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૯]

રાજુલા નારી સખીઓની સાથે,
નેમ જોઈ વિસ્મય પામ્યા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૦]

પશુઓએ તિહાં પોકાર કીધો,
નેમ દિલમાં દુઃખ પાયા;
હો શ્યા....મ ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૧]

રથને વાળ્યો રૈવતગિરિએ,
સંયમ સહસાવન લીયા;
હો શ્યા....મ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૨]

અત્યંત શક્તિને તિહાંરે ફોરવી,
કેવલજ્ઞાન પ્રગટાયા;
હો શ્યા....મ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૩]

ઘાતી અઘાતી કર્મોને કાપી,
અજરામર પદ પાયા;
હો શ્યા....મ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૪]

નેમિ-લાવણ્ય અનુપમ મોહે,
સુશીલ વ્રત શોભાયા;
હો શ્યા....મ! ગીત ગાન ગાયા. નેમ૦ [૧૫]

## (૮) શ્રી પોસીના પાર્શ્વનાથ સ્તવનમ્.

(પૂજારી મોરે મંદિરમેં આવો-એ રાગ.)

પોસીના પાર્શ્વ પ્રભુજીકો પાવો;
પોસીના પાર્શ્વ પ્રભુજીકો પાવો. (અંચલી)
પાર્શ્વ પ્રભુકી ભાવ ભક્તિમેં;
ભવિક ભાવ જગાઓ—પોસીના૦ [૧]

કર જોડકે કરો પ્રાર્થના,
ભક્તિ સુધા વરસાવો;
આત્માસે કર્મો દૂર કરકે તુમ,
કેવલ જ્યોત જગાવો—પોસીના૦ [૨]

હમ મન નિત મોહે જ્યું પ્રભુજી,
હૃદયે જિન ધ્યા....વો....
અંતર દૂર ન થાય જિનસે,
ઐસી પ્રીત મિલાવો—પોસીના૦ [૩]

પાર્શ્વ સેવક હૈ પાર્શ્વ પ્રભુ તુમ,
સર્પ લાંછન સોહાવો;
પાર્શ્વ પ્રભુકી મૂરતિ પ્યારી,
પૂજો ઔર પૂજાવો—પોસીના૦ [૪]

નામ સમરત હૈ સુર નર તુમ,
પુરુષાદાની કહાવો;
નેમિ-લાવણ્યકો પાર્શ્વજ પ્યારા,
સુશીલ દિલે વસાવો—પોસીના૦ [૫]

## (૯) શ્રી પાર્શ્વનાથ સ્તવનમ્.

( મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા...એ રાગ. )

પ્યારી લાગે છે મને પાર્શ્વની ઉપાસના,
કાપે એ કર્મ તમામ રે....
પહોંચાડે મુક્તિ મહેલમાં. પ્યારી૦ [૧]

પગલે પગલે તારી ઉપાસના કરવા,
આવે છે સુર નર સ્વામ રે....
પહોંચાડે મુક્તિ મહેલમાં. પ્યારી૦ [૨]

પુરુષાદાની પ્રભુ પાર્શ્વને આરાધો,
સફળ થશે સૌ કામ રે....
પહોંચાડે મુક્તિ મહેલમાં. પ્યારી૦ [૩]

પાંચમા આરામાં પ્રભુ પાર્શ્વની ઉપાસના,
વાંછિત પૂરે તમામ રે....
પહોંચાડે મુક્તિ મહેલમાં. પ્યારી૦ [૪]

નેમિ-લાવણ્ય-દક્ષ સુશીલ સેવકો,
કરે ઉપાસના સ્વામ રે....
પહોંચાડે મુક્તિ મહેલમાં. પ્યારી૦ [૫]

## (૧૦) શ્રી પાર્શ્વજિણંદ સ્તવનમ્.

( તું રામ ભજન કર પ્રાની...એ રાગ. )

તું પાર્શ્વ પૂજન કર પ્રાણી !
જીસે મુક્તિ મિલે સુખ ખાની. (આંકણી)

આધિ વ્યાધિ ઉપાધિ તેરી,
ઓર જન્મ મરણ મહા ફેરી;
સબહી દૂર થાની- તું પાર્શ્વ૦ (૧)

સગાં સંબંધી સબ હૈ સ્વાર્થી,
જગમેં ન કોય કિસીકા સાથી;
ધન દોલત ભી ન સાથ આવેગી,
હો જાયે સબ ફાની–તું પાર્શ્વ૦ (૨)

જીવનકા ભી નાહીં ભરોસા,
દેખ લે તું દુનિયાકા તમાસા,
નહીં હય કુઈ ભી સાર કીસીમેં,
વહી જાયે જિંદગાની–તું પાર્શ્વ૦ (૩)

ચેત ચેત ચેતન ! અબ તુહી,
વિલંબ ન કર ક્ષણ ભર તુહીં;
આયુષ દોરી જો તુટ જાયેગી,
ન મિલે પુરુષાદાની–તું પાર્શ્વ૦ (૪)

નેમિ-લાવણ્ય સૂરીશ્વરજીકા,
દક્ષ-સુશીલ સેવક જિનજીકા;
સ્મરણ કરાતા હૈ તુમહીકો,
ભક્તિ ભાવ દિલમેં આની-તું પાર્શ્વ૦ (૫)

## (૧૧) શ્રી પાર્શ્વજિણંદ-સ્તવનમ્.

(મન સાફ તેરા હૈ, યા નહી પૂછ લે જીસે...એ રાગ.)

પ્રભુ પાર્શ્વ પ્યારા હૈ, અમ પ્રાણ અધિકસે;
અન્ય કોઈ નહીં હૈ, અધિક જન ઈસીસે.
ભજુ મૈં ખુશીશે, નાહી ભ્હીક કીસીસે. (ટેક).

મોહરાજકી સેનાસે, અબ તો નાહીં ડરેગે;
ક્રોધ-માન-માયા-લોભકા, કચ્ચરઘાન કરેગે.
હરુંગા અબ આત્મ ધન, એહી અરીસે. (૨)
અન્ય૦ પ્રભુ૦ [૧]

વોહી આત્મ ધન બઢા-કર કે બઢાકર,
જીવન જ્યોતિ અજબહી-ઉસકો જગાકર;
દેખેગા જબ ભાવ સબ, આત્મ જ્યોતિસે. (૨)
અન્ય૦ પ્રભુ૦ [૨]

સંસાર સિન્ધુ તરકે, મુક્તિ પુર પહોંચેગા;
વહાં મોજ મજા ખુબ સદા, હમ પાવેગા,
**સુશીલ** પ્રભુ મિલતે હૈ, મુક્તિપુરીસે (૨)
અન્ય૦ પ્રભુ૦ [૩]

## (૧૩) પાવાપુરી મંડન શ્રી વીર જિણંદ સ્તવનમ્.

(મૈં બનકી ચીડિયા બનકે બન બન બોલું રે—એ રાગ)

મૈં પાવાપુરી વીરમંદિર નિશદિન જા–વું–રે,
મૈં વીરકા દર્શન કરકે હર્ષિત થા–વું–રે;
મૈં ચાલ ચાલ ઈહાં આવું,
નહીં અન્ય સ્થાનમેં જાવું,
વીર વ્હાલ વ્હાલ, મૈં પ્યાર પ્યાર,
તુમ વીન દૂસરે ન ધ્યાવું;
વીર ગુણ ગા–વું–રે. મૈં પાવાપુરી૦ [૧]

મૈં મનહર મૂરતિ વીર જિનેશ્વર પા–વું–રે;
મૈં ધ્યાન ઉસીકા ધરકે નિરમલ થા–વું–રે;
મૈં આલપાલ વીર પાવું,
નહીં ઉસ બિના મૈં ખાવું;
દુઃખ ટાલ ટાલ, સુખ આલ આલ,
તુમ વિન દૂસરે ન ધ્યાવું;
વીર ગુણ ગા–વું–રે. મૈં પાવાપુરી૦ [૨]

મૈં નેમિ લાવણ્ય દક્ષ સુશીલ;
સેવક થા-વું-રે;
મૈં વીર શાસનકી સેવા,
નિશદિન પા....વું....રે;
મૈં બાલ કાલ છટકાવું,
નહીં ભવ ભાલ ભટકાવું;
મૈં તાર તાર, કર ન્યાલ ન્યાલ,
તુમ વિન દૂસરે ન ધ્યાવું;
વીર ગુણ ગા....વું.... મૈં પાવાપુરી. [૩]

## (૧૪) શ્રી વીર-ગૌતમ સ્તવનમ્.

(બન ચલે રામ રઘુરાઈ, ઔર સંગ જાનકી માઈ—એ રાગ.)

વીર ચલે શિવપુર ભાઈ!
દેવ દેવેન્દ્ર સબ આઈ;
ગૌતમ બાત સુણાઈ. વીર ચલે૦ ૧

વીર ગમન ગૌતમ સુણીને,
આંસુ ધારા બહાઈ;
વીર વીર સ્મરતાં ઈન્દ્રભૂતિને,
વીતરાગતા દીખાઈ;
સ્નેહ સાંકળ પ્રભુ સાથ તોડી,
કેવલ જ્યોતિ જગાઈ. વીર ચલે૦ ૨

જન્મ મરણ ફેરી મીટાકર,
પામ્યા મુક્તિ ઠકુરાઈ;
**નેમિ-લાવણ્ય સુશીલ** ગાવત,
વીર-ગૌતમ સાંઈ. વીર ચલે૦ ૩

## (૧૫) શ્રી વીર જિણંદ-સ્તવનમ્.

(દૂર દેશકા રહને વાલા, આયા દેશ પરાયે--એ રાગ.)

વિશ્વ જીવકો તારને વાલા, વિભુ વીર કહાયે
જગમેં જીસકી જોડ નહીં હૈ, દેવાધિદેવ મનાયે
વિભુ વીર કહાએ,—વિશ્વ જીવકો૦ (અંચલી)

ખલકમેં તસ મૂરતિ હૈ અણમોલી,
ધ્યાવે સુર નર અંતર પટ ખોલી;
આત્મ ગુણકો વિકસાયે.
વિભુ વીર કહાએ, વિશ્વ જીવકો૦ [૧]

મુદ્રા, અતિ સુંદર સોહી રહી હૈ,
મુક્તિ પંથકો બતા રહી હૈ;
પ્રભુકા ખ્યાલ કરાયે.
વિભુ વીર કહાએ, વિશ્વ જીવકો૦ [૨]

આત્મ મુસાફીર વીર ભયા, કર્મ તોડ દીયા;
પાયા કેવલજ્ઞાન, જગકો દેખ લીયા;
મુકિતકે સુખ પાયે.
વિભુ વીર કહાએ, વિશ્વ જીવકો૦ [૩]

જન્મ મરણ મિટ ગયા, અમર હુઆ,
**નેમિ-લાવણ્ય-દક્ષ** તેરા, **સુશીલ** હુઆ;
વીર પાયે ગુણ ગાય, દાસ આયે વીર ધ્યાયે.
વિભુ વીર કહાયે, વિશ્વ જીવકો૦ [૪]

## (૧૬) વીરની વાણી. ( ગહૂંલી રૂપે ).

( ભૂલવા મને કહો છો, સ્મરણો ભૂલાય કયાંથી ?...
એ રાગમાં. )

મધુરી મીઠી એ વાણી, વીરની ભૂલાય કયાંથી ?
ગુણ રત્ન કેરી ખાણી, જિનની ભૂલાય કયાંથી ?
(ટેક.)

ભમતા ભવિ જીવોના, ભવ વ્યાધિઓને ટાળી;
દે મુકિત મિષ્ટ મેવા, વિભુની ભૂલાય કયાંથી ?
—મધુરી૦ [૧]

દેવલોક વાસી દેવો, વૈભવ બધા તજીને;
આવે એ વાણી સુણવા, પ્રભુની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૨]

જન્મોના વૈરી પ્રાણી, સાથે બેસીને સુણતા;
સ્વભાષામાં સર્વે સમજે, સ્વામની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૩]

અનુપમ મીઠાશ જાણી, સ્વમાન તજી સુધાએ;
દેવલોકે વાસ કીધો, નાથની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૪]

સાકર નિરાશ થઈને, પશુ ચાવતા એ તરણાં;
શરણું જ તેનું લીધું, દેવની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૫]

શરમાઈ દ્રાક્ષ મીઠી, વનવાસ તેણે લીધો;
પીલાઈ ઈક્ષુ યંત્રે, પૂજ્યની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૬]

એ વીર વાણી આગળ, ગળ્યા સર્વેના ગર્વો,
ત્રિકાળી ભાવ ભાખે, જ્ઞાનીની ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૭]

નેમિ-લાવણ્ય સૂરિ. દક્ષ સુશીલ વીરની;
વાણી સુહાવે સારી, અહો ? એ ભૂલાય ક્યાંથી ?
—મધુરી૦ [૮]

## (૧૭) શ્રી વીરજિણંદ-સ્તવનમ્.

( અબ તેરે સિવા કોન મેરા કૃષ્ણ કનૈયા...એ રાગમાં.)

વીર ! તેરે બીના, કોઈ નાહીં સહાય જણૈયા,
ભગવાન ભવાબ્ધિસે તરાદે મેરી નૈયા. (૨)
વીર તેરે૦ [૧]

મેરે જીવનકી નૈયા, કરમોને ઘેર લી,
ઔર આત્મકી કલિયા, કરમોને લૂંટ લી;
જ્હોહી કલીયા દીલાકર, મોરી તાર જ્હો નૈયા.
ભગવાન ભવાબ્ધિસે તરાદે મેરી નૈયા. (૨)
વીર તેરે૦ [૨]

મુક્તિ કિનારે મેરી, નૈયા કો પહોંચા દો,
ઓ નાથ ! હમેરી, એહી આશા કો પૂરા દો;
કહતા હું બાર બાર, ઓ સુશીલ કે સૈયા.
ભગવાન ભવાબ્ધિસે તરાદે મેરી નૈયા. (૨)
વીર તેરે૦ [૩]

## (૧૮) શ્રી વીર જયંતિ-સ્તવનમ્

(દીવાલી ફીર આ ગઈ સજની—એ રાગ.)

જયંતી દિન આ ગયા વીરકા,
ત્રિશલા નંદન ભજ લે હાં હાં;
આઓ સહુએ વીર જિન પાયેં;
કલ્પતરુ મિલા રે. .......જયંતી૦ [૧]

હીલમીલ હીલમીલ સેવો ભવિયાં,
ભાગે ભવ દુઃખીયા રે;
વીરકો જપતે જપતે હોવે,
આતમકો ઉજીયારે. ....જયંતી૦ [૨]

ચૈતર શુદ તેરસ દિન ઉજવો,
વીર જનમ જયકારા;
મનવાંછિત ફલ શિવ સુખ પાવો,
આનંદ મંગલકારા;
**નેમિ લાવણ્ય દક્ષ-સુશીલ**કા,
મહાવીર કો ગુણ ગા લે ....જયંતી૦ [૨]

## (૧૯) શ્રી સિદ્ધચક્ર ભગવંત-સ્તવનમ્

(કાલી કમલી વાલે તુમસે લાખો સલામ...એ રાગ.)

નવપદને સેવો ભવિયાં! તારણહાર,
....ભવિયાં! તારણહાર. (ટેક.)

પહેલે પદ શ્રી અરિહંત ધ્યાવો,
વર્ણ સ્ફટિક નિરમલ પાવો,
વંદો વારંવાર—ભવિયાં૦ નવપદ૦ ૧.

સિદ્ધ આરાધન બીજે કરીએ,
રક્ત વર્ણ પ્રભુજીનો ભણીયે;
લેવા મોક્ષ દુવાર—ભવિયાં૦ નવપદ૦ ૨.

આચારજ ત્રીજે અનુસરીએ,
સોવન સમ તસ વર્ણ ધરીયે;
સુણીયે પ્રવચન સાર—ભવિયાં૦ નવપદ૦ ૩.

ઉપાધ્યાય ચોથે પદ ધ્યાવી,
મહાગુણી નીલ વર્ણ સોહાવી;
ગણીયે મંગલમાલ—ભવિયાં૦ ....નવપદ૦ ૪.

સાધુપદ પંચમ દીન ધારો,
શ્યામ વર્ણ અનુપમ સારો;
ચાહો ચારિત્રાચાર-ભવિયાં૦ ....નવપદ૦ ૫

છઠ્ઠે દર્શન દરશન કારી,
સાતમે જ્ઞાન પદ કેવલધારી;
સંયમ-મનોહાર-ભવિયાં૦ ....નવપદ૦ ૬

નવમે તપ પદ મંગલધામી,
અષ્ટકર્મ અભ્યંતર દામી;
શુકલ ચાર ઉજમાલ-ભવિયાં૦ ....નવપદ૦ ૮

અઠ્ઠાઈ ચૈતર-આસો માસે,
નવપદ ધ્યાવો ભવિજન હોંશે;
કાપે કષ્ટ અપાર-ભવિયાં૦ ....નવપદ૦ ૮

સિદ્ધચક્રનું પૂજન કરતાં,
શ્રીપાલ મયણા હૃદયમાં ધરતાં;
પામ્યા શિવપદ સાર-ભવિયાં૦ ....નવપદ૦ ૯

**નેમિ લાવણ્યસૂરીશ્વર હેતે,**
**દક્ષ સુશીલ** સેવક બહુ પ્રીતે;
ધ્યાવે નવપદ આજ-ભવિયાં૦ ....નવપદ૦ ૧૦

## (૨૦) શ્રી સીમંધર સ્વામી-સ્તવનમ્

(પારેવડા જાજે વીરાના દેશમાં...એ રાગ)

ચાંદલીઆ ? જાજે મારા વિદેહમાં (૨)
થાભજે કહેજે સંદેશમાં. ચાંદલીઆ૦ ૧

સ્વામી સીમંધરા ? આપના દર્શનાથે;
સેવકની વાંછા છે પ્રાણુમાં. ચાંદલીઆ૦ ૨

પણ નથી પાંખો કે, ઉડી ને આવે;
તેથી સંદેશ કીધો સાથમાં. ચાંદલીઆ૦ ૩

કોટી વંદન તેહનાં, સ્વીકારજો સ્વામી;
યાદ કરજો કોઈ સમયમાં. ચાંદલીઆ૦ ૪

સુશીલ સેવક તે, આગામી ભવને;
ચાહે છે આપશ્રીની પાસમાં. ચાંદલીઆ૦ ૫

## (૨૧) જૈન ધર્મને કલ્પવૃક્ષની ઉપમા.

(ગઝલ...એ રાગમાં.)

જિનેશ્વર દેવનો ધર્મ,
સનાતન સહુથી મોટો છે;
સુરતરુની ઉપમા તેને,
ઘટે સર્વાંશે સાચો છે....જિનેશ્વર૦ ૧

સત્યના સ્થિર પાયા પર,
સર્વદા તે અધિષ્ઠિત છે;
વિનય ને ભકિત મૂળ તેનું,
અહિંસા પ્રાણ વ્યાપક છે....જિનેશ્વર૦ ૨

ઉત્તમ જ્ઞાન દેહ વ્યાપી,
જીવન તંતુઓ તેના છે;
અચલ નિર્મલ શ્રદ્ધામય,
મજબૂત થડ તેનું છે....જિનેશ્વર૦ ૩

ઉપશમ વિવેક સંવર,
તેની શાખાઓ બૃહદ્ છે;
ષડાવશ્યક પત્રોની,
અત્યંત નિબીડ ઘટા છે....જિનેશ્વર૦ ૪

તેમાં લીન સાધુ પક્ષીઓ,
નિરંતર તેને સેવે છે;
કેવલધારી સર્વ સર્વજ્ઞો,
સુગંધી પુષ્પો તેનાં છે....જિનેશ્વર૦ ૫

અનુપમ મુકિતના મેવા,
સુમધુર ફળ તેનાં છે;
પંચ મહાવ્રત જળથીએ,
સદા સિંચિત સિંચિત છે....જિનેશ્વર૦ ૬

પંચાચાર રસકસથી,
અજબ ફાલ્યો ફુલ્યો તે છે;
શીલ તણા વજ્ર કવચથી,
સુંદર સુરક્ષિત તેહી છે....જિનેશ્વર૦ ૭
સમિતિ ગુપ્તિ માતાઓ,
સદા દેખરેખ રાખે છે;
મુક્તિ પિપાસુ પાન્થિકો,
તેની છાયામાં બેસે છે....જિનેશ્વર૦ ૮
ત્રણે કાળે અબાધિત તે,
અપ્રતિહત અનુપમ છે;
સદા હિતકર ક્ષેમકર,
સેવક વાંછિત પૂરક છો....જિનેશ્વર૦ ૯
**નેમિ-લાવણ્યસૂરીશ્વરજી**,
ત્રિકરણ યોગે સેવે છે;
**દક્ષ-સુશીલ** અમ આત્મા,
ભવોભવ તે ધર્મ ચાહે છે....જિનેશ્વર૦ ૧૦

## (૨૨) જિનવાણીની મહત્તા.

( ગઝલ—એ રાગમાં )

જીનેશ્વર દેવની વાણી,
સકળ સંશય હરનારી;
ભવ સાયર તારિણી,
ચતુર્વિધ સંઘ મનોહારી....જિનેશ્વર૦ ૧

સર્વ સંતાપ હારિણી,
મિથ્યાત્વોચ્છેદ કરનારી,
મોહ તિમીર નાશિની,
વૈર વિરોધ વમનારી....જિનેશ્વર૦ ૨

ક્રોધાનલોપ – શામિની,
કદર્પ દલ દળનારી;
કુબુદ્ધિ નિવારિણી,
સુબુદ્ધિ સદ્બોધ દાતારી....જિનેશ્વર૦ ૩

કલિમલ પ્રલયિની,
ઇંદ્રિય વૃંદ દમનારી;
મન્મથ સ્થંભિની,
રાગ દ્વેષાદિ જીતનારી....જિનેશ્વર૦ ૪

સમ્યક્ત્વ શુદ્ધ દાયિની,
દર્શન જ્ઞાન દેનારી;
ચારિત્રાઽઽચાર સ્થાયિની,
સર્વોત્તમ ધર્મ કહેનારી....જિનેશ્વર૦ ૫

કહે સદ્કર્ણામૃત શ્રાવિણી,
મધુર પીયૂષ પાનારી;
યોજન ગામી વિસ્તારિણી,
ભવિક ઓતપ્રોત થાનારી....જિનેશ્વર૦ ૬

સમગ્ર દોષ વારિણી,
ચાર અનુયોગ વદનારી;
ગણધર સૂત્રે ગુંથાણિ,
સુંદર અર્થ કથનારી....જિનેશ્વર૦ ૭
અહિંસા સૂત્ર ભાષિણી,
જગત જન્તુ વશકારી;
સર્વ ભાષા પરિણામિની,
પાંત્રીશ ગુણે શોભનારી....જિનેશ્વર૦ ૮
ઉત્પાદ– વ્યય – ધ્રુવાણિ,
સ્યાદ્વાદ શૈલિ અનુસારી;
સર્વાંગમોદ્ગારિણી,
નિશ્ચય વ્યવહાર ભજનારી....જિનેશ્વર૦ ૯
મોક્ષ માર્ગ પ્રકાશિની,
જનમ મરણ મારનારી;
સ્વર્ગાપવર્ગદાયિની,
દુર્ગતિ દુઃખ ભાગનારી....જિનેશ્વર૦ ૧૦
**નેમિ-લાવણ્યસુરીશની,**
જીવન નૈયાને તારનારી;
**દક્ષ-સુશીલ** સેવકની,
કરમ કટક કાપનારી....જિનેશ્વર૦ ૧૧

## (૨૩) જૈન ધર્મ

(ધીરે ધીરે આરે બાદલ...એ રાગમાં)

સારો સારો લાગે....ધર્મ તારો તારો રે.
જોતાં જિનવર! હૈડું હર્ષે, (૨)
આતમ ગુણ જાગે રે........સારો સારો૦ (૧)

સાચો સનાતન તે સદા છે, દુઃખ હરનારો;
દેવો પણ જેને નમે...., જીવન આધારો. (૨)
સારો સારો૦ (૨)

અહિંસા તપ-ચરણ-, રૂપ એ ધર્મ શરણ,
ચાહું સુશીલ હું તે, માગું ભવાંત હું તે;
જોતાં જિનવર! હૈડું હર્ષે, (૨)
મુક્તિ સુખ દેવે રે........સારો સારો૦ (૩)

## (૮) અષ્ટપ્રકારી પૂજાના દુહા

(૧ જલપૂજા કરતાં બોલવાનો દુહો)

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧

જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ હોયે ચકચૂર. ૨

(૨ ચંદન પૂજા કરતાં બોલવાનો દુહો)

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ-રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજા અરિહા અંગ. ૧

(૩ પુષ્પ પૂજા કરતાં બોલવાનો દુહો)

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત-સંતાપ;
સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમક્તિ છાપ.

(૪ ધૂપ પૂજાનો દુહો)

ધ્યાન ઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ;
મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ-સ્વરૂપ.

(૫ દીપક પૂજાનો દુહો)

દ્રવ્ય દીપ સુવિવેકથી, વામ નયન જિન ધૂપ,
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક.

(૬ અક્ષત પૂજાનો દુહો)

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ.

(૭ નૈવેદ્ય પૂજાનો દુહો)

અણહારી પદ મેં કર્યાં, વિગ્ગઈ ગઈય-અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત.

(૮ ફૂલ પૂજાનો દુહો)

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ.

(ચામર વીંઝતાં બોલવાનો દુહો)

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે,
જઈ મે ધરી ઉત્સંગે, ઈન્દ્ર ચોસઠ મલિયા રંગે;
પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા.

## ૪૮ વરસે ગુરુજી પધાર્યા....

રચયિતા :–સેવંતિલાલ જેઠાલાલ શાહ ચાણસ્મા

દોહરા (કાઠિયાવાડી)

શ્રી ભટેવાપાર્શ્વની શીતળ છાયામાં વરતે જયજયકાર
ઘણા વરસે ગુરુજી પધારિયા, ચાણસ્મા નગર મોઝાર. ૧

ધન્ય માતા ચંચળ બાઈને, ધન્ય પિતાશ્રી ચતુરભાઈ;
શાસનદીવો પ્રગટાવીઓ, ચાણસ્મા ધન્ય થાઈ. ૨

ધન્ય ધન્ય ચાણસ્મા નગરને, જિહાં સંયમનો નહીં પાર;
નેવું દીક્ષાઓથી શોભતું, એવું આ ચાણસ્મા ગામ. ૩

ચાણસ્મા ગાજી રહ્યું, રૂડા ચાતુર્માસ;
પ્રેમે ગુરુજી પધારીયા, સહુ સંઘને હરખ અપાર. ૪

દક્ષ સૂરિ ગુરુ રાયના, લઘુ ભ્રાતા ગુણવાન;
જન્મભૂમિ પાવન કરી, વરસ અડતાલીસ બાદ. ૫

શાસન સમ્રાટસૂરીશ્વરા, શ્રી નેમિસૂરિ ગુરાય;
લાવણ્ય દક્ષ સુશીલનો, શાસનમાં જય જયકાર. ૬

(ગીત-બાર બાર વરસે)

અડતાલીસ વરસે ગુરુજી પધારિયા,
જન્મભૂમિ પાવન જી હો. (૧)

શિષ્ય રત્નોને સાથે લઈ આવિયા (૨)
શાસનની મોરલી બજાવી જી હો. (૨)

ચાતુર્માસમાં ડંકો વગાડયો (૨)
નરનારી હરખાયા જી હો. (૩)

બાલ્યવયે આપે સંસાર વગાડયો (૨)
સંયમની પાટ દીપાવી જી હો. (૪)

શાસનદેવો હું વિનંતિ કરું છું (૨)
સુશીલસૂરિજી ઘણું જીવો જી હો. (૫)

નેમિ લાવણ્ય દક્ષ સૂરિજીના લાડલા (૨)
સુશીલસૂરિ ગુરુરાજ જી હો. (૬)

## ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ગવાયેલ સ્વાગત ગીત

રચયિતા :-સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજી

આવો પધારો સૂરિરાય
અમારાં દિલડાં ડોલે રે
સ્નેહે સ્વીકારો સન્માન
અમારા મનડા બોલે રે....

પિતા ચતુરને માતા ચંસળના, દક્ષ સુશીલને રવીન્દુ પ્રભા
બન્યા બાલ્યવયે અણગાર...અમારા.

ગોહુઠ ભાઈ બન્યા વૈરાગી માત-તાતની અનુમતી માગી,
તેર વર્ષે બન્યા અણગાર....અમારા.

શાસન સમ્રાટની પાટ દિપાવે, લાવણ્ય સૂરિની આજ્ઞા ઉઠાવે
બન્યા દક્ષના પટ્ટધર....અમારા.

સુશીલ નામ શોભાવતા રે, રાજસ્થાનના દીપક બન્યા જે
બન્યા શાસન શણગાર....અમારા.

ગુરુકૃપાએ શાસ્ત્રને પામ્યા, શાસન પ્રભાવના અગણિત કરતા
બન્યા આચાર્ય સૂરિરાય....અમારા.

જન્મભૂમિએ પાવન કરવા, અડતાળીસ વર્ષે આંગણે આવ્યા
સંઘના હૈયાં ઉભરાય....અમારા.

રત્નત્રયીની આરાધના કરતા, એકસો આઠ ગ્રંથની માલા ગુંથતા
આચાર્ય સુશીલસૂરિ રાય....અમારા.
૨૦૩૬ની સાલે, બાંધવ બેનડીની પ્રથમ ચોમાસુ
રત્ન ગાવે ગુણગાન....અમારા.

## જન્મ દિવસે ગવાયેલ ગીત

(તર્જ-એક લાલ દરવાજે તંબુ તાણીયા રે લોલ)

રચયિતા :-સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજી

સુશીલ નામથી મરુધર દેશ ગાજિયો રે લોલ
સુશીલ નામનો ડંકો શાસનમાં વાગીયો રે લોલ
બાલ્યવયમાં સંયમ સ્વીકારે, લાવણ્યસૂરિ ગુરૂ પાસે
સુશીલવિજય નામ ધરાવે લીન બને જ્ઞાનાભ્યાસ
એ તો વિદ્વાન એવા બન્યા જેથી જગમાં બધે પંકાયો
સુશીલ નામથી....
શાસ્ત્રવિશારદ પદ પાવે સાહિત્યમાં નિપુણ થાયે
કવિમાં ભૂષણ કહેવાયે અવનવા ગ્રંથો છપાવે
એને આચાર્યપદ દિપાવ્યું જેથી જગમાં બધે પંકાયો
સુશીલ નામથી....
જૈન ધર્મ દિવાકર સોહે તીર્થ પ્રભાવક મન મોહે
રાજસ્થાન દીપક કહેવાયે તત્ત્વ ચિંતક પદથી પાયે
એ તો મરુધર દેશોદ્ધાર પદથી જગમાં બધે પંકાયો
સુશીલ નામથી....

સોરઠ ગુર્જર મહારાષ્ટ્રે વિચાર્યા મરુદ્ધર મેવાડે
ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયે તીર્થોમાં પ્રભાવિક પાયે
એ તો કાર્યો એવા કરતા જેથી જગમાં બધે પંકાયો
સુશીલ નામથી....

સદ્ગુણતા રવિ પ્રકાશે સુયશતા પદ્મ વિકસે
ભવ્ય જીવોને બોધ આપી સંસારથી અભય અપાવે
ત્રણ રત્નોની માળા પહેરવી કરે શિવવધૂના જ્ઞાતા
સુશીલ નામથી....



સમાપ્ત

卐 ॐ ह्रीँ अर्हँ नमः 卐

# શ્રી ભટેવા પાર્શ્વ પ્રભુની

# સચિત્ર

# ઇતિહાસની ઝલક

ॐ ह्रीँ अर्हँ नमः

# श्री પાર્શ્વજીન-જીવન સૌરભ 卐

• સચિત્ર •

## વિભાગ-૨

## દ્રવ્ય-સહાયકોની નામાવલિ:

૭૦૧. શાહ રીખવચંદ કેવળચંદ
(પીપળવાળા, મુંબઈ)

૭૦૧. શાહ રાયચંદ હરીચંદ ભીવંડી

૫૦૧. પંડીત શ્રી જેશીંગલાલ ચુનીલાલ

૫૦૧. શાહ કેશવલાલ રવચંદ મુંબઈ

૫૦૧. શાહ છોટાલાલ મોહનલાલ મુંબઈ

૫૦૧. શાહ કાલીદાસ વાડીલાલ અમદાવાદ
હા. અશ્વીનકુમાર

૫૦૧. શાહ હઠીસીંગ ખુબચંદ

૫૦૧. શાહ કાંતિલાલ મોતીચંદ

# આમુખ

શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ અલૌકિક છે. એ પ્રભુના પાવન પ્રતાપે શ્રી ચાણસ્મા સંઘમાં પણ આનંદ-ઉલ્લાસ સાથે ધર્મનું વાતાવરણ સદા મઘમઘતું રહે છે.

સં. ૨૦૩૬નું ચાતુર્માસ પણ એ રીતે યાદગાર બની રહ્યું. પૂ. આ. દેવશ્રીના પાવન પગલાં અત્રે થયા બાદ અનેકવિધ આરાધનાઓ, શ્રી પર્યુષણપર્વની નાની મોટી અનુપમ તપશ્ચર્યાઓ અને ઉત્સવ-મહોત્સવોથી ચાતુર્માસ કેવી રીતે પૂર્ણ થયું તેની પણ જાણે ખબર ન પડી.

પ્રગટ પ્રભાવી શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના ઈતિહાસનું વર્ણન કરતા આ પુસ્તકમાં બધા પ્રસંગો સચિત્ર પ્રગટ કરવામાં આવે તો અનેક ભવ્યાત્માઓને બોધીબીજનું કારણ બને એમ વિચારી આ પુસ્તકના બીજા વિભાગમાં પ્રસંગાનુરૂપ તે ચિત્રો પ્રગટ કરવાનું નક્કી કરી ભાગ્ય-શાળીઓ સમક્ષ તે વિચાર રજૂ કરતાં ઉત્સાહપૂર્વક આ વાત તેઓએ વધાવી લઈ ખર્ચની વ્યવસ્થા ઉપાડી લેતાં આ કાર્ય સાહજિક બની ગયું.

જેથી તાત્કાલિક ૪૫ બ્લોકો ભમતિમાં દોરાયેલ પટના બનાવ્યાં જેનો આ બીજા વિભાગમાં ચાર પ્રકરણ પાડી ચિત્રવાર પરિચય આપ્યો છે. જેના વાંચન દ્વારા વાચકો શ્રી ભટેવાજી પ્રભુના ચમત્કારનો સાક્ષાત્કાર કરી પ્રભુ ભક્તિમાં સ્થિરતા પ્રાપ્ત કરો એજ શાસનદેવને પ્રાર્થના. **પ્રકાશક.**

# સચિત્ર-વિભાગ-૨

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ચિત્ર પરિચય | પા. ૧ થી ૧૦ |
| ચિત્રો | પા. ૧ થી ૪૮ |
| ચાતુર્માસની યાદગાર તવારીખો | પા. ૧ થી ૪૮ |
| ભાવભર્યો પત્ર | પા. ૪૯ થી ૫૬ |


સવંત ૨૦૩૬ ના ચાતુર્માસમાં અનેક વિવિધ તપશ્ચર્યા પર્યુષણ પર્વની આરાધના પૂજ્ય ગુરુદેવની ભાગ્યશાળીઓના ત્યાં પધરામણી-ભવ્ય મહોત્સવો આદી અનેક રીતે દીન-પ્રતિદીન ચઢતા પરિણામે થયાં.

ભવ્ય જિનાલય-ચમત્કારી પ્રતિમા અને તેમાં ભમતિમાં પાર્શ્વજીન પ્રભુના ઉત્પત્તિનો આબેહૂબ ચિત્તાર જોતાં તેને "શ્રી પાર્શ્વજીન જીવન સૌરભ" પુસ્તિકામાં ચિત્ર રૂપે કેમ ન લેવો.

તેવું વિચાર્યું તો ભાગ્યશાળીઓએ તુરત જ ખર્ચની વ્યવસ્થા કરી આપતાં તેના ૪૫ ફોટા લીધા, તેના બ્લોક તાત્કાલીક બનાવવા અમદાવાદ મોકલ્યા અને ઝડપથી બ્લોકો બનીને આવી ગયા. પુસ્તકમાં ચાર પ્રકરણ પાડી ગોઠવ્યા છે. વિભાગ-૨ માં તેની સમજૂતી આપી છે.

# શ્રી ભટેવા પાર્શ્વ પ્રભુની સચિત્ર ઈતિહાસની ઝલક

## 卐 ચિત્ર–પરિચય 卐

### – પ્રથમ પ્રકરણ –

૧ અંગદેશની રાજધાની, ચંપાનગરીના રાજા પ્રજાપાલ, તથા મંત્રી બુદ્ધિસાગર, ઘોડાની પસંદગી કરે છે.

૨ ઘોડાની ખરીદી કર્યા પછી રાજા અને મંત્રી ઘોડાની ચાલ પારખવા જંગલ તરફ પ્રયાણ કરે છે.

૩ ઉલટી ચાલના ઘોડાઓ રાજા અને મંત્રીને દૂરદૂર જંગલમાં લઈ જાય છે. થાકીને લોથપોથ થયેલા રાજા અને મંત્રી રાત્રિ પડતાં એક વૃક્ષ નીચે સુઈ જાય છે. રાજાને સૂઈ જવાનું કહી મંત્રી પહેરો ભરે છે. ત્યાં સંગીત સંભળાય છે.

૪ બન્ને સંગીતની દિશા તરફ જાય છે.

૫ સંગીત–દિશામાં પહોંચી શ્રી નરઘોષ મુનિનો થયેલ કેવળજ્ઞાનનો દેવો દ્વારા થતો ઉત્સવ જોયો. રાજા અને મંત્રી વંદન કરી હાથ જોડી દેશના સાંભળવા બેસે છે. દેશના–શ્રવણ બાદ પ્રભુ–પૂજન વિના અન્ન–જળ ન લેવાનો કેવળી ભગવંત પાસે અભિગ્રહ લે છે.

૬ દેશના–શ્રવણ બાદ રાજા–મંત્રી આવ્યા હતા તે જ રસ્તે પાછા ફરી મૂળ સ્થાને આવી સૂઈ જાય છે.

૭ રાત્રિ પસાર કરી સવાર થતાં મંત્રી રાજાને ફળાહાર કરવા આગ્રહ કરે છે. પ્રતિજ્ઞા–પાલન માટે રાજા સ્પષ્ટ ઈન્કાર કરે છે.

૮ રાજધાનીનો માર્ગ શોધવાને બહાને મંત્રી, મળી આવેલા સરોવરમાં સ્નાન કરે છે.

૯ અને પછી રાજા પ્રતિજ્ઞા પૂર્ણ કરી ભોજન કરે એ માટે સરોવર પાસે થોડી ભૂમિ શુદ્ધ કરી. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પદ્માસન મુદ્રાની પ્રતિમા બનાવે છે અને લત્તા–મંડપમાં સ્થાપન કરે છે.

૧૦ પછી મંત્રી રાજા પાસે જઈ ભોજન માટે આગ્રહ કરે છે. છતાં રાજા પ્રતિજ્ઞા–પાલનમાં અડગ રહે છે. મંત્રીએ કહ્યું કે હે રાજન્! મને ગઈ રાત્રે આટલામાં ક્યાંક પ્રભુની મૂર્તિ હોવાનું સ્વપ્ન આવ્યું છે માટે ચાલો આપણે તપાસ કરીએ.

૧૧ એમ કહીને પ્રતિમા શોધવાને બહાને તે જ લત્તા-મંડપમાં રાજાને લઈને આવે છે. પ્રતિમા જોતાં સહર્ષ સ્નાન કરીને પૂજાની તૈયારી કરે છે. પણ માટીની પ્રતિમા

જોઈને વિચાર કરે છે કે, "જલપૂજા વિના અષ્ટપ્રકારી પૂજા કેમ થાય?" પાછાં ગૂંચમાં પડતાં રાજા-મંત્રી ધ્યાનમાં બેસે છે અને પદ્માવતી દેવીની આરાધના કરે છે.

૧૨ રાજા-મંત્રીના ધ્યાનથી પદ્માવતી દેવી પરિવાર સાથે ત્યાં આવે છે અને કહે છે કે, 'તારી ભક્તિના બળે નિયમ પાલનની દૃઢતા જોઈ પ્રસન્ન થાઉં છું, તારી ભક્તિના બળે આ પ્રતિમા વજ્રમય બને છે. દેવીનો આદેશ મળતાં દૈવી સાધનોથી પૂજા કરે છે.

૧૩ દેવી અદૃશ્ય થાય છે અને બન્ને ફળાહાર કરે છે. રાજા-મંત્રી પ્રતિમાને સુરક્ષિત સ્થળે ગોઠવે છે અને ચંપાનગરી તરફ જતાં રસ્તામાં સુભટોનું મિલન.

૧૪ નગરમાં પહોંચી પોતાનો ભય ટળ્યો તેના કારણે રાજા તે સ્થળે ભટેવા નગર વસાવવા અને એક મોટું જિનાલય બંધાવવાની આજ્ઞા કરે છે. તદનુસાર રાજાની આજ્ઞા મુજબ તૈયાર થયેલા ભટેવા નગર વચ્ચેના ઊંચા જિનાલયમાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવે છે.

૧૫ વિવિધ ધર્મારાધના કરતાં રાજાનું આયુષ્ય પૂરું થતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થાય છે.

૧૬ રાજા પ્રજાપાળનો દેહવિલય=અગ્નિસંસ્કાર.

## ॐ ચિત્ર–પરિચય ॐ
## બીજું પ્રકરણ

૧૭ કુંતલપુરના રાજા ભૂધર તથા રાણી પ્રીતિમતિનો પુત્ર ગુણસુંદર જન્મથી જ આંધળો, બહેરો અને કોઢજ્વર-વાળો હતો. તેની શાંતિ માટે અનેક ઉપાયો કર્યા છતાં પણ નિષ્ફળતા મળી. પૂ. આ. મ. શ્રી ધર્મઘોષસૂરી-શ્વરજી મ. સા. કુંતલપુર નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. પૂ. આ. ભગવંતની ઉપદેશવાણી સાંભળવા રાજા–પ્રજા એકત્રિત થયાં. હિતકારી ધર્મદેશના આપતાં પૂ આ. મ. શ્રી એ કહ્યું કે, "પાપથી દુઃખ અને ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે. ભૂધર રાજા પુત્રના રોગનો ઉપાય અહીં જ મળશે એવી શ્રદ્ધા સાથે, પૂજ્યશ્રીને તેનો ઉપાય બતાવવા વિનંતી કરે છે. આ. મ. શ્રીએ કહ્યું કે, "તારા પુત્રે પૂર્વ ભવમાં જે પાપ ઉપાર્જન કર્યું છે તે ભોગવ્યા વિના કેમ ચાલે ? છતાં આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શ્રી ભટેવા નગરમાં બિરાજમાન શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના ન્હાવણ જળથી તારા પુત્રના સઘળા રોગ નાશ પામશે.

૧૮ પૂ. આ. મ.ની સૂચના અનુસાર રાજા–રાણી યોગ્ય તૈયારી કરી પુત્રને લઈને ભટેવા નગરે આવે છે. પ્રભુ–પૂજન બાદ રાજકુમાર ગુણસુંદર પર ન્હવણ–

જલનો છંટકાવ કરતાં રોગ નાશ થાય છે અને કાયા કંચનવર્ણી બને છે. પ્રભુ નામનો જયજયકાર થાય છે.

૧૯ ભૂધર રાજા પોતે નિવૃત્ત થઈ યોગ્ય ઉંમરે પુત્ર ગુણસુંદરનો રાજ્યાભિષેક કરે છે. પ્રભુ ધ્યાનમાં ભૂધર રાજાનો સ્વર્ગવાસ થાય છે.

૨૦ શ્રી ભટેવા પાર્શ્વ–પ્રભુની પૂજામાં અનુરક્ત ગુણસુંદર રાજા અને અંતે તેનો પણ સ્વર્ગવાસ.

૨૧ ગુણસુંદર રાજાનો દેહવિલય થતાં અગ્નિસંસ્કાર. રાજાનો જીવ દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે થાય છે.

૨૨ દેવગતિમાં ઉત્પન્ન થતાં અવધિજ્ઞાનથી પૂર્વ ભવોનાં સુકૃત્યોની વિચારણા કરે છે. મહાન ઉપકારી શ્રી ભટેવા પાર્શ્વપ્રભુની વધુ ભક્તિ કરવાના ઈરાદે ભટેવા નગરમાંથી અતિ મનોહર બિંબને લાવીને પોતાના વિમાનમાં સ્થાપન કરે છે અને ત્યારબાદ પ્રભુના ગુણગાનથી પોતાનું સમ્યક્ત્વ નિર્મળ બનાવ્યું. દેવવિમાનમાં ૫ લાખ ૨૪ હજાર આઠસો વર્ષ સુધી શ્રી ભટેવા પાર્શ્વપ્રભુનું બિંબ પૂજાયું.

# 卐 ચિત્ર–પરિચય 卐.

## ત્રીજું પ્રકરણ

૨૩ શ્રી ભટેસર નગરમાં દરિદ્ર અવસ્થામાં શ્રાવક સુરચંદ, અંતરાય કર્મ નિવારણાર્થે તે ધર્મની આરાધના કરે છે. પણ તેથી લોકો કાયર કહીને ધર્મની નિંદા કરે છે. જીવન–સમસ્યા હલ કરવા તથા ધર્મનિંદાથી સુરચંદ શ્રાવક ચિંતિત થાય છે. આખરે શ્રાવક સુરચંદ પૂ. ગુરુદેવને પોતાની સ્થિતિ જણાવે છે કે, "મારાં કર્મ ખપી જાય તથા લોકો ધર્મનિંદા ન કરે તેવો માર્ગ બતાવો." લાભ જાણી મુનિવર પદ્માવતી દેવીની આરાધનાનું સૂચન કરે છે.

૨૪ તદનુસાર ધર્મનિષ્ઠ સુરચંદ શ્રાવકની નિર્મળ આરાધનાના બળે પદ્માવતી દેવીએ શ્રી ભટેવા પાર્શ્વપ્રભુને ઉદ્દેશીને આરાધના કરવાનું કહ્યું.

૨૫ ફરી આરાધના કરવાથી ગુણસુંદર દેવે પ્રત્યક્ષ થઈ દુઃખનાશ માટે શ્રી ભટેવા પાર્શ્વપ્રભુની પ્રતિમા આપી.

૨૬ પ્રભુના અચિંત્ય પ્રભાવે સુરચંદ શેઠની સ્થિતિમાં સુધારો. તથા પ્રભુભક્તિમાં મસ્ત બનેલા સુરચંદ શેઠ.

૨૭ ઈડરના રાજાને શેઠની સ્થિતિમાં બહોળી સમૃદ્ધિ, વિપુલ લક્ષ્મી અને ઐશ્વર્યની અદેખાઈ થઈ. તેમણે તપાસ કરતાં પ્રતિમાનો પ્રભાવ જાણ્યો. ક્ષુદ્ર માણસોની ભંભેરણીથી રાજખજાનો ભરપૂર થાય એ દૃષ્ટિએ પ્રતિમા પોતાને ત્યાં લાવવાનો આદેશ આપે છે.

૨૮ રાજ–સેવકોની પ્રભુ–પ્રતિમાની માંગણી સાંભળી શેઠે આશાતનાના ભયથી કહ્યું કે, "મારા આરાધ્યદેવની પ્રતિમા ન આપી શકું."

૨૯ રાજાના ભયથી દુઃખાતા દિલે પ્રભુજીને સુરચંદ શેઠ જમીનમાં પધરાવી રહ્યા છે.

૩૦ ખેદ પામતાં પામતાં પાછા સુરચંદ શેઠ ઘરે આવે છે. શ્રી ભટેવા પ્રભુના ધ્યાનમાં સુરચંદ શેઠનો સ્વર્ગવાસ થાય છે.

૩૧ પ્રભુના ધ્યાનથી સુરચંદ શેઠ શ્રી ભટેવા પાર્શ્વનાથના યક્ષ તરીકે ઉત્પન્ન થાય છે અને જમીનમાં રહેલા પ્રભુને પૂજે છે.

## 卐 ચિત્ર–પરિચય 卐
## ચોથું પ્રકરણ

૩૨ ચંદ્રાવતી (ચાણસ્મા) નગરીમાં સૂતેલા રવચંદ શેઠને સ્વપ્નમાં યક્ષનિકાયમાં ઉપજેલ સુરચંદ શેઠ આવીને જમીનમાંથી પ્રભુને કાઢવાનું સૂચન કરે છે.

૩૩ સમય અનુસાર પ્રતિમા લેવા સવારે રથ લઈ રવચંદ શેઠ ભટેસર નગર તરફ જાય છે.

૩૪ રવચંદ શેઠ જણાવેલા સ્થળે પહોંચી તાજાં ફુલોથી પૂજેલાં પ્રતિમાજીને જમીનમાંથી બહાર કાઢે છે. પ્રભુજીને લઈ જતા જોઈને ભટેસર ગામના લોકો પ્રતિમાજીને ભટેસર રાખવા વિનંતિ કરે છે.

૩૫ આખરે પોતાની વાત સાચી કરી રવચંદ શેઠ પ્રભુજીને ચંદ્રાવતી નગરીમાં પ્રવેશ કરાવે છે.

૩૬ પોતાના ઘરમાં નાના દહેરાસરનું નિર્માણ કરી અને તેમાં પ્રતિમાજી સ્થાપન કરે છે. અચિંત્ય પ્રભાવશાળી શ્રી ભટેવા પાર્શ્વપ્રભુના ધ્યાનમાં રવચંદ શેઠ લીન બની જાય છે.

૩૭ વર્ષો બાદ ચંદ્રાવતી (ચાણસ્મા)માં દુષ્કાળ પડવાથી લોકો નગરનો ત્યાગ કરે છે.

૩૮ પ્રતિમાજીની સુરક્ષા માટે પાટણ મહેતાના પાડામાં નગર શેઠ રતનશાને ત્યાં ઘરદેરાસરમાં પરોણા તરીકે પ્રતિમા સ્થાપન.

૩૯ સમય જતાં ચાણસ્મામાં દુષ્કાળની સમાપ્તિ અને ભરપુર વસાહત પ્રતિમાજીને પોતાના ગામમાં પધરાવવા ચાણસ્માના શ્રાવકો દ્વારા નગરશેઠ રતનશા પાસે પ્રતિમાજીની માંગણી અને શેઠ દ્વારા આપવા ઈન્કાર.

૪૦ શેઠનો નિષેધ હોવા છતાં ચાણસ્માના રહીશ પટેલ કસલદાસ જેકણદાસ અને રામી નાથા ચતુરે પ્રતિમાજીને ઉઠાવ્યાં. શેઠને ખબર પડવાથી શેઠે રાજાના હુકમથી નગરના દરવાજા બંધ કરાવ્યા. નગરના દરવાજા બંધ થતાં પ્રતિમા સાથે કિલ્લો કૂદાવી રહેલા ચાણસ્માના એ બહાદુરો.

૪૧ પટેલ કસલદાસ જેકણદાસ અને રામી નાથા ચતુર કિલ્લો કૂદી બહાર આવ્યા પછી ચાણસ્મા તરફ જાય છે.


૪૨ રસ્તામાં ચાણસ્માના લોકો અને પાટણના સુભટો સાથે મારામારી અને છેવટે પાટણના સુભટોની હાર થાય છે. રામીના નાના મકાનમાં પ્રભુજી અને શ્રીપૂજ દ્વારા મોટું વિશાળ ભવ્ય જિનાલય નિર્માણ માટે ભક્તોને ઉપદેશ.

૪૩ દેરાસરના નિર્માણ બાદ પ્રતિષ્ઠા મહોત્સવ.

૪૪ પંચશિખરી વિશાળ વર્તમાન દહેરાસર જ્યાં ભટેવા પ્રભુ બિરાજે છે.

૪૫ ચિત્રશ્રેણીના નિર્માણની સંવત તથા પ્રેરકનો પરિચય.

સમાપ્ત



૪૬ શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરી રહેલા પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય સુશીલસૂરીશ્વરજી મહારાજ તથા તેમના લઘુશિષ્ય–રત્ન પૂ. મુનિરાજ શ્રી જિનોત્તમ વિજયજી મહારાજ.

૪૭ શ્રી ભટેવા પાર્શ્વપ્રભુની પુનિત છત્રછાયામાં સૂરિમંત્રની સાધનામાં બિરાજમાન પ. પૂ. આચાર્ય ભગવંત.


૪૮ સ્વજન્મભૂમિમાં સ્વદીક્ષાપર્યાયના ૪૮ વર્ષે ચાતુર્માસાર્થે પધારેલ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય સુશીલ-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં નિકળેલ વિ. સં. ૨૦૩૬ ભાદરવા સુદ ૫ ના ભવ્ય રથયાત્રાનું દશ્ય.


રાજા પ્રજાપાલ,બુદ્ધિસાગર મંત્રી સાથે,ઘોડાની પસંદગી કરે છે.
પ્રથમ પ્રકરણ


બે ઘોડાની પસંદગી બાદ, ઘોડાની ચાલ


ઉલટ ચાલના ઘોડા દૂર નીકળી ગયા, રાત પડી, એક વૃક્ષ નીચે રાજા સૂઈ ગયા,
છે; ત્યાં સંગીત સંભળાય છે.


બંને જાગીને સંગીત દિશા તરફ જાય છે.




દેશના શ્રવણ બાદ બંને મૂલસ્થાને પર આવી સૂઈ ગયા છે.


ભોજનનો ઈન્કાર કરે


આવેલા સરોવરમાં સ્નાન કરે


અને પછી, રાજા પ્રતિજ્ઞા પૂર્ણ કરી ભોજન કરે છે



બાદ રાજાપાસે જઈ સ્વપ્નના બહાને આસપાલમાં


સાંભળી રાજા-મંત્રી પ્રતિમા શોધે છે. પ્રતિમા
પ્રતિમા માટીના જોતાં રાજા


પરિણામે પદ્માવતી દેવી પ્રત્યક્ષ



દેવી અનુકૂળ થાય છે. બંને ફલાહાર કરે છે.


પ્રતિમાજીની સુરક્ષા
તરફ રવાના રસ્તામાં —
સુભટોનું મિલન..






ધાર્મિક અનુષ્ઠાનોમાં અનુરક્ત રાજા અંતે સ્વર્ગવાસ.


રાજા પ્રજાપાલનો દેહવિલય (અગ્નિસંસ્કાર)






















તદનુસાર પદ્માવતીની આરાધના; પદ્માવતી



ગુણસુન્દર દેવની આરાધના
આપી.


પ્રભુના પ્રભાવે






રાજાના -
ભયથી દુઃખાતા દિલે પ્રભુજીને
સુરચંદ શેઠ...




ખેદ પામતા પામતા પાછા ઘેરે આવતા સુરચંદ.

પ્રતિમાજીના ધ્યાનમાં સ્વર્ગત સુરચંદ.


પ્રભુના ધ્યાનથી સુરચંદ ભટેવાપાર્શ્વનાથના યક્ષ તરીકે
ઉત્પન્ન થાય છે, જમીનમાં રહેલા પ્રભુને પૂજે છે.












પોતાના ઘરમાં પ્રભુજીના ધ્યાનમાં રવચંદશેઠ






પ્રતિમાજીની સુરક્ષા માટે આગેવાન શ્રાવકો દ્વારા પાટણમાં રતનચંદ શેઠના [illegible] પ્રતિમા સ્થાપન.


પાસે પ્રતિમા


શેઠનો નિષેધ છતાં, બે જવાને





રસ્તામાં ચાણસ્માના લોક અને સુભટો સાથે મારામારી છેવટે, પાટણની હાર.
દ્વારા મોટા દહેરાસર નિર્માણ



નિર્માણબાદ પ્રતિષ્ઠા મહોત્સવ.



પંચશિખરી વિશાલ વર્તમાન દેહરાસર જ્યાં ભટેવાપાર્શ્વ બિરાજે છે.


卐 श्री भटेवांपार्श्वनाथाय नमः 卐
આ ચિત્રશ્રેણીનું નિર્માણ કાર્ય સં.૨૦૩૩ માં અત્રે
ચાતુર્માસ બિરાજમાન અમારા સંઘના પરોપકારી
મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન
પન્યાસપ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ.સા.ના
શિષ્યરત્ન વ્યાખ્યાતા પૂજ્ય મુનિરાજ શ્રીઅશોક-
સાગરજી મ.સા.ના વિનેયરત્ન પૂ.મુનિશ્રી હેમચન્દ્ર-
સાગરજી મ.સા. આદિ ઠાણા ૩ ની સત્પ્રેરણાથી
ચાણસ્મા જૈન મહાજન પેઢી દ્વારા સમ્પન્ન થયેલ
છે.

શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન સન્મુખ દર્શન-કરતાં



શ્રીમદ્ આચાર્યશ્રી
સુશીલસૂરીશ્વરજી મ. સા.

બાળમુનિશ્રી
જીનોત્તમ વિજયજી મ. સા.





卐 चाणस्मानगरमण्डन श्री भटेवापार्श्वनाथाय नमः 卐

## જૈનધર્મદિવાકર-પરમપૂજ્ય-આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજશ્રીનું જન્મભૂમિ-ચાણસ્મા નગરમાં ૨૦૩૬ની સાલનું ઐતિહાસિક-ચિરસ્મરણીય ચાતુર્માસનું સંક્ષિપ્ત વર્ણન

### [૧] ચાતુર્માસિક મંગલ પ્રવેશ-

વિક્રમ સં. ૨૦૧૮ની સાલથી ૨૦૩૫ અને ૨૦૩૬ની સાલના મધ્યકાલ સુધી ૧૮ વર્ષ પર્યંત રાજસ્થાન [ મેવાડ અને મારવાડ ] માં વિચરવાપૂર્વક અને ક્રમશઃ ૧૮ ચાતુર્માસ કરવા પૂર્વક શ્રી જૈન-ધર્મની અનુપમ પ્રભાવના કરી, મહાગુજરાત પ્રદેશમાં પધારેલ શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્ત્તિ-તપાગચ્છા-ધિપતિ ભારતીય ભવ્ય વિભૂતિ-અખંડબ્રહ્મ તેજોમૂર્ત્તિ-પરમપૂજ્ય-પરમોપકારી-આચાર્ય મહારાજાધિરાજશ્રી શ્રી ૧૦૦૮ **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટાલંકાર-સાહિત્યસમ્રાટ્-વ્યાકરણ વાચ-સ્પતિ-શાસ્ત્રવિશારદ-કવિરત્ન-પરમપૂજ્ય-આચાર્યપ્રવર **શ્રીમદ્ વિજય લાવણ્યસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટધર-ધર્મપ્રભાવક-શાસ્ત્રવિશારદ-કવિ દિવાકર-વ્યાક-

રણુરત્ન-પરમપૂજ્ય-આચાર્યવર્ય **શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટધર-જૈનધર્મ દિવાકર-શાસનરત્ન-તીર્થપ્રભાવક-રાજસ્થાન દીપક-મરુધરદેશોદ્ધારક-શાસ્ત્રવિશારદ-સાહિત્યરત્ન-કવિભૂષણ- પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા.** પોતાના નિર્મલ દીક્ષા પર્યાયના ૪૮ વર્ષ બાદ પોતાની **જન્મભૂમિ-ચાણસ્માનગરમાં** શ્રી સંઘની ભક્તિભાવભરી સાગ્રહ વિનંતી સ્વીકારી, વિ. સં. ૨૦૩૬ અષાઢ સુદ ૧૦ મંગલવાર દિનાંક ૨૨-૭-૮૦ ના રોજ ચાણસ્માના સ્ટેશન તરફના વિભાગમાં આવેલી **વિદ્યાવાડીમાં** આવેલ **શ્રી આદિનાથ જિનમંદિરે** દર્શનાદિ કરી શા. જયંતીલાલ મંગલદાસના બંગલે પરિવારયુક્ત પધાર્યા. બપોરના વિશાલ જૈન જનતા સમક્ષ પ. પૂ. આચાર્ય મ. સા. નું **તાત્ત્વિક મંગલ પ્રવચન** તથા **પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સા.** નું વ્યાખ્યાન થયું. તેમાં પ. પૂ. આ. મ. સા. ના સદુપદેશથી આવતી કાલે ચાતુર્માસીય પ્રવેશપ્રસંગના ઉપલક્ષમાં ભાઈ-બ્હેનોમાંથી ૩૫૧ આયંબિલ કરવાની નોંધ થઈ. પ્રાંતે શા. કીર્તિલાલ વાડીલાલ તરફથી સંઘ પૂજા કરવામાં આવી.

વિદ્યાવાડીમાં આવેલ શ્રી આદિનાથ જિન-મંદિરમાં **શ્રી આદિ જિન પંચકલ્યાણ પૂજા** પ્રભાવનાયુક્ત સંઘ તરફથી ભણાવવામાં આવી.

વિક્રમ સં. ૨૦૩૬ અષાઢ સુદ ૧૧ બુધવાર દિનાંક ૨૩–૭–૮૦ના રોજ મંગલ પ્રભાતે જ્યારે પ. પૂ. આચાર્ય મ. સા., પૂ. મુનિરાજ શ્રી રત્નશેખર વિજયજી મ. સા., પૂ. મુનિરાજ શ્રી પ્રમોદ વિજયજી મ. સા., પૂ. બાલમુનિરાજ શ્રી જિનોત્તમ વિજયજી મ. સા. તથા પૂ. મુનિરાજ શ્રી અરિહંત-વિજયજી મ. સા. નો તથા પૂ. શાસનસમ્રાટ્ સમુદાયનાં આજ્ઞાવર્ત્તિની પૂ. સા. શ્રી કંચનશ્રીજી મ., પૂ. સા. શ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી રત્નમાલાશ્રીજી મ. આદિ ૮ નો વિદ્યાવાડીથી મહામંગલકારી પ્રથમ ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારે સમગ્ર ચાણસ્મા ગામ આનંદ અને ઉત્સાહના હિલોળે ચડયું. અનેક વર્ષોની વિનંતી બાદ શ્રી સંઘના પ્રબળ પુણ્યોદયે જૈનધર્મદિવાકર પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ થતું હોવાથી તેઓશ્રીને સન્માનવા–સત્કારવા ચાણસ્મા તથા તેની આસપાસના મહેસાણા–પાટણ–બેચરાજી– કુણઘેર– મોઢેરા–વડાવલી– ધીણોજ–

હારીજ આદિ અનેક ગામ ઉપરાંત મુંબઈ-અમદાવાદ -સુરત-ભાવનગર આદિથી પણ આ મૈયા સમયે સારી સંખ્યામાં જનમેદની ઉમટી ગુરુભક્તિનો સુંદર આદર્શ ખડો કર્યો.

૧૮ વર્ષ સુધી રાજસ્થાન પ્રદેશમાં વિચરી અનેકાનેક શાસન પ્રભાવનાનાં કાર્યો કરાવી દીક્ષા પર્યાયના ૪૮ વર્ષ બાદ માભોમ-ચાણસ્મામાં ચાતુર્માસાર્થે પહેલી જ વાર પધારતાં પરમપૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંતને વધાવવા જૈનેતર પાટીદાર આદિ ભાઈઓ પણ અત્યંત આનંદમય જણાયા.

સ્વાગત કરવા માટે જે ભવ્ય વરઘોડો નીકળ્યો, અને તે વરઘોડો નિહાળવા જે માનવમેદની ઉમટી હતી તે એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક કહી શકાય તેવો બનાવ સર્વના જોવામાં આવ્યો.

શણગારેલ ગજરાજ, કર્ણપ્રિય તરજો વગાડતાં બે બેન્ડવાજાં, ઈન્દ્રધ્વજા, ચાંદીની ગાડી, ઈન્દ્રના સ્વાંગમાં શોભતા ૪૮ જૈન કુમારો, મંજીરાના તાલે ચાલતી અને ધાર્મિક સૂત્રો પોકારતી બાલિકાઓ, ચળકતાં બેડાં સાથે હારબદ્ધ ચાલતી ૪૮ કિશોરીઓ

અને યુવતીઓ, પૂ. ગુરુદેવને આવકારતાં સૂત્રો પોકારતાં ભાવિકો અને વિશાલ જૈન-જૈનેતર જનતા એ સર્વ વરઘોડાનાં આકર્ષક અંગો બન્યાં.

માત્ર બજાર જ નહીં પણ વરઘોડો જે માર્ગે નિકળવાનો હતો તે સમગ્ર માર્ગને ધજા-પતાકાઓ અને કમાનોથી સુશોભિત કરાયો. રસ્તામાં ઠેર ઠેર પૂજ્યપાદ આચાર્ય મ. સા. ની સન્મુખ આકર્ષક અનેક ગહુંલીઓ શ્રાવિકા બ્હેનોની સ્પર્ધા કરતી જણાઈ. વરઘોડો સમગ્ર ગામમાં ફર્યા બાદ શ્રી ભટેવા પાર્શ્વનાથ જિન મંદિરમાં દર્શનાદિ કરી પ. પૂ. આ. મ. સા. આદિ શણગારેલ ઉપાશ્રયના હોલમાં પધાર્યા અને વ્યાખ્યાનની પાટ ઉપર બિરાજમાન થયા. આરંભમાં જૈન પાઠશાલાની બાલિકાઓનું સ્વાગત ગીત તથા શા. સેવંતીલાલ જેઠાલાલનું ગુરુ ગીત ગાયા બાદ, ધાણેરાવના અમદાવાદથી પધારેલ શ્રીમાન મિશ્રીમલજી, ચાણસ્માના જૈન પંડિત જેશિંગભાઈ શાહ, શ્રી મહીપતરામ શાસ્ત્રી અને કીર્તિકુમાર એસ. શાહ વગેરે વક્તાઓએ પ. પૂ. આચાર્ય મ. શ્રીના શુભાગમનને આવકારતાં વક્તવ્યો અને બહારથી આવેલ સંદેશાઓનું વાંચન કર્યા બાદ, પૂજ્યપાદ

આચાર્યદેવનું મધુર મંગલ પ્રવચન અને પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સા. નું વ્યાખ્યાન થયું.

એ પ્રસંગે ઉત્તમ ગહુંલીઓ કાઢનાર બ્હેનોનું, સ્વાગત ગીત ગાનાર બાલિકાઓનું, સામૈયામાં સક્રિય ભાગ લેનાર બાલિક-બાલિકાઓનું, કિશોર-કિશોરીયોનું તથા સમગ્ર સામૈયાનું આયોજન કરનાર ધાર્મિક અધ્યાપક શ્રી ગુણવંતલાલ એમ. સંઘવીનું મુંબઈથી પધારેલ ચાણસ્માના જૈન ભાઈઓ તરફથી બહુમાન કરવામાં આવ્યું. પ્રાંતે સર્વમંગલ બાદ શ્રીસંઘ તરફથી પ્રભાવના કરવામાં આવી. સર્વને આયંબિલ કરાવવાનો લાભ શા. રીખવચંદ કેવલચંદ પીપળવાળાએ લીધો.

મંગલ પ્રવેશને મંગલમય બનાવવા ૩૫૧ ભાઈ-બહેનોએ મહામંગલકારી આયંબિલની તપશ્ચર્યા કરી. તે સર્વને જુદા જુદા ભાઈ-બહેનો તરફથી પ્રત્યેકને ૨૯ રુપિયાની પ્રભાવના આપવામાં આવી.

શ્રીસંઘ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા પ્રભાવના યુક્ત ભણાવવામાં આવી અને સ્વામી-વાત્સલ્ય પણ કરવામાં આવ્યું.

એ પ્રમાણે પૂજ્યાપાદ આચાર્યદેવનું જન્મભૂમિમાં ચાતુર્માસાર્થે પહેલી જ વાર પધારવું અને શ્રીસંઘનું

અનેરા ઉત્સાહ–ઉલ્લાસ અને ઉમંગભેર સત્કારવું આ એક ઐતિહાસિક, વાસ્તવિક શાસન પ્રભાવના પ્રેરણા-સ્પંદના સર્જાઈ ગૌરવાન્વિત બની.

## [૨] વ્યાખ્યાનમાં ગ્રન્થ વાંચનનો પ્રારંભ

અષાઢ વદ ૫, શુક્રવાર દિનાંક ૧–૮–૮૦ ના રોજ વ્યાખ્યાનમાં પ. પૂ. આ. મ. શ્રીને उपदेश प्रासाद નામનો ગ્રંથ બોલી બોલવાપૂર્વક આદેશ લઈ શા. ચીમનલાલ ગગલચંદના ધર્મપત્ની ગજીબહેને વહેરાવ્યો, અને श्री विक्रम चरित्र નામનો ગ્રંથ શા. ગભરુચંદ શીવલાલે વહોરાવ્યો.

બોલી બોલનાર ભાઈઓએ ક્રમશઃ પાંચ પૂજન કર્યાં પછી સકલસંઘે પણ રૂપાનાણાંથી જ્ઞાનપૂજન કર્યું. પ. પૂ. આ. મ. શ્રીએ બન્ને ગ્રન્થનો ક્રમશઃ પ્રારંભ કર્યો. સંઘમાં શ્રી નમસ્કાર મહામંત્રની નવ દિવસની આરાધનાનો તપ પણ શરૂ થયો. બપોરે શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનમંદિરમાં ૪૫ આગમની પૂજા પ્રભાવના સહિત ભણાવવામાં આવી.

પ્રતિદિન પરમ પૂજ્ય આચાર્ય મ. સા. ના તાત્ત્વિક પ્રવચનનો લાભ શ્રીસંઘને સુંદર મળવા લાગ્યો.

## [૩] વિવિધ તપશ્ચર્યા

(૧) ચાતુર્માસમાં પહેલી જ વાર **શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનો** અઠ્ઠમ શ્રાવણ સુદ ૪ શુક્રવાર દિનાંક ૧૫–૮–૮૦ ના રોજથી વિધિપૂર્વક શરુ કરવામાં આવ્યો. તેમાં ૧૦૩ ભાઈ–બહેનો જોડાયાં. તેના પહેલાં અત્તરવાયણાં શા. રમણલાલ ત્રીકમલાલ શા. કાંતિલાલ નથ્થુભાઈ તથા શા. સેવંતીલાલ જેઠાલાલ તરફથી થયાં. અને તેના પછી સાતમે પારણાં શા. ચીમનલાલ ગગલચંદ તરફથી કરાવવામાં આવ્યાં. પ્રભાવના યુક્ત પૂજા ભણાવાઈ.

(૨) શ્રાવણ સુદ ૧૨ શનિવાર દિનાંક ૨૩–૮–૮૦ ના રોજ **દીપકતપના** પાંચ મિનિટના કેવલ શીરાના એકાસણામાં ૯૬ ભાઈ–બહેનો જોડાયાં. શા. ચીમનલાલ ગગલચંદ તરફથી એકાસણાં કરાવવામાં આવ્યાં. પ્રભાવના યુક્ત પૂજા ભણાવવામાં આવી.

(૩) શ્રાવણ વદ ૫ શનિવાર ૩૦–૮–૮૦ ના રબારીવાડામાં શા. રતીલાલ મોહનલાલ ડાહ્યાચંદને ત્યાં બચુભાઈની પુત્રી પારૂલબહેનની 'चत्तारि अट्ठ दश दोय' એ તપના દશ ઉપવાસના પારણાં નિમિત્તે બેન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પ. પૂ. આ. મ. સા.

આદિ શણગારેલ મંડપમાં પધારતાં સ્વાગત કરવામાં આવ્યું. જ્ઞાન પૂજનમાં રબારી ભાઈ–બ્હેનોએ પણ રુપાનાણાથી પૂજન કર્યું. પ. પૂ. આ. મ. સા. ના તત્ત્વગર્ભિત પ્રવચન બાદ પેંડાની પ્રભાવના કરવામાં આવી.

(૪) શ્રાવણ વદ ૮ મંગલવાર દિનાંક ૨–૯–૮૦ ના રોજ સુથારવાડામાં શા. ગભરુચંદ નાગરદાસ હરડેના ત્યાં કંચનભાઈની પુત્રી તેજલબ્હેનની 'चत्तारि अठ्ठदस दोय' એ તપની પૂર્ણાહુતિ નિમિત્તે બેન્ડયુક્ત ચતુર્વિધ સંઘ સહિત પ. પૂ. આ. મ. સા. શણગારેલ મંડપમાં પધાર્યા. જ્ઞાનપૂજન થયા બાદ પૂજ્યપાદ આચાર્યદેવનું મધુર પ્રવચન અને પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. નું વ્યાખ્યાન થયું. આ પ્રસંગે પૂ. આ. મ. શ્રીના સદુપદેશથી શા. બાબુભાઈ ગભરુચંદ હરડેને કોઈ પણ તીર્થનો પેદલ સંઘ પાંચ વર્ષ સુધીમાં ન કાઢું તો ઘીના ત્યાગની પ્રતિજ્ઞા કરી. પ્રાંતે પેંડાની પ્રભાવના કરવામાં આવી.

## શ્રી પર્યુષણા મહાપર્વની અનુપમ આરાધના

શ્રાવણ વદ ૧૨ શનિવાર દિનાંક ૬–૯–૮૦ થી ભાદરવા સુદ ૪ શનિવાર દિનાંક ૧૩–૯–૮૦ સુધી

**શ્રી પર્યુષણા મહાપર્વની અનુપમ આરાધના** અતિ સુંદર થઈ. તેમાં પૂજ્યપાદ આચાર્યદેવ, પૂ. મુનિ શ્રી પ્રમોદવિજયજી મ. તથા પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. ના વ્યાખ્યાનનો લાભ શ્રીસંઘને સારો મળ્યો.

(૧) શ્રાવણ વદ ૧૪ સોમવાર દિનાંક ૮-૯-૮૦ના રોજ મોટીવાણીયાવાડમાં શા. રજનીકાંત જયંતીલાલ પોપટલાલને ત્યાં જયંતીલાલ પોપટલાલના ધર્મપત્ની તારાબેનની 'क्षीरसमुद्र' એ તપની પૂર્ણાહુતિ નિમિત્તે બેન્ડયુક્ત ચતુર્વિધ સંઘ સહિત પ. પૂ. આ. મ. સા. શણગારેલ મંડપમાં પધાર્યા. જ્ઞાનપૂજન થયા બાદ પૂજ્યપાદ આચાર્યદેવનું પ્રવચન થયું. ત્યાર પછી પ્રભાવના કરવામાં આવી.

(૨) 'श्री कल्पसूत्र' (वृत्तियुक्त) ઘેર લઈ જઈ રાત્રિ જાગરણ કરાવવાનો અને વ્યાખ્યાનમાં વહોરાવવાનો લાભ શા. ચીમનલાલ ગગલચંદનાં ધર્મપત્ની ગજરાબેને લીધો.

(૩) પ્રભુનું પારણું ચૌદ સ્વપ્ન સહિત ઘેર લઈ જઈ રાત્રિ જાગરણ કરાવવાનો લાભ શા. પોપટલાલ વાડીલાલનાં ધર્મપત્ની લીલીબ્હેને લીધો.

(૪) 'श्री कल्पसूत्रमूल ( बारसा )' ઘેર લઈ જઈ રાત્રિ જાગરણ કરાવવાનો અને વ્યાખ્યાનમાં વહોરાવવાનો લાભ શા. યશવંતલાલ હઠીચંદ ખુબચંદભાઈએ લીધો.

## 卐 તપસ્વીઓની નામાવલી 卐

### પૂજ્ય આચાર્ય મહારાજાદિ—

(૧) પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલ સૂરીશ્વરજી મ. સા.એ શ્રી વર્ધમાન તપની ૪૨મી ઓળી કરી.

(૨) પૂજ્ય મુનિરાજશ્રી પ્રમોદવિજયજી મ. સા. શ્રી મહાનિશીથસૂત્રના તથા નંદિ–અનુયોગ દ્વાર સૂત્રના યોગ કર્યા.

(૩) પૂજ્ય મુનિરાજ શ્રી જિનોત્તમવિજયજી મ. સા.એ શ્રી સુયગડાંગ સૂત્રના યોગ કર્યા.

(૪) પૂજ્ય મુનિરાજશ્રી અરિહંતવિજયજી મ. સા.એ શ્રી વર્ધમાન તપની ૧૬મી ઓળી કરી.

### પૂજ્ય સાધ્વીજી મહારાજ

પ. પૂ. શાસનસમ્રાટ્ સમુદાયના—

(૧) પૂજ્ય સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજી મહારાજે પાંચ ઉપવાસ તથા શ્રી વર્દ્ધમાન તપની ૩પમી ઓળી કરી.

(૨) પૂજ્ય સાધ્વી શ્રી પીયુષપૂર્ણાશ્રીજી મહારાજે શ્રી વર્દ્ધમાન તપની ૧૭મી ઓળી કરી.

(૩) પૂજ્ય સાધ્વી શ્રી રાજપૂર્ણાશ્રીજી મહારાજે ૧૬ ઉપવાસની તપશ્ચર્યા તથા શ્રી વર્દ્ધમાન તપની ૨૧–૨૨મી ઓળી કરી.

(૪) પૂજ્ય સાધ્વી શ્રી યશ:પૂર્ણાશ્રીજી મહારાજે શ્રી નવકારમંત્રના ૬૮ આયંબીલની તથા શ્રી વર્દ્ધ-માન તપની ૨૭મી ઓળીની તપશ્ચર્યા કરી.

(૫) પૂજ્ય સાધ્વી શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મહારાજે શ્રી વર્દ્ધમાન તપની ૧૯–૨૦મી ઓળી બન્ને સાથે કરી, તથા શ્રી વીસસ્થાનક તપની ૧૦મી ઓળી કરી.

(૬) પૂજ્ય સાધ્વી શ્રી અમીરત્નાશ્રીજી મહારાજે ૯ ઉપવાસની તપશ્ચર્યા, શ્રી વર્દ્ધમાન તપની ૯મી ઓળી તથા વીશસ્થાનક તપની પણ ૫–૬મી ઓળી કરી.

શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના—

(૧) પૂજ્ય સાધ્વી શ્રી સુભદ્રાશ્રીજી મહારાજે ચારમાસી તપ કર્યો.

(૨) પૂજ્ય સાધ્વી શ્રી કયવન્નાશ્રીજી મહારાજે શ્રી વર્દ્ધમાન તપની ૪૫-૪૬મી ઓળી કરી.

(૩) પૂજ્ય સાધ્વી શ્રી મુક્તિયશાશ્રીજી મહારાજે શ્રી વર્દ્ધમાન તપની ૨૧-૨૨-૨૩મી ઓળી કરી.

**શ્રાવક-શ્રાવિકામાંથી—**

## 卐 માસ ક્ષમણ 卐

૧ લીલીબેન છોટાલાલ

૨ પદમાબેન બાબુલાલ (બંગાળી)

૩ લતાબેન મંગળદાસ

### ચત્તારી અઠ્ઠ દશદોય

૧ પારુલબેન જયંતીલાલ ૨ તેજલબેન કંચનલાલ

૩ ભારતીબેન માણેકલાલ

## 卐 સિદ્ધતપ 卐

૧ કુમારી મિતાબેન કંચનલાલ
૨ ,, ઉષાબેન સુંદરલાલ
૩ ,, હર્ષાબેન કુમારપાલ
૪ ,, હંસાબેન છગનલાલ
૫ ,, ચેતનાબેન સુર્યકાન્તભાઈ
૬ ,, અમિતાબેન ચીમનલાલ
૭ ,, અલકાબેન સુંદરલાલ
૮ ,, કલ્પનાબેન સારાભાઈ
૯ ,, ઉર્મિલાબેન રમણુલાલ
૧૦ ,, જયશ્રીબેન સેવંતીલાલ
૧૧ ,, જ્યોત્સનાબેન હજારીમલ
૧૨ ,, દક્ષાબેન મહેન્દ્રભાઈ
૧૩ ,, દીપિકાબેન બાબુલાલ
૧૪ ,, નિતાબેન માસુકલાલ
૧૫ ,, કોકિલાબેન નરોત્તમદાસ

## 卐 ૧૬ ઉપવાસ 卐

૧ અંબાલાલ ખોડીદાસ દરજી
૨ જયલત્તાબેન હરગોવનદાસ
૩ ભારતીબેન રમણુલાલ
૪ ભારતીબેન પોપટલાલ
૫ મૃદુલાબેન મફતલાલ

૬ ઉર્મિલાબેન સુર્યકાન્તભાઈ
૭ મણીબેન મોહનલાલ
૮ અરુણાબેન સુર્યકાન્તભાઈ
૯ વર્ષાબેન આત્મારામભાઈ
૧૦ જયાબેન ભગવાનદાસ ભાવસાર
૧૧ ચન્દ્રાબેન નવીનચન્દ્રભાઈ

## 卐 ૧૧ ઉપવાસ 卐

૧ હીરારામ ખુમાજી ઘાંચી નાડોલ, રાજસ્થાન
૨ મિતાબેન કનૈયાલાલ ૩ રંજનબેન ભોગીલાલ

## 卐 ૧૦ ઉપવાસ 卐

૧ સેવંતીલાલ શીવલાલ

## 卐 ૯ ઉપવાસ 卐

૧ ચંદુલાલ મોહનલાલ
૨ શાન્તાબેન હરગોવનદાસ
૩ કાન્તાબેન અમૃતલાલ
૪ ગિરીબાળા વ્રજલાલ
૫ નિરુપાબેન વ્રજલાલ
૬ રક્ષાબેન માસુકલાલ

૭ સ્મિતાબેન જવાહરલાલ
૮ ભાનુમતીબેન છગનલાલ
૯ ચંપાબેન અંબાલાલ
૧૦ સરોજબેન પ્રભુદાસ
૧૧ ભુરીબેન ગગલચંદ
૧૨ તારાબેન અમૃતલાલ ધીણોજ
૧૩ રસીલાબેન ગોવિંદજી (સરકાર)
૧૪ જયેશકુમાર જયંતીલાલ

## 卐 ૮ ઉપવાસ 卐

૧ શાહ રીખવચંદ કેવલચંદ
૨ કુમારપાલ રમણલાલ
૩ મંગળદાસ દલભચંદ
૪ ઈન્દ્રજીત છગનલાલ
૫ પ્રજ્ઞાબેન રમણલાલ
૬ સરોજબેન ભોગીલાલ
૭ ગજરાબેન ચીમનલાલ
૮ ગીરીશકુમાર મણીલાલ
૯ અશોકકુમાર રમણલાલ
૧૦ દીલીપકુમાર સેવંતીલાલ
૧૧ જયેશકુમાર વૃજલાલ
૧૨ પંચાલ લલ્લુભાઈ ગોવિંદરામ (બાવળા)
૧૩ ઠાકોર હરજીભાઈ તલાજી ઝીલીયા

૧૪ ચેતનાબેન વ્રજલાલ હરડે
૧૫ તરલિકાબેન મંગલદાસ
૧૬ રશ્મીબેન વ્રજલાલ
૧૭ ધર્મિષ્ઠાબેન રસીકલાલ
૧૮ જાગૃતીબેન જયંતીલાલ
૧૯ ઉર્મિલાબેન જયંતીલાલ
૨૦ ચંદ્રાબેન સારાભાઈ
૨૧ જયાબેન છોટાલાલ
૨૨ જયશ્રીબેન ભીખાભાઈ
૨૩ સંગીતાબેન ચન્દ્રકાન્તભાઈ
૨૪ રીટાબેન ચીમનલાલ
૨૫ હસુમતીબેન અરવિંદભાઈ
૨૬ તરુણાબેન હસમુખલાલ
૨૭ ધર્મિષ્ઠાબેન ચીમનલાલ
૨૮ કોકીલાબેન ચંદુલાલ (વડાવલી)
૨૯ મીનાબેન રસીકલાલ
૩૦ વીરમતિબેન જીતેન્દ્રકુમાર
૩૧ માણેકલાલ મયાચંદ
૩૨ પૂર્ણિમાબેન જવાહરલાલ
૩૩ મંજુબેન હસમુખલાલ
૩૪ વર્ષાબેન રસીકલાલ
૩૫ કૌમુદીબેન જવાહરલાલ
૩૬ શાહ કાળીદાસ વાડીલાલ

૩૭ ઉપેન્દ્રકુમાર રમણલાલ
૩૮ જિતેન્દ્રકુમાર બાબુલાલ
૩૯ ઈન્દિરાબેન પાનાચંદ

**૭ ઉપવાસ (ક્ષીર સમુદ્રતપ)**

૧ મંજુલાબેન લાલભાઈ
૨ જસીબેન રાયચંદભાઈ
૩ કંચનબેન કોદરલાલ
૪ રીટાબ્હેન જવાહરલાલ
૫ ઉર્ષાબેન મહેન્દ્રભાઈ બાબુલાલ
૬ તારાબેન જયંતિલાલ
૭ શારદાબેન કેશવલાલ

આ સિવાય અઠ્ઠમ–છઠ્ઠ–ઉપવાસવાળા અનેક.

આ રીતે શ્રી પર્યુષણ મહાપર્વની અનુપમ આરાધના, તપની સાધના અને દેવ દ્રવ્ય–જ્ઞાન દ્રવ્ય–સાધારણ દ્રવ્ય તથા જીવદયા વગેરેની ઉપજ અસાધારણ થઈ.

## શ્રી પર્યુષણા મહાપર્વ પૂર્ણાહુતિનાં પારણાં, વરઘોડો અને સ્વામીવાત્સલ્ય

(૧) **પારણાં**–ભાદરવા સુદ ૫ રવિવાર દિનાંક ૧૪–૯–૮૭ ના રોજ સવારે તપસ્વીઓનાં પારણાં શાહ ગભરુચંદ શીવલાલ તરફથી કરાવવામાં આવ્યાં.

**(૨) સ્વામી વાત્સલ્ય**

બપોરનું તથા સાંજનું સ્વામીવાત્સલ્ય શા૦ મંગલદાસ પ્રેમચંદ તરફથી કરાવવામાં આવ્યું હતું.

(૩) **ભવ્ય વરઘોડો**–બપોરના શ્રી પર્યુષણા મહા-પર્વની અનુપમ આરાધનાનો અભૂતપૂર્વ શાનદાર ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો. રથયાત્રાના ભવ્ય વરઘોડામાં–ત્રણરથ, ઈન્દ્રધ્વજા, પાલખી, હાથી, ઘોડા, નિશાનડંકો, ડીસાનું સુપ્રસિદ્ધ અજંટા બેન્ડ, શાસ્ત્રી બેન્ડ, ન્યુ જવાહર બેન્ડ, રાજનગરની પાંચ બગીઓ, ૧૮ મોટરો, આઠ વિકટોરીયા ગાડીઓ, રજવાડી ગાડી, ઘોડા ગાડીઓ અને હજારોની માનવમેદનીથી શાસનની શોભામાં અભિવૃદ્ધિ થઈ.

(૪) ભાદરવા સુદ છઠ સોમવાર દિનાંક ૧૫–૯–૮૦ના રોજ વેરાઈમાતાના મહાડમાં શા૦ રમણલાલ ત્રિકમલાલને ત્યાં તેમના પુત્ર ઉપેન્દ્રકુમારને અઠ્ઠાઈ તથા પુત્રવધુ ચન્દ્રાબેન નવીનચન્દ્રને ૧૬ ઉપવાસની પૂર્ણાહુતિ નિમિત્તે બેન્ડયુક્ત ચતુર્વિધ સંઘ સહિત પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-સુશીલસૂરીશ્વરજી મ૦ સા૦ પધાર્યા. જ્ઞાનપૂજન થયા બાદ પ. પૂ. આ. મ. શ્રીનું મંગલ પ્રવચન તથા પૂ. બાલમુનિ શ્રીનું પ્રવચન થયું. એ પ્રસંગે પૂજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી શ્રી શંખેશ્વરજી તીર્થ અથવા શ્રી તારંગાજી તીર્થનો પેદલ સંઘ પાંચ વર્ષ સુધીમાં ન કાઢી શકાય તો

અમુક વસ્તુના ત્યાગની પ્રતિજ્ઞા શા. રમણભાઈએ તથા તેમની ધર્મપત્ની ભદ્રાબેન આદિએ કરી. તેમજ તેમના મોટાભાઈ શા. વ્રજલાલભાઈ તથા નાનાભાઈ શા. તેજપાલભાઈ આદિએ પણ ભિન્ન ભિન્ન પ્રતિજ્ઞા કરી. સંઘ પૂજન કરવામાં આવ્યું.

તપસ્વીઓના તપની અનુમોદના નિમિત્તે બપોરે **"અનુમોદન સમારંભ"** યોજાયેલ. જેમાં ઉપાશ્રયના વિશાળ હોલમાં શેઠશ્રી કાન્તિલાલ મોતીચંદે ચઢાવો બોલી તપસ્વીઓની ભક્તિ માટે પ્રાપ્ત થયેલ નિધિમાંથી સુખડની પૂજાની પેટી અને અન્ય પ્રભાવનાઓના વિતરણ દ્વારા તપસ્વીઓનું બહુમાન કરેલ.

[ આજના દિવસથી શ્રીસંઘ તરફથી શ્રીજિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ **શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી શાન્તિસ્નાત્ર** તથા **શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ અભિષેક** યુક્ત ૧૫ દિવસનો મહોત્સવ શરૂ કરવામાં આવ્યો.]

શા. બાબુલાલ ગભરુચંદ હરડે તરફથી દક્ષાબેનના સિદ્ધિતપ નિમિત્તે શ્રી નવપદજીની પૂજા-પ્રભાવના આંગી-ભાવના કરવામાં આવી.

(૫) ભાદરવા સુદ (પહેલી) ૭ મંગલવાર દિનાંક ૧૬-૯-૮૦ના રોજ સવારે મોટી વાણીયાવાડમાં શા. શિવલાલ તારાચંદને ત્યાં પૌત્ર કુમારપાલ રમણલાલની અઠ્ઠાઈ તથા પૌત્રી ઉર્મિલાબેન રમણલાલના સિદ્ધિતપના

નિમિત્તે શણગારેલ મંડપમાં બેન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પ. પૂ. આ. મ. શ્રી પધાર્યા. જ્ઞાનપૂજન થયા બાદ પૂજ્યપાદ આચાર્યદેવનું તથા પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમ વિજયજી મ નું વ્યાખ્યાન થયું. શિવલાલભાઈએ જિનમૂર્તિ પધરાવવાની પ્રતિજ્ઞા કરી. રમણલાલે તથા ધરણેન્દ્રભાઈએ પણ ભિન્ન ભિન્ન પ્રતિજ્ઞા કરી. પ્રાંતે સંઘ પૂજા કરવામાં આવી.

બપોરે—સુથારવાડામાં શા. ચીમનલાલ ઉત્તમચંદને ત્યાં પુત્રી અનિતાબેનના સિદ્ધિતપ તથા ધર્મિષ્ઠાબેનની અઠ્ઠાઈ નિમિત્તે શણગારેલ મંડપમાં બેન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પૂજ્યપાદ આચાર્ય ભગવંત પધાર્યા. જ્ઞાનપૂજન તથા પ. પૂ. આ. મ. શ્રીનું પ્રવચન થયા બાદ દેવડાની પ્રભાવના કરવામાં આવી.

શા. વાડીલાલ પુંજીરામ તરફથી લીલીબેન તથા કુસુમતીબેનની અઠ્ઠાઈ નિમિત્તે જ્ઞાનાવરણીય કર્મ નિવારણની પૂજા-પ્રભાવના—આંગી ભાવના કરવામાં આવી.

(૬) ભાદરવા સુદ (બીજ) ૭ બુધવાર દિનાંક ૧૭—૯—૮૦ના રોજ સવારે સુથારવાડામાં શા. છોટાલાલ પુનમચંદ બાવળાવાળાના ધર્મપત્ની તથા ડૉ. સારાભાઈ અને તેજપાળ જયસુખના માતુશ્રી લીલીબેને કરેલ માસક્ષમણ મા ડૉ. સારાભાઈની પુત્રી કલ્પનાબેને કરેલ સિદ્ધિતપના નિમિત્તે શણગારેલ મંડપમાં બેન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પૂજ્યપાદ આચાર્યદેવ પધાર્યા. જ્ઞાનપૂજન અને

પ. પૂ. આ. મ. શ્રીનું તાત્ત્વિક પ્રવચન થયા બાદ સંઘ પૂજા કરવામાં આવી.

બપોરે-શા. ગોવિંદચંદ કરમચંદ તરફથી ઉષાબેનના સિદ્ધિતપ નિમિત્તે દર્શનાવરણીય કર્મ નિવારણની પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૭) ભાદરવા સુદ ૮ ગુરૂવાર દિનાંક ૧૮-૯-૮૦ ના રોજ શા. હરીસીંગ ખુમચંદ તરફથી ચંદ્રાબેનની અઠ્ઠાઈ નિમિત્તે વેદનીય કર્મ નિવારણની પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૮) ભાદરવા સુદ ૯ શુક્રવાર દિનાંક ૧૯-૯-૮૦ના રોજ **રૂપપુર** ગામે એન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પ. પૂજ્ય આચાર્યદેવ પધાર્યા. ત્યાં સ્વાગત પૂર્વક શ્રીનમિનાથ જિનમંદિરે દર્શન કર્યા બાદ પૂજ્યપાદ આચાર્યદેવનું વ્યાખ્યાન થયું. શા. રાયચંદ હરિચંદ તરફથી શ્રીસંમેતશિખર તીર્થના યાત્રા પ્રવાસ તથા સંગીતાબેનની અઠ્ઠાઈ નિમિત્તે પૂજા ભણાવવામાં આવી અને સ્વામી વાત્સલ્ય કરવામાં આવ્યું. તદુપરાંત તેમના તરફથી બીજે દિવસે રૂપપુરમાં સમસ્ત જૈનેતરોનું જમણ રાખવામાં આવ્યું.

(૯) ભાદરવા સુદ ૧૧ શનિવાર દિનાંક ૨૦-૯-૮૦ના રોજ સવારે શા. રિખવચંદ કેવલચંદ દવાવાળા ને ત્યાં એન્ડ યુક્ત ચતુર્વિધ સંઘ સહિત પૂજ્યપાદ આચાર્યદેવ પધાર્યા. જ્ઞાનપૂજન થયા બાદ પૂ. આ. મ. શ્રીએ માંગલિક સંભળાવ્યું. વ્યાખ્યાનમાં એમના તરફથી પ્રભાવના કરવામાં

આવી. સંઘ તરફથી શ્રી ભટેવા પાર્શ્વનાથ જિન મંદિરમાં કુંભ સ્થાપના કરવામાં આવ્યું.

બપોરે—શા. છોટાલાલ પુનમચંદ તરફથી લીલાબેનની વીશસ્થાનક ઓળી, તથા ચંદ્રાબેન, કલ્પનાબેન, જયાબેનની તપસ્યાઓ નિમિત્તે વીશસ્થાનકની પૂજા—પ્રભાવના—આંગી—ભાવના કરવામાં આવી.

(૧૦) ભાદરવા સુદ ૧૨ રવિવાર દિનાંક ૨૧—૯—૮૦ના રોજ જૈનધર્મ દિવાકર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-સુશીલસૂરીશ્વરજી મ. સા. ના ૬૪મા જન્મદિવસ નિમિત્તે સવારે વ્યાખ્યાનમાં સમારોહ—સ્વાગત, શા. અમરતલાલ બન્ધુએ ૬૪ રૂપીયાથી કરેલ જ્ઞાનપૂજન, પ. પૂ. આ. મ. શ્રીનું મંગલ પ્રવચન, પૂ. મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી મ. સા. તથા પૂ. બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સા. નું વ્યાખ્યાન અને અનેક વક્તાઓના ભાષણ થયાં.

પૂ. સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજીના શિષ્યા પૂ. સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજીના સદુપદેશથી શા. ચંદુલાલ મણીલાલ બાંધણીવાળા તરફથી સંઘપૂજા થઈ.

બપોરે લત્તાબેનના માસક્ષમણ ઉર્મિલાબેન તથા જયશ્રી-બેનની અઠ્ઠાઈ નિમિત્તે શાહ મંગળદાસ પ્રેમચંદ તરફથી શ્રી સિદ્ધચક્રમહાપૂજન ભણાવવામાં આવ્યું. પ્રભાવના—આંગી—ભાવના થઈ. બન્ને ટંકનું સાધર્મિક વાત્સલ્ય શ્રીસંઘ તરફથી કરવામાં આવ્યું.

(૧૧) ભાદરવા સુદ ૧૩ સોમવાર દિનાંક ૨૨-૯-૮૦ના રોજ શા. શીવલાલ ડાહ્યાચંદ તરફથી શારદાબેનના નવ ઉપવાસ નિમિત્તે અંતરાય કર્મ નિવારણની પૂજા-પ્રભાવના -આંગી-ભાવના કરવામાં આવી.

(૧૨) ભાદરવા સુદ ૧૪ મંગળવાર દિનાંક ૨૩-૯-૮૦ના રોજ ધર્મપ્રભાવક પરમપૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્ વિજય-દક્ષસૂરીશ્વરજી મ. સા. ના જન્મદિવસ નિમિત્તે તથા શા. ગભરુચંદ શિવલાલના પુત્ર કંચનલાલની પુત્રી મિતાબેનના સિદ્ધિતપ નિમિત્તે શા. ગભરુચંદ શિવલાલ તરફથી નવગ્રહ-દશ દિગ્પાલ-અષ્ટમંગલ પાટલાપૂજન-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવેલ.

(૧૩) ભાદરવા સુદ ૧૫ બુધવાર દિનાંક ૨૪-૯-૮૦ના રોજ પૂજ્ય સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ. [ ચાણસ્મા-વાળા ] ના સદુપદેશથી શા. માણેકલાલ અમરચંદ તરફથી પદ્માબેનના માસક્ષમણ નિમિત્તે શાંતિસ્નાત્ર પૂજા-પ્રભાવના -આંગી-ભાવના કરવામાં આવી.

(૧૪) ભાદરવા વદ ૧ ગુરુવાર દિનાંક ૨૫-૯-૮૦ના રોજ શ્રીસંઘ તરફથી સત્તરભેદી પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૧૫) ભાદરવા વદ ૨ શુક્રવાર દિનાંક ૨૬-૯-૮૦ના રોજ શા. ડાહ્યાચંદ લલ્લુચંદ તરફથી વર્ષાબેનના સોળ ઉપવાસ નિમિત્તે ૪૫ આગમની પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૧૬) ભાદરવા વદ ૪ શનિવાર દિનાંક ૨૭-૯-૮૦ના રોજ પૂ. સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજીના સદુપદેશથી તેમની શિષ્યા પૂ. સાધ્વી શ્રી રાજપૂર્ણાશ્રીજી મ. ના સોળ ઉપવાસ નિમિત્તે શા. પુંજાભાઈ જેસિંગલાલ હળવદવાળા હાલ મુંબઈ તરફથી બાર વ્રતની પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૧૭) ભાદરવા વદ ૫ રવિવાર દિનાંક ૨૮-૯-૮૦ના રોજ સાહિત્યસમ્રાટ્ પરમપૂજ્ય આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. સા. ના જન્મદિવસ, સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરિજી મ. સા. ના શિષ્યરત્ન મુનિ શ્રી પ્રમોદવિજયજી મ. સા. ના શ્રી મહાનિશિથસૂત્રના યોગની પૂર્ણાહુતિ, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય-સુશીલસૂરીશ્વરજી મ. સા. ના લઘુ શિષ્ય રત્નમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સા. ના શ્રી સુયગડાંગ સૂત્રના યોગની પૂર્ણાહુતિ તથા શ્રીસંઘમાં થયેલ વિવિધ તપશ્ચર્યા નિમિત્તે શ્રાવિકા વર્ગ તરફથી શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અભિષેક મહાપુજન-પ્રભાવના-આંગી-ભાવના થયેલ.

(૧૮) ભાદરવા વદ ૬ સોમવાર દિનાંક ૨૯-૯-૮૦ના રોજ શા. અમરતલાલ છોટાલાલ તરફથી મિત્તાબેન, દીપીકાબેન તથા સુનંદાબેનના અઠ્ઠાઈ તપ નિમિત્તે નવાણું પ્રકારી પૂજા-પ્રભાવના-આંગી-ભાવના કરવામાં આવી.

(૧૯) ભાદરવા વદ ૧૩ સોમવાર દિનાંક ૬-૧૦-૮૦ના રોજ જૈતારણ (મારવાડ)થી વંદનાર્થે આવેલ સંઘવી

જહોરીમલજી સુરેન્દ્રકુમાર પટવા તરફથી સવારે વ્યાખ્યાનમાં સંઘપૂજા કરવામાં આવી. ચાણસ્મા સંઘે સંઘવીજીનું બહુમાન કર્યું.

(૨૦) આસો સુદ ૨ શનિવાર દિનાંક ૧૧-૧૦-૮૦ના રોજ ચાણસ્માવાળા શા. બાબુલાલ પોપટલાલ ભૈયાજી તરફથી સવારે વ્યાખ્યાનમાં સંઘપૂજા કરવામાં આવી.

## આસો માસની શાશ્વતી ઓળીની આરાધના

આસો સુદ છઠથી આસો સુદ પુનમ સુધી શાશ્વતી ઓળીની આરાધના ચતુર્વિધ સંઘમાં સુંદર થઈ.

(૧) તેમાં પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના મુખથી તત્ત્વગર્ભિત નવપદના વર્ણન યુક્ત શ્રી શ્રીપાલચરિત્રના વ્યાખ્યાન શ્રવણનો નવ દિવસ સુધી શ્રીસંઘને સુંદર લાભ મળ્યો.

(૨) રાજસ્થાન-મારવાડ ગુડાબાલોતાનથી વંદનાર્થે આવેલ છઠને દિવસે શ્રી જૈન છાત્રાવાસની સંગીત મંડલીએ વ્યાખ્યાનમાં તથા રાતના પ્રભુભક્તિમાં સુંદર રસ જમાવ્યો. ચાણસ્મા સંઘે ગૃહપતિ શ્રી ગોવિંદચંદજી મહેતાને છાત્રાવાસના કાર્યમાં ૩૦૧ રુપીઆ તથા ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તરફથી સંગીત મંડળીના બાળકોને સારી રકમ આપવામાં આવી.

(૩) શા. રીખવલાલ મોહનલાલ તરફથી નવે દિવસ આયંબિલની ઓળી કરાવવામાં આવી તથા પુનમને દિવસે

પૂજા ભણાવવામાં આવી. આસો વદ ૧ શુક્રવાર દિનાંક ૨૪-૧૦-૮૦ના રોજ સવારે તપસ્વીઓનાં પારણાં પણ એમના જ તરફથી કરાવવામાં આવ્યાં.

બપોરે-પાલીતાણાથી શ્રાવિકાશ્રમની ૨૫૦ બેનો સાથે સોમચંદ ડી. શાહ, પંડિત કપુરચંદ વારૈયા, મોહનલાલ માસ્તર તથા કાર્યકર્તા ધરમચંદભાઈ આદિ વંદનાર્થે આવ્યા. તેઓની સંઘ તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી. સાંજના પ. પૂ. આ. મ. શ્રીનું મંગલ પ્રવચન થયું. આ પ્રસંગે સોમચંદ ડી. શાહ તથા પંડિત શ્રી કપુરચંદભાઈ આદિના વક્તવ્યો થયાં. સર્વને અત્યંત આનંદ થયો. આ જ દિવસે રાજસ્થાન-મારવાડ-ઉમેદપુર-માંથી શ્રી પાર્શ્વનાથ ઉમ્મેદ જૈન બાલાશ્રમના ગૃહપતિ શ્રી પારસમલ ભંડારી બેન્ડ અને સંગીત મંડલી સહિત ૧૫૦ બાલકોની સાથે વંદનાર્થે આવ્યા. તેઓની પણ સંઘ તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી. રાતના સંગીત મંડલીનો કાર્યક્રમ રહ્યો.

આસો વદ ૨ શનિવાર દિનાંક ૨૫-૧૦-૮૦ના રોજ સવારના પણ વ્યાખ્યાનમાં સંગીત મંડળીનો કાર્યક્રમ રહ્યો. ચાણસ્મા સંઘ તરફથી ઉમેદપુર જૈન છાત્રાવાસના કાર્યમાં ૩૦૧ રૂપીઆ આપવામાં આવ્યા તથા મંડળીના બાલકોને પણ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તરફથી રકમ આપવામાં આવી.

એ પ્રસંગે શા. બાબુલાલ ચંદાજી આકોલીવાળાને

છાત્રાવાસ તરફથી અભિનંદન પત્રાદિ તથા ચાણસ્મા સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું. તેઓશ્રી તરફથી સંઘપૂજા કરવામાં આવી.

રાજસ્થાન-મારવાડ-સિરોહીથી **'શ્રી શાંતિજિન ભક્તિ મહિલા મંડળ'** વંદનાર્થે આવ્યું. તેઓની સંઘ તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી. પુ. સાધ્વી શ્રી રવીન્દુપ્રભાજીએ કરેલ શ્રી વર્દ્ધમાન તપની ૩૫મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે આવેલ એ મંડળે પ્રભાવનાયુક્ત પૂજા ભણાવી તથા વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના કરી.

(૧) વંદનાર્થે આવેલ ગુડાબાલોતાન્ સંઘ તરફથી ઘર દીઠ એકેક રૂપીઆની પ્રભાવના કરવામાં આવી.

(૨) વંદનાર્થે આવેલ ગુડા એન્ડલા સંઘ તરફથી પણ ઘર દીઠ એકેક રૂપીઆની પ્રભાવના કરવામાં આવી.

(૩) વંદનાર્થે આવેલ જાવાલવાળા શ્રી ચંપકલાલ તથા શ્રી છગનલાલ તરફથી ઘર દીઠ એકેક રૂપીઆની પ્રભાવના કરવામાં આવી.

(૪) વંદનાર્થે આવેલ ચાણોદ સંઘ તરફથી ઘર દીઠ એકેક રૂપીઆની પ્રભાવના કરવામાં આવી;

(૫) વંદનાર્થે આવેલ ચાણોદવાળા શા. બસ્તીમલ ફોજમલજી તરફથી વ્યાખ્યાનમાં સંઘપૂજા કરવામાં આવી.

(૬) મૈથાણા પંડિત શ્રી સુરેશભાઈનું વ્યાખ્યાનમાં સંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું.

(૭) વંદનાર્થે આવેલ ફાલનાથી પ્રોફેસર શ્રી જવા-હીરલાલ પટણીનું વ્યાખ્યાનમાં શ્રીસંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું.

## પાંજરાપોળમાં નૂતન સેડનું ઉદ્‌ઘાટન

આસો વદ ૭ ગુરુવાર દિનાંક ૩૦-૧૦-૮૦ના રોજ સવારે એન્ડયુક્ત ચતુર્વિધ સંઘ સાથે પ. પૂ. આ. મ. શ્રી '**ચાણસ્મા મહાજન પાંજરાપોળ**'માં શણગારેલ મંડપમાં પધાર્યા, ત્યાં પૂજ્યપાદ આચાર્યદેવનું 'अहिंसा परमो धर्मः' એ વિષય પર આમ જનતા સમક્ષ સુંદર પ્રવચન થયું. જૈન-જૈનેતર ભાઈઓનાં પણ વક્તવ્યો થયાં.

શ્રી ચાણસ્મા મહાજન પાંજરાપોળમાં નૂતન બનેલ સેડનું ઉદ્‌ઘાટન ચાણસ્મા નિવાસી શા. કેશવલાલ રામચંદે કર્યું. પૂજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી એ પ્રસંગે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ટ્રસ્ટ મુંબઈ તરફથી ૪૦૦૦- અને પોતાના તરફથી ૧૦૦૦- એમ કુલ પાંચ હજાર રૂપિઆની જાહેરાત શા. કેશવલાલ રાયચંદે કરી. તદુપરાંત જુદી જુદી વ્યક્તિઓ તરફથી ૨૫૧- રૂપીઆની તિથિઓ નોંધાઈ.

પ્રાંતે શા. કેશવલાલ રામચંદ તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવી.

પૂજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી વિદ્યાવાડીમાં શ્રી આદિનાથ જિનમંદિરના વિભાગમાં ગુરુમંદિરની બન્ને દેવળીના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો.

## દિવાળી પર્વની આરાધના

ચતુર્વિધ સંઘમાં દિવાળી પર્વની આરાધના સુંદર થઈ. ચૌદસ અને અમાસ બન્ને દિવસ દિવાળી પર્વના વ્યાખ્યાનનો લાભ શ્રીસંઘને મળ્યો. શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર પરમાત્માનો નિર્વાણ કલ્યાણકનો અને શાસનસમ્રાટ્ પરમગુરુ ભગવંતનો સ્વર્ગવાસનો દિવસ હોવાથી પૂજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી શા. સાંકલચંદ ગગલચંદના ધર્મપત્ની ગજરાબાઈ તરફથી શ્રી મહાવીર પંચ કલ્યાણક પૂજા–પ્રભાવના–આંગી–ભાવના કરવામાં આવી.

## નૂતન વર્ષનો પ્રારંભ

શ્રી વીર સં. ૨૫૦૭ વિક્રમ સં. ૨૦૩૭ નેમિ સં. ૩૨ના કાર્તિક સુદ ૧ શનિવાર દિનાંક ૮-૧૧-૧૯૮૦ના રોજ નૂતન વર્ષના પ્રારંભમાં સવારે પૂજ્યપાદ આચાર્યદેવે મંગલાચરણ–મંગલપ્રાર્થના તથા શ્રી ગૌતમસ્વામીજીનો રાસ, પૂજ્ય મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી મ. શ્રીએ 'શ્રી ગૌતમાષ્ટક' તથા પૂજ્ય મુનિરાજ શ્રી જિનોત્તમ-વિજયજી મ. શ્રીએ મંગલકારી 'સાત સ્મરણ' અને 'શ્રી નેમિસૂરીશ્વરાષ્ટક' ચતુર્વિધ સંઘને સંભળાવ્યું. અંતે સર્વમંગલ કર્યા બાદ શ્રીસંઘે રુપાનાણાંથી જ્ઞાનપૂજન કર્યું. ત્યાર પછી પૂજ્યપાદ આચાર્યદેવે પંચ પ્રસ્થાનમય સૂરિમંત્રની સાધના દ્વારા સ્થાપનાચાર્યનું પૂજન કર્યું.

શ્રુતકેવલી શ્રી ગૌતમસ્વામી ભગવંતના કેવલજ્ઞાનનો અને શાસનસમ્રાટ્ પરમગુરુદેવના જન્મનો દિવસ હોવાથી તે નિમિત્તે પુજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી શા. કિલાચંદ ગગલચંદના ધર્મપત્ની મણીબાઈ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક – પૂજા–પ્રભાવના–આંગી–ભાવના કરવામાં આવી.

કાર્ત્તિક સુદ બીજ રવિવાર દિનાંક ૯–૧૧–૮૦ના રોજ વ્યાખ્યાનમાં શ્રી હસમુખભાઈ દિવાન ( છોટે રાહી )નો સંગીતનો પ્રોગ્રામ સારો રહ્યો.

કાર્ત્તિક સુદ ચોથના દિવસે વંદનાર્થે આવેલ શા. પારસમલ તિલોકચંદજી ગુડાબાલોતાનવાળા તરફથી વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના કરવામાં આવી.

## જ્ઞાનપંચમીની આરાધના

કાર્ત્તિક સુદ ૫ ગુરુવાર દિનાંક ૧૩–૧૧–૮૦ના રોજ ચતુર્વિધ સંઘમાં જ્ઞાનપંચમીની આરાધના સારી રીતે થઈ. પૂજ્યપાદ આચાર્યદેવે વ્યાખ્યાનમાં '**પંચજ્ઞાનનું મહત્ત્વ**' વરદત્ત–ગુણમંજરીના દૃષ્ટાંતપૂર્વક સુંદર રીતે વર્ણવ્યું.

## શ્રી જૈન ધાર્મિક પાઠશાલાનો ઈનામી મેળાવડો

કાર્ત્તિક સુદ ૬ શુક્રવાર દિનાંક ૧૪–૧૧–૮૦ના રોજ સવારે વ્યાખ્યાનમાં પુજ્યપાદ આચાર્યદેવની શુભનિશ્રામાં

ચાણસ્મા શ્રી જૈન ધાર્મિક પાઠશાળાનો ઈનામી મેળાવડો રાખવામાં આવ્યો. તેમાં સ્વાગત-પ્રાર્થના-સંવાદ થયા બાદ પંડિત જેસિંગભાઈ, વિઠ્ઠલભાઈ, તેજપાલભાઈ તથા ગુણવંતલાલ માસ્તરનાં વક્તવ્યો થયાં. ત્યાર પછી પ. પૂ. આ. મ. શ્રીનું '**સમ્યગ્જ્ઞાનની મહત્તા અને ધાર્મિક પાઠશાલા**' એ વિષય પર સુંદર પ્રવચન થયું. બહારની પરીક્ષાઓમાં તથા પૂ. સાધ્વી શ્રી સુભદ્રાશ્રીજી અને પૂ સાધ્વી શ્રી રત્નમાલાશ્રીજીએ લીધેલ મૌખિક પરીક્ષામાં પાસ થયેલ ભાઈ-બ્હેનોને ઈનામો સંઘના આગેવાન શેઠ શ્રી ગોવિંદચંદ કરમચંદના વરદ્ હસ્તે આપવામાં આવ્યાં. જૈન પંડિત શ્રી જેશિંગભાઈ તરફથી શ્રુતજ્ઞાનની ભક્તિમાં ૧૦૧ રૂપીઆ જાહેર કરવામાં આવ્યા. સંઘ તરફથી ધાર્મિક શિક્ષક શ્રી ગુણવંતભાઈનું તથા ધાર્મિક શિક્ષિકા વિમલાબેનનું બહુમાન કરવામાં આવ્યું.

કાર્તિક સુદ ૧૧ મંગલવાર દિનાંક ૧૮-૧૧-૮૦ના રોજ વ્યાખ્યાનમાં શા. ગભરુચંદ શિવલાલને ત્યાં **ચાતુર્માસ પરિવર્તનની** પ. પૂ. આ. મ. શ્રી આદિને તથા પૂ. સાધ્વીવૃન્દને વિનંતિ થતાં તેનો સ્વીકાર કર્યો.

કાર્તિક સુદ ૧૨ બુધવાર દિનાંક ૧૯-૧૧-૮૦ના રોજ ધર્મપ્રભાવક પરમપૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્ વિજય-દક્ષસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી વિનંતિ અર્થે આવેલ મુંબઈ-ગોરેગાંવ સંઘના પ્રમુખ રમણભાઈ આદિની

સાગ્રહ વિનંતિનો સ્વીકાર કર્યો અને ચાતુર્માસ બાદ માગશર માસમાં એ તરફ વિહાર કરી ક્ષેત્રસ્પર્શના એ મહા માસમાં મુંબઈ પહોંચવાની પૂજ્યપાદ આચાર્ય ભગવંતે હા પાડતાં જય બોલાવી એ પ્રસંગે મુંબઈ–ગોરેગાંવ સંઘ તરફથી સંઘપૂજા કરવામાં આવી. તદુપરાંત શ્રી રમણભાઈએ શ્રુતજ્ઞાનની ભક્તિમાં ૧૦૧ અને સાધારણ ખાતામાં ૧૦૧ રૂપીઆ જાહેર કર્યા.

## ચોમાસી ચૌદસની આરાધના

કાર્તિક સુદ ૧૪ શુક્રવાર દિનાંક ૨૧–૧૧–૮૦ના રોજ પૂજ્યપાદ આચાર્ય મ. શ્રીએ વ્યાખ્યાનમાં 'उपदेश प्रासाद' (प्रथम भाग) અને 'विक्रमचरित्र' બન્ને ગ્રંથની સંક્ષિપ્ત પૂર્ણાહુતિ કરી. બપોરે ચૌમાસી દેવવંદન કરવામાં આવ્યું.

## ચાતુર્માસ પરાવર્તન

કાર્તિક સુદ ૧૫ શનિવાર દિનાંક ૨૨–૧૧–૮૦ના રોજ સવારે પરમપૂજ્ય આચાર્ય મ. સા. આદિ મુનિ–ભગવંતોએ તથા પૂ. સાધ્વી સમુદાયે બેન્ડયુક્ત સંઘ સાથે ચાતુર્માસ પરિવર્તન નાની વાણીયાવાડમાં સંઘવી શેઠ શ્રી ગભરુચંદ શિવલાલને ત્યાં કર્યું. શણગારેલ મંડપમાં પૂજ્યપાદ આચાર્યદેવનું મંગલ પ્રવચન થયું. એ પ્રસંગે વિદ્યાવાડીમાં બનતી શાસનસમ્રાટ્ દેરીનો આદેશ શ. ચીમનલાલ મગલચંદના ધર્મપત્ની મંજરાબાઈએ લીધે. બીજી સાહિત્ય સમ્રાટ્ દેરીનો આદેશ શા. મણીલાલ કેવલદાસ તરફથી લેવાયો.

રાજસ્થાન-મારવાડ જવાલી ગામથી વંદનાર્થે આવેલ સંઘવી શ્રી મૂળચંદ ગેનમલજીનું સંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું. ત્યાર પછી સંઘવી શ્રી ગભરુચંદ શિવલાલ તરફથી સંઘપૂજા કરવામાં આવી.

## શ્રી શત્રુંજય પટ્ટદર્શનનો વરઘોડો

બપોરે રથ, ઈન્દ્રધ્વજા, પાલખી, હાથી અને બેન્ડ-યુક્ત વરઘોડો નીકળ્યો. વિદ્યાવાડીએ શ્રી આદિનાથ જિનમંદિરના અને શ્રી શત્રુંજય પટ્ટના દર્શનાદિ કરી ગામમાં વરઘોડો ફરી ઊતર્યો.

## દીક્ષા પર્યાયના પચાસમા વર્ષમાં પ્રવેશ

કાર્તિક વદ બીજ રવિવાર દિનાંક ૨૩-૧૧-૮૦ના રોજ પરમશાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. શ્રીએ જન્મભૂમિ-ચાણસ્મા ગામમાં દીક્ષાપર્યાયના પચાસમા વર્ષમાં પ્રવેશ કર્યો.

એ પ્રસંગે—

(૧) વ્યાખ્યાનમાં શા. ચીમનલાલ ગગલચંદ તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવી તેમ જ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પ્રભાવનાયુક્તપૂજા ભણાવવામાં તથા આંગી રચવામાં આવી.

(૨) શા. બબુલાલ ગભરુચંદ ઉરડે તરફથી પાંજરા-પોળમાં ૨૫૧ રૂપીઆની તિથિ આજના દિવસની આપવામાં આવી.

(૩) રાજસ્થાન–મારવાડ ગુડાબાલોતાન નિવાસી શા. તિલોકચંદ ભક્કાજી હસ્તે પારસમલ તરફથી આ૦૪ના દિવસની ભાતાખાતામાં ૨૫૧ રૂપીઆની તિથિ આપવામાં આવી.

(૪) રાજસ્થાન–મારવાડ કોસેલાવ ગામના એક સદ્‌ગૃહસ્થ તરફથી ઘર દીઠ એકેક રૂપીઆની પ્રભાવના કરવામાં આવી.

## પૂજ્યપાદ આચાર્યદેવનો વિહાર અને શ્રી ભોયણી તીર્થનો છ'રી પાળતો સંઘ

પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર ચાતુર્માસાર્થે પધાર્યા ત્યારથી સકલસંઘમાં આનંદની હેલી વરસી. દરેક પ્રવૃત્તિમાં, દરરોજ વ્યાખ્યાન આદિમાં સહુએ ઉલટભેર ભાગ લીધો. છેવટે શિખર ઉપર કળશની જેમ છ'રી પાળતા સંઘનું આયોજન થયું.

કાર્તિક વદિ ૩ સોમવાર દનાંક ૨૪–૧૧–૮૦ના રોજ સવારે બેન્ડ યુક્ત શા. ચીમનલાલ ગગલચંદને ત્યાં પધાર્યા. માંગલિક સંભળાવ્યા બાદ પૂજ્યપાદ આચાર્ય દેવની પુણ્ય નિશ્રામાં શા. ચીમનલાલ ગગલચંદ તરફથી **શ્રી ભોયણી તીર્થનો છ'રી પાળતો પદયાત્રા સંઘ** જિનમૂર્તિ ઈન્દ્રધ્વજા, હાથી, બેન્ડ તથા ચતુર્વિધ સંઘ સહિત શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના દર્શનાદિ કરી અને ગામમાં ફરી ચાણસ્માથી શાનદાર શાસન–પ્રભાવનાપૂર્વક નીકળ્યો.

પૂજ્યપાદ આચાર્યદેવે તેમજ પૂ. સાધ્વી વૃન્દે પણ

ઐતિહાસિક ચીરસ્મરણીય ચાતુર્માસ અભુતપૂર્વ શાસન પ્રભાવનાપૂર્વક નિર્વિઘ્ન પૂર્ણ કરી સંઘમાં પધારવા માટે વિહાર કર્યો.

સંઘમાં ૩૫૦ ઉપરાંત જૈન ભાઈ–બહેનો જોડાયા.

**(૧) વડાવલી—**

**ચાણસ્માથી ભોયણી છરી પાળતો** પદયાત્રા સંઘ વડા-વલી ગામે આવતાં સંઘ તથા ગામ સમસ્ત તરફથી સંઘનું ઉમ્માભર્યું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જિનમંદિરે દર્શનાદિ કરી '**સુશીલનગર**'માં શણગારેલ મંડપમાં પધારતાં પૂજ્યપાદ આચાર્યદેવનું મંગલ પ્રવચન થયું. સ્નાત્રપૂજા ભણાવવામાં આવી. બપોરે પ. પૂ. આ. મ. શ્રીના વ્યાખ્યાનમાં વડાવલીના શા. ગોવિંદચંદ મોહનલાલ તરફથી, શા. મોહનલાલ હાથીચંદ તથા ચંદુલાલ તરફથી એમ બે સંઘપૂજન થયાં. શા. ડાહ્યાલાલ માનચંદ વડાવલી-વાળા તરફથી સ્વામી વાત્સલ્ય થયું. સાંજના બેનોની સાંજી–ગરબા રહ્યા. ભાવના રાતના રહી.

ચાણસ્માથી આવેલ સંઘ તરફથી હાઈસ્કૂલ, કન્યા-શાળા અને કુમારશાળામાં પણ રકમ આપવામાં આવી.

(૨) કાર્તિક વદ ૪ મંગલવાર દિનાંક ૨૫–૧૧–૮૦ના રોજ વડાવલીથી ચાણસ્માનો પદયાત્રા સંઘ ગાંભુ, આવતાં સંઘ તરફથી ઉમ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ગંભીરા પાર્શ્વનાથ પ્રભુના દર્શનાદિકથી સર્વને આનંદ થયો. પૂજ્યપાદ આચાર્યદેવ અને પૂજ્ય બાલમુનિ શ્રી જિનોત્તમ વિજયજી મ. સા.ના પ્રવચનમાં ગાંભુ ગામના

શા. ત્રીકમલાલ ડાહ્યાચંદ તથા જેઠાલાલ લહેરચંદ ચાણસ્માવાળા તરફથી સંઘપૂજન થયું. ચાણસ્માના રોહિતભાઈ, હસમુખભાઈ, વિજયભાઈ તથા ભીખાભાઈની કુંપની તરફથી સ્વામી વાત્સલ્ય થયું. સંઘવી તરફથી પૂજા ભણાવવામાં આવી. સાંજના બેનોની સાંજી–ગરબા રહ્યા. રાતના ભાવના રહી.

ચાણસ્માથી આવેલ સંઘ તરફથી જિનમંદિર અને સાધારણ આદિમાં રકમ આપવામાં આવી.

(૩) કાર્તિક વદ ૫ બુધવાર દિનાંક ૨૬–૧૧–૮૦ ના રોજ ગાંભુથી ચાણસ્માનો પદયાત્રા સંઘ મોઢેરા આવતાં સંઘ તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના દર્શનાદિકથી સર્વને આનંદ થયો.

પરમ પુજ્ય આચાર્ય દેવ અને પુજ્ય બાલમુનિ શ્રી જિનોત્તમવિજયજી મ. સા.ના વ્યાખ્યાનમાં ચાણસ્મા નિવાસી શા. ગભરુચંદ શિવલાલ તરફથી સંઘપૂજા એકેક રૂપીયાની તથા મોઢેરા ગામવાળા તરફથી ચાર આનાની પ્રભાવના કરવામાં આવી, અને દોશી રતનચંદ પરસોત્તમદાસ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું. તેમાં આયંબિલ એકાસણાવાળાને એકેક રૂપિયાની પ્રભાવના પણ એમના તરફથી આપવામાં આવી. સંઘવી તરફથી પુજા ભણાવવામાં આવી. સાંજના બેનોની સાંજી–ગરબા રહ્યા. રાતના ભાવના રહી.

(૪) કાર્તિક વદ છઠ્ઠ ગુરુવાર દિનાંક ૨૭-૧૧-૮૦ના રોજ મોઢેરાથી ચાણસ્માનો પદયાત્રા સંઘ **શંખેજ** આવતાં સંઘ તરફથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી નેમિનાથ ભગવાનના બાવન જિનાલયના દર્શનાદિકથી સર્વને અતિ આનંદ થયો. પૂજ્યપાદ આચાર્યદેવના વ્યાખ્યાનમાં ચાણસ્મા નિવાસી સંઘવી પોપટલાલ મોતીચંદ તરફથી સંઘપૂજા કરવામાં આવી. સ્વામીવાત્સલ્ય......... શા. સોમચંદ ગભરુચંદ તરફથી કરવામાં આવ્યું. સંઘવી તરફથી પૂજા ભણાવવામાં આવી. સાંજના બેનોની સાંજી-ગરબા રહ્યા. રાતના ભાવના કરવામાં આવી.

(૫) કાર્તિક વદ ૭ શુક્રવાર દિનાંક ૨૮-૧૧-૮૦ના રોજ શંખેજથી ચાણસ્માનો પદયાત્રા સંઘ **કટોસન** આવતાં સંઘ તરફથી સુંદર સ્વાગત કરવામાં આવ્યું. શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં દર્શનાદિકથી સર્વને આનંદ થયો. પૂજ્યપાદ આચાર્યદેવ અને પૂજ્ય બાલમુનિ શ્રી જિનોત્તમ વિજયજી મ. સા.ના વ્યાખ્યાનમાં ચાણસ્મા નિવાસી શા. રીખવચંદ કેવલચંદ પીપલવાલા તથા શા. યશવંતલાલ ઉકાસીંગ તરફથી સંઘપૂજા કરવામાં આવી, સંઘવી તરફથી પૂજા ભણાવવામાં આવી. તેમજ સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું. સાંજી-ગરબા રહ્યા. રાતના ભાવના-પ્રભુભક્તિ કરવામાં આવી.

(૬) કાર્તિક વદ ૮ શનિવાર દિનાંક ૨૯-૧૧-૮૦ના રોજ કટોસનથી ચાણસ્માનો પદયાત્રા સંઘ **શ્રી ભોયણી તીર્થ**માં આવતાં પેઢી તરફથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં

આવ્યું. શ્રી મલ્લિનાથ ભગવાનનાં દર્શનાદિકથી સર્વને અનહદ આનંદ થયો. પ. પૂ. આ. મ. શ્રીએ મંગલ પ્રવચન કર્યું. સંઘવી તરફથી સંઘપૂજા કરવામાં આવી. અને શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વિધિકારક શ્રી મનોજકુમાર બાબુલાલ હરસિરોડીવાળાએ વિધિપૂર્વક સુંદર ભણાવ્યું-તદુપરાંત પદયાત્રા સંઘમાં આવેલ સર્વ જૈન-બહેનોને મુહપત્તિ યુક્ત કટાસણાની પ્રભાવના આપવામાં આવી. શા. પોપટલાલ મોતીચંદ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું. સાંજના બેનોની સાંજી-ગરબા રહ્યા. રાતના દાદાના દરબારમાં ભાવના કરવામાં આવી.

(૭ કાર્તિક વદ ૯ રવિવાર દિનાંક ૩૦-૧૧-૮૦ ના રોજ સવારે શ્રી મલ્લિનાથ ભગવાનની છત્રછાયામાં અને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. સ.ની શુભ નિશ્રામાં નાણ સમક્ષ વિધિપુર્વક સંઘવણ ગજરાબાઈને, સંઘવી શ્રી પ્રવિણભાઈને સજોડે તથા સંઘવી ભરતભાઈને સજોડે **તીર્થમાલા** (સંઘમાલા) પહેરાવવામાં આવી. માલા વગેરેની ઉપજ સારી થઈ.

એ પ્રસંગે—

(૧) શા કસ્તુરચંદ જુમખરામ તરફથી સંઘપૂજા કરવામાં આવી.

(૨) સંઘવી તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું.

(૩) ચાણસ્મા-વલાવાડીમાં નૂતન શાસનસમ્રાટની દેરીમાં પ. પૂ. શાસનસમ્રાટ આ. શ્રીમદ્ વિજય નેમિ-

સૂરીશ્વરજી મ. શ્રીની મૂર્તિ પધરાવવાનો આદેશ શાન્તિ-સ્નાત્ર ભણાવવાયુક્ત ચાણસ્મા નિવાસી શા. કાન્તિલાલ મોતીલાલે લીધો.

(૪) ચાણસ્મા–વિદ્યાવાડીમાં નૂતન સાહિત્ય સમ્રાટ્ની દેરીમાં પ. પૂ. આ. શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. શ્રીની મૂર્તિ પધરાવવાનો આદેશ ચાણસ્મા નિવાસી શા. અમૃતલાલ તલકચંદ તરફથી લેવાયો.

(૫) ચાણસ્મા શ્રી જૈન સંઘ તરફથી 'શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ' ની યોજના કરવામાં આવી. જુદી જુદી વ્યક્તિઓ તરફથી પૂજાઓ નોંધાઈ ગઈ.

સાંજ પહેલાં સંઘ ચાણસ્મા જવા માટે સાધન દ્વારા રવાના થયો.

ભોયણી સ્થિરતા દરમ્યાન આઠમને દિવસે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા. અને પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરુચકચંદ્રસૂરીશ્વરજી મ. સા.નું સુભગ સંમિલન થયું.

અગીયારસના દિવસે અમદાવાદ શામળાની પોળમાંથી શ્રી શંખેશ્વર તીર્થનો છ'રી પાળતો પદયાત્રા સંઘ લઈને પધારેલ પરમપૂજ્ય શાસનસમ્રાટ સમુદાયના પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કાન્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિનું સુભગ સંમિલન થયું. બપોરે બન્ને આચાર્ય મ. શ્રીનાં મંગલ પ્રવચન થયાં. બારસના દિવસે ભોયણી તીર્થથી પુનઃ ચાણસ્મા તરફ વિહાર થયો.

## ચાણસ્મા-વિદ્યાવાડીમાં પ્રતિષ્ઠા મહોત્સવ

(૧) કાર્તિક વદ ૧૪ શનિવાર દિનાંક ૬-૧૨-૮૦ ના રોજ પરમશાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલ સૂરીશ્વરજી મ. સા. મુનિવૃન્દ સહિત પુનઃ ચાણસ્મા પધારતાં શ્રીસંઘ તરફથી બેન્ડ યુક્ત સ્વાગત કરવામાં આવ્યું. પૂજ્યપાદ આચાર્ય મ. શ્રીના પ્રવચનનો સુંદર લાભ શ્રીસંઘને મળ્યો.

તેઓશ્રીની શુભ નિશ્રામાં વિદ્યાવાડીમાં શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરવામાં આવ્યો.

કુંભ સ્થાપના, અખંડ દીપક તથા જવારારોપણ વિધિ કરવામાં આવ્યા.

શા. ચીમનલાલ ગગલચંદ તરફથી પૂજા પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

(૨) કાર્તિક વદ ૦)) રવિવાર દિનાંક ૭-૧૨-૮૦ના રોજ સવારે પૂ. શ્રી કંચનસાગરજી મ. નું વ્યાખ્યાન થયું બપોરે પૂ. સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રી નવચંદજીની પૂજા-પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

(૩) માગશર સુદ ૧ સોમવાર દિનાંક ૮-૧૨-૮૦ ના રોજ સવારે પૂ. શ્રી કંચનસાગરજી મ. નું વ્યાખ્યાન થયું. બપોરે શા. જેઠાલાલ લહેરચંદ તરફથી નવાણું પ્રકારી પૂજા પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

(૪) માગશર સુદ ૨ મંગલવાર દિનાંક ૯-૧૨-૮૦ ના રોજ સવારે પૂ. શ્રી કંચનસાગરજી મ. નું વ્યાખ્યાન થયું. બપોરે સ્વ. શા. મોહનલાલ ખુશાલચંદના ધર્મપત્ની કેશીબેન તરફથી બારવ્રતની પૂજા-પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

(૫) માગશર સુદ ૩ બુધવાર દિનાંક ૧૦-૧૨-૮૦ ના રોજ સવારે પરમપૂજ્ય આચાર્ય મ. શ્રીનું પ્રવચન થયું. બપોરે સંઘ તરફથી નવગ્રહાદિ પાટલાપૂજન કરવામાં આવ્યું. પ્રભાવના-આંગી તથા ભાવના કરવામાં આવી.

(૬) માગશર સુદ ૪ ગુરુવાર દિનાંક ૧૧-૧૨-૮૦ ના રોજ પૂજ્યપાદ આચાર્ય મ. શ્રીનું વ્યાખ્યાન થયું. બપોરે શા. કાન્તિલાલ મોતીલાલ તરફથી વીશ સ્થાનક પૂજા-પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

(૭) માગશર સુદ ૫ શુક્રવાર દિનાંક ૧૨-૧૨-૮૦ ના રોજ સવારે શુભ મૂહૂર્ત્તમાં પરમપૂજ્ય આચાર્ય મ. સા.ના સદુપદેશથી શા. ચીમનલાલ ગગલચંદના ધર્મપત્ની ગજરા-બેન તરફથી બંધાવેલ શાસન સમ્રાટ ગુરુમંદિરમાં શા. કાન્તિલાલ મોતીલાલે સ્વ. શાસન સમ્રાટ્ સૂરિચક્રવર્તિ-

તપાગચ્છાધિપતિ-પરમ પૂજ્યાચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી ગુરુમહારાજની મૂર્તિ પધરાવવામાં આવી. તથા તેના પર કળશ સંઘવી પ્રવીણભાઈ તથા ભરતભાઈ ગગલચંદ તરફથી ચઢાવવામાં આવ્યો. પૂજ્યપાદ આચાર્યદેવના સદુપદેશથી સ્વ. શા. મણીલાલ કેવલચંદ તરફથી બંધાવેલ સાહિત્ય સમ્રાટ ગુરુમંદિરમાં સ્વ. પુજ્ય સાધ્વીશ્રી પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂજ્ય સાધ્વીશ્રી રવીન્દુ-પ્રભાશ્રીજી મ. તથા તેમના શિષ્યા પુજ્ય સાધ્વીશ્રી રત્ન-માલાશ્રીજી મ.ના સદુપદેશથી સ્વ. શા. અમરતલાલ તલકચંદ તરફથી સ્વ. સાહિત્યસમ્રાટ-વ્યાકરણવાચસ્પતિ-શાસ્ત્રવિશારદ કવિરત્ન-પરમ પૂજ્ય આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયલાવણ્ય-સૂરીશ્વરજી ગુરુમહારાજની મૂર્તિ પધરાવવામાં આવી. તથા તેના પર કળશ શા. શોભણદાસ લક્ષ્માચંદ તરફથી ચઢાવવામાં આવ્યો.

પરમપૂજ્ય આચાર્યદેવનું મંગલ પ્રવચન, એ પ્રસંગે—

(૧) જૈનધર્મ દિવાકર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.શ્રીએ લખેલ '**શ્રી પાર્શ્વ જિન જીવન સૌરભ**' પુસ્તિકાનું વિવેચન ચાણસ્મા-નિવાસી શા. ગોવિંદચંદ કરમચંદે કર્યું. તથા '**કુલક-સંગ્રહસર લાર્થ**' પુસ્તિકાનું વિવેચન ચાણસ્માનિવાસી વકીલ સુરજમલ પુનમચંદે કર્યું.

(૨) જૈનધર્મ દિવાકર પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.શ્રીનો તૈલચિત્ર-ફોટો બનાવરાવી

તેનું ઉદ્ઘાટન સંઘવી પ્રવીણભાઈ તથા ભરતભાઈ ચીમનલાલ ગગલચંદે કર્યું.

(૩) શાસનસમ્રાટ સમુદાયના આજ્ઞાવર્તિની સ્વ. પૂજ્ય સાધ્વીશ્રી પ્રભાશ્રી મ.નાં શિષ્યા પૂજ્ય સાધ્વીશ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ.નો તૈલચિત્ર-ફોટો બનાવરાવી તેનું ઉદ્ઘાટન શા. કાન્તિલાલ મોતિલાલે કર્યું.

આ સિવાય શા. કેશવલાલ રવચંદ, શા. કાન્તિલાલ મોતીલાલ, શા. મનસુખલાલ લહેરચંદ તથા ચંપાબેન મોતીલાલ એ ચારેના તૈલચિત્ર-ફોટાઓનું ઉદ્ઘાટન કરઆવ્યું.

(૪) શા. ચુનીલાલ મોતીચંદ હસ્તે મણીબેન તરફથી સંઘપૂજા કરવામાં આવી.

(૫) ચાણસ્માથી શ્રી ભોયણીતીર્થ પદયાત્રા સંઘના યાત્રિકો તરફથી સંઘવી પ્રવીણભાઈ તથા ભરતભાઈ આદિનું બહુમાન કરવામાં આવ્યું તથા અભિનંદનપત્ર આપવામાં આવ્યું. સંઘવીજી તરફથી કાર્યકર્તાઓ શા. બાબુભાઈ ગભરુચંદ હરડે, શા. તેજપાલ ત્રિકમલાલ તથા શા. રમણલાલ શીવલાલ આદિનું બહુમાન કરવામાં આવ્યું. ધાર્મિક શિક્ષક શા. ગુણવંતલાલનું તથા ધાર્મિક શિક્ષિકા વિમલાબેનનું પણ બહુમાન કરવામાં આવ્યું.

(૬) વકીલ સુરજમલ પુનમચંદ, શા. કુમારપાલ સોમચંદ શા. તેજપાલ ત્રીકમલાલ તથા સંઘવી ભરતકુમાર

ચીમનલાલ આદિના વક્તવ્યો બાદ, પૂજ્યપાદ આચાર્ય મ.શ્રીએ સંક્ષિપ્ત સુંદર પ્રવચન કર્યું. વિદ્યાવાડી તથા ગામની વાડીના કાર્ય અંગે સંઘને પ્રોત્સાહિત કર્યા.

પ્રાંતે સર્વમંગલ બાદ પેંડાની પ્રભાવના કરવામાં આવી.

(૭) શા. કાન્તિલાલ મોતીલાલ તરફથી પ્રભાવનાયુક્ત શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું.

(૮) સંઘવી પોપટલાલ મોતીચંદ તરફથી બન્ને ટંકનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું.

સાંજના પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુશીલ-સૂરીશ્વરજી મ. સા. આદિએ મુંબઈ તરફ જવા માટે વિહાર કર્યો. શા. જયંતિલાલ મંગલચંદના બંગલે રાત સ્થિરતા કરી. છઠના દિવસે સવારે વિદ્યાવાડીમાં શ્રી આદિનાથ ભગવાનાદિનાં દર્શનાદિ કરી તથા ચાણસ્મા શ્રીસંઘને મંગલિક સંભળાવી પીપળ[illegible] માટે વિહાર કર્યો.

(૯) માગશર સુદ ૫ [illegible] દિનાંક ૧૩–૧૨–૮૦ના રોજ વિદ્યાવાડીમાં શા. [illegible]ચંદ તરફથી સત્તર-ભેદી પૂજા–પ્રભાવના–[illegible] ભાવના કરવામાં આવી.

આ રીતે વિદ્યાવાડીમાં શાસન પ્રભાવનાપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિ થઈ.

(૯) માગશર શુદ ૭ રવિવાર દિનાંક ૧૪-૧૨-૮૦ના રોજ **વિદ્યાવાડીમાં શ્રી દેવગુરુસૂદ્ધિ મંદિરની** વર્ષગાંઠ દિવસ હોવાથી **શ્રી આદિજિન મંડળ** તરફથી પંચ-કલ્યાણકની પૂજા-પ્રભાવના-આંગી તથા રાતના ભાવના કરવામાં આવી.

પરમશાસન પ્રભાવક-પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા. નું વિ. સં. ૨૦૩૬ની સાલનું ઐતિહાસિક ચિરસ્મરણીય **ચાતુર્માસ**, તથા તેઓશ્રીની શુભનિશ્રામાં વિ. સં. ૨૦૩૭ની સાલમાં ચાણ-સ્માથી શ્રીભોયણીતીર્થનો નિકળેલ **પદયાત્રા સંઘ** અને વિદ્યાવાડીમાં થયેલ **પ્રતિષ્ઠા-મહોત્સવ** ત્રિવેણી સંગમરુપ ચાણસ્માના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

卐 शुभं भवतु श्रीसंघस्य 卐



શ્રી ભટેવા પાર્શ્વનાથાય નમઃ

જૈન ધર્મદિવાકર, શાસનરત્ન, તીર્થપ્રભાવક, રાજસ્થાન દીપક, મરૂધરદેશોદ્ધારક, પ્રશાંતમૂર્તિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુશીલ-સૂરીશ્વરજી મહારાજ સાહેબના જન્મભૂમિ ચાણસ્મામાં યાદગાર ચાતુર્માસની અનુમોદના કરતો એક પત્ર

પૂજ્ય આચાર્યદેવ

હૃદયમાં છલકાતા ભાવો કલમ દ્વારા સંપૂર્ણતયા વ્યક્ત કરવા સમર્થ નથી, તેમ છતાં આપના આશીર્વાદને કૃપાના કારણે હૈયામાં જે ભાવોર્મિ છે ને મનમાં જે કંઈ અસ્પષ્ટ વિચારો અથડાઈ રહ્યા છે તે કાગળ પર યથાશક્તિ અંકિત કરીશ.

ચાણસ્મા—આ ધર્મભૂમિને સંસ્કાર નગરીનું એ સદ્ભાગ્ય છે કે જૈન શાસનની લગામ જેઓના હાથમાં છે. અને જેનાથી જૈન શાસન જયવંતુ છે. એવા ધર્મ ધુરંધર પ્રખર આચાર્ય ભગવંતો-મુનિ પુંગવોના ચરણકમળથી વખતો વખત આ ભૂમિ પુનિત બનતી રહી છે. અને એના જ પરિણામે અમારી ધર્મજ્યોત—સંસ્કાર ને ગૌરવ આજે એવાં જ અડોલ મસ્તક ટકી રહ્યાં છે, ૪૮ વર્ષની લાંબી પ્રતીક્ષાના અંતે સંવત ૨૦૩૬ના ચાતુર્માસ માટે

શ્રી સંઘની જોરદાર વિનંતી થતાં આપે, અનેક સંઘોનો આગ્રહ હોવા છતાં અમારી વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો ત્યારથી જ શ્રી સંઘમાં ઉલ્લાસ ને ઉત્સાહનાં ઘોડાપૂર ફરી વળ્યાં. અમારા મુંબઈ, સુરત-નવસારી, અમદાવાદ, પાટણ વગેરે શહેરોમાં વસતા ભાઈ-બેનો આપને સત્કારવા દૂરદૂરથી પહેલી જ વખતે ઉમટી પડ્યા. આપના મંગળ પ્રવેશ સમયે જે ભાવભર્યું ને દબદબા પૂર્વક અભૂતપૂર્વ સામૈયું થયું તે આપના સંયમધર્મને તપોબળનું જ પરિણામ હતું. ગામનું બાળક અનેક સિદ્ધિઓ મેળવી વતનમાં પહેલી જ વખત ચાતુર્માસ માટે પધારે છે એ વાત માત્રથી આપને સત્કારવા જૈન-જૈનેતરોનો માનવ મહેરામણ 'જૈનં જયતિ શાસનમ્' ના જયનાદ ગજાવતો ઉમટી પડ્યો હતો તે દૃશ્ય આજે પણ સ્મૃતિ પટ પરથી પરથી ખસતું નથી.

ચાણસ્માનું ગૌરવ :—

ગુર્જરદેશમાં પુણ્યધામ એવા ચાણસ્મા નગરીના જૈન કુળમાં જન્મેલા દુધમલ બાળકને માતા ચંચલબાઈ અને પિતા ચતુરભાઇનો સંસ્કાર વારસો મળ્યો. ઉગતી યુવાનીમાં જ 'લાગ્યો વૈરાગ કેરો રંગ' – ને રંગને બનાવી દીધા ચંગ.' કાયાનાં કામણ છોડ્યાં યૌવનનો સાદ છોડ્યો, સંસાર બંધન શો લાગ્યો ને સંયમ ધર્મનો સ્વીકાર આત્મધર્મ લાગ્યો. વડીલબંધુ દલપતભાઈ પ્રવ્રજ્યાનો સ્વીકાર કરી મુનિ દક્ષવિજયજી મહારાજ સાહેબ બનેલા

જ હતા. 'સંયમ કબ મિલે' નો અંતરનાદ એવો જાગ્યો કે આપે પ. પૂ. પરમ ગુરૂદેવ સૂરીસમ્રાટ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. અને પ. પૂ. પ્રવર્તક મુનિ પ્રવરશ્રી લાવણ્ય વિજયજી (વર્તમાન) મ. સા. ના કર કમળો દ્વારા સંવત ૧૯૮૮ કારતક વદ ૨ ના મંગળદિને ફુલનગરી ઉદયપૂરમાં વડીલબંધુ પ. પૂ. મુનિશ્રી દક્ષવિજયજી મ. સા. (વર્તમાન)ના શિષ્યત્વનો સ્વીકાર કર્યો. લબ્ધિકારી અને પારસમણિ ગુરૂઓનો સ્પર્શ થતાં જ આપનું અસલી તેજ પ્રગટ થવા માંડયું. શ્રદ્ધામાંથી ભક્તિ, ભક્તિમાંથી કાવ્ય શક્તિ, શાસ્ત્રોનું અધ્યયન, આગમ સિદ્ધાંતોના રહસ્યોનું જ્ઞાન પામ્યા. યોગ્ય વખતે યોગ્ય ગુરૂ મળ્યા. જીવનકળા ખીલી ફાલી, ફૂલી.

પંડિત બન્યા. ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય અને છેવટે આચાર્યપદ એમ એક પછી એક પદવીના શિખરો સર કરતા ગયા. અરિહંત પરમાત્માના વિશ્વશ્રેષ્ઠ શાસનના અનાદિકાલીન સિદ્ધાંતોનો પ્રચાર, પંચાચારને પંચમહાવ્રતના પાલનમાં કટિબદ્ધતા, શાસન સેવક, ધર્મરક્ષક ને તીર્થોદ્ધારક બની આપે ચાણસ્માનું જ નહીં પણ જૈન શાસનનું નામ રોશન કર્યું. ચાણસ્માનું જ એક બાળક સાધના અને સિદ્ધિના એક પછી એક સોપાનો સર કરી મોક્ષ માર્ગની મંઝિલ ભણી દોટ મૂકી વામનમાંથી વિરાટ રૂપ ધારણ કરે એથી મારું હૈયું ભાવ વિભોર બની આપની સંયમ સાધાનાને નમી પડે છે.

ધન્ય મહેતા કુટુંબ —

એક જ કુટુંબના તમામ સભ્યો શાસનના ચરણે સમર્પિત થવાના દાખલા બહુ જૂજ જોવા મળે છે. માતા સંતાનોને મૂકી પરલોક સીધાવી. પિતાની મમતાને ચ્યાર સંતાનોને અળગાં કરવા તૈયાર નહોતાં. પણ બંધુ બેલડી સંસારના ખારાજળમાં તરફડતી હતી. વડીલબંધુ ભાગ્યા ને મુનિ દક્ષવિજયજી બન્યા. મોહગ્રસ્ત પિતાની આંખ ખૂલી. સંસારની અસારતા સમજાતાં હસતા મુખે બીજા પુત્રને મુનિ સુશીલ વિજયજી બનાવ્યા. પુત્રી તારાબેનને પણ સાધ્વી રવિન્દુ પ્રભાશ્રીજી બનાવી. સંસારના માળામાંથી મુક્તિના ગીત ગાતા પંખીડાં તો ઊડી ગયાં. હવે આ માળામાં એકલા રહેવાનું ગોઠ્યું નહીં એથી જ પિતા ચતુરભાઈએ પોતે પણ સંયમ ધર્મનો સ્વીકાર કરી મુનિ ચંદ્રપ્રભવિજયજી બની કઠોર સાધના દ્વારા જીવનને ધન્ય બનાવ્યું. ચાર-ચાર સભ્યોને શાસનના ચરણે ધરી દેનાર મહેતા કુટુંબ ધન્યવાદને પાત્ર છે.

સંવત ૨૦૩૬નું એક યાદગાર ચાતુર્માસ :—

‘ आकृतिः गुणान् कथयति ’ — એ ન્યાયે બાળક જેવી નિર્દોષતા, સાદાઈ, ત્યાગ, વૈરાગ્ય, સૌમ્ય અને નિખાલસ સ્વભાવ, જ્ઞાન દર્શન ચારિત્રોપાસના કવિત્વ, ગુણાનુરાગ વાત્સલ્યભાવ — જેવા આપના સદ્‌ગુણોએ સકળ સંઘને આપના ગુણાનુરાગી બનાવ્યા. આપના પવિત્ર મુખકમળમાંથી સરી પડતા ‘ ભાગ્યશાળી ’ અને ‘ ધર્મલાભ ’ — એ શબ્દોનું માધુર્ય અને ભાવ તો હજુયે વાગોળવાનું મન

થાય છે. આપની છત્રછાયામાં સંવત ૨૦૩૬નું ચાતુર્માસ અભૂતપૂર્વ ને યાદગાર બની રહ્યું.

(૧) નિત્ય વ્યાખ્યાનમાં 'ઉપદેશ પ્રાસાદ' અને 'વિક્રમ ચરિત્ર' ના વાંચન દ્વારા આપની રસઝરતી ધર્મદેશનાના જોશીલા પ્રવાહથી અમારી ધર્મારાધના અને ભાવનાઓને વધુ દૃઢ બનાવી આપ અમારા પરમ ઉપકારી બન્યા છો.

(૨) શ્રી પર્યુષણપર્વનો આ વખતનો રંગ કોઈ ઓર જ હતો તપ અને આરાધના ક્ષેત્રે તો રેકોર્ડ તૂટયો. લક્ષ્મીની રેલમછેલ થઈ, કેટલાયે ભાગ્યશાળીઓએ સંઘ કાઢવાની પ્રતિજ્ઞાઓ લીધી. એ બધો આપના વ્યક્તિત્વનો અને દેશનાનો જ પ્રભાવ હતો.

(૩) તીર્થયાત્રાનું માહાત્મ્ય સમજાવતાં આપની નિશ્રામાં પ્રથમવાર શાસ્ત્રોક્ત પદ્ધતિથી ચાણસ્માથી ભોયણીજીનો સાત દિવસનો છ'રી પાલિત પદયાત્રા સંઘ નીકળ્યો ભવ્ય આયોજન, સુંદર વ્યવસ્થા ને ઉદાત્ત ઔદાર્ય — બધી રીતે સંઘ સાંગોપાંગ સફળ બન્યો. યાત્રિકોની ભાવનાને ઉત્સાહના પૂર ઠેરઠેર ઠલવાયાં. વડાવલી, ગાંભુ મોઢેરા, રાંતેજ ને કટોસણના ઉત્સાહી ધર્મપ્રેમી જૈન–જૈનેતરોએ ભવ્ય સામૈયા દ્વારા સંઘને વધાવ્યો. નિત્ય નવું જમણ, દરેક જગ્યાએ સાધર્મિક બંધુઓની ભક્તિ, સંઘપૂજન, પૂજાઆંગી, દાંડીયાની રમઝટ, રાત્રે ભાવનમાં ઠલવાતો ભક્તિનો જામ — વર્ણન ન થઈ શકે એવું ઘણું બન્યું

આપની નિશ્રામાં નીકળેલા આ સંઘમાં જોયું ને માણ્યું. આપની નિશ્રામાં નીકળેલા આ તેરમા સંઘનો આનંદ તો આપના મલકતા મુખ ઉપરને હરખતા હૈયાની ભીતરમાં કેવો હતો એ તો જેણે આપની હર્ષાશ્રુથી ઊભરાતી આંખો જોઈ હશે તેને જ કલ્પના આવશે.

(૪) આપની ઉપસ્થિતિના કારણે જ મારવાડ, મેવાડ, સૌરાષ્ટ્ર, મુંબઈ જેવા દૂરદૂરના સ્થળોથી આપના દર્શન વંદનાર્થે પધારેલા અનેક ટ્રસ્ટી મહાનુભાવો તેમજ સાધર્મિક બંધુઓની ભક્તિનો લાભ અમને મળ્યો એનો અનહદ આનંદ છે.

૫ વિદ્યાવાડીમાં આપના પરમ ગુરૂદેવ પ. પૂ. આચાર્યદેવ શ્રી નેમીસૂરીશ્વરજી મ. સા. ની તથા પ્રગુરૂદેવ પ. પૂ. આચાર્યદેવ શ્રી લાવણ્યસૂરીજી મ. સા. ની મૂર્તિઓના સ્થાપન દ્વારા ગુરૂમંદિર બનાવવાની પ્રેરણા આપી, એ આપની ગુરૂભક્તિનાં દર્શન કરાવે છે. આપના વચનને 'તહત્તિ' માની ચાણસ્મા શ્રી સંઘે અઠ્ઠાઈ-ઓચ્છવ, શાંતિસ્નાત્રને સ્વામી વાત્સલ્ય દ્વારા ગુરૂમૂર્તિઓની પ્રતિષ્ઠાનું સુંદર આયોજન કરી આપના તરફ-આપના સમુદાય તરફ એટલો જ આદર વ્યક્ત કર્યો.

૬ શ્રીભટેવાપાર્શ્વનાથ ભગવાનના દસ ભવ અને પાંચ કલ્યાણકનાં નયન રમ્ય ચિત્રપટના નવ નિર્માણની યોજના આપના ઉપદેશથી જ થઈ.

૭ અમારા સંઘના પરમ ભાગ્યોદયે આપનો જન્મદિન તેમજ દીક્ષા પર્યાયના પચાસમા વર્ષનો પ્રથમ દિનની ઉજવણી કરવાનો શુભ અવસર શ્રી સંઘને સાંપડતાં ઠાઠથી બન્ને પ્રસંગો ઉજવાયા.

રાજસ્થાનમાં આપની પુણ્યનિશ્રામાં કેટલીયે અંજન-શલાકાઓ. પ્રતિષ્ઠાઓ થઈ, સંઘો નિકળ્યા, ઓચ્છવ-મહોત્સવ ઉજવાયા, ઉપધાન અને ઉદ્યાપન થયાં, અનુષ્ઠાનોને પ્રભાવનાઓ થઈ, આવી શાનદાર પ્રવૃત્તિઓ અને વિવિધ સંઘો પરના ઉપકારથી આપ જૈન ધર્મદિવાકર; તીર્થપ્રભા-વક, રાજસ્થાન દીપક, મરૂધર દેશોદ્ધારક, શાસનરત્ન વગેરે પદોથી અલંકૃત બન્યા.

**સાહિત્યક્ષેત્રે પ્રદાન :-**

ઉપાશ્રયની ચાર દિવાલો વચ્ચે માત્ર બેસી ન રહેતાં સાહિત્યક્ષેત્રે સર્જન દ્વારા આપે શાસનની સેવા પણ કરી છે. ૧૦૮ ગ્રંથોની રચનાનું આપનું જીવનધ્યેય છે. તેમાં નાના મોટા ૬૦ ગ્રંથોનું નિર્માણ કે સંપાદન આપના પુનિત હસ્તથી થયું છે. ગુજરાતી, પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી મારવાડી આદિ ભાષાની આપની જાણકારીથી વિવિધ ભાષાઓ પરની આપની પક્કડ મજબૂત બની છે.

શિલ્પકળાના પણ આપ અનન્ય ઉપાસક છે. જોધપુર, જાવાલ, નાડોલ, પાવાપૂરી, બીમેલ વગેરે સ્થળોએ જિન-મંદિરોનાં નવનિર્માણ પણ આપની જ પ્રેરણાનું પરિણામ છે.

## નમીએ, ભદન્ત તમને
## સ્મરીએ સત્સંત તમને

આપના વિરાટ જીવનગગનમાં ઝુમખાબંધ ગુણતારકો ચમકે છે, સુવિશુદ્ધ સંયમજીવન, નખશીખ બ્રહ્મચર્યનું પાલન, તપોમય ને જાપમય જીવન જીવનારા આપ વિશુદ્ધ જીવનપતિ છો. આપનું વ્યક્તિત્વ અદ્‌ભૂત અને પ્રભાવશાળી છે. અવધૂત યોગી સમા મહાત્મા છો, આબાલ વૃદ્ધ સહુને માટે આદરણીય અને શ્રધ્ધેય છો. મહાનનાથ પૂજારીને ગુણોના અનુરાગી છો. 'જૈનં જયતિ શાસનમ્'ના દિવ્ય સરોદો ઠેરઠેર વગાડી જૈનશાસન જયકારાની ને શાસન પ્રભાવનાની વિજય પતાકા ફરકાવનાર ભેખધારી છો. અનેક ગુણોથી અલંકૃત એવા આપને હે આચાર્ય ભગવંત ! અમારાં કોટિકોટિ વંદન છે. આપની સ્મૃતિ—આપના ધર્મ કાર્યની મહેંક નિશદિન રહેશે. અમારા પરના આપના ઉપકારનું ઋણ અમે કયારે ફેડી શકીશું ? નમન છે આપના સંયમજીવનને વંદન છે, આપના સાધુજીવનને. આપની સાદાઈ. નિરાડંબર, મીત પણ મિષ્ટભાષા, ભદ્રતા, વાત્સલ્ય-ભાવ જેવા ગુણોની સ્મૃતિ માત્ર અમારાં હૈયાંને ભર્યું ભર્યું બનાવી દે છે.

પંદર વર્ષની કુમળી વયે દીક્ષાનો સ્વીકાર કરી, જીવનના સુડતાલીસ વર્ષે જૈન શાસનના સમર્થ જવાબ-દારીભર્યા સૂરિપદે બિરાજિત બની એ પદને ગંભીરતાપૂર્વક

શાસ્ત્રાનુસારી સામાચારીથી આપ શોભાવી રહ્યા છો. રાજ-સ્થાનના ગામડે ગામડે જૈનશાસનની જયઘોષણા ગજાવી પ. પૂ. આ. નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાટને દીપાવનારા બન્યા છો, માતપિતાની કૂખને અજવાળનાર બન્યા છો, ને જન્મભૂમિ ચાણસ્માનું નામ રોશન કરનારા બન્યા છો, તનમન તથા સર્વસ્વના ભોગે શ્રી વીરશાસનની આરાધના, રક્ષા તથા પ્રભાવના માટે સત્ય કેળવનારા, ખમીર દાખવનારા બની પ્રબળ ઝંઝાવાતો અને આક્રમણોના આ કાળમાં જૈનશાસનના સત્યોની જ્યોતના મશાલચી બનો, લોકહેરીમાં કે કીર્તિનાં કોટડાં બાંધવાની નવા જમાનાની પ્રવૃત્તિઓથી દૂર રહી કુમત અને કુવાદીઓ પરાસ્ત કરનારા બનો, અંતરાભિમુખ બની પરંપરાએ મોક્ષમાર્ગને મેળવનાર બનો અને અમારા જેવા સંસારના કાદવમાં ખૂંપેલા આત્માઓના રાહબર બનો એ જ શાસન-દેવને અભ્યર્થના.

સાગરનું ઊંડાણ માપવાનું કે આકાશના તારલા ગણવાનું કાર્ય મુશ્કેલ છે તેમ આપના ગુણોનું કથન મારા જેવા અલ્પ-અજ્ઞ જીવ માટે દુષ્કર છે. ધાર્યા કરતાં પત્ર લંબાયો છે તેથી અત્રે આપની સુખશાતા પૂછી વિરમું છું. આપના આશીર્વાદની પ્રતીક્ષા કરું છું.

સંવત ૨૦૩૭ — આપનો ગુણાનુરાગી વિનમ્ર સેવક

કારતક વદ ૯ — **કુમારપાળ સોમચંદ શાહની**

**ચાણસ્મા** (ઉત્તર ગુજરાત) — વન્દના.

## શ્રી ભટેવા પાર્શ્વનાથનું સ્તવન

પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે, ભાવિ જીવને મોહનગારા છે;
પ્રભુ નામ હૃદયમાં ધારીને, ભાવિ જીવો કર્મોને કાપે છે.
નર સુખ પામે છે તે જગમાં જો, ભક્તિવશાત્ તનમનમાં;
ભવ અટવીને દુઃખ સાગરથી, વિશ્રાંતિ એહ પામે છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે....૧

જગતમાં એ જીનજી જોતાં, પાપો પલમાં ભવના ખોતાં;
જે રાય રંકમાં સરખા ગણુતાં, એવા પાર્શ્વ પ્રભુ પ્યારા છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે....૨

હીરાજડિત પ્રતિમા જોતી, મોહ રાયની રાણી બહુ રોતી;
સેવકજન શિવ રમણીને, પામી તે સુખ માને છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે....૩

प्राप्तिस्थान-

## આચાર્ય શ્રી સુશીલસૂરિ જૈન જ્ઞાનમન્દિર

શાન્તિનગર

મુ. સિરોહી-૩૦૭૦૦૧ (રાજ.)

卐

## શ્રી અરિહંત જિનોત્તમ જૈન જ્ઞાનમન્દિર

મલ્લિચોકી શેરી

મુ. પો. જાવાલ જિ. સિરોહી

(રાજ.)

卐

## અધ્યાપક શ્રી ગુણવંતલાલ એમ. સંઘવી

જૈન પાઠશાલા

મુ. પો. ચાણસ્મા-૩૮૪૨૨૦

જિ. મહેસાણા (ઉ. ગુજ.)

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-380001